# જિનાજ્ઞા

## ભાગ-૪ & Part-5

# જિ

# ના

# ફા... ભાગ-૪

# & Part-5

✻ સંકલન ✻

**લક્ષ્મીચંદ ચાંપસી દંડ**

(કચ્છ - લાલા)

Lal Bunglow,
Dev Ashish,
Upashrya Lane,
Ghatkopar (East),
Mumbai-400 077.
Tel. : 022-25011455

B-3/901, Green Acres Society,
Opp. Auda Lake,
Prahalad Nagar,
Ahmedabad-380015.
Tel. : 079-40094514
Mobile : 9374881300

**પ્રભુ માંગુ તારી પાસ,**
**મારી પૂરી કરજો આશ.**
**પ્રભુ માંગી માંગીને માંગુ એટલું,**
**મને આ ભવ રજોહરણ આપજો.**

+

મારા ધર્મપત્ની પુરબાઈના બહેન વેજબાઈ દેવજી ખોના કચ્છ સાંધવ (હાલ થાણા)વાળાના પૌત્ર તે મીના પ્રફુલના સુપુત્ર વિક્રાંતની પ્રવજ્યા વિ.સં. ૨૦૭૩ ના માગશર સુદ-૧૧ (મૌન એકાદશી)ને શનિવાર, તા. ૧૦-૧૨-૨૦૧૬ના સમેતશીખર તળેટી તીર્થ સંકુલ મધ્યે નિરધારેલ. પ.પૂ.આ.ભ. શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે રજોહરણ ગ્રહણ કરી તેમના જ શિષ્ય મુનીરાજ શ્રી ઉજ્જવલયશવિજયજી ના નામ થી સુશોભિત થયા.

+

મારા બહેન માનબાઈ લહેરચંદ લોડાયા કચ્છ સાંયરા (હાલ ઘાટકોપર)વાળાની પૌત્રી તે હીના રાજનની સુપુત્રી ભાવિની પ્રવજ્યા વિ.સં. ૨૦૭૩ ને ચૈત્ર વદ-૧૨ને શનિવાર, તા. ૨૨-૪-૨૦૧૭ના ઘાટકોપર મધ્યે નિરધારેલ. પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે રજોહરણ ગ્રહણ કરેલ. પ.પૂ.સા. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા. અનંતયશાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા. અર્હમયશાશ્રી મ.સા.ના નામથી સુશોભિત થયા.

+

ઉપરોક્ત બન્નેની દીક્ષા નિમિતે જિનાજ્ઞા ભા-૪થો & 5th પ્રકાશિત કરી રહ્યો છું.

**ઓપન બુક એકઝામ**

**જિનાજ્ઞા ભાગ ૪થો**

**પ્રશ્નપત્ર આ પુસ્તકમાં જિનાજ્ઞા ભાગ-૪ના અંતે છે.**

**જિનાજ્ઞા ભાગ-૨ અને ભાગ-૩ના થોડા પુસ્તક સ્ટોકમાં છે. વાંચવામાં રસ હોય તો ટપાલ તમારા એડ્રેસ સાથે લખજો તો મોકલી આપીશ.**

આ પુસ્તકમાં વિવિધ સાધુ-સાધ્વીજી ભગવંતોના પુસ્તકો/મેગેઝીનો/વ્યાખ્યાનો માંથી લખાણો છાપ્યા છે. તે બધાની વ્યક્તિગત પરવાનગી/આભાર ન માનતા આ પુસ્તકના માધ્યમથી તે સહુની ક્ષમા ચાહું છું તેમ જ સર્વેનો હૃદયપૂર્વક આભાર માનું છું તેમજ આ પુસ્તકના પ્રકાશનમાં અન્ય જેમના લખાણોનો આધાર લીધેલ છે એ તમામનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું. આ પુસ્તકના પ્રકાશનમાં કયાંય કચાશ ન રહી જાય તેની પૂરતી કાળજી રાખેલ છે છતાં એમના ઉદેશ્ય વિરૂધ તેમજ જિનાજ્ઞા વિરૂધ કાંઈ પણ લખાઈ ગયું હોય તો સહુનો અંતઃકરણપૂર્વક ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

લી.

**લક્ષ્મીચંદના પ્રણામ**

"જય મહાવીર"

***

## ગુરુ કૃપા સે પ્રભુ મિલે, પ્રભુ કૃપાસે ગુરુ મિલે.

| | |
|---|---|
| સયંમ જીવન દુનિયામાં છે. | Best |
| આહારનો અહીં નથી. | Taste |
| ક્ષણભર પણ અહીં નથી. | Rest |
| અલ્પ સમયના જ આપણે છીએ. | Guest |
| પછી શક્તિઓને શા માટે કરીએ. | Waste |
| બસ આટલી છે અમારી. | Request |

### સદ્‌ગતિનું Reservation :

અસંખ્યાતા જીવોની હિંસાથી બચવા માટે જીભનો ચટકો જરા ઓછો કરવાથી અભક્ષ્ય-અનંતકાય-કંદમૂળના પહાડો જેવા પાપોથી બચી જવાય-બીજા જીવોને અભયદાન મળે.

સંસારમાં બે બિંદુ જેવા સુખ ભોગવવા નીકળવું એટલે અનંતા ભવસાગર જેટલા દુ:ખોને આમંત્રણ આપવા બરોબર છે.

અત્યારે બે બિંદુ જેટલા દુ:ખ ભોગવી લેશો તો અનંતા ભવસાગર જેટલા સુખોનું-સદગતિનું Reservation થઈ જશે.

***

**

*

## પ્રાતઃ કર્તવ્ય.....

અમારે સાધુઓએ દિવસ-રાતના ૮ પ્રહરમાંથી ૨ પ્રહર નિંદ્રાના ૧ પ્રહર આહાર નિહારાદિનો બાકીના ૫ પ્રહર (૧૫ કલાક) સ્વાધ્યાય કરવાનો હોય છે.

તેમ તમારે પણ સૂર્યોદયથી એક પ્રહર (૩ કલાક) પહેલા ઉઠવું જોઈએ. કદાચ ન બની શકે તો છેવટ ચાર ઘડી (૯૬ મિનિટ) પહેલા તો ઉઠવું જ જોઈએ.

પ્રાતઃકાળમાં શ્રી નવકાર મહામંત્રના ધ્યાનપૂર્વક જાગવું અને ૮ કે ૧૨ નવકારનું સ્મરણ કરવું.

ત્યારબાદ બન્ને હાથની હથેળી ભેગી કરી સિદ્ધશીલાના આકારમાં રહેલી રેખાઓને સિદ્ધશીલા કલ્પી તેના ઉપર રહેલા સિદ્ધના જીવોને વંદના કરી તે ગતિ પોતાને પ્રાપ્ત થાય તેવી ભાવના ભાવવી.

તે પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનો છું ? મારૂં કર્તવ્ય શું છે ? અને હું શું કરી રહ્યો છું ? એનો વિચાર કરવો.

પછી કરેલ તીર્થયાત્રાઓ-આબુ-અષ્ટાપદ-ગીરનાર-સમેતશીખરજી-શત્રુંજ્ય-શંખેશ્વર-તારંગાજી વગેરેના મનમાં ધારી પ્રભુદર્શન કરવા અને ન કરેલી તીર્થયાત્રાઓ જલ્દી-જલ્દી કેમ થાય તેની ભાવના ભાવવી.

## ચાલો નિત્ય સવારે અંતરથી પ્રાર્થના કરીએ :

● ૐ નમો અરિહંતાણં-સર્વક્ષેત્રના સર્વકાળના અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું. ● ૐ નમો સિદ્ધાણં-સર્વક્ષેત્રના સર્વકાળના સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરું છું. ● ૐ નમો આયરિયાણં-સર્વક્ષેત્રના સર્વકાળના આચાર્ય ભગવંતોને નમસ્કાર કરું છું. ● ૐ નમો ઉવજઝાયાણં-સર્વક્ષેત્રના સર્વકાળના ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરું છું. ● ૐ નમો લોએ સવ્વ સાહૂણં-સર્વક્ષેત્રના સર્વકાળના સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું. ● એસો પંચ નમુક્કારો-સવ્વ પાવપ્પણાંસણો-એ પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે. ● મંગલાણંચ સવ્વેસિં-પઢમં હોઈ મંગલં-સર્વે મંગલોમાં પ્રથમ મંગલ છે.

● ચતારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,<br>સાહુ મંગલં, કેવલિ પન્નતો ધમ્મો મંગલં.

● ચતારિ લોગુતમા, અરિહંતા લોગુતમા, સિદ્ધા લોગુતમા,<br>સાહુ લોગુતમા, કેવલિ પન્નતો ધમ્મો લોગુતમો.

● ચતારિ શરણં પવજ્જામિ, અરિહંતે શરણં પવજ્જામિ,<br>સિદ્ધે શરણં પવજ્જામિ, સાહુ શરણં પવજ્જામિ,<br>કેવલી પન્નત ધમ્મં શરણં પવજ્જામિ.

● અરિહંતો મંગલ છે, સિદ્ધો મંગલ છે, સાધુઓ મંગલ છે અને કેવલિ ભગંવતોએ પ્રરુપેલો ધર્મ મંગલ છે. ● આ લોકને વિષે ચારે ઉતમ છે. ● હું અરિહંત ભગંવતોનુ શરણું સ્વીકારું છું. ● હું સિદ્ધ ભગવંતોનું શરણુ સ્વીકારું છું. ● હું સાધુ ભગવંતોનું શરણું સ્વીકારું છું. ● હું કેવલિ ભગંવતો ભાષિત ધર્મનું શરણું સ્વીકારું છું.

## હે પરમાત્મન... હે વીતરાગદેવ... હે દેવાધિદેવ.....

આપની સમક્ષ અનંતા ભવોમાં કરેલા પાપો (દુષ્કૃત્યો) તેમજ ચાલુ ભવમાં કરેલા પાપોની ક્ષમા માંગું છું. તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું, વોસિરાવું છું. સર્વેને ત્રિવિધે ત્રિવિધે મિચ્છા-મિ-દુક્કડં આપું છું અને ભવિષ્યમાં મારાથી પાપો ન થાય તેવી આપની પાસે પ્રાર્થના કરું છું.

સુકૃત કરનાર વ્યંક્તિઓમાં અગ્રગણ્ય શ્રી અરિહંતદેવ, સિદ્ધ ભગવંતો, આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો, સાધુ ભગવંતો, મહાશ્રાવક એવા દેશ વિરતિધર, સમ્યગદૃષ્ટિ દેવો, આત્માઓ તથા મનુષ્યોના ત્રણેકાળના સુકૃતોની આપની સમક્ષ અનુમોદના કરું છું.

મારા જીવે અનંતા ભવોમાં કરેલા સુકૃતો તથા ચાલુ ભવમાં કરેલા સુકૃતોની મનોમન અનુમોદના કરું છું તથા ભવિષ્યમાં સુકૃતો કરવાનું ચાલુ રહે તેવી આપની પાસે પ્રાર્થના કરું છું.

આપની કૃપાથી મળેલી શક્તિ અને સંપતિ આપને અને આપના શાસનને સમર્પિત કરવાનું મન થાઓ અને આત્મલક્ષ્મી પ્રાપ્ત કરવાનું મન થાઓ.

આપની આજ્ઞા મુજબ હેય એટલે છોડવા યોગ્ય અને ઉપાદેય એટલે આચરવા યોગ્ય, છોડવા યોગ્ય છોડવાનું અને આચરવા યોગ્ય આચરવાનું મને મન થાઓ.

આપની આજ્ઞા મુજબ હેય એટલે છોડવા યોગ્ય અને ઉપાદેય એટલે આચરવા યોગ્ય જે આત્માઓ કરી ગયા છે, કરી રહ્યા છે અને કરશે તેમની સહુની ભૂરી ભૂરી અનુમોદના કરું છું.

હું અનાથ છું, તું મારો નાથ છે. મેં તને ભવોભવના મારા નાથ તરીકે સ્વીકાર્યા છે. હવે તું ભવોભવ મારું રક્ષણ કરજે. તારા ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી તે મને તારું શાસન આપ્યું પાંચ ઈંદ્રીયોની પટુતા આપી, તું મળ્યો, તારું શાસન મળ્યું દેવ-ગુરુ-ધર્મ મળ્યા તો પણ હું ભોગનો ભિખારી અને ખાવાનો રસીયો રહ્યો. મારું શું થશે ? મનના અને ઈંદ્રીયોના ઘોડા પૂરવેગે દોડી રહ્યા છે. તેને રોકવાની શક્તિ આપ. તારી આજ્ઞા વિરુદ્ધ ચાલેલા મેં અનંતા ભવોમાં અનંતા પાપો કર્યા છે અને તેથી મારા ભવભ્રમણના ફેરા ચાલુ છે. તું મારા ભવના ફેરા ટાળ, તું નહિં ટાળે તો કોણ ટાળશે ? તું નહિં સાંભળે તો કોણ

સાંભળશે ? તું નહિં તારે તો કોણ તારશે ?

તું જ માતા, તું જ પિતા, તું જ બંધુ અને તું જ મારું સર્વસ્વ છે ભગવાન મને તારો જ આશરો છે.

તારા જેવો નાથ મળ્યો અને હું ભિખારી ! તારા જેવો નાથ મળ્યો અને હું પાપી ભવોભવના ફેરા ફરું ? આવું કેમ બને ?

હે પરમાત્મા ! એમાં મારો જ વાંક છે. મેં તારું શાસન મેળવી, શાસનને ન ઓળખ્યો. શાસનનો સ્પર્શ ન કર્યો. તું મળ્યો અને તને ન ઓળખ્યો. તારા જેવા ગુણો મેળવવા શક્તિ ન કેળવી, હું કેવો પાપી, અભાગી, દુર્ભાગી છું. મળેલું જીવન હારી ગયો. તું મારો ભવોભવનો રખેવાળ તથા સાથીદાર બનજે.

## વિશ્વ કલ્યાણ પ્રાર્થના :

સર્વ જગતનું કલ્યાણ થાઓ, સર્વે જીવો પરોપકારમાં તત્પર બનો, દોષો-પાપો નાશ પામો. સર્વત્ર બધા જીવો સુખી થાઓ.

સર્વથા સહુ સુખી થાઓ, પાપ ના કોઈ આચરો, રાગ-દ્વેષથી મુક્ત થઈને મુક્તિ સુખ સહુ જગવરો. સર્વ જીવોનું મંગલ થાઓ.

તારું શાસન પામીને અનંતા આત્માઓ મોક્ષમાં ગયા. હું પાપી અને દુર્ભાગી છું. તારું તારણહાર શાસન પામીને મોક્ષે જઈ શક્તો નથી. તું મને મારા દોષો દૂર કરી તારા જેવા મોક્ષ માર્ગી થવાની શક્તિ આપ. તું મને અંતરના આશીર્વાદ આપ કે જેથી હું તપ, ત્યાગમાં આગળ વધુ, જ્ઞાનધ્યાનમાં આગળ વધુ, તારી આરાધના સાધનામાં આગળ વધુ, તારો સંયમ માર્ગ ગ્રહણ કરી તારી આજ્ઞા મુજબ નિરતિચાર ચારિત્ર પાળી આઠે કર્મના ચૂરા કરી, ઓછામાં ઓછા ભવોમાં તારા જેવો મોક્ષગામી બનું.

મારાથી તારી આજ્ઞા વિરૂદ્ધ કાંઈ પણ ગાડું-ઘેલું બોલાયું હોય અથવા આશાતના થઈ હોય તો મને ક્ષમા કરજે. મને તારા અંતરના આશીર્વાદ આપજે.

સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને ખમાવે, સર્વ જીવો સાથે મારે મૈત્રી છે. કોઈની સાથે મારે વેર નથી.

સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવો નીરોગી થાઓ સર્વ જીવો કલ્યાણને જુઓ. કોઈ પણ જીવ દુઃખી ન થાઓ સર્વ જીવોનું મંગલ થાઓ.

અરિહંત મારા દેવ છે. સુસાધુ મારા ગુરુ છે. જીનેશ્વર ભગવાને પ્રરુપેલું તત્વ એ જ મારો ધર્મ છે. આ સમક્તિને મેં ગ્રહણ કર્યું છે.

જે જે પાપ મનથી બાંધ્યું હોય, જે જે પાપ વચનથી કર્યું હોય, જે જે પાપ કાયાથી કર્યું હોય તે સંબંધી મારું મિચ્છા મિ દુક્કડં !

ઉપર મુજબની પ્રાર્થના શાંત ચિતે એક જ ધ્યાનથી ગદગદ કંઠે શાંતિપૂર્વક ભગવાન સમક્ષ બોલજો. મનને શાંતિ મળશે. અંતરથી બોલતાં જ્યારે આંખમાં આંસુ આવે ત્યારે ખરી પ્રાર્થના થઈ તેમ સમજવું.

## શ્રી શત્રુંજય લઘુકલ્પ :

શ્રી શંત્રુજય લઘુકલ્પનું એકવાર વાંચન કરવાથી કે શ્રવણ કરવામાં આવે તો શત્રુંજયતીર્થની એક યાત્રા કર્યાનો ઘેર બેઠા લાભ મળે છે.

હે ભવ્ય જીવો ! અઈમુતા (અતિમુક્ત) કેવળી ભગવંતે નારદ મુનીની પાસેશ્રી શંત્રુજય તીર્થનું મહાત્મ્ય કહ્યું છે તે હું તમારી પાસે કહું છું તમે ભાવપૂર્વક સાંભળો. ૧.

એ શત્રુંજય તીર્થે પુંડરીક ગણધર પાંચ કરોડ મુનિઓની સાથે ચૈત્ર સુદ-૧૫ના સિદ્ધિપદને વર્યા છે તેથી તે પુંડરીકગિરિ કહેવાય છે. ૨.

નમિ-વિનમિ બે વિદ્યાધર રાજાઓ બે કરોડ સાધુઓ સાથે ફાગણ સુદ-૧૦ ના સિદ્ધિપદને પામ્યા છે તેમજ દ્રાવિડ અને વારિખિલ દશ કરોડ મુનિની સાથે કાર્તિક સુદ-૧૫ના મોક્ષે ગયા છે. ૩.

શાંબ અને પ્રદ્યુમન (શ્રીકૃષ્ણ પુત્ર) સાડા આઠ કરોડ કુમારો સાથે ફાગણ સુદ-૧૩ના ભાડવાના ડુંગરે સિદ્ધિપદને પામ્યા છે અને પાંચ પાંડવો વીશ કરોડ મુનિઓ સાથે આસો સુદ-૧૫ના સિદ્ધિપદને પામ્યા છે. ૪.

થાવચ્ચા પુત્ર એક હજાર સાથે, શુક પરિવ્રાજકમુનિ એક હજાર સાથે, સેલગ મુનિ પાંચસો મુનિ સાથે અને રામચંદ્રને ભરત (દશરથ પુત્ર) ત્રણ કરોડ મુનિઓની સાથે શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા છે તેમને હું વંદન કરું છું. ૫.

બીજા પણ ઋષભાદિક વિશાલ વંશથી ઉત્પન્ન થયેલા અને જેમણે મોહને ખપાવ્યો છે એવા અસંખ્યાતા જે જે મુનિઓ શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા છે તેમને હે ભવ્ય જીવો તમે નમસ્કાર કરો. ૬.

આ શત્રુંજય પર્વતના શ્રી આદેશ્વર ભગવાનના વખતમાં મૂળમાં વિસ્તાર પચાસ યોજનનો અને ઉંચાઈ આઠ યોજનની હતી. ૭.

જેટલું ફળ અન્ય તીર્થોમાં ઉગ્ર તપ તપવાથી અને શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાના પ્રયત્ન વડે પામી શકીએ તેટલું ફળ શત્રુંજયગિરિમાં માત્ર રહેવાથી અલ્પ પ્રયત્ને પામી શકીએ. ૮.

જેટલુ પુણ્ય અન્ય તીર્થે કરોડ મનુષ્યને વાંછિત આહાર જમાડવાથી થાય તેટલું પુણ્ય શત્રુંજયમાં એક ઉપવાસ કરવાથી થાય. ૯.

આ પુંડરીકગિરી વાંદવાથી જે કોઈ નામરૂપ તીર્થ, સ્વર્ગમાં પાતાળમાં અને મનુષ્યલોકમાં છે તે સર્વે તીર્થ દીઠાનું, તેની યાત્રા કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. ૧૦.

શત્રુંજય સામે જતાં, શત્રુંજય દીઠો હોય અથવા દીઠો ન હોય પણ સંઘની ભક્તિ કરતાં અને મુનિને પડિલાભતા અત્યંત ફળ પ્રાપ્ત થાય છે. અન્યત્ર તેવી ભક્તિ કરવાથી જે ફળ સામાન્ય થાય તે કરતા કરોડગણું ફળ શત્રુંજય દીઠા વિના પણ ભક્તિ કરવાથી થાય છે અને શત્રુંજય દીઠા પછી ભક્તિ કરવાથી તો અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે. ૧૧.

જ્યાં જ્યાં જે જે તીર્થોમાં મુનિઓને કેવળજ્ઞાનની ઉત્પતિ થઈ છે અને મુનિઓ નિર્વાણ પામ્યા છે. તે સર્વ તીર્થની વંદના એક પુંડરીક તીર્થને કરવાથી થાય છે. ૧૨.

અષ્ટાપદ (શ્રી ઋષભદેવની નિર્વાણ ભૂમિ), સમેતશિખર (વીશ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ) પાવાપૂરી (વીર ભગવંતની નિર્વાણ ભૂમિ) ચાંપાપૂરી (શ્રી વાસુપૂજ્ય સ્વામીની નિર્વાણ ભૂમિ) અને ઉજ્જયંત એટલે ગિરનાર પર્વત (શ્રી નેમિનાથ ભગવાનની નિર્વાણ ભૂમિ) એ સર્વ તીર્થોને વંદન કરતા જે પુણ્ય ફળ પ્રાપ્ત થાય તે કરતાં સોગણું ફળ એકલા પુંડરીકગિરિને વંદન કરતાં થાય છે. ૧૩.

શત્રુંજય ઉપર પૂજા કરવાથી એક ગણું પુણ્ય, ત્યાં પ્રતિમાજી પધરાવવાથી સોગણું પુણ્ય, જિન પ્રસાદ (જિન મંદીર) કરાવવાથી હજાર ગણું પુણ્ય અને એ તીર્થનું પાલન-રક્ષણ કરવાથી અનંત ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. ૧૪.

શત્રુંજય ગિરિ ઉપર પ્રતિમા ભરાવે અથવા ચૈત્યઘર (જિન મંદીર) કરાવે તે આખા ભરત ક્ષેત્રનું ચક્રવર્તીપણું ભોગવીને નિરુપસર્ગ એવા સ્વર્ગમાં અથવા મોક્ષમાં વસે છે. ૧૫.

નવકારશી, પોરસિ, પુરિમઢ્ઢ, એકાસણું, આયંબિલ અને ઉપવાસ, પુંડરિકગિરિનું સ્મરણ (ધ્યાન) કરતો છતાં ફળનો ઈચ્છુક જે પ્રાણી કરે છે, તેને ત્રિકરણ શુદ્ધે શત્રુંજયને સંભારવાથી અનુક્રમે છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દુવાલસ અર્ધમાસ અને માસખમણ કરવાં જેટલું ફળ પ્રાપ્ત થાય છે અર્થાત નવકારશીવાળાને છઠ્ઠ કર્યાનું, પોરસીવાળાને અઠ્ઠમ જેટલું, પુરિમઢ્ઢવાળાને ચાર ઉપવાસ જેટલું, એકાસણાવાળાને પાંચ ઉપવાસ જેટલું, આયંબિલવાળાને અર્ધમાસખમણ જેટલું અને ઉપવાસવાળાને માસખમણ જેટલું ફળ પ્રાપ્ત થાય છે. ૧૬/૧૭.

પાણી વિનાનો ચોવિહાર છઠ્ઠ કરીને જે પ્રાણી શત્રુંજયે સાત યાત્રા કરે છે તે ત્રીજે ભવે મોક્ષ પામે છે. ૧૮.

આજ પણ લોકમાં દેખાય છે કે જે પ્રાણી ભાત પાણીનો ત્યાગ કરીને પુંડરીકગિરિ ઉપર અણસણ કરે છે તે સદાચાર રહિત હોય તો પણ સુખે સુખે સ્વર્ગમાં જાય છે. ૧૯.

છત્ર, ધજા, પતાકા, ચામર, કળશ અને થાળના દાન વડે કરીને એટલે તેટલી વસ્તુ શત્રુંજયે મૂકવાથી પ્રાણી વિદ્યાધર થાય છે અને રથનું દાન કરવાથી, રથ કરાવીને મૂકવાથી ચક્રવર્તી થાય છે. ૨૦.

દશ, વીશ, ત્રીસ, ચાલીસ અને પચાસ પુષ્પમાળાના દાનથી એટલે તેટલી માળાઓ ચડાવવાથી ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, દશમ ને દુવાલસનું એટલે એક, બે, ત્રણ, ચાર અને પાંચ

ઉપવાસનું ફળ ક્રમસ મળે છે. ૨૧.

શત્રુંજય ઉપર કૃષ્ણગરૂ વગેરેનો ઉતમ ધુપ કરવાથી પંદર ઉપવાસનું, બરાસનો ધુપ કરવાથી માસક્ષમણનું અને સાધુને પડિલાભવાથી કેટલાએ માસક્ષમણનું પુણ્ય પ્રાપ્ત થાય છે. ૨૨.

શત્રુંજય ઉપર માત્ર પૂજા અને ન્હવણ કરવાથી જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે તેટલું પુણ્યફળ અન્ય તીર્થોએ સુવર્ણભૂમિ અને આભૂષણોનું દાન કરવાથી પણ થતું નથી. ૨૩.

જે પ્રાણી શત્રુંજય તીર્થને મનમાં ધારણ કરે છે, તેનું ધ્યાન કરે છે તેને અવિઘ્નપણે અટવી, ચોર, શ્વાપદ, સિંહ, વાઘ વગેરે જનાવરો, સમુદ્ર, દારીદ્ર, રોગ, રિપુ અને રૂડા એટલે અગ્નિ વગેરેના ઉપદ્રવો નાશ પામે છે. ૨૪.

સારાવલી પયન્નામાં શ્રી શ્રુતધર મહારાજાએ જે ગાથાઓ કહેલી છે, તેને જે ભણે, ગુણે અને સાંભળે તે શત્રુંજયની યાત્રાનું ફળ મેળવે છે. ૨૫.

## આત્મ કલ્યાણાર્થે....!

અદભુત છે આ જિનશાસન !!! હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહના ભયંકર પાપોનો સંપૂર્ણ ત્યાગ કરવાની વાત કરીને અટકી જતું નથી, લઈ લે દીક્ષા ! કર પ્રભુની આજ્ઞાનું અણિશુદ્ધ પાલન !

પણ જો કોઈ કહે કે સંયમ જીવન સ્વીકારવા જેવું જ છે, પણ મારામાં તેનું પાલન કરવાની ક્ષમતા નથી તો શું આખી જિંદગી માટે નહિ ઓછા સમય માટે પણ આ પાંચે પાપો વિનાનું જીવન ઉન્નત મસ્તકે ગૌરવ સભર જીવી શકું કે નહિ ? તો જિનશાસન કહે છે કે જરાય ચિંતા ન કરો અહીં તો જેની જેવી કક્ષા તેવો તેના માટે ધર્મ. હું તો પ્રેકટીકલ છું. સૌનું કલ્યાણ કરવાનો મારો ઉદ્દેશ છે તમે જો જીંદગીભરનું સંયમજીવન ન સ્વીકારી શકો તેમ હો, છતાંય પાંચે પાપો વિનાનું જીવન જીવવું હોય તો ઉપધાન કરો ૪૭ દિવસ સુધી તો પાંચેય પાપો વિનાનું ઉન્નત જીવન જીવી શકો.

"૪૭ દિવસની પણ અનુકુળતા ન હોય તો ?" જિનશાસન કહે છે ડોન્ટવરી જરાય ચિંતા ન કરશો સંયમની ભાવના સાથે ઉપધાન ન કરી શકો તો અઢારીયું (૧૮ દિવસે પૌષધ) કરો. તે પણ શકય ન હોય તો પર્યુષણાદિમાં ચોસઠ પહોરી પૌષધ (૮ દિવસ) કરો. તે પણ ન થાય તો ૧ દિવસ-રાતનો પૌષધ કરો. તે પણ ન થાય તો માત્ર દિવસ કે રાત્રીનો પણ પૌષધ કરો ને ! પાંચે ભયાનક પાપોનો તેટલો કાળ સંપૂર્ણ ત્યાગ કરવા પૂર્વક ઉન્નત મસ્તકે ગૌરવ સભર જીવન જીવવાનો લાભ મળી શકશે. આટલી બધી અનુકુળતા કરી આપનારો કોઈ ધર્મ છે ખરો ?

હજુય કોઈ કહે કે દિવસ કે રાતનો પૌષધ કરવાની પણ અનુકુળતા નથી છતાં

મારે થોડા સમય માટે પાંચે પાપોનો ત્યાગ કરવા પૂર્વકનું જીવન જીવવું છે તો છે કોઈ ઉપાય ? જિનશાસન કહે છે કે બે ઘડી = ૪૮ મિનિટનું સામાયિક કર જેવી તારી સમયની અનુકુળતા ૧,૨,૩.....સામાયિક કર તે દરમ્યાન તું હિંસાદિ પાંચે પાપો વિનાનું જીવન જીવી શકીશ.

● સામાયિક કરતા મહાન લાભો ● પેલા આત્માનો સ્વભાવ સમતા ગુણનો છે. તો સામાયિક એ આત્માનો મુખ્ય ગુણ છે. ● ચૌદ રાજલોકમાં છ કાયના જીવોને સામાયિક કરવાથી અભયદાન આપી શકાય. ● ત્રણ પ્રકારના ચારિત્ર સિદ્ધાંતમાં બતાવ્યા છે એમાં ઉતકૃષ્ટ-મધ્યમ-જઘન્ય સર્વ વિરતિ ઉત્કૃષ્ટ-પૌષધ મધ્યમ તો સામાયિક એ જઘન્ય ચારિત્ર બેઘડીનું ● એકબાજુ એક લાખ ખાંડી સોના મહોરનું દાન કરો અને બીજી બાજુ સામાયિક કરો તો સામાયિકનું પલ્લું નમે.

સામાયિકનું નવા જ દષ્ટીકોણથી મૂલ્યાંકન. સામાયિક એટલે શું ? બીજું કાંઈ ન સમજે, એ આ વિદેશી બુદ્ધિવાદી પણ સમજી શકે એવી બૌદ્ધિક વ્યાખ્યા કરવી હોય તો કહી શકાય કે "વાહન અને વીજળી બાબતે અંદાજે એક કલાકનો સંપૂર્ણ વિરામ એટલે સામાયિક **Earth hour** નું વધુ કડકાઈ અને ચોકસાઈ ભર્યું નવું **Version.** આને તે માની શકે છે. **Earth hour** માં વાહનો અને જરૂરી વીજળી પર કોઈ રોક નથી માત્ર એક કલાક માટે **Unnecessary Light off !"**

રોજની બે સામાયિક કરનારો શ્રાવક મહિને પૂરા અઢી દિવસ અને વર્ષે એક મહિનો વાહન અને વીજળીથી સંપૂર્ણ વિરામ લે છે.

આવા અદ્‌ભૂત જિનશાસન પ્રત્યે ઉછળતો અહોભાવ પેદા ન થાય ? તો બે હાથ જોડી મસ્તક નમાવીને ભાવથી બોલો **અદ્‌ભૂત એવા જિનશાસનને વંદન-વંદન-વંદન**

## શરીરથી આત્મા.....!

મહાન તત્વચિંતક ઈમેન્યુઅલ કાન્ટ સવારે ફરવા નીકળ્યો રસ્તામાં કોઈની સાથે અથડાયો-અથડાયેલી વ્યક્તિએ ગુસ્સામાં પૂછયું **Who are you ?** તમે કોણ છો ? કાન્ટે કહ્યું **If you could answer the same question to me I would give my half kingdom.** જો તમે તે જ સવાલનો જવાબ મને આપો તો હું તમને મારી અડધી મિલ્કત ભેટ આપું. આ સાંભળીને પેલાનો ગુસ્સો ઓગળી ગયો. તેણે કહ્યું "તમે મહાન તત્વચિંતક લાગો છો. ફરતાં ફરતાં ય તત્વની વિચારણા કરો છો !

અડધી મિલ્કત આપવાની તૈયારી છતાં "હું કોણ છું ? નો જવાબ કાન્ટ મેળવી

ન શકયો. આપણે કેટલા બધા પુણ્યશાળી છીએ કે ગળથુથીમાં જૈન શાસન મળવાથી આપણે જાણીએ છીએ કે હું એટલે આત્મા.

વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિકને પૂછયું **"Which will be our further research now ?** આપણી હવે પછીની શોધ શી ? વૈજ્ઞાનિકે કહ્યું **To know myself is our last and further research to know myself means who am I ?** પોતાની જાતને ઓળખવી એ આપણી હવે છેલ્લી શોધ હશે. પોતાની જાતને ઓળખવી એટલે "હું કોણ છું ?" તે જાણવું.

આત્મા શબ્દ બોલવામાં તો છે, પણ જીવનના સ્તરમાં છે કે નહિ ? બધી સગવડો જોઈએ છે શરીર માટે... શરીર ન હોય તો પંખા-**TV**-ગાડી-ફ્રીઝ-સ્ત્રી-મકાન વગેરે કોઈની જરૂર નથી. શરીરને મુખ્ય કર્યું-આ બધાની જરૂર પડી.

જાતને પૂછીએ કે સામાયિક ઘણા કર્યા-સમતા કેટલી આવી ? પૂજા ઘણી કરી-પ્રસન્નતા કેટલી પેદા થઈ ? આયંબિલ ઘણા કર્યા-ખાવાની આશક્તિ કેટલી તુટી ? પ્રતિક્રમણ ઘણા કર્યા-પાપનો ભય કેટલો પેદા થયો ? જીવનમાં વર્તન, વ્યવહાર, બોલાચાલી વિચાર ધારામાં કોઈ ફરક પડયો ? કે પછી ધર્મસ્થાનોમાં ધર્મી અને સંસારમાં પાકા સંસારી બનીને રહ્યા ? વ્યવહાર ધર્મ બધા સેવવાના છે, તે એકેય છોડવાના નથી.

દેરાસરમાં ચૈત્યવંદનમાં "આજ મારા પ્રભુજી ! સામું જુઓને, સેવક કહી બોલાવો રે" બોલીએ ત્યારે કદાચ ભગવાન કહે કે "મારે ય તને સેવક કહીને બોલાવવો. તો છે પણ શી રીતે બોલાવું ? તું તો દેરાસરમાં પણ સેવક તરીકે કયાં વર્તે છે ? શી રીતે તને સેવક કહું ? સાચું બોલો, શરીરના સંબંધો મુખ્ય કરીને દેરાસરમાં જઈએ છીએ કે આત્માને મુખ્ય બનાવીને ?

યાદ રહે કે જમવાનું ભલે રસોડામાં હોય પણ પચાવવાનું તો ચોવિસે કલાક જયાં જાવ ત્યાં ચાલુ જ હોય. તેમ ધર્મક્રિયાઓ ભલે દેરાસર કે ઉપાશ્રયમાં કરવાની હોય પણ  તે ધર્મને પચાવવાનું તો બધે ચાલુ જોઈએ. સાચી ધર્મક્રિયા કરનારાના વિચારો, વાર્તાલાપ અને વર્તનમાં ચોક્કસ ફરક પડયા વિના ન રહેવો જોઈએ. પણ તે તો ત્યારે જ શકય બને કે જયારે જાતને ઓળખીએ.

યાત્રિકો યાત્રા કરવા જાય ત્યારે તેઓ ધર્મશાળામાં ઉતરે. જેની પાસે પૈસા ઘણા હોય તે ફેમીલી રૂમમાં ઉતરે, બધી અનુકુળતા મળે. બાકીના કોમનહોલમા ઉતરે બધા વચ્ચે એક જ હોલ. તેવી રીતે એક ભવમાંથી બીજા ભવમાં ગયેલો આત્મા પુણ્યશાળી હોય તો ત્યાં રહેવા તેને સેપરેટ શરીર મળે; નહિ તો અનંતા આત્માઓને રહેવા કોમન એક જ શરીર મળે તેને નિગોદ કહેવાય.

સોયના અગ્રભાગમાં રહેલી કણીયા જેટલી નિગોદમાં અનંતા આત્માઓ એકી સાથે જન્મ લે, શ્વાસ લે, જીવે અને મરે. આવા અંસંખ્યાતા શરીરો ભેગા થયા પછી જે અનુભવી શકાય તે બાદર નિગોદ કહેવાય.

બટાકા, કાંદા, સક્કરીયા, ગાજર, આદુ, બીટ, સૂરણ, લસણ, મૂળા, લીલ, ફુગ, સેવાળ વગેરે બાદર નિગોદ કહેવાય દૂર રહેલો એક વાળ ન દેખાય, પણ વાળનો જથ્થો દૂર હોય તો પણ દેખાય. તેમ બાદર નિગોદનું એક શરીર ન દેખાય. ઘણા શરીરો ભેગા થાય ત્યારે બટાટા વગેરેનો નાનકડો અંશ બને, જે આપણને દેખાય, તેમાં અસંખ્યાતા શરીરો છે અને દરેક શરીરમાં અનંત-અનંત આત્મા છે.

આવા અવ્યવહાર રાશીના સૂક્ષમ નિગોદના જીવો ચૌદે રાજલોકમાં ઠાંસી-ઠાંસીને ભરેલા છે. આ વિશ્વમાં કોઈ એવી જગ્યા નથી જ્યાં આવા અવ્યવહાર રાશીના જીવો ન હોય. આપણે બધા પણ સૌથી પહેલા આ રાશીના જીવો હતા તેમાંથી આપણે હાલ વ્યવહાર રાશીમાં આવ્યા.

સંસારમાં રહીને ગમે તેટલો ધર્મ થઈ શકતો હોય તો ય પાપથી તો અટકી શકાતું નથી. તેથી જેની ઈચ્છા મોક્ષે જવાની હોય તેણે જલ્દીથી સંસાર ત્યાગીને દીક્ષા જીવન સ્વીકારવું જોઈએ. જો મૃત્યુ પામીને અહીંથી નિગોદમાં ચાલ્યા ગયા તો આપણી હાલત બગડી જશે. ત્યાં એક શ્વાસોશ્વાસ જેટલા સમયમાં ૧૭ાા વખત જન્મ મરણ કરવાના. જન્મ મરણની પીડા ભયંકર હોય છે તેથી નિગોદમાં ન જવું પડે તે માટેની જાગૃતી આજથી કેળવવી જોઈએ. તે માટે નિગોદરૂપી કંદમૂળનો ત્યાગ કરવો જોઈએ.

ઝાડના પાંદડામાં, એકફળમાં, એક જીવ હોય, કાચા પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવો હોય (હવે તો વૈજ્ઞાનિકો પણ કબુલ કરે છે કે એક ટીપામાં ૩૬૪૫૦ જીવ છે.) આ બધાને ઓવરટેક કરીને બટાટા વગેરે કંદમૂળમાં એક નાનાશા કણીયામાં પણ નિગોદના અસંખ્યાતા શરીરો અને તે દરેક શરીરમાં અનંતા અનંતા જીવો હોય! મોક્ષમાં જેટલા આત્માઓ પહોંચ્યા છે તેને અનંતથી ગુણાકાર કરીએ તેટલા જીવો નિગોદના એક શરીરમાં હોય. આ બધાનો કચ્ચરઘાણ કંદમૂળ ખાવામાં કે લીલ, ફુગ, સેવાળ, ઘાસ વગેરે ઉપર ચાલવા વગેરેમાં થાય છે આ બધું જાણ્યા પછી તેની વિરાધનાથી અટકવું જોઈએ.

આજ સુધી શરીરને કેન્દ્રમાં રાખીને જીવન પધ્ધતિ ગોઠવી છે હવે આત્માને કેન્દ્રમાં રાખીને જીવીએ.

અધ્યાત્મ એટલે નજર ઉઠાવવી શરીર પરથી આત્મા તરફ, આલોકથી પરલોક તરફ, જાત પરથી જગત તરફ.

પાપ કરવાની વૃતિ તે અવિરતિ. પાપ કરો છો કે નથી કરતા તે મહત્વનું નથી, પણ પાપ કરવાની વૃતિ છે કે નહિ તે મહત્વનું છે. જો પાપ કરવાની વૃતિ અંદર પડી હોય, તો પાપ પ્રવૃતિ ન કરવા છતાંય તેનું પાપ તો લાગ્યા જ કરે તેને અવિરતિનું પાપ કહેવાય.

પાપ કરવાની વૃતિને તોડવા માટે બાધા લેવી જોઈએ જયાં સુધી પાપ ત્યાગનો નિયમ (બાધા) ન લ્યો ત્યાં સુધી પાપની વૃતિ ઉભી રહેવાથી પાપ લાગ્યા કરે, વિરતિ એટલે વિરામ-અટકવું. સર્વ પાપોથી અટકવું તે સર્વ વિરતિ એટલે સંયમ જીવન. થોડા પાપોથી અટકવું તે દેશ વિરતિ એટલે શ્રાવક જીવન.

જયણા શ્રાવક જીવનનો પ્રાણ છે. જયણા એટલે કોઈ પણ દોષ સેવવો જ પડે તો ઓછામાં ઓછો કેવી રીતે સેવાય તેની કાળજી લેવી. છોકરાને પ્રેમથી સમજાવવાથી કામ થતું હોય છતાંય આંખ લાલ કરીએ તો જયણા ન કહેવાય. જૂઠું બોલવાના પ્રસંગમાં મૌન રહેવું તે જયણા. જો ઈશારાથી કામ પતે તો જૂઠુ બોલવું નહિ. એક શબ્દથી પતે તો એક જૂઠુ વાક્ય ન બોલવું તે પણ જયણા છે.

મન-વચન-કાયાની પ્રવૃતિ જુદી હોય અને આત્માનું વલણ તે કરતાં સાવ જૂદું હોય તેવું પણ બને. ભાવ-મન અને આત્મા એક છે પણ દ્રવ્યમન અને આત્મા જુદા છે. મન અને આત્મા વચ્ચે કયારેય યુદ્ધ થતું અનુભવ્યું છે ? ખોટું કરવા મન ઝંખતુ હોય પણ આત્મા તેને અટકાવે કયારેક તેમાં મનની જીત થાય તો કયારેક આત્માની જીત થાય. આપણે અહીં મન-વચન કે કાયાની પ્રવૃતિઓ દ્વારા નહિ પણ આત્માના વલણ દ્વારા જાતનો નિર્ણય કરવાનો છે. આત્મા કર્મનો બાંધનારો છે. આત્મા પોતાના કર્મને ભોગવનારો છે. આત્માનો કર્મથી છુટકારો છે. આત્મામાં મોક્ષના ઉપાય છે. આ બધા તત્વજ્ઞાનના પાયા છે.

આપણે આત્માને રાગાદિ પરિણતિથી રહિત બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. દુઃખો અને દોષોને કર્મ પેદા કરે છે માટે નવા કર્મ ન બંધાય, ઓછા બંધાય તેની કાળજી લેવી જોઈએ. પૂર્વે બંધાયેલા જૂના કર્મો ખપે તેવા પ્રયત્નો કરવા જોઈએ. આ બધા માટે સંસારનુ વાતાવરણ ખૂબ પ્રતિકુળ છે. સંયમ જીવન ઘણું અનુકુળ છે તેમાં આ બધુ સહજ શકય બને છે માટે સંયમ સ્વીકારવાનો પુરૂષાર્થ આદરવો જરૂરી છે. છેવટે બાર વ્રત ધારી શ્રાવક-શ્રાવિકા બનવું તે માટે સહુ પ્રથમ આલોચના લેવી જોઈએ.

આત્મા અનાદિ છે. આ સંસાર અનાદિ છે. આત્મા અને કર્મનો સંયોગ અનાદિ છે. જીવનમાં સેવાઈ ગયેલા પાપો બદલ આંખમાં આંસુ જોઈએ, પશ્ચાતાપ જોઈએ.

**ગીતાર્થ ગુરૂભગવંત પાસે પાપોની આલોચના કરીને પ્રાયશ્ચિત લેવાનું અને ભવિષ્યમાં તે પાપો કદી ન થાય તેનું પચ્ચકખાણ લેવું.**

**આમ પસ્તાવો-પ્રાયશ્ચિત-પચ્ચકખાણ આ ત્રિપુટી આપણા જીવનમાં આવવી જોઈએ.**

ભગવાન અને ગુરુ સમર્પિત રહેવાથી તેમની આજ્ઞા પાળવાથી મોહનીય કર્મ નબળું પડે, નાશ પામે તેથી ભગવાનની બધી આજ્ઞા માનવી. શક્તિ અનુસાર પાળવાનો પ્રયત્ન કરવો. જે આજ્ઞા ન પાડી શકો તે માટે હ્રદયમાં ભારોભાર દુઃખ હોવું જોઈએ.

આવતો ભવ સુંદર જોઈતો હોય તો મરતી વખતે સમાધિ જોઈએ. જેવો ભાવ તેવો ભવ, જેવી મતિ એવી ગતિ. જેનું મોત બગડે તેનો નવો ભવ બગડયા વિના ન રહે. માટે બીજું કાંઈ નહિ પણ મરતી વખતે સમાધિ જોઈએ જ. પણ મરણ વખતે સમાધિ તેને મળે કે જેનું જીવન સમાધિથી ભરપૂર હોય. જે સતત સંકલેશમાં હોય, કામ ક્રોધાદિને વશ રહેતો હોય, કલેશ-કંકાશ-કજીયા વગેરેમાં જેનો સમય પસાર થતો હોય, તેવો જીવ મરતી વખતે સમાધિ કેવી રીતે પામી શકે ? માટે સમગ્ર જીવન સમાધિમય બનાવવું જરૂરી છે. ક્ષમા, નમ્રતા, નિર્વિકારતા, પરાર્થ વગેરે ગુણો કેળવવા જોઈએ. સંકલેશ અને અસમાધિ પેદા કરનારા દોષોથી સદા દૂર રહેવું જોઈએ.

આ જીવે સુખ અને તેના સાધનો ભેગા કરવાના નથી છોડવાના છે. દુઃખનો ત્યાગ કરવાનો નથી ભોગવી લેવાના છે. દુઃખને કહેવાથી વધે અને ભોગવવાથી ઘટે છે. એજ રીતે પાપને કહેવાથી પશ્ચાતાપના કારણે ઘટે જયારે છુપાવવાથી વધે છે. એમ પુણ્ય કહેવાથી ઘટે છે. ગુપ્ત રાખો તો વધે છે.

મનુષ્ય ગતિ પામેલા જીવે હંમેશા જાગૃત-ચેતતા રહેવું જોઈએ. તે જ કારણથી પાપભીરૂ આત્માએ પાંચતિથિ સચિતનો ત્યાગ કરી નાની મોટી તપશ્ચર્યા કરવાથી પરભવના આયુષ્યનો અશુભ બંધ થતો હોય તો તેને અટકાવે છે.

પાપ વિચારો કરે છે મન અને એની સજા ભોગવે છે આત્મા. માટે મન ન બગડે તેવું વિચારવું. આત્મા તો સૂર્ય જેવો તેજસ્વી છે. અનંત ગુણોનો સ્વામિ છે પણ વાદળા જેમ સૂર્યના પ્રકાશને ઢાંકવાનું કામ કરે છે તેમ ચોટેલા આ કર્મો આત્માના ગુણોને ઢાંકવાનું કામ કરે છે પરિણામે આત્મા દોષોનો ભંડાર બની ગયેલો અનુભવાય છે.

તમે એક અઠવાડીયું બિન જરૂરી બોલવાનું બંધ કરી ધ્યો. બની શકે તેટલું મૌન રાખો અને જુઓ તમારા મનને અપાર શાંતિ મળશે તેમજ અનેક દોષોથી બચી જવાશે.

જ્ઞાનીઓ કહે છે કે કોઈ પ્રતિકાર નહિ, પ્રતિકારની ભાવના નહિ, એ હેરાન કરે છે એવી નોંધ પણ નહિ, યાવત હું હેરાન થઈ ગયો છું એવી ફરીયાદ પણ નહિ. આમાનું કાંઈ જ ન કરો, જે આવે તેને સહન કરો, સહન જ નહિ સ્વીકારપૂર્વક સહન કરો, માત્ર સ્વીકારપૂર્વક જ નહિ, સહર્ષ સ્વીકારપૂર્વક સહન કરો... પછી જોઈ લ્યો કોઈ સજા તો નહિં પણ ઉમદામાં ઉમદા બક્ષિસ, ભૌતિક અને આધ્યાત્મિક બંને

સમૃદ્ધિઓનું જોરદાર ઈનામ.

**ચાર વસ્તુ શાસ્ત્રમાં દુર્લભ કહી છે. તેને જીવનમાં વણી લેવા પ્રયત્ન કરવો જોઈએ. ● મનુષ્યત્વ ● જીનવાણીનું શ્રવણ ● જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા ● મન-વચન-કાયા ઉપર સંયમ અથવા સંસારના ભૌતિક પદાર્થોના ત્યાગની ઉત્કૃષ્ટ ભાવના.**

તમારો કોઈ મિત્ર કહે કે મારી સાથે ભાગીદારીમાં ધંધો કરો. તમારે મૂડી નહિ રોકવાની, કામ નહિ કરવાનું, માત્ર સવાર/સાંજ ૧૦-૧૦ મિનિટનો સમય આપવાનો. નુકશાનમાં તમારો ભાગ નહિ, નફામાં પૂરેપૂરો ભાગ. તો આવી ભાગીદારીમાં જોડાવા કોણ ન ઈચ્છે ? બોલો તમારે જોડાવું છે.

પરમાત્મા આપણને કહે છે રોજ ૧૪ નિયમ ધારો સવારે અને સાંજે ૧૦-૧૦ મિનિટ ૧૪ નિયમ ધારવા અને સંક્ષેપવા માટે આપો. અઢળક પાપો બંધાતા અટકી જશે. તપ, ત્યાગ, દાન કર્યા વિના અંનતા અનંત સંભવિત પાપોમાંથી મુક્તિ મળશે કેવું અદ્ભૂત અનુષ્ઠાન. અમુક દ્રવ્યોથી વધારે નહિ વાપરવા વગેરે રૂપે આ નિયમો છે. સહજ પળાય તેવા છે. જેટલી છુટ રાખો તેટલાનું પાપ લાગે. દુનિયામાં તો અઢળક પદાર્થો છે. બાકીના તમામ પદાર્થોની ઈચ્છા નિયમ લેવાથી અટકી જાય. તેથી તેના કારણે બંધાતુ પાપ પણ બંધ થઈ જાય. છે ને લખખૂટ કમાણી... તો રોજે રોજ ૧૪ નિયમ ધારવાનું નક્કી કરી લેશો ને ?

બીજું રાત્રિભોજન, અભક્ષ્ય, કંદમૂળ વગેરેનો ત્યાગ કરવાનો નિયમ લેવા જેવો છે. કોઈ સંયોગે એમ લાગતું હોય કે મારાથી સંપૂર્ણપણે પળાય એવું નથી તો વર્ષમાં ૧૦/૨૦ દિવસ છૂટ રાખીને પણ નિયમ લઈ શકાય.

સૌ પ્રથમ તમામ આત્માઓ અવ્યવહાર રાશીની નિગોદમાં હતા તો આપણે તેમાંથી બહાર કેવી રીતે નીકળ્યા ? આ પ્રશ્ન થાય તે સહજ છે. શાસ્ત્રો કહે છે કે એક આત્મા મોક્ષે જાય, સિદ્ધ ભગવંત બને ત્યારે એક આત્મા અવ્યવહાર રાશી નિગોદમાંથી બહાર નીકળે.

કોઈ એક આત્મા મોક્ષે પહોંચવા દ્વારા આપણને નિગોદમાંથી બહાર કાઢયા. આમ સિદ્ધ ભગવંતનો આપણા ઉપર અસીમ ઉપકાર થયો કહેવાય.

નિગોદમાંથી-અવ્યવહાર રાશીમાંથી આપણને વ્યવહાર રાશીમાં લાવ્યા, એ સિદ્ધ ભગવંતનો આપણી ઉપર જે ઉપકાર થયો છે તેમાંથી આપણે ત્યારે જ મુક્ત થઈ શકીએ કે જયારે આપણે મોક્ષે પહોંચીને અન્ય એક આત્માને નિગોદમાંથી બહાર કાઢીએ. આ માટે પણ આપણે જલ્દી થી જલ્દી મોક્ષે જવું જોઈએ. એ માટે સંયમ

જીવન સ્વીકારીને ઘોર સાધના કરવી જોઈએ.

કૃતજ્ઞતા તો પાયાનો ગુણ છે, કોઈના ઉપકારને શી રીતે વિસરી જવાય ? તેથી સિદ્ધ ભગવંતના ઉપકારને સતત ધ્યાનમાં રાખીને સિદ્ધ બનવાનો પુરૂષાર્થ આજથી ઉલ્લાસપૂર્વક આરંભી દેવો જોઈએ.

**સમ્યકત્વ.....!**

અનંતા અનંત પુણ્યરાશી ખર્ચાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે. એટલે તેની કિંમત રત્નોના ઢગલા કરતાં પણ વધુ છે.

એકવાર મળેલો મનુષ્ય જન્મ જો ધર્મની સાધના કર્યા વિના નિષ્ફળ જવા દીધો તો તે અનંતકાળે પણ ફરી મળવો મુશ્કેલ છે. મનુષ્ય જન્મ મળ્યા પછી, જૈન ધર્મ મળવો તેનાથી ય દુલર્ભ છે (હાલ દુનિયામાં દર ૧૪૦૦ વ્યક્તિએ ફકત એક વ્યક્તિ જૈન છે.) ધર્મ મળ્યા પછી એના પર શ્રદ્ધા થવી દુર્લભ છે અને શ્રદ્ધા થયા પછી તેનું આચરણ તો ઘણું કઠીન છે.

મનુષ્ય જન્મ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના માટે મળ્યો છે તેમાં પાપ કરવા એ સોનાના પ્યાલામાં દારૂ પીવા જેવી મૂર્ખાઈ છે.

આ ભવમાં ચારિત્ર નથી લઈ શકતા તો આવતા ભવે ચારિત્ર મેળવવા આ ભવમાં વધુમાં વધુ સામાયિક ભાવપૂર્વક કરવા જોઈએ જેથી ચારિત્ર મોહનીયકર્મ તૂટશે અને ભવાંતરમાં ચારિત્ર મળશે.

**આપણા ગમે તેટલા દુશ્મન હોય, તેનાથી આપણો મોક્ષ અટકતો નથી. પણ આપણા હૃદયમાં એક જીવ પ્રત્યે પણ જો દુશ્મનાવટ હશે તો આપણો મોક્ષ થવાનો નથી એ નિશ્ચિત છે.**

સામાની ભૂલને સંપૂર્ણપણે ભૂલી જઈએ તે જ સાચી ક્ષમાપના છે. દેરાસરમાં જેને પત્થર દેખાય તે નાસ્તિક છે. જેને પ્રભુની પ્રતિમા દેખાય તે આસ્તિક છે અને જેને સાક્ષાત પરમાત્મા દેખાય તે ખરો પ્રભુભક્ત છે.

કેટલાક ધર્મો મૂર્તિમાં જ નથી માનતા, કેટલાક ધર્મો મૂર્તિમાં માને છે પણ મૂર્તિપૂજામાં નથી માનતા, કેટલાક ધર્મો મૂર્તિપૂજામાં માને છે પણ ત્યાં મૂર્તિની પૂજાનો અધિકાર **Monopoly** કેટલાક પંડાઓ-પૂજારીઓને અપાયેલો છે.

જૈનદર્શન માત્ર એવું છે જ્યાં સહુ કોઈ પ્રભુની પૂજા કરી શકે છે. આવું સદ્‌ભાગ્ય તમને મળ્યુ છે છતાં પણ પ્રભુપૂજામાં જો આળસ કરો તો તમે સુવર્ણતક વેડફી નાંખો છો.

પ્રભુ પોતાની ભક્તિ કરનારને પોતાના જેવા જ બનાવી દે છે. જૈન ધર્મ સિવાય

જગતમાં કોઈ ધર્મમાં એવી વાત નથી કે પ્રભુની ભક્તિ કરતાં કરતાં તમે જ પ્રભુ બની જાવ !

પરમાત્માને નમસ્કારરૂપી પ્રથમ મંગલ કર્યા પછી પોતાના ગુરુદેવને નમસ્કારરૂપી બીજું મંગલ શાસ્ત્રકાર કરે છે. પરમાત્માનો ઉપકાર અનન્ય છે પણ પરોક્ષ છે. ગુરુ ભગવંતોનો આપણા ઉપર સાક્ષાત ઉપકાર છે. પ્રભુની વાણીને આપણા સુધી પહોંચાડનાર ગુરુભગવંતો છે. પ્રભુએ સ્થાપેલ શાસન આપણા સુધી પહોંચ્યું તે ઉપકાર પણ ગુરુભગવંતનો છે. ગણધર ભગવંતોના અર્થ ગંભીર શાસ્ત્રોને સરળ ભાષામાં આપણને સમજાવનાર ગુરુભગવંત જ છે. એટલે જ ગુરુદેવ પણ પરમાત્મા જેટલા જ આપણા ઉપકારી છે. આપણું જીવન પરિવર્તન કરી શકે છે એ અપેક્ષાએ ગુરુ ભગવંતનો સત્સંગ પણ એટલો જ જરૂરી છે.

**જેમ શત્રુંજય ગિરનાર વગેરે સ્થાવર તીર્થ છે તેમ સુવિહિત સંયમી મુનિ ભગવંતો એ જંગમ તીર્થ છે. સ્થાવર તીર્થોની યાત્રા ઘણીવાર કરો છો, પણ ક્યારેય એવો વિચાર આવ્યો કે જંગમતીર્થ સ્વરૂપી સંયમી, જ્ઞાની, તપસ્વી પ્રભાવક મહાત્માઓના દર્શને નીકળીયે ? તેનાથી તમારૂં સમ્યક્દર્શન નિર્મળ થાય, હિતશિક્ષા મળે સંયમ પ્રત્યેનો આદર વધે, ચારિત્રનો અંતરાય તૂટે...વગેરે અપાર લાભો થાય.**

યાત્રા કરવા/ફરવા ગમે તે કારણે ગાડી લઈને બહારગામ જતા હો રસ્તામાં વિહાર કરતા સાધુ કે સાધ્વીજી ભગવંતના દર્શન થાય તો ગાડી ઉભી રાખીને વંદન કરો ને ? કામકાજનું પૂછો ? કદાચ તમારી પાસે નાસ્તો વગેરે હોય તો ગોચરી પાણીનું પૂછો ? કયારેક કોઈ સાધુ-સાધ્વીજી ભગવંતને રસ્તા વચ્ચે જ કાંઈ કામ આવી પડયું તો તમને અણધાર્યો લાભ મળી જાય ! સાધુ-સાધ્વીજી ભગવંતને જોયા છતાં જેની ગાડી ઉભી ન રહે તેને શ્રાવક શી રીતે કહેવાય !

પ્રથમ પરમાત્માને નમસ્કાર કર્યા, બીજા ગુરુદેવને નમસ્કાર કર્યા. હવે પરમાત્માની વાણી રૂપી શ્રુત દેવતાને નમસ્કાર કરીને ત્રીજું મંગલ કરે છે. જૈનધર્મી ગૃહસ્થને શ્રાવક કહ્યો છે એનો અર્થ થાય જિનવાણી સાંભળનાર. એ જ બતાવે છે કે જિનવાણીનું શ્રવણ એ શ્રાવકનું પ્રધાન કર્તવ્ય છે.

કોઈને ખાવાનું આપીએ તો એક દિવસનો ઉપકાર થાય કોઈને પૈસા-કપડાં આપીએ તો થોડા મહિનાનો ઉપકાર થાય. જયારે કોઈને આત્મહિતકારી જ્ઞાન આપીએ તો

ભવોભવનો ઉપકાર થાય એટલે જ્ઞાનદાન એ શ્રેષ્ઠ દાન છે.

અનંતકાળથી આપણને સામગ્રીમાં જ સુખ દેખાય છે. આરાધના કદાચ કરી તો પણ તેના ફળરૂપે તેવું જ સુખ ઈચ્છયું છે. કદાચ મોઢેથી બોલ્યા હોઈશું કે મારે મોક્ષ જોઈએ છે ભલે સામગ્રીના સુખોનું આકર્ષણ હોય; પણ સામગ્રી વિના પણ સુખ હોય એવું માનવા આપણું અંતરમન તૈયાર થાય ત્યારે સમજવું કે આપણે મોક્ષ તરફ વિકાસ શરૂ થાય છે ત્યારપછીની આપણી આરાધનાઓ સંસાર ઘટાડનારી-મોક્ષ અપાવનારી બને છે.

જિનાજ્ઞા એ ધર્મનો પ્રાણ છે. પ્રાણ વિનાનું શરીર જેમ માણસ નથી કહેવાતો, તેમ જિનાજ્ઞા વિનાની ક્રિયા ધર્મ ન કહેવાય.

અભક્ષ્ય ભોજન સાથેના સ્વામિવાત્સલ્ય, રાત્રીભોજન સાથેના યાત્રા પ્રવાસ, જયણા વિવેક વિનાના મહોત્સવ, સાત્વિક ધર્મ બને નહિ, કારણકે આજ્ઞારૂપી પ્રાણ ગેરહાજર છે.

જેમ સાધુ કે સાધ્વીજી ભગવંત મળે તો મત્થેણ વંદામિ કહેવાનું છે. તેમ શ્રાવકને પ્રણામ કરીને નમસ્કાર કરવાના.

ચાતુર્માસ બિરાજમાન સાધુ ભગંવતોને મળવા બહારગામથી કોઈ સાધર્મિક આવ્યા હોય તો તેને જોઈને તમને આનંદ થાય ? સાધર્મિક ભક્તિનો લાભ મળશે. એવો ભાવ આવે ? તમને ખબર ન હોય, એ વ્યક્તિ મુમુક્ષુ હોય, આજીવન ચતુર્થ વ્રતધારી હોય, ઘોર તપસ્વી હોય... બધું જ શકય છે, અરે ! કોઈ સાધર્મિક તીર્થંકરનો જીવ પણ હોય. કોઈ ગણધરનો જીવ પણ હોય, છેવટે બધા સિદ્ધના જીવ તો છે જ...! એટલે કોઈ પણ સાધર્મિકના દર્શનથી આનંદ તો થવો જ જોઈએ.

પ્રભુનું શાસન સ્થપાય છે શ્રુતજ્ઞાનની રચનાથી અને શ્રુતજ્ઞાનના આધારે પ્રભુવચન પરની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. પ્રભુ વચનની જાણકારી એ સમ્યંગ્જ્ઞાન છે. પ્રભુ વચનનું પાલન એ સમ્યગ્ ચારિત્ર છે આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી સંપૂર્ણ મોક્ષ માર્ગ પ્રભુવચન કેન્દ્રીત છે.

### સમ્યક્ત્વના આઠ આચાર :

● નિઃશક્તિ : જિનવચનમાં શંકા ન કરવી. ● નિષ્કાંક્ષિત : અન્ય ધર્મોની ઈચ્છા ન કરવી. ● નિર્વિચિકિત્સા : ધર્મના કામમાં શંકા ન કરવી. ● અમૂઢ દ્રષ્ટી : બીજા દેવ-દેવીના પ્રભાવો કે ચમત્કારોને જોઈને આકર્ષિત ન થવું. ● ઉપબૃંહણ : બીજાના ગુણોની/સુકૃતોની પ્રશંસા કરવી. ● સ્થિરીકરણ : ધર્મમાં નબળો પડતો હોય તેને સ્થિર કરવો. ● વાત્સલ્ય : ચતુર્વિધ સંઘ પ્રત્યે આંતરિક પ્રીતિ એ વાત્સલ્ય. ● પ્રભાવના

: લોકોના હૃદયમાં જિનશાસન પ્રત્યે સદ્ભાવ-બહુમાન પ્રગટે "અહો ! કેવું સુંદર જિનશાસન ! કેવા તેમના ભગવાન ! કેવા તેમના સાધુ ! કેવું તેમનું તત્વજ્ઞાન ! એવો ભાવ પેદા થાય, તેવી કોઈ પણ પ્રવૃતિ એ શાસન પ્રભાવના છે.

## જિનશાસનની ઉન્નતિ :

ચતુર્વિધ સંઘમાં પંચાચારનું પાલન જેટલું વધશે એટલી જિનશાસનની ઉન્નતિ અને આબાદી વધશે આપણે આપણા જીવનમાં પંચાચારનું મહત્વ કેટલું આપ્યું છે એ વિચારવાનું જરૂરી છે, શક્તિ મુજબ પાંચે આચારો આપણા જીવનમાં ઉતારવા જોઈએ.

રોજ ઓછામાં ઓછી એકાદ ગાથા ગોખીએ. સારા પુસ્તકનું વાંચન કરીએ, પરમાત્માની વાણીનું શ્રવણ કરીએ. બાળકોને નિયમિત પાઠશાળા મોકલીએ. એઠા મોઢે ન બોલીએ, અક્ષરવાળા વસ્ત્રો તથા દ્રવ્યોનો ઉપયોગ ન કરીએ, જ્ઞાન અને જ્ઞાનીની અશાતના ન કરીએ તો આપણે જ્ઞાનાચારનું પાલન કર્યું કહેવાય.

રોજ જિન પૂજા કરીએ. ઈતર દેવદેવીની માનતા ન કરીએ. નવરાત્રી વગેરેમાં ભાગ ન લઈએ. ભગવાનના વચન પર શંકા ન કરીએ. સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે સદ્ભાવ રાખીએ. દર વર્ષે અલગ-અલગ તીર્થોની યાત્રા કરીએ. મંદીરની ૮૪ અસાનતા ટાળીએ. સાધર્મિક ભક્તિ કરીએ તો આપણે દર્શનાચારનું પાલન કર્યું કહેવાય.

સામાયિક અને પોષધધર્મની આરાધના કરીએ. નીચું જોઈને ચાલવાનું રાખીએ. ઉપયોગપૂર્વક બોલીએ. જીવદયાનું પાલન કરીએ. મનને અશુભ વિચારોમાં ન જવા દેતા શુભ વિચારોમાં રમતું રાખીએ. કોઈનું દીલ તૂટી ન જાય તેમ જાળવીને બોલીએ. અભક્ષ્ય, કંદમૂળ અને રાત્રિભોજનનો ત્યાગ કરીએ તો આપણે ચારિત્રાચારનું પાલન કર્યું કહેવાય.

ઉપાવાસાદિ તપ કરીએ. જમતી વખતે પેટ થોડું ખાલી રાખીએ. અમુક જ દ્રવ્યો વાપરવાનો નિયમ રાખીએ. છ વિગઈમાંથી અમુક વિગઈનો ત્યાગ કરીએ. વાહનમાં ન બેસતા પગે ચાલીને જ દેરાસર ઉપાશ્રય્ જવાનો આગ્રહ રાખીએ. જમતાં જમતાં અંગોપાંગને હલાવીએ નહિ. સ્થિરચિતે બેસીએ. થયેલા પાપોનું પ્રાયશ્ચિત લઈએ. ગુરુ ભગંવતોને વડીલોનો વિનય કરીએ. સ્વાધ્યાય કરીએ. ગ્લાન સાધુ તથા માતા-પિતાની સેવા કરીએ. આર્ત અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીએ. ધર્મધ્યાનમાં મન લગાવીએ. કર્મક્ષયાદિ નિમિતે લોગસ્સના કાઉસગ્ગ કરીએ...તો તપાચારનું પાલન કર્યું કહેવાય.

ઉપરના ચારે આચારોમાં શક્તિ અનુસાર આપણું વીર્ય-શક્તિ ફોરવતા રહીએ. પ્રમાદ-આળસ ન કરીએ તો વિર્યાચારનું પાલન કર્યું કહેવાય.

જિનશાસના ભાવાચાર્યો પંચાચારનું પાલન કરવા-કરાવવા દ્વારા શાસન ના દીવાને પધરાવે, સતત જલતો રાખે છે. આપણે નવો દીવો કદાચ ન પેટાવી શકીએ પણ કમસેકમ ઉપર બતાવેલા ઉપાયોમાંથી આપણી શક્તિ અનુસાર આચારોનું પાલન કરીને જલતા દીપકમાં એકાદ ચમચી ઘી નાખવાનું પુણ્ય તો ઉપાર્જન કરી શકીએ...!

## T.V. દર્શન નહિ / જિનેશ્વર દર્શન :

ઘરને મંદિર બનાવવું હોય તો, ઘરમાં મંદિર બનાવવું પડે. ઘરમાં ભગવાન પધારે તો કેટલા બધા લાભો સહજ થાય. ● આખું ઘર પરમાત્માની પૂજા કરતું થઈ જાય. ● ઘરમાં દેરાસર-ભગવાન હોય એ ઘરમાં પ્રાયઃ કરીને મોટા પાપો તો કદી જ ન થાય. ● સાધુ ભગવંતો સામે ચડીને તમારા ઘરે પધારે. ● અનેક સાધર્મિકો રોજ પૂજા કરવા માટે આવે.

જઘન્ય શક્તિવાળાએ પણ ઓછામાં ઓછી એક અંગુલની પ્રતિમા ભરાવવી જોઈએ. પ્રતિમા ભરાવવી એ શ્રાવક જીવનનું કર્તવ્ય છે શિખરબંદ્ધ મોટું જીનાલય ન બંધાવી શકે તો ઘર દેરાસર તો કમસે કમ કરવું જ જોઈએ. મુંબઈ જેવા શહેરમાં એકેક પરામાં અનેક ઘર દેરાસરો છે.

માણસ પોતાનો નવો બંગલો બનાવે છે એમા બધા રૂમ માટે જગ્યા હોય છે. ડ્રોઈંગરૂમ, કીચનરૂમ, બેડરૂમ, સ્ટડીરૂમ, સ્ટોરરૂમ, બાથરૂમ.....ફકત જગા નથી હોતી **God**રૂમની...

નજીકમાં જ મોટું દેરાસર હોય પછી ઘરમાં પધરાવવાની શું જરૂર છે ? એવી દલીલ કરનારને મારે પૂછવું છે કે આજુબાજુના બધા ઘરે **T.V.** હોય તો પછી તમારે **T.V.** વસાવવાની શું જરૂર છે ? **T.V.** ઈંડીવિઝયુઅલ જોઈએ તો મંદીર પણ ઈન્ડીવિઝયુઅલ જ જોઈએ...!

ઘર મંદિરનો મોટો ફાયદો એ છે કે તમે ધારો ત્યારે, ધારો એટલા કલાક સુધી પરમાત્માની પૂજા-ભક્તિ કરી શકો. રાવણે પોતાના રાજમહેલમાં ભગવાન મુનિસુવ્રતસ્વામિનું સુંદર મંદીર બંધાવેલું. જ્યાં બેસીને એ કલાકો સુધી ભક્તિ કરતો. સવારે સીતાની પાછળ ઝુરનારો રાવણ રાત્રે મુનિસુવ્રતસ્વામીની સામે બેસીને પોતાના પાપ બદલ આંખમાંથી આંસુ સારતો, રાવણની પરમાત્મા ભક્તિએ રાવણને તીર્થંકર નામકર્મ બંધાવી આપ્યું છે.

વર્ષો પહેલા ગુજરાતના એક મોટા શહેરમાં એક ભાઈએ પંચોતેર લાખ રૂપીયા ખર્ચીને બંગલો બનાવ્યો. બંગલો બની ગયા પછી એણે પોતાની માતાને કહ્યું ચાલો માઁ ! નવા ઘરે રહેવા જઈએ. માઁએ કહ્યું બેટા પાપ કરીને તેં મકાન તો બનાવ્યું...પણ

હવે એ ઘર એકલું પાપ સ્થાનક બની રહે એ ઈષ્ટ નથી. નવા બંગલામાં જો તું ભગવાન પધરાવે, ઘર દેરાસર બનાવે તો જ હું ત્યાં રહેવા આવું. માઁની ઈચ્છાને અમલમાં મૂકીને દીકરાએ સુંદર ગૃહજીનાલય બંધાવ્યું આખા ઘરના દરેક સભ્યો પૂજા-ભક્તિ-આરાધના કરતા થઈ ગયા.

આવો હવે **T.V.** દર્શન નહિ પણ જિનેશ્વર દર્શન પાછળ પાગલ બનીએ.

### છ માસ્ટર કી :

સાવ નાનકડા રોગમાં આપણે ખૂબ જ ઉંચાનીચા થઈ જઈએ છીએ. ન કરવાના વિચારો કરી બેસીએ છીએ. રોગ આવે ત્યારે મનને જો સમાધિમાં રાખવું હોય. દુરસ્ત તનની વચ્ચે પણ મનને જો તંદુરસ્ત રાખવું હોય તો છ માસ્ટર કી આત્મસાત કરી લેવી જોઈએ.

● મારા જ અશાતના વેદની કર્મના ઉદયથી આ રોગ મને આવ્યો છે. મારા રોગમાં કોઈ નિમિતભૂત નથી મારા કર્મો જ નિમિતરૂપ છે. ● ગયા ભવમાં મેં કોઈને ત્રાસ આપ્યો હશે, પીડા આપી હશે...એ કારણે મને આ ભવમાં પીડા આવી છે કુદરતનો કાયદો છે આપો તેવું મળે. ● ગયા ભવમાં મેં બાંધેલા અશાતા વેદનીયકર્મના ઉદયથી આ ભવમાં રોગ આવ્યો છે. હવે આવતા ભવમાં ફરી આવી પીડા ન ભોગવવી હોય તો આ ભવમાં આવેલી પીડાને હસતા મોઢે સહન કરી લેવી જોઈએ. ● શરીર રોગોનું ઘર છે, રોગોથી ભરેલા આ શરીરમાં રોગ આવે એ નવાઈ નથી, પણ રોગ ન આવે તો આશ્ચર્ય કહેવાય. ● નરકની વેદના સામે મારી વેદના કાંઈ નથી. ● મારો આત્મા અને મારું શરીર એ બંન્ને જુદા છે. હું એ શરીર નથી અને શરીર એ હું નથી.

રામકૃષ્ણ પરમહંસને તાવ આવ્યો. કોઈક ભક્તે કહ્યું કે આપને બહુ તાવ છે ! એમણે હસીને કહ્યું : તાવ મને નથી આવ્યો મારા શરીરને આવ્યો છે. હું તો આત્મા છું. આત્માને કયારેય તાવ આવતો નથી. આને ભેદજ્ઞાન કહેવાય.

આવી છ પ્રકારની વિચારધારાથી જીવ રોગાવસ્થામાં આર્તધ્યાન કરતો અટકી જાય છે. મન સમાધિમાં રહે છે.

છેલ્લે એક વાત ભૂલશો નહિ...આર્તધ્યાનમાં જો પરલોકનું આયુષ્ય બંધાય તો પરલોકમાં તિર્યંચગતિ સિવાય બીજી ગતિ નહિ મળે...માટે સાવધાન.

## મારાથી અધિક દુઃખી કોઈ ખરૂં...? + + +

**● આદિનાથ ભગવાનના પૂર્વના પાંચમાં ભવમાં દેવલોકમાં લલિતાંગ**

નામે દેવ હતા. તેમની પ્રિયા નામની દેવી સ્વંયપ્રભા ઘણા લાંબા સમય સુધી સાથે હતી.

સ્વયંપ્રભાનું દેવી તરીકે આયુષ્ય પૂર્ણ થતા નાગશ્રી-નાગિલ માતા-પિતાને ત્યાં એનો જન્મ થયો તેણીને છ મોટી બહેનો હતી જે બધી કુરૂપા હતી. તેમજ ડુક્કરની જેમ ખાઉધરી હતી. એનો જન્મ થતા એના પિતા નાગિલ ઘર છોડીને ચાલ્યા ગયા અને માતા નાગશ્રીએ કંટાળીને એનું કાંઈ નામ પણ પાડયુ નહિ. તેથી લોકો એને નિર્નામિકા નામથી બોલાવવા લાગ્યા. તે ખૂબ જ દુઃખી હતી.

● મુનિશ્રી યુગંધરજીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું તે મહામુનીના ચરણોને કલ્પવૃક્ષ સમાન માનતા હતા. નિર્નામિકાએ આનંદથી તેમને વંદન કર્યા. વ્યાખ્યાન સાંભળવા બેઠી ચોરાસી લાખ યોનીમાં ભમતા જીવને જે અનંતદુઃખનો ભાર છે તે પોતાના કર્મના પરિણામથી ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણેની દેશના સાંભળી અંજલી જોડી નિર્નામિકા બોલી ''હે ભગવંત ! આપ રાય અને રંકને વિષે સમદ્રષ્ટીવાળા છો તેથી હું વિજ્ઞપ્તિ કરીને પૂછું છું કે આપે સંસારને દુઃખના સદનરૂપ કહ્યો. પરંતુ મારાથી અધિક દુઃખી કોઈ ખરૂં ?

કેવળી ભગવંતે કહ્યું કે દુઃખી બાળા ! હે ભદ્રે ! તારે તો શું દુઃખ છે ? તારા કરતાં પણ અત્યંત દુઃખી જીવો છે તેની હકીકત સાંભળ.

જેઓ પોતાના દુષ્કર્મના પરિણામથી નરક ગતિમાં ઉત્પન્ન થાય છે. તેમાંથી કેટલાકના શરીર ભેદાય છે. કેટલાકના અંગ છેદાય છે અને કેટલાકના મસ્તક જુદા પડે છે તે નરક ગતિમાં પરમધામિ અસુરોથી કેટલાક પ્રાણીઓ તલ પીલવાની પેઠે યંત્રોથી પીલાય છે. કેટલાક કાષ્ઠની જેમ દારૂણ કરવતોથી વેરાય છે અને કેટલાક લોહના ઘણથી પાત્રોની પેઠે કુટાય છે. તે અસુરો કેટલાકને શૂળીની શય્યા ઉપર સુવાડે છે. કેટલાકને વસ્ત્રની પેઠે શીલાતળ સાથે અફાળે છે.

અને કેટલાકને શાકની પેઠે ખંડખંડ કરે છે. તે નારકીના જીવોના શરીર વૈક્રિય હોવાથી તરત મળી જાય છે. એટલે તે પરમ ધામિકો પુનઃ તેવી રીતે પિડીત કરે છે. એવી રીતના દુઃખ ભોગવતા તેઓ કરૂણાસ્વરથી આક્રંદ કરે છે. ત્યાં તૃષિત થયેલા જીવોને વારંવાર તપાવેલા સીસાનો રસ પાય છે. અને છાયાની ઈચ્છાવાળા પ્રાણીઓને અસિપત્ર નામના વૃક્ષ નીચે બેસાડે છે પોતાના પૂર્વ કર્મનું સ્મરણ કરતા તે નારકો મૂહૂર્ત માત્ર પણ વેદના વિના રહી શકતા નથી. હે વત્સે તે નપૂસંકવાદી નારકીઓને જે દુઃખ થાય છે તે સર્વેનું વર્ણન પણ માણસને દુઃખ ઉત્પન્ન કરે છે. નારકીની આયુષ્ય ઓછામાં ઓછું દશ હજાર વર્ષ છે ઉપરમાં અબજો-અબજો વર્ષનું આયુ હોય છે.

વળી એ નારકીઓની વાત તો દૂર રહી. પરંતુ પ્રત્યક્ષ દેખાય છે એવા જળચર, સ્થળચર અને આકાશચારી તિર્યંચ પ્રાણીઓ પણ પોતાના પૂર્વ કર્મ વડે પ્રાપ્ત થયેલા અનેક પ્રકારના દુઃખ ભોગવે છે. જળચર જીવોમાંના કેટલાક તો એકબીજાનું ભક્ષણ કરી જાય છે. કેટલાકને માછીમારો પકડે છે અને કેટલાકને બગલાઓ ગળી જાય છે ત્વચાના અર્થી મનુષ્યો તેઓની ત્વચા ઉતારે છે માંસની પેઠે તેઓ ભૂજાય છે ખાવાની ઈચ્છાવાળાઓ તેઓને પકવે છે અને ચરબીની ઈચ્છાવાળા તેઓને ગાળે છે. સ્થળચર જંતુઓમાં નિર્વાળમૃગ વગેરેને સબળ, સિંહ વગેરે પ્રાણીઓ માંસની ઈચ્છાથી મારી નાખે છે. મૃગયામાં આશક્ત ચિતવાળા માંસની ઈચ્છાથી અથવા ક્રીડા નિમિતે તે નિરપરાધી પ્રાણીઓના વધ કરે છે. અને બળદ વગેરે પ્રાણીઓ ક્ષુધા-તુષા-ટાઢ-તડકો સહન કરવો, અતિભાર વહન કરવો અને ચાબુક-અંકુશ-પરોણાનો માર ખમવો વગેરે ક્રિયાથી ઘણી વેદના પામે છે. આકાશચારી પક્ષીઓમાં તેતર, શુક, કપોત અને ચકલા વગેરેને તેઓના માંસની ઈચ્છાવાળા બાજ, સિંચાનક અને ગીધ પક્ષીઓ પકડીને ખાઈ જાય છે તથા શિકારીઓ એ સર્વેને નાના પ્રકારના ઉપાયથી પકડી ઘણી વિડંબના પમાડી મારી નાખે છે. તે તિર્યંચોને બીજા શસ્ત્ર તથા જળાદિકના

પણ અનેક ભય હોય છે. માટે પોતપોતાના પૂર્વકર્મનું નિબંધન જેનો પ્રસાર ન રોકી શકાય એવો છે. જેઓને મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે તેઓમાં કેટલાક જન્મથી જ આંધળા, બહેરા પંગુ અને કોઢીયા થાય છે. કેટલાક ચોરી કરનારા અને પરસ્ત્રીગમન કરનારા નારકીની પેઠે જુદાજુદા પ્રકારની શિક્ષાથી નિગ્રહ પામે છે. અને કેટલાક નાના પ્રકારના વ્યાધિઓથી પિડાતા પોતાના પુત્રોથી પણ ઉપેક્ષાને પામે છે. કેટલાક મૂલ્યથી વેંચાયેલા (નોકર, ગુલામ વગેરે) ખચ્ચરની પેઠે પોતાના સ્વામીની તાડના-તર્જના ખમે છે ઘણો ભાર ઉપાડે છે અને શ્રુધા-તુષાન-દુઃખ સહન કરે છે.

પરસ્પરના પરાભવથી કલેશ પામેલા અને પોતપોતાના સ્વામીના સ્વામીત્વથી બદ્ધ થયેલા દેવતાઓને પણ નિરંતર દુઃખ રહેલું છે સ્વભાવથી દારૂણ અને અપાર એવા સંસારમાં-સમુદ્રમાં જેમ જળજંતુઓનો પાર નથી દુઃખનો પણ પાર નથી. ભૂત પ્રેતાદિથી સંકુલીત સ્થાનમાં જેમ મંત્રાક્ષર તેનો પ્રતિકાર કરનાર હોય છે તેમ દુઃખના સ્થાનરૂપ આ સંસારમાં જિનેશ્વરે કહેલો ધર્મ સંસાર દુઃખનો પ્રતિકાર કરનાર છે. અતિભારથી જેમ વહાણ સમુદ્રમાં ડૂબી જાય છે. માટે કદાપિ હિંસા કરવી નહિ. હમેંશા અસત્યનો ત્યાગ કરવો. કારણ કે અસત્ય બોલવાથી વંટોળીઆથી જે તૃણા ભમે તેમ માણસ આ સંસારમાં ચિરકાળ ભમ્યા કરે છે. કોઈનો પણ ચોરીનો માલ લેવો નહિ તેમજ ચોરી પણ કરવી નહિ. કારણ કે કૌવચ ફળના સ્પર્શની જેમ કયારેય પણ સુખ થતું નથી.

અબહ્મચર્યનો ત્યાગ કરવો કારણ કે અબહ્મચર્ય રાંકની પેઠે ગળે પકડીને માણસને નરકમાં લઈ જાય છે. પરિગ્રહ એકઠો કરવો નહિ. કારણકે ઘણા ભારથી વૃષભ કાદવમાં ખૂંચી જાય છે તેમ માણસ પરિગ્રહના વશથી દુઃખમાં ડૂબી જાય છે. જેઓ હિંસા વગેરે અવ્રતનો દેશથી પણ ત્યાગ કરે છે તેઓ ઉતરોતર કલ્યાણ સંપતિના પાત્ર થાય છે. જે કર્મને ખપાવે તે તપ કહેવાય છે.

**બાહ્ય તપ :**

● અનશન : ખાઉં ખાઉંની લત છે તો અનશન અને ઉપવાસ, એકાસણું, બિયાસણું, અમુક ટંકથી વધુ ન ખાવું એમ દુવિહાર-તિવિહાર-ચોવિહાર કર્યો ત્યાં એટલી ખાઉં ખાઉંની લત એટલે આહાર સંજ્ઞા દબાવાની. ● ઉણોદરી : ભૂખ છે છતાં ચાર કોળિયા ઓછા લીધા એટલી ભોજનની અતૃપ્તિ દબાવી. ● વૃત્તિ સંક્ષેપ : ભોજનમાં આખા દિવસમાં ૨૦ થી વધુ દ્રવ્ય ન લેવા યા એક ભાણે સાતથી વધુ દ્રવ્ય ન લેવા. એ વૃત્તિ સંક્ષેપ તપ કર્યો, તો બધા દ્રવ્ય વાપરવાની લાલસા પર કાપ પડયો. ખાનપાનની જેમ વસ્ત્રાદિક કે સ્વસ્ત્રીમાં યા અબ્રહ્મ વગેરે અંગે પણ વૃત્તિ સંક્ષેપ લાગુ પડે. ● રસત્યાગ : રસત્યાગ અર્થાત ઘી-તેલ-દૂધ-દહીં-ગોળ-સાકર કે તળેલું વગેરે માંથી ૧,૨,૩...કે એની બનેલી વસ્તુનો ત્યાગ જેથી જીભની લાલસા તૂટે. ● કાયકલેશ : રોગાદિ વગેરે કષ્ટ સહર્ષ સહન કરવા ધર્મના કષ્ટ ઉઠાવવા, વડીલજનોની કે તપસ્વી બિમાર હોય તેની સેવા વગેરે કરવાથી ભવિષ્યની અનંત પીડાને કાયકલેશ તપ અટકાવે છે તેથી આ બાહ્ય તપનો અનંતગુણ મહિમા છે. ● સંલીનતા : સંલીનતા એટલે મન-વચન-કાયાને કે ઈન્દ્રીયોને બિનજરૂરી પ્રવૃત્તિમાંથી ગોપવવી-અટકાવવીને તે દ્વારા આત્માને એ મન-વચન-કાયાની સ્થિરતામાં લીન કરવો વગેરેથી અનંતા કર્મના બંધ અને કુસંસ્કારના પોષણ અટકે એ અનંતગુણ મહિમા.

આ સર્વોતમ જિનશાસન સાથે મળેલા રત્નચિંતામણી સમા માનવભવમાં બાહ્ય તપનો ખૂબ પ્રયત્ન કરવા જેવો છે એ મળેલી અતિ મોંઘી તક ગુમાવવા જેવી નથી પરતું નાના-મોટા નિયમોથી તથા સંકોચ વૃત્તિથી સફળ કરી લેવા જેવો છે.

**અભ્યંતર તપ :**

● પ્રાયશ્ચિત : પોતાના થયેલા દોષોનું/પાપોનું ગુરુ ભગવંત પાસે પ્રાયશ્ચિત લેવું. ● વિનય : ગુરુ, વડીલો, માતા-પિતા વગેરેનો વિનય કરવો. ● વૈયાવચ્ચ : સંયમી, તપસ્વી, સાધર્મિક, દુઃખીઓની સેવા કરવી. ● સ્વાધ્યાય : શાસ્ત્રોનો અભ્યાસ કરવો તેનું મનન-ચિંતન કરવું. ● ધ્યાન : એકાગ્રતા કેળવવી, ધર્મધ્યાનમાં પ્રવેશ કરવો. ● કાયોત્સર્ગ : દેહાધ્યાસ ઘટાડી કાયા પરનું મમત્વ ઓછું કરવું.

જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયીને ધારણ કરનારને વિષે અદ્વિતિય ભક્તિ, તેના કાર્યનું કરવું, શુભની જ ચિંતા અને સંસારની નિંદા ન કરવી તે ભાવના કહેવાય છે. એ ચાર પ્રકારનો ધર્મ અપાર મોક્ષફળને આપવામાં સાધનરૂપ છે. તેથી ભવભ્રમણથી ભય પામેલા મનુષ્યોએ સાવધાન થઈને તે સાધવા યોગ્ય છે.

ધર્મથી જીવ રાજા થાય છે. બળદેવ થાય છે, અર્ધચક્રી થાય છે, ચક્રવર્તી થાય

છે, દેવ અને ઈન્દ્ર થાય છે, ગ્રેવેયીક અનુતર વિમાનમાં અહમિંદ્ર દેવપણાને પામે છે તીર્થંકર પદ પ્રાપ્ત થાય છે. સરવાળે ધર્મથી સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે.

## નમો અરિહંતાણં :

રાગ-દ્વેષથી મુક્ત એવા અરિંહત ભગવાનને આપણે નમસ્કાર કરીએ છીએ પણ સાચો નમસ્કાર કયારે કહેવાય ? ● આપણે રાગ-દ્વેષ ઓછા કરીએ-મુક્ત થઈએ. ● ચોવિસે કલાક સુખ કે દુઃખમાં ભગવાનને યાદ કરીએ. ● ભગવાન સાક્ષાત નથી મળ્યા પણ પ્રતિમાં રૂપે મળ્યા છે. જેમ એકલવ્યે દ્રોણાચાર્યને કહ્યું કે મને બાણ ચલાવતા શીખવાડો દ્રોણાચાર્યે કહ્યું તું ક્ષત્રિય નથી એટલે તારૂં કામ નથી. એકલવ્યે દ્રોણાચાર્યની પ્રતિંમા બનાવી. એનું આલંબન લઈને શીખ્યો. અને અર્જુન બાણાવળી કરતાં પણ આગળ નીકળી ગયો. જેમ દેવો ભગવાનને સાક્ષાત મેરૂ પર્વત ઉપર લઈ જઈને પક્ષાલ કરે છે તેમ ભગવાન આપણને સાક્ષાત નથી મળ્યા પણ પ્રતીમારૂપે મળેલા ભગવાનને આપણે પક્ષાલ કરીએ છીએ. ● સવિ જીવ કરૂં શાસન રસી-તેમ આપણે પણ સર્વેનું ભલુ જ કરવું-ઈચ્છવું. ● આપણે દરરોજ એક કલાક વ્યાખ્યાન સાંભળીએ છીએ તે તરત મગજમાં ન ઉતરે પણ તેને પછી નિરાંતે મનન-ચિંતન કરીએ ત્યારે જ મગજમાં ઉતરે. જેમ ગાય બધુ ખાઈ લે પછી નિરાંતે બેસીને વાગોળે ત્યારે પચે છે. ● તમે દેરાસર જાઓ ત્યારે તીલક કરો છો એટલે કે ભગવાનની આજ્ઞા શીરોધાર કરો છો પણ ખાલી તિલક કરવાથી કાંઈ થાય નહિ પણ ભગવાનની આજ્ઞા આચરણમાં લાવવી જોઈએ. ● મુંબઈમાં એક ભાઈ **C.A.** માં પહેલે નંબર પાસ થયો. તે ઈન્ટરવ્યુ માટે ગયો. તેને તો એમ જ હતું કે મને નોકરી તરત મળી જશે. ઈન્ટરવ્યુ લેનારે તેના બધા કાગળીયા જોઈ લીધા ખુશ થઈ ગયો. એણે પેલા ભાઈના કપાળે તિલક જોયું એટલે જૈન છે એમ ખબર પડી એણે પૂછયું તમે કંદમૂળ તો નહિ ખાતા હો ? પેલા ભાઈએ કહ્યું કંદમૂળ તો ખાઉં છું. એ ન ખાવા માટે હજી કાંઈ વિચાર્યું નથી. (ખાવા ન જોઈએ પણ ખાઉં છું એમ કહ્યું હોતતો વાંધો ન આવત) પેલાએ એને બધા કાગળીયા પાછા આપીને કહ્યું તમે જઈ શકો છો. અમારે ત્યાં મુસ્લીમ કામ કરે છે તે રેગ્યુલર નમાજ કરે છે. એવી જ રીતે દરેક ધર્મના લોકો અમારે ત્યાં કામ કરે છે એ બધા જ ધર્મને વફાદાર છે. તમે ધર્મને વફાદાર નથી તેથી તમારૂં અમારે ત્યાં કામ નથી આપ જઈ શકો છો. ● આંખ બરોબર છે ત્યાં સુધી ભગવાનના દર્શન કરો. ● કાન બરોબર છે ત્યાં સુધી ભગવાનની વાણી સાંભળો. ● પગ ચાલે છે ત્યાં સુધી ૯૯ કરી લ્યો. ● મુખ બરોબર છે ત્યાં સુધી સત્ય વચન બોલો. ● હાથ બરોબર છે ત્યાં સુધી સુપાત્રને દાન આપો. ● હૃદય બરાબર છે ત્યાં સુધી

નવપદનું ધ્યાન ધરો. ● કંઠ બરોબર છે ત્યાં સુધી જિનભક્તિ કરો. ● લલાટ બરોબર છે ત્યાં સદ્‌ગુરુના ચરણે શિર ધરો. ● ભુજા બરોબર છે ત્યાં સુધી બાહુબળથી સંસાર સાગર તરો. ● શરીરની શોભા, જે સેવા, વૈયાવચ્ચ કરતા થાકે નહિ. ● મનની શોભા, જે કશી અપેક્ષા રાખે નહિ. ● સ્વાસ્થ્ય બરોબર છે ત્યાં સુધી તપ કરી લ્યો. ● પચ્ચકખાણ ન લ્યો તો દોષ લાગ્યા કરે માટે પચ્ચકખાણ તો લેવું જ જોઈએ પછી તે તપ હોય-ત્યાગ હોય કે નીયમ હોય. ● શ્રાવકના વૃત ધારણ કરો-ચરવળો લ્યો. ● ચારિત્ર લ્યો ઓધો ગ્રહણ કરો. ● પ્રશ્ન : દીક્ષા કયાં લેવાય ? તીર્યંચમાં, દેવલોકમાં, નરકમાં કે માનવ ભવમાં...? જવાબ : દીક્ષા ફકત માનવ ભવમાં જ લેવાય. તો પછી કોની રાહ જુઓ છો. શરીરનું સ્વાસ્થ્ય સારૂં છે. પાંચે ઈન્દ્રીયો વ્યવસ્થીત કામ કરે છે. હાથ-પગ બરોબર છે. તો દીક્ષા લઈ લ્યો કોની રાહ જુઓ છો ? (કે પછી બુઢ્ઢાપામાં વિચારશું)

## જાણવા યોગ્ય...!

કર્મ બાંધતી વખતે જો યથાયોગ્ય સાવધાની રાખવામાં આવે તો એના કટુ વિપાકથી જીવ બચી શકે છે...ધર્મનું કામકાજ જીવને કર્મ બાંધતા અટકાવવાનું છે આપણી જીવન પદ્ધતી જો પરમાત્માએ બતાવ્યા પ્રમાણે થઈ જાય તો ઘણા બધા કર્મોથી આપણો આત્મા બચી જાય...ચાલો પ્રભુએ ચીંધેલા માર્ગે ચાલવા પ્રયાસ કરીએ.

મધ્યાહ્નનો સૂર્ય પૂર્ણ તાપથી તપી રહ્યો હતો...ગરમીનું પ્રમાણ વધતું હતું...ત્યાં રાજમાર્ગે મુનિરાજ એક ઘરથી બીજા ઘરે ભિક્ષા માટે ફરી રહ્યા હતા ફરતા ફરતા ધર્મઘોષમુનિ ધર્મલાભ કહેતા અભયસેનરાજાના મંત્રીશ્વરના ઘરે પધાર્યા...ઘરના સભ્યો હર્ષિત થયા...હાથ જોડીને પધારવા વિનંતિ કરી...મુનિરાજે ઘરમાં પ્રવેશ કર્યો...મુનિરાજે પોતાનું પાત્ર ધર્યું...ઘી સાકર નાખીને બનાવેલી ખીર ભાવથી વહોરાવવા બેન આગળ વધ્યા...પણ અચાનક ખીર વહોરાવવા જતાં ખીરનો એક બિંદુ નીચે પડયો...મુનિરાજ કાંઈ પણ વહોર્યા વગર ઘરમાંથી નીકળી ગયા.

આ દ્રશ્ય જોઈ મંત્રીશ્વર વિચારમાં પડયા...એક બિંદુ નીચે પડયું એમા શું થયું? મુનિરાજ આટલી નાની સરખી વાતમાં પાછા કેમ વળી ગયા ?...મુનિરાજે આમ નહોતુ કરવું જોઈતું...આવી વિચારધારા ચાલે છે ત્યાં કોલાહલ સંભળાયો. મંત્રીશ્વરે નજર કરી તો આશ્ચર્ય મુગ્ધ બની ગયા મુનીરાજ ભિક્ષા લીધા વગર કેમ ગયા એનું રહસ્ય જાણવા મળ્યું. પરમાત્માના શાસનની સૂક્ષમતા...ગહનતા અને દીર્ઘદ્રષ્ટી એમને સ્પર્શી ગઈ...એમનું મસ્તક ભાવથી પરમાત્માના-મુનિરાજના ચરણે ઝુકી ગયું.

મંત્રીશ્વરે નજર કરી તો જણાયું કે ખીરના બિંદુ ઉપર માખી બેઠી હતી...માખીને

પકડવા ભીંત ગરોળી આવી...ગરોળીને કોળિયો કરી જવા સરડો તૈયાર હતો...સરડાને પકડવા બિલાડી દોડતી આવી...બિલાડી ઉપર બહારથી આવેલું મહેમાનનું કુતરું દોડયું...બહારના કુતરા ઉપર ત્યાં વસતા કુતરાઓ તુટી પડયા...કુતરાઓને આપસમાં લડતા જોઈ એમના માલિક દોડતા આવ્યા અને તેઓ એકબીજાના સાથે ઝઘડવા લાગ્યા. ખીરના એક બિંદુએ ઉભું કરેલું સ્વરૂપ જોઈને મંત્રીશ્વર વિચારવા લાગ્યા...નાની દેખાતી વાત કયારેક કેટલી ભયાનક બની જાય છે. જો મુનિરાજ ખીરનું બિંદુ નીચે પડયા પછી પણ ગોચરી વહોરે તો આવામાં નિમિત બની જાય અને ન વહોરે તો આવા નિમિતથી બંધાતા પાપથી બચી જાય.

એથી જ સાધુને ગોચરી વહોરાવતા શ્રાવકે જાગૃત રહી કોઈ પણ વસ્તુ નીચે ન ઢોળાય એનો ખ્યાલ રાખવો જોઈએ એમાં પણ ખાસ કરીને ઘી, તેલ, દંહિ અને દૂધનો છાંટો નીચે પડી જાય તો સાધુને એ ઘરેથી કાંઈ પણ વહોરવું ન કલ્પે (પાટલા કે થાળી ઉપર પડે તો જયણા)

સાધુ-સાધ્વીજી ભગવંત વહોરવા આવે તો એમના પાત્રા રાખવા પાટલો અથવા થાળી રાખવામાં આવે છે. જેથી અનેક લાભ થાય છે. સાધુના પાત્રાનું બહુમાન સચવાય છે કોઈ ગરમ વસ્તુ વહોરી હોય તો તેનાથી જમીન પરના કોઈ સૂક્ષ્મ જીવને કિલામણાં થતાં અટકી જાય છે. વિધિ સચવાય છે.

ગોચરી વહોરવા નીકળેલ સાધુ ભગવંત અત્યંત સાવધાન હોય...એની ચકોર નજર ચારે બાજુ કોણ શું કરે છે એની નોંધ લે છે...આવું શા માટે ? સ્વભાવિક પ્રશ્ન મનમાં ઉઠે...પણ એનો જવાબ સહજ છે...શાસ્ત્રકારોએ સાધુને છ કાય જીવોના માવતર કહ્યા છે. છ કાયના જીવોના પિયરની ઉપમા આપી છે પૃથ્વીકાય-અપકાય-તેઉકાય-વાયુકાય-ત્રસકાય-વનસ્પતિકાય. આ જીવોને બચાવવા સમય આવે પ્રાણની બાજી પણ લગાવડવી પડે તો જ એની સાધુતા શોભી ઉઠે.

એક વખત માસક્ષમણના પારણે ગોચરી લેવા નીકળેલા મુનિરાજના પાત્રામાં કડવા તુંબડાનું શાક આવી ગયું...ગુરુ ભગવંતે આ શાક ખાવા માટે અયોગ્ય જાણી મુનિરાજને વિધિપૂર્વક પરઠવા જંગલમાં મોકલ્યા. રસનું એક ટીપું પડતાં અનેક કીડીઓ આવી. તરફડવા લાગી...મુનિનો આત્મા ધ્રુજી ઉઠયો...આ બધું પરઠવાથી કેટલી કીડીઓ હેરાન થશે કદાચ મરી જશે. મુનિ વિચારે ચડયા...ના...ના...આટલા જીવોને કિલામણા થાય એવું કામ મારાથી કેમ થાય ? ના...ના...હું મરીનો પણા એમનો બચાવીશ...જીવાડીશ. શું માતા પોતાના બાળક માટે ત્યાગ નથી કરતી...બલિદાન નથી આપતી...હું પણ એમ જ કરીશ...

બસ ! આવી ઉત્કૃષ્ટ ભાવના ભાવી. ચાર શરણનો સ્વીકાર કરી...પંચ પરમેષ્ટિના

ધ્યાનમાં લીન બન્યા...કડવા તુંબડાનું શાક પોતે વાપરી લીધું... આયુષ્યપૂર્ણ થતાં સર્વાર્થસિદ્ધ દેવલોકમાં ગયા...ત્યાંથી મનુષ્યભવ પામી...સાધના કરતા કરતા મોક્ષમાં જશે.

સાધુ ભગંવતો ગોચરી વહોરવા જાય ત્યાં કોઈ પણ વસ્તુ કાચા પાણી સાથે-અગ્નિ સાથે-ફળાદિ સાથે અથવા કાચા લુણ (નમક) સાથે સ્પર્શેલી હોય તો સાધુથી લેવાય નહિ...સાધુ માટે એ ત્યાજય બની જાય...તેમજ ગોચરી વહોરાવનાર જો આમાંથી કોઈપણ વસ્તુને સ્પર્શેલો હોય તો પણ એના હાથથી આહાર પાણી લેવા સાધુને કલ્પે નહિ.

દા.ત. તમારા ઘરની બધી રસોઈ તૈયાર છે...ડાઈનીંગ ટેબલ પર ગોઠવેલી છે અને એજ ટેબલ ઉપર ઉપરોક્ત કોઈ પણ વસ્તુ પડી હોય તો, ડાઈનીંગ ટેબલ પરની કોઈપણ વસ્તુ લેવી સાધુને કલ્પે નહિ.

એવી જ રીતે શાક સમારતીબેન-અનાજ વીણતીબેન-ચૂલા-સગડી સાથે કામ કરતી બેનના હાથે પણ આહારપાણી લેવા કલ્પે નહિ.

સાધુએ ધર્મલાભ આપતા સાધુના નિમિતથી લાઈટ ચાલુ-બંધ કરે, **T.V.** પંખો ચાલુ બંધ કરે તો પણ સાધુથી એ ઘરમાં આહાર પાણી લેવાય નહિ. એટલે સાધુ ભગવંત પધારે ત્યારે લાઈટ, પંખો, **T.V.** વગેરે ચાલુ હોય તો ચાલુ રાખવા અને બંધ હોય તો બંધ રાખવા પણ સાધુ ભગવંતના આવ્યા પછી ચાલુ કે બંધ કરવા નહિ.

ધર્મલાભ ! અચાનક ધર્મલાભનો અવાજ સાંભળી ઘરમાં મિશ્ર લાગણીનું મોજુ ફરી વળ્યું. મોટીબાને ખૂબ આનંદ થયો. દીકરો ડોકટર થયો એના માનમાં મિત્રો જમવા આવવાના હતા. રસોઈ લગભગ તૈયાર હતી. અનાયાસે લાભ મળી ગયો...દરવાજો ખોલીને પધારો...પધારો... કહીને એમણે મુનિરાજને અંદર પધારવા વિનંતી કરી...મુનિરાજ પધાર્યા. પાટલો મૂકવામાં આવ્યો. મુનિરાજે તરપણી મૂકી...ઘરના બધા ભેગા થયા. ચાલો આપણે બધા વહોરાવીને લાભ લેશુ. એક એક વસ્તુ લઈને વહોરાવવા આગળ વધ્યા.

સાહેબ ! દૂધપાક...એમાં બદામ પિસ્તા નાખેલા છે તે હમણા મેવો ન ચાલે...સાહેબ! ઢોકળા...કયારે પાલાળ્યા છે ? છાશ ગરમ કરેલી છે ના...! છાસ ગરમ નથી કરી રાતના પલાળ્યા છે...તો એ નહિ કલ્પે. સાહેબ ! પૂલાવ-કઢી એમાં પણ કાજુ-કોથમીર છે. એ પણ હમણાં ન ચાલે. શાકમાં બટાટા હતા એટલે ચાલવાનો કોઈ સવાલ જ નહોતો.

ઘરના બધા મુંઝાય...હવે શું કરવું ? ત્યાં મુનિરાજે સ્વયં કહ્યું ચપટી ખાંડ લઈ લો તે ચાલશે. બહેને ખાંડ વહોરાવી...મુનિરાજ ધર્મલાભ આપી શાંતિથી ચાલ્યા ગયા ઘરમાં બધાને બહુ દુ:ખ થયું. આપણા ઘરે મુનિરાજના પગલા થયા પણ આપણે લાભ ન લઈ શકયા. જરાક ઉપયોગ રાખ્યો હતો તો જરૂર લાભ મળી જાત...પણ

હવે પસ્તાવો કરવાથી શું થાય.

આવા પ્રસંગો અનેકના ઘરમાં પણ કયારેક બનતા હશે બધું તૈયાર હોય છતાં સાધુ ભગવંતને કલ્પે એવી એકપણ વસ્તુ ન હોય. આ બધા પાછળનું કારણ આપણી એક ભ્રામક કલ્પના છે. આપણે માનીએ છીએ કે ભક્ષ્ય-અભક્ષ્ય-કલ્પ-અકલ્પ આ બધો વિચાર સાધુ-સાધ્વીજી ભગવંતો માટે છે...ના ! આ આપણી ભૂલ છે...જે વસ્તુ સાધુ-સાધ્વીજી ભગવંતોને ન કલ્પે તો તે શ્રાવકને પણ કયારેય ન ચાલે. આપણે સાધુ ભગંવતોને ચાલે-નચાલે તેનો વિચાર કરીએ પરંતુ શ્રાવક અને સાધુ બન્ને માટે અભક્ષ્યાદિનો આચાર-વિચાર સમાન જ છે. સરખો જ છે.

જો તમે શ્રાવક યોગ્ય આહાર બનાવો તો સાધુ કયારેય તમારા ઘરેથી ખાલી હાથે ન જાય.

આવો ! આજે આપણે વિચાર કરીએ...જાગીએ...સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા માટે જૈન શાસ્ત્રોએ બતાવેલ આહાર વિષેનો ભક્ષ્યા ભક્ષ્યનો વિચાર કરીએ.

પરમાત્માના શાસનને પામેલા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા નીચે મુજબની વસ્તુઓ કયારેય લેવી કલ્પે નહિ.

**૨૨ અભક્ષ્ય :**

૧. મધ ૨. મદિરા ૩. માખણ ૪. માંસ (આ ચાર મહા વિગઈ) ૫. વડ ૬. પીપળો ૭. પ્લક્ષ ૮. ઉદુંબર ૯. કાલુંબર ૧૦. બરફ ૧૧. કરા ૧૨. ઝેર ૧૩. માટી ૧૪. રાત્રીભોજન ૧૫. બહુબીજ ૧૬. બોળ અથાણું ૧૭. વિદળ ૧૮. રીંગણા ૧૯. અજાણ્યા ફળ ૨૦. તુચ્છ ફળ ૨૧. ચલિત રસ ૨૨. અનંતકાય.

● રાત્રી ભોજન : પેથડ મંત્રી ગીરનારમાં છપ્પન ઘડી (એક ઘડી=૨૦૦ **kg.**) સોનાની બોલી બોલેલ. જયાં સુધી ઉછામણીની રકમ ન ચૂકવાય ત્યાં સુધી અન્ન-જલનો ત્યાગ. ત્રીજા દિવસે સૂર્યાસ્ત થવાને વાર હતી ત્યાં તો માર માર કરતી સાંઢણીઓ સોનું લઈને આવી પહોંચી. સોનું ભરપાઈ થઈ જતા બધાએ પેથડ મંત્રીને આહાર ગ્રહણ કરવાની વિનંતિ કરી. હજી સૂર્યાસ્ત થવાને વાર હતી. પણ પેથડમંત્રી તો ચૂસ્ત શ્રાવક હતા તેમણે વિચાર્યું કે સૂર્યાસ્તની અડતાલીસ મિનિટ પહેલા ખાવાપીવાનું બંધ ન કરીએ તો શુદ્ધ ચોવિહાર શી રીતે ગણાય ? (સવારના સૂર્યોદય થી ૪૮ મિનિટ પછી નવકારશી આવે છે કારણ ૪૮ મિનિટ પછી જીવાત ઓછી થઈ જાય છે તેવી રીતે સૂર્યાસ્તને ૪૮ મિનિટ બાકી હોય ને જીવાત ચાલુ થઈ જાય છે માટે ૪૮ મિનિટ પેહલા ચોવિહાર કરી લેવો જોઈએ જેથી રાત્રિભોજનનો દોષ ન લાગે) જેથી પેથડ મંત્રીએ વાપર્યું નહિ. ત્રીજા દિવસનો ઉપવાસ થઈ ગયો ● બહુબીજ :

શાક કે ફળમાં બે બીજ વચ્ચે આંતર પર (પડ) ન હોય બે બીજો પરસ્પર અડીને રહ્યા હોય તેને બહુબીજ કહેવાય. જેવા કે કોઠીંબડા, ટીંબરુ, ખસખસ, રાજગરો, પંપોટા, અંજીર વગેરે. દરેક બીજમાં જુદો જુદો જીવ છે તેથી તે બધાની હિંસા થાય છે તેથી તે અભક્ષ્ય ગણાય છે તેથી કદી પણ ખવાય નહિ. ● બોળ અથાણું : લગભગ બધી બહેનોને ખ્યાલ જ હોય છે. ● વિદળ (દ્વિદળ) મગ, ચણા, ચોળા, અડદ, વાલ, તુવેર, વટાણા, મઠ, લીલવા વગેરે તમામ કઠોળ, તેના પાંદડાની ભાજી, વાલોર, ચોળાફળી, લીલા ચણા, મેથીની ભાજી, તેની સૂકવણી, મેથી, મેથીનો મસાલો, સંભાર, મગની દાળ, તુવેરની દાળ, અડદની દાળ, ચણાની દાળ, ચોળાની દાળ વગેરે બધી દાળ કઠોળના આટામાંથી બનાવેલા ફરસાણ, પાપડ, ગાંઠિયા, સેવ, ચવાણું વગેરે નાસ્તો, દાળિયાની ચટણી મેથીવાળા અથાણા. વગેરેની કાચા દૂધ-દંહી-છાસ-શ્રીખંડ વગેરે ભેગા થતાં જ વિદળ થાય છે તેથી તે અભક્ષ્ય છે પરંતુ આંગળી બળે તેવા ગરમ કરેલા હોય તો વિદળ થતું નથી માટે તેની સાથે ખાઈ શકાય છે. ● રીંગણા : કંદમૂળ નથી પરતું શાસ્ત્રકાર પરમર્ષિઓએ જોયું કે રીંગણા શરીરને કે મનને, ભૌતિક જીવનને કે આધ્યાત્મિક જીવનને હિતકારી નથી પણ અત્યંત નુકશાનકારક છે જેથી અભક્ષ્ય છે. ● અજાણ્યા ફળ : જેનું નામ આપણને ખબર નથી. પછી ભલે તે દેખાવે સારા લાગતા હોય છતાં ઝેરી પણ હોઈ શકે, ને આપણને ખબર ન પડે માટે ખાવા હિતાવહ નથી અભક્ષ્ય છે. ● તુચ્છ ફળ : ચણીબોર, પીલુ, પીચું, ગુદી, આંબલીને મહોર વગેરે તુચ્છ ફળો છે. જેમાં ખાવાનું ઓછું ને ફેંકવાનું વધારે તેથી તેમાં પુષ્કળ વિરાધના થાય છે. તેના ઉપર કીડીઓ ને સૂક્ષ્મ જીવાત આવે છે ને તે મરી જાય છે, માટે ત્યાગવા યોગ્ય જ છે. ● ચલિતરસ : આ તો તમને ખ્યાલ જ હશે કે આજે બનેલા પદાર્થો બીજા દિવસે અભક્ષ્ય થઈ જતા હોવાથી ખાવા યોગ્ય નથી જેવા કે રોટલા, રોટલી, પૂરી, ભાખરી, પુડલા, પુરણ પોળી, ભજીયા, વડા, ઢોકળા, હાંડવો, ઈડલી, બ્રેડ, ઢોસા, કચોરી, સમોસા, સેકેલા પાપડ, ચટણી વગેરે વગેરે દુધપાક, ખીર, મલાઈ, બાસુંદી, શ્રીખંડ, ફ્રૂટસલાડ, દૂધીનો હલવો, ઘારી, ગુલાબજાંબુ, કાચો માવો, કાચા માવાની મીઠાઈ, જલેબી, રસ મલાઈ, રસગુલ્લા, બંગાળી મિઠાઈ વગેરે વગેરે.

**૩૨ અનંતકાય :**

● ભૂમી કંદ ● બટાટા ● ગાજર ● મૂળા સંપૂર્ણ ● ડુંગળી ● લસણ ● સૂરણ ● વંશ કારેલા ● કુણી આંબલી ● પાલકની ભાજી ● વત્થુલાની ભાજી ● થેગની ભાજી ● લીલી મોથ ● કિસલય ● અમૃતવેલ ● સતારીવેલ ● ગરમર ● ગળો

(ગડચીવેલ) ● લવણ વેલ ● વિરાણીવેલ ● સુક્કરવેલ ● લવણક ● કુંવાર પાટું ● લીલી હળદળ ● લીલું આદુ ● કચૂરો ● થોર ● વજ્રકંદ ● લોઢક ● ખરસઈયો ● ખીલોડી કંદ ● મશરૂળ

બીજા ફ્રૂટ કે શાકભાજીમાં એક-એક જીવ છે જયારે અંનતકાયમાં અનંતા -અસંખ્યાતા જીવ હોય છે જેથી અભક્ષ્ય છે.

નીચેની વસ્તુઓનો કાળ ● શિયાળામાં ૩૦ દિવસ (કારતક ૧૫ થી ફાગણ ૧૫) ● ઉનાળામાં ૨૦ દિવસ (ફાગણ ૧૫ થી અષાઢ ૧૫) ● ચોમાસામાં ૧૫ દિવસ (અષાઢ ૧૫ થી કારતક ૧૫) ● શેકેલા પદાર્થો, ચણા, મમરા, ધાણી, ખાખરા, દળેલો લોટ વગેરે. ● વઘારેલા પદાર્થો, ચેવડો, મમરા વગેરે. ● તળેલા પદાર્થો સેવ, ગાંઠીયા, ફાફડા કડક પૂરી વગેરે. ● પાકી મિઠાઈ, બુંદી લાડુ, ચુરમાના લાડુ, મોતીચુર, સુખડી, મૈસુરપાક વગેરે તેમજ માવા વગરની અથવા પાકા માવાની મિઠાઈઓ વગેરે. ● ઉનાળા-ચોમાસાના આઠ મહીના કોથમીર, દરેક જાતનો ભાજીપાલો પતરવેલના પાન, કોબી, ફુલાવર, ખજૂર, ખારેક, તલ, સૂકા મેવો (ઉનાળામાં બદામ ચાલે) વગેરેનો ઉપયોગ ન કરાય. ● ચોમાસાના ચાર મહીના (આખી બદામ ફોડો તે દિવસે ચાલે) ખીચીયા, પાપડ, વડી, સારેવડા, બીલડ, તથા સૂકવણીનો ઉપયોગ ન કરાય. ● રવો, મેંદો, તેમજ બીજા લોટ આપણે દળાવેલા હોય તો એના કાળ પ્રમાણે ચાલે. બજારનો કોઈ પણ લોટ કયારે દળાયેલો હોય તેની ખબર ન હોવાથી ત્યાગવો જ યોગ્ય છે. ● ગઈકાલે જમાવેલું દંહી આજ સાંજ સુધી ચાલે પછી અભક્ષ્ય તેવી રીતે આજે ઝેરેલી છાસ આવતીકાલ સાંજ સુધી ચાલે પછી અભક્ષ્ય થઈ જાય.

## ઉકાળેલું પાણી :

વર્તમાન કાળે સયુંક્ત કુટુંબો ઓછા થતા જાય છે. સવારના ઉઠવાનું અનિયમિત બન્યું. સાંજે ચોવિહાર કરવાવાળા ઘટતા ગયા. ઉકાળેલું પાણી પીવાવાળા જુજ રહ્યા...તેમજ સંઘયણ બળ ઘટતા ગયા. સાધુ-સાધ્વીજી ભગવંતો એકાસણાની પરંપરા ઘણા જાળવી ન શકયા. આ વિવિધ કારણોસર "વર્તમાન જોગ" શબ્દનો પ્રયોગ ઘટતો ચાલ્યો. શ્રાવકો તરફથી સાહેબજી કયારે પધારશો જણાવોને એવી માંગ વધતી ગઈ. જો શ્રાવકો સાધુ જીવનને સમજીને એમની સાધનામાં સહાયક બનવા, સાધુ ભગવંત વહોરવા આવે કે ન આવે પણ યથા યોગ્ય સમયે આહાર-પાણીનો જોગ રાખે અથવા સ્પષ્ટ કહીએ તો શ્રાવક, સાચું શ્રાવક જીવન જીવવા માંડે દરરોજ નવકારશી-ચોવિહાર કરે...ઉકાળેલું પાણી પીવા માંડે તો સાધુ-સાધ્વીજી ભગવંતોનો અનાયાસે લાભ મળતો રહે અને નિર્દોષ ગોચરી મળવાથી સાધુનું ચારિત્ર શુદ્ધ બને તેમજ તેમની આરાધનામાં

વેગ મળે.

ઉકાળેલું પાણી જીવ રહીત છે. જયારે કાચું પાણી જીવ સહીત છે. હા ! તારી વાત સાચી છે કે કાચું પાણી ઉકળતા તેમાં રહેલ જીવો મરી જાય છે. તે વખતે જેટલા જીવો મરે છે તેના કરતાં અસંખ્યાતા જીવોની જન્મમરણની સાઈકલ ચાલવાની બંધ થાય છે જેથી જેટલાં જીવો મરે છે તેના કરતા અસંખ્યાતગણા જીવોને અભયદાન અપાય છે. જયારે કાચું પાણી પીનારો જાણે છે કે આમાં અસંખ્યાતા જીવો સીધા આપણા મોંઢામાં જાય છે હવે તો આજના વિજ્ઞાનીઓ પણ કબુલ કરે છે કે પાણીના એક ટીપામાં સૂક્ષ્મ એવા ૩૬,૪૫૦ જીવ છે.

જો પાણી પીધા વિના શરીર ટકતું હોત, જીવન જીવી શકાતુ હોત તો ઉકાળેલું પાણી પીવાનું પણ ન જણાવત. જયારે પાણી વગર જીવી શકાતું નથી. મોક્ષમાર્ગની સાધના થઈ શકતી નથી ત્યારે અસંખ્યાતા જીવો સીધા પેટમાં જતા હોવાથી કાચું પાણી તો ન જ પીવાય. માટે ઉકાળેલું પાણી પીવાનું રાખવું જોઈએ.

પાણીનો વપરાશ પણ શકય એટલો ઓછો રાખવો જોઈએ જેથી એટલી જીવ હિંસાથી બચી જવાય તેમજ ઈલેકટ્રીક પણ પાણીમાંથી જ પેદા થાય છે તો બની શકે એટલે ઓછો વપરાશ ઈલેકટ્રીકનો કરવો જોઈએ.

## સંયમ લેવો એજ.....!

પ્રત્યેક શ્રાવકની એવી ભાવના હોવી જોઈએ...આ લોકથી રવાના થઈએ તો સંયમ લીધા વિના તો નથી જવું. ● જન્મ ભલે મેટરનીટી હોમમાં થયો હોય પણ મરણ તો ઉપાશ્રયમાં જ થવો જોઈએ. ● જન્મ ભલે માતાના ખોળામાં જ થયો પરતું મૃત્યુ તો ગુરુચરણમાં જ થવું જોઈએ. ● જન્મ ભલે રડતા રડતા થયો હોય પણ મૃત્યુ તો હસતા હસતા જ થવું જોઈએ. ● જન્મતા ભલે બર્થ ડે સુટમાં રહ્યા પણ મોત તો સાધુની શ્વેત વસ્ત્રોમાં જ થવું જોઈએ.

લગ્નની ઉમર થતા તમામ દીકરીઓને શ્રીકૃષ્ણ મહારાજા પ્રશ્ન પૂછતા બેટા ! દાસી બનવું છે કે રાણી ? ત્યારે લગભગ મોટા ભાગની દીકરીઓ કહેતી પિતાજી ! આપની કૃપાથી રાણી બનવું છે. તો પહોંચી જાવ ભગવાન નેમીનાથ પાસે ને લઈ લો દીક્ષા. દીકરીઓ સાધ્વી જીવન સ્વીકારી લેતી.

એક વાત લખી રાખો કે ચારિત્ર લીધા વિના કયારેય મુક્તિ નથી. ભવાંતરમાં જલ્દી ચારિત્ર જોઈતું હોય તો આ ભવમાં ચારિત્ર લીધા વિના છુટકો નથી જ નથી. સર્વ વિરતિનો સ્વીકાર એ જ મનુષ્ય ભવ મળ્યાની સાચી સફળતા છે.

## કરૂણા...!

આજનો માનવી પોતાના શરીર ઉપર બેરહમીથી વર્તી રહ્યો છે એના આખા દિવસની દિનચર્યા જોતાં એવું લાગે છે કે એને પોતાના શરીરના અવ્યવો ઉપર કરૂણા નથી.

યાદ રહે કે જલસા કરવા અને શરીર સાચવવું આ બે અલગ ચીજ છે. અહીં જલસા કરવાની વાત નથી. શરીરને સાચવવા દ્વારા ધર્મ અને આરાધનાને સાચવી લેવાની વાત છે.

સહુથી પહેલી કરૂણા પોતાના પેટ પર કરવા જેવી છે. ફાસ્ટ ફુડ, જંક ફુડ, ચાઈનીસ, મેકિસકન, કોરિયન જેવી ડીસો આરોગીને માણસ પોતાના પેટ પર અત્યાચાર કરી રહ્યો છે. પેટના ડાયજેસ્ટ પાવરથી ય વધુ આરોગવાથી અંતે પેટ બળવો પોકારે છે. છેલ્લે બધું જ ખાવાનું બંધ થાય છે ડોકટરના ચક્કર ચાલુ થાય છે. દવા-ઈંજેકશન અને ઓપરેશનના ખર્ચા વધતા જાય છે એમાંને એમાં એ વધુ ખુંવાર થતો જાય છે.

બીજી કરૂણા કરવા જેવી છે પોતાના પગ ઉપર વાહનના જમાનામાં ચાલવાનું લગભગ બંધ કરી દીધું છે. જે વસ્તુની મુવમેન્ટ બંધ થઈ જાય એને કટાતા વાર ન લાગે મોટા ભાગની ઘુંટણની તકલીફો પગની હલનચલનના અભાવે વધુ પડતા વજનના પ્રભાવે ઉભી થઈ હોય તેમ લાગે છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે આખો દિવસ વાહનમાં ફરવું છે અને સવારે મોર્નીંગ વોક કરવા જવું છે. ઘરમાં કે ઓફીસમાં કયાંય વાંકા વળવું નથી અને જીમમાં જઈને કસરતો કરવી છે. દેરાસર ઘરથી દશ મિનિટની વોકીંગ ડીસ્ટન્ટ હોય તો ત્યાં પગે નથી જવું પણ વાહનમાં જ જવું છે.

ત્રીજી અને મહત્વની કરૂણા માનવીના મગજ ઉપર કરવા જેવી છે. વધુ પડતી ચિંતા વધુ પડતા વિચારોને લીધે આજનો માનવી ડીપ્રેસ થતો જાય છે. ટેંશન-ડીપ્રેસના કારણે **High BP** ડાયાબિટીશ અને મગજને લગતા અનેક રોગો દિમાગ પર સવાર થઈ જાય છે.

ટૂંકમાં આ ત્રણ મહત્વના અવયવો પર જો કરૂણા થઈ જાય તો એના ઘણા બધા પ્રોબ્લેમ સોલ થઈ જાય.

## ત્રણ તીર્થ જેવા ત્રણ ગામ...!

મહીનામાં એક વખત શંખેશ્વર, વરસમાં એક વખત સિદ્ધાચલ અને જીંદગીમાં એક વખત સમેતશીખર તીર્થની જાત્રા કરવી જોઈએ.

આ ત્રણ તીર્થોની જેમ એવા ત્રણ ગામ છે. જ્યાં જીવનમાં એક વખત અવશ્ય જવું જોઈએ. છાણી-ડભોઈ અને રાધનપુર.

આ ત્રણ ગામમાં એવું કોઈ ઘર નથી કે જેમાંથી દીક્ષા ન થઈ હોય. દરેક ઘરમાં એકથી કરીને છ-છ દીક્ષાઓ થઈ છે.

એક વખત એક સાધુ ભગવંતને છાણી જવાનું થયું દર્શન કર્યા પછી સવારે નવકારશી માટે ભિક્ષા લેવા નીકળ્યા. એક ઘરે ધર્મલાભ કહી જયાં રસોડા તરફ ગયા ત્યાં સામેથી એક નાનું બાળક આવ્યું. મને જોઈને કહે "કાકા મહારાજ !" હું વિચારમાં પડી ગયો. મને થયું કે જે ગામમાં હું પહેલી જ વાર આવું છું તે ગામમાં ભત્રીજો કયાંથી ? મારું આશ્ચર્ય સમે એ પહેલા અંદરથી બીજો છોકરો બહાર આવ્યો મને જોઈને બોલ્યો "મામા મહારાજ !" હું એને કાંઈ પૂછવા જાઉં તે પહેલા એક નાની ત્રણ વર્ષની બબલી અંદરથી બહાર આવી બેહાથ જોડીને બોલી "ફૈબા મહારાજ".

આ બધું સાંભળીને હું તો મુંઝાઈ જ ગયો મને થયું જો ધરતી માર્ગ આપે તો અંદર સમાઈ જાઉં. "કાકા મહારાજ અને મામા મહારાજ" બનાવ્યા ત્યાં સુધી તો ઠીક છે પણ "ફૈબા મહારાજ" કયાં બનાવી દીધા !

બીજી જ મિનિટે રસોડામાંથી શ્રાવિકાબેન બહાર આવ્યા. મારા મોઢા પરના ભાવો જોઈએ સમજી ગયા. હું કાંઈ પૂછવા જાઉં એ પહેલા મને કહે, સાહેબજી ! જરાય મુંઝાશો નહિ. જેણે તમને કહ્યું, કાકા મહારાજ એના કાકાએ દીક્ષા લીધી છે જેણે તમને કહ્યું મામા મહારાજ એના મામાએ દીક્ષા લીધી છે અને જેણે તમને કહ્યું "ફૈબા મહારાજ એના ફૈબાએ દીક્ષા લીધી છે. સાહેબજી માત્ર આપને જ નહિ અમારે ત્યાં જયારે સાધુ-સાધ્વીજી ભગવંતો પધારે એમને આ બાળકો આ રીતે જ બોલાવે છે.

જે ગામોમાં ઘર-ઘરથી દીક્ષા થઈ હોય એ ગામની ધૂળ માથે ચડાવજો. એ ગામની ધૂળમાં પણ તાકાત છે આપણા પાપ દૂર કરવાની.

## ત્રણ નિયમ.....!

એક ભાઈ વંદનાર્થે આવ્યા પરિચિત હતા. મેં પૂછયું આખો દિવસ શું કરો છો? એમની ઉમર લગભગ ૭૦ વર્ષની હતી.

એ ભાઈએ કહ્યું સવારે પાંચ વાગે ઉઠું છું. પ્રતિક્રમણ, સામાયિક, પૂજા, નવકારશી, પ્રવચન...પછી બે કલાક દુકાને જાઉં છું. મે કહ્યું હવે તમારે દુકાને જવાની શી જરૂર છે ? તમારા દીકરાએ સંભાળી લીધી છે પછી તમારે જવાની કાંઈ જરૂર નથી લાગતી.

એણે કહ્યું સાહેબજી આપની વાત સાચી છે. પણ દુકાને ગયા પછી હું ત્રણ નિયમનું વ્યવસ્થિત પાલન કરૂં છું. મેં પૂછયું, કયા ત્રણ નિયમ ? એણે કહ્યું નો આરગ્યુમેન્ટ **(No Argument)** નો એડવાઈઝ **(No Advise)** નો ઓબ્જેકશન **(No Objection)** આ ત્રણ નિયમના પાલનથી હું આ ઉંમરે દુકાને જાઉં છું તો પણ

સહુને પ્રિય છું.

સાહેબજીએ કહ્યું, મને લાગે છે કે...માત્ર દુકાનમાં જ નહિ પણ જીવનના કોઈ પણ ક્ષેત્રમાં ચાહે તે ધાર્મિક હોય, સાંસારીક હોય કે પછી સામાજીક હોય જો સુખી બનવું હોય તો આ ત્રણ નિયમો જરૂરી નહિ, અતિ જરૂરી છે.

## દુ:ખના પ્રકાર.....!

● આમંત્રિત **(Invited)** ● સ્વીકૃત **(Aceepted)**

● તિરસ્કૃત **(Unwanted-Resisted)**

એક પ્રિય મિત્ર કે સ્વજનને ખૂબ ભાવથી ઘરે જમવા પધારવાનું આમંત્રણ આપેલું તે જ્યારે પધારે ત્યારે ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ નિર્માણ પામે પરંતુ અણગમતા મહેમાન વણનોતર્યા આવી પડે ત્યારે મોઢું કેમ બગડે છે ? મહેમાન તો બન્ને છે એકનું આગમન આનંદ ઉપજાવે છે બીજાનું આગમન પીડા.

સંયમ જીવનના તમામ કષ્ટો આમંત્રિત મહેમાન છે પછી તે લોચ હોય કે વિહાર, ક્ષુધા હોય કે તૃષા, ઠંડી હોય કે ગરમી, તેથી સંયમી મહાત્માને મન લોચ જેવો પ્રસંગ ઉજાણી જેવો છે. આનંદનો પ્રસંગ છે.

માલિક પાણીચું પકડાવે તે પહેલા રાજીનામું ધરી દેનાર વ્યક્તિને ડહાપણનો દરીયો કહી શકાય. કર્મસતા રૂઠીને સુખ છીનવી લે, તે પૂર્વે સુખનો સ્વેચ્છાએ ત્યાગ કરવામાં વૈરાગ્યનો પડઘો તો છે. બુદ્ધિમતાનું પણ પ્રતિબિંબ છે.

કર્મનું પુષ્કળ દેવું દરેકના નામે બોલાય છે. દેવું કરેલું છે. તો ચૂકવવાનું તો છે જ. નક્કી કરી લઈએ કર્મનું દેવું કયારે ચૂકવવાનું છે.

આ લેણદાર એવો છે કે મુદત પહેલા ચૂકવે તેને ઘણું મોટું ડીસ્કાઉન્ટ આપે છે અને જે સમયસર ચૂકવતો નથી તેની પાસે વસુલાત કરવાં ગુંડાઓ મોકલે છે તે ગુંડાઓ દ્વારા પોતાની લેણી રકમ ઓકાવે છે.

કેન્સર કે ટી.બી. જેવા ગુંડાને પણ મોકલે અને તિર્યંચ પશુ, ગરીબ ભિખારી. જન્મજાત અપંગ કે જાલિમ નરકના અવતારને કર્મસતા લેણું વસુલ કરવા મોકલી આપે છે.

સગવડતા હોય તો કડક લેણદારનું દેવું મુદત પાકે તે પહેલાં જ ચૂકવી દેવું જોઈએ. સત્વ પહોંચે તો અશુભ કર્મનો ઉદય આવે તે પહેલા સ્વૈચ્છિક કષ્ટ વેઠીને કર્મનું દેવું મિટાવિ દેવું જોઈએ.

સામેથી સ્વીકારેલ કષ્ટ દીક્ષા કહેવાય. કર્મના ઉદયથી આવી પડેલા દુ:ખોને શિક્ષા કહેવાય. હવે પસંદગી દિક્ષા અને શિક્ષા વચ્ચે તમારે નક્કી કરવાની છે.

જે દુ:ખમાં આર્તધ્યાન કરે છે તે અસમાધિને કારણે નવા કર્મનો બંધ કરે છે

અને દુઃખને સમાધિથી જે ભોગવી શકે છે તે વિપુલકર્મની નિર્જરા કરે છે. સમાધિની શકયતા શેમાં વધારે ? સહર્ષ સ્વીકારેલા તપ-સંયમના કષ્ટમાં કે અચાનક આવી પડેલા કર્મજનિત દુઃખોમાં ?

હયુમન સાઈકોલોજી છે કે તિરસ્કૃત **(Un Expected)** કષ્ટ અસહ્ય લાગે છે નાનકડું પણ દુઃખ અનઅપેક્ષિત હોય તો તે પીડાકારક બને છે. અને પૂર્ણ માનસિક પૂર્વ તૈયારી હોય તો મોટું કષ્ટ પણ સાવ મામૂલી લાગે છે.

નાનકડા બાલમુનિ પણ હસતા હસતા લોચ કરાવી લે છે લોચનું કષ્ટ સામાન્ય તો નથી જ, પણ તે કષ્ટ માટે પૂરેપૂરી માનસિક તૈયારી હોય છે. એકમાત્ર પોઝટીવ એપ્રોચ **(Positive Approach)** પીડાના વોલ્યુમ **(Volume)** ને **Zerolevel** પર લાવી દે છે. અને નેગેટીવ એપ્રોચ **(Negative Approach)** કણ જેવી પીડાને મણ જેટલું સ્વરૂપ આપી દે છે પીડા જાણે શરીરના સ્તરની હોય પણ મનનો અભિગમ તેમાં ખૂબ મોટો ભાગ ભજવે છે.

તપના કષ્ટોનું મોટું જમા પાસુએ છે કે તેમાં જીવ સંપૂર્ણ સ્વાધીન છે. ઈન્દ્રીયોને અસમાધિ થાય તો તપ કરવાનો નિષેધ છે અને એવું લાગે તો તપમાં અટકી શકાય છે. પરંતુ દુર્ગતિના કે કર્મજન્ય અસાધ્ય બિમારીના દુઃખો સંપૂર્ણ પરાધીન છે.

ઈન્દ્રીયોની હાની તો શું, તે દુઃખે મરણ પણ લાવી શકે, એમ છતાંય તમે દુઃખને રોકી ન શકો અસમાધિની ઐસીતૈસી કરનારા તે દુઃખો છે. જીવ રીબાતો હોય, કણસતો હોય, કલ્પાંત કરતો હોય, ચીસો પાડતો હોય, કર્મનો ઉદય હોય ત્યારે ભોગવવા જ પડે.

## આપણે સહુએ વિચારવા જેવું.....!

એક સદ્ગૃહસ્થે સાધુ ભગવંતને પ્રશ્ન કર્યો.....આજે ધાર્મિક અનુષ્ઠાનોમાં પારણા, ઉપધાન તપ, અંજનશલાકા પ્રતિષ્ઠા, જીવિત ઉત્સવો વગેરેના જમણવારોમાં મેવા-મીઠાઈ-ફરસાણ વગેરે વગેરે કેટલી આઈટેમ રાખવી જોઈએ ? ઉંચામાં ઉંચી અનેક વસ્તુઓથી સાધર્મિક ભક્તિ કરવી જોઈએ કે મર્યાદિત વસ્તુઓ રાખવી જોઈએ ? (વેડફાટ વગેરે ખૂબ થાય છે.)

સાધુ ભગવંતે કહ્યું કે આજના સમયે આ પ્રશ્ન બહુ જ વિચારણીય છે. એક વર્ગ માત્ર દેખાદેખીથી જમણવારમાં ઢગલાબંધ આઈટેમો બનાવવાની હરીફાઈમાં લાગ્યો છે. તેઓને લોકોની ''વાહવાહ'' જ અપેક્ષિત હોય છે ભલે પછી ભગવાનની આજ્ઞાનું પાલન થતુ હોય કે ન થતું હોય ?

ઢગલાબંધ આઈટેમો બનાવવામાં આગલા દિવસે રાત્રે શાક સમારવાનું, વાસી માવો રાખવાનો, રાત્રે જ રસોડું ચાલુ કરવાનું વગેરે અનેક પાપો અને અજયણા

આદિ દોષો સેવાતા હોય છે બજારના તૈયાર લોટનો ઉપયોગ પણ આજે ભરપૂર માત્રામાં થાય છે તે બિલકુલ વર્જ્ય છે. એના કરતાં ભગવાનની આજ્ઞા અનુસાર વિધિ અને જયણા બરાબર સચવાય એટલી જ આઈટેમો બનાવવી જોઈએ.

આજથી માત્ર ૪૦/૫૦ વર્ષ પહેલા જમણવાર થતા હતા તેમાં અનાજ-કઠોળને દળવા કે પીસવા આપતાં પહેલા સંઘની શ્રાવિકા બહેનો અનાજ-કઠોળની સાફ સફાઈ કરી જીવરક્ષા પળાય પછી જ દળવા-પીસવા માટે આપતા. (આજના તૈયાર લોટમાં જીવ-જંતુની રક્ષા-જયણા કોણે કરી હશે ?)

મોટા જમણવાર અને ઘણી બધી આઈટેમની બ્લેક સાઈડની બહુ જ મહત્વની બાબત તો એ છે કે સંખ્યાને પહોંચી વળવા માટે બુફે જમણ કરવા પડે યા તો ઘાટી વેઈટરની સંખ્યા વધારવી પડે (બુફે જમણ તો ન જ કરાવાય. આપણે માનવ થઈને ઉભે ઉભે ખાવાનું ?)

ઘાટી વેઈટરની વાતો ય આનંદ ઉપજાવે તેવી નથી. ઘાટી વેઈટરની ગોઠવણ કરનાર મુકાદમોને રૂબરૂ મળીને પૂછયું કે તમે ઘાટી વેઈટરના છોકરાઓ લઈ આવો છે તે કઈ જ્ઞાતિના હોય છે ? તેના જવાબમાં સાચુકલા મુકાદમે કહ્યું કે ઘાટીવેઈટરમાં કોઈ નાત-જાત હોતી નથી. અરે એમાં હિંદુ, મુસલમાન, હરીજન વગેરે સર્વે જાતિના હોય છે તેમાંય મુસલમાનની ઓળખ ન થાય તે માટે પોતાના નામ ગુજરાતી જેવા રાખે છે જેમકે મહમદ હોય તો મનોજ રાખે. આમાં જૈનોની આચાર-વિચારની શુદ્ધિ કયાંથી ટકે ? બુહજ વિચારણીય પ્રશ્ન છે.

આ બાબતે વિવિધ જૈન સંઘોના આચાર્ય ભગવંતો વિચાર-વિમર્શ કરી જૈન સંઘોને સાચી રાહ દર્શાવે તો જિનેશ્વરદેવની આજ્ઞા અનુસાર અને જયણાપૂર્વક સાધર્મિક ભક્તિ કરી શકાય.

**નરકના દ્વાર.....!**

● આઠે કર્મોનો રીંગ માસ્ટર આ મોહનીયકર્મ છે જેણે મોહનીય કર્મને ખતમ કર્યું તેણે હવે કાંઈ જ ખતમ કરવાનું બાકી રહેતું નથી. એમ કહીએ તો ચાલે.

માટે તો તમામ તીર્થંકર દેવોએ કેવળજ્ઞાન મેળવવાની સાધના નથી કરી પણ મોહનીય કર્મને ખતમ કરવાની સાધના કરી છે ૧૦મા ગુણ સ્થાનકે મોહનીયકર્મને ખતમ કરતાં, અંતમુહૂર્તમાં ધર્મસતાએ તેમને કેવળજ્ઞાનની ભેટ ધરી છે એક જ ઉપદેશ છે પરમાત્માનો કે ''મોહનીયકર્મ ખતમ કરો.''

આત્માનો ગુણ છે વીતરાગતા. તેને નથી કોઈ પ્રત્યે રાગ કે નથી કોઈ પ્રત્યે દ્વેષ પણ આત્મારૂપી સૂર્યના વીતરાગતા નામના ગુણ રૂપ પ્રકાશની આડે જ્યારે આ મોહનીય

કર્મરૂપી વાદળ આવે છે, ત્યારે તે આત્મા સિંહ સમાન હોવા છતાંય માયકાંગલો બની જાય છે. તે કયારેક રાગી તો કયારેક દ્વેષી બને છે. ઘડીક ક્રોધના ફૂંફાડા મારે છે તો ઘડીકમાં અહંકારમાં અકકડ બને છે. કયારેક માયાની મસ્તી ખેલે છે તો કયારેક લોભના મહાસાગરમાં ડૂબકી લગાવે છે. ● ક્રોધ : એક મુનીરાજ તથા બાળમુની ઉપાશ્રય તરફ જઈ રહ્યા હતા. ત્યાં મુનીરાજના પગ નીચે દેકડો આવી ગયો તે મરી ગયો બાળમુની એ કહ્યું તમારે પ્રાયશ્ચિત લેવું પડશે.

ઉપાશ્રયે પહોંચ્યા પછી બે કલાક પછી પાછું પ્રાયશ્ચિત માટે યાદ કરાવ્યું. વળી પાછું બે કલાકે યાદ કરાવ્યું. વળી સાંજે ફરીથી યાદ કરાવ્યું અને મુનિરાજને ગુસ્સો આવ્યો. થોડીવાર પછી ફરી યાદ કરાવ્યું અને મુનિરાજનો ક્રોધ ફાટયો ને બાળમુનીને મારવા માટે દોડયા, બાળમુનીએ દોડયા, ત્યાં મુનિરાજનું માથું થાંભલા સાથે અથડાયુંને ત્યાં જ કાળધર્મ પામ્યા.

બીજા ભવમાં ચંડ કૌશિક ઋષિ બન્યા. વાડી-બગીચો વસાવ્યો. ફળ ફ્રુટ પુષ્કળ થવા લાગ્યા. પાંચ છ છોકરાઓ આવ્યા ને ફ્રુટ તોડીને ભાગી ગયા. સંત ખૂબ જ ગરમ થયા હવે આવવા તો દયો ટાંટીયો તોડી નાખીશ. થોડા દીવસ પછી, પાછા એ જ છોકરાઓ આવ્યાને આ સંત કુહાડી લઈને એમને મારવા દોડયા. ત્યાં ખાડો આવ્યોને સંત ખાડામાં પડયા. કુહાડી હાથમાં હતી ઉંધા પડયા ને પોતાના જ પેટમાં કુહાડી વાગી ને મરી ગયા ને બીજા ભવમાં ચંડકૌશિક નાગ બન્યા આમ બાળ મુની પર કરેલો ક્રોધ ભવોભવ ભેગો આવ્યો માટે ક્રોધ કોઈ દિવસ કરવો નહિ.

હમણા થોડા સમય પહેલા એક ભાઈ મહારાજસાહેબ પાસે આવ્યા ને કહ્યું કે મને ગુસ્સો બહુ આવે છે કાંઈક રસ્તો બતાવો. મ.સા. કહ્યું કોઈના પર ગુસ્સો કરો તો બસો રૂપીયા દંડ ભરવાનો. બે દિવસ પછી મ.સા. પાસે આવ્યો સાહેબ ગઈ કાઈ બત્રીસો રૂપીયા દંડના થયા. મ.સા. પૂછયું તે રકમનું શું કર્યુ ? ભંડારામાં ભરી દીધા. એમ નહિ કરવાનું કાલથી ગુસ્સો આવે તો એકસો રૂપીયા દંડ પણ જેના ઉપર ગુસ્સો આવે તેને દંડના પૈસા આપી દેવાના. ચાર પાંચ દિવસ પછી મ.સા. પાસે આવ્યો. તેમણે પૂછયું કેટલો દંડ ભર્યો.

સાહેબ બીજે દિવસે સવારથી ક્રોધ ઉપર ખૂબ કંટ્રોલ કર્યો બે-ત્રણ પ્રસંગ તો નીકળી ગયા. પછી હું ટેકસીમાં જવા નીકળ્યો. ટેકસીવાળાએ ફેરવી ફેરવીને રસ્તો લીધોને મારૂં મગજ ગયું કે ભાઈ હું નવો નથી આતો મારો રોજનો રસ્તો છે, હું ઠેકાણે પહોંચ્યો ટેકસીના દોઢસો રૂપીયા થયા વધુ હતા પણ બોલું તો ગુસ્સો આવી જાય. મે ટેકસીવાળા ને દોઢસો રૂપીયા + એકસો રૂપીયા પેનલ્ટીના મળીને અઢીસો રૂપીયા આપ્યા. ટેકસીવાળો કે સાહેબ તમારો જન્મદિવસ છે કે એનીવર્સરી છે ? મેં

કહ્યું કાંઈ નથી તો માનવા તૈયાર નહિ. મને કહ્યું તમને રોજ તેડવા આવીશ તમારા ઘરે. ત્યારે મારે કહેવું પડયું કે આ તો મહારાજ સાહેબે નિયમ આપ્યો તો એનો દંડ આપું છું. તું મહેરબાની કરીને અહીંથી જા...!

મહારાજ સાહેબે પૂછયું છેલ્લા ચાર પાંચ દિવસમાં કુલ કેટલા રૂપિયા દંડના ભર્યા ? સાહેબ આ એકસો રૂપિયા ભર્યા તેજ. એક તો ગુસ્સો કરવોને પાછો જેના ઉપર ગુસ્સો આવે તેને દંડના પૈસા ભરવાના કયાંથી પોસાય. સાહેબ ગુસ્સો જ બંધ થઈ ગયો.

● માન : જયારે શ્રેયાંસકુમારના હાથે થયેલા પ્રભુ આદિનાથના પારણાં ભૂલાઈ જશે, જયારે રામ-રાવણનું થયેલુ મહા ભયંકર યુદ્ધ પણ વિસરાઈ જશે, જયારે યુદ્ધના મેદાનમાં શ્રીકૃષ્ણ અર્જુનને આપેલા ગીતારૂપ બોધ ઉપર વિસ્મૃતિના પડલ છવાઈ જશે. જયારે પ્રભુ મહાવીરને ચંદબાળાએ આપેલા બાકુળાનાં દાનની વાર્તા યાદ પણ નહિ હોય તે સમયે પણ કામનાં ઘરમાં જઈને કામનું ખૂન કરી નાંખનાર જ સ્થૂલભદ્રજી યાદ રહેશે તે સ્થુલભદ્રજી ઉપર પણ માન કષાયે પોતાનો કેવો ઝપાટો બતાવી દીધો!

ગુરુ સંભૂતિવિજયની સેવામાં લીન બનીને પુષ્કળ ગુરૂકૃપા પ્રાપ્ત કરી ! જયાં બધા થાકી ગયા ત્યાં પોતાને સાત સાત વાચનાઓ પણ ઓછી પડવા લાગી ! આવા પ્રચંડ મેધાના સ્વામી આ સ્થુલભદ્રજીને પણ એકવાર જયારે પોતાની સાત બહેનો વંદન કરવા આવી રહી હતી ત્યારે આ માનકષાય વીંટળાઈ વળ્યો. હું કેટલો બધો જ્ઞાની છું ! તે બતાડવા સિંહનું રૂપ લીધું. બહેનો ગભરાઈ ગઈ. ગુરુ મહારાજે કહ્યું જાઓ હવે તમને ભાઈ મહારાજ જોવા મળશે. તેઓ ગઈ તો મૂળ રૂપમાં સ્થૂલભદ્ર મુનિને જોયા.

પણ આ અહંકારના કારણે ગુરુએ તેમને આગળ ભણાવવાનું બંધ કર્યું. સંઘના અતિ આગ્રહના કારણે શેષ ચાર પૂર્વ સૂત્રથી આપ્યા પણ અર્થથી તો ન જ આપ્યા.

અહંકાર કેવો ભયકંર દોષ છે કે જેના કારણે સમગ્ર ચતુર્વિધ સંઘે અર્થથી ચાર પૂર્વ કાયમ માટે ગુમાવ્યા !

● માયા : માયા એટલે કપટ, લુચ્ચાઈ, બદમાસી, અંદર જુદું અને બહાર જુદું સાચી વાતને છુપાવી દેવી વગેરે પણ માયા છે.

પેલા લક્ષ્મણા સાધ્વીજી ! રસ્તામાં ચાલતાં નીચે જોઈને ચાલવાની ભગવાનની આજ્ઞાનું પાલન ચૂકયા તો નજર કાંઈક ચકલા-ચકલીની ચેષ્ટા તરફ પડી પરિણામે ભગવાને આની રજા કેમ ન આપી ? એવો અશુભ વિચારપણ આવી ગયો પ્રશ્ચાતાપ પણ થયો. પરંતુ ભગવાન પાસે પ્રાયશ્ચિત માંગતી વખતે મને આવો વિચાર આવ્યો તો તેનું પ્રાયશ્ચિત આપો તેવું કહેવાને બદલે ભગવાન ! કોક ને આવો વિચાર આવે

તો તેનું શું પ્રાયશ્ચિત આવે ? એ પ્રમાણે પૂછયું પોતાના પાપનું પ્રાયશ્ચિત બીજાના નામે પૂછયું બસ આટલી જ કરી માયા !

પણ તેનું પરિણામ ? ૮૦ ચોવીસી સુધી તેનો સંસાર વધી ગયો.

● લોભ : સર્વ પાપોના બાપ તરીકે આ લોભ કહેવાયો છે. જયાં લોભ આવે છે ત્યાં કયું પાપ નથી આવતું ? તે સવાલ છે.

નાનકડું એક ગામ હતું ત્યાં બે ભાઈઓ વસે. જગમોહન અને મનમોહન એક બીજા વિના એક દિવસ પણ ન રહી શકે, આવો એમનો પ્રેમ હતો. બાળ મટીને બેય કિશોર બન્યા.

માતા અને પિતા મૃત્યુ પામ્યાં બધી જવાબદારી બે ભાઈઓ ઉપર આવી ગઈ. ચાર નાની બહેનોના ભાવિનો વિચાર કરતાં કરતાં ભાઈઓએ નક્કી કર્યું કે આપણે દેશાવર જવું. ત્યાં કોઈ ધંધો કરવો અને એ રીતે કૌટુમ્બિક જવાબદારી પાર ઉતારવી.

એક દિવસ બંને નીકળ્યા ઘર છોડયું, આંગણું છોડયું, પાદર છોડયું. એક ગામથી બીજે ગામ, બીજે ગામથી ત્રીજે ગામ...વિસામો લેતા જાય અને આગળ વધતા જાય.

એક દિવસની વાત છે જગમોહન અને મનમોહન માર્ગ કાપતા હતા ત્યાં સામેથી એક બાવાજી દોડતા-ગભરાતા આવી રહ્યા હતા.

નજીકમાં આવીને હાંફતા હાંફતા જ બાવાજીએ જગમોહનને કહ્યું "ઓ ભાઈ! આ બાજુ આગળ વધશો મા ! રસ્તાની વચમાં એક લાલ ડાકણ બેઠી છે !

નાનો ભાઈ મનમોહન તો આ વાત સાંભળતા જ હસી પડયો. જગમોહને બાવાજીને સસ્મિત કહ્યું. ભલે...ડાકણ હશે તો અમે એને ખાઈ જશું. આપ ચિંતા ના કરો બાવાજી ફરી દોડવા લાગ્યા.

બે ભાઈઓ આગળ વધ્યા બેયમાં જુવાનીનું જોર હતું. બાવાજીની આવી વાતને એ શેના ગણકારે ?

થોડે દૂર ગયા ત્યાં રસ્તામાં વચ્ચોવચ્ચ લાલ કોથળી પડેલી જોઈ ભારે કુતુહલથી ખોલી દસ હજાર સોનામહોરો નીકળી.

બેયના આનંદનો પાર ન રહ્યો. હવે આગળ વધવાનું કામ જ શું હતું ? અહીંથી ઘર તરફ પાછા ફરવાનો નિર્ણય લીધો. થાકેલા મોટાભાઈ જગમોહને મનમોહનને કહ્યું ભાઈ ! અહીંથી દૂર કોઈ ગામ દેખાય છે ત્યાં જઈને થોડી મીઠાઈ ખરીદી લાવ. પેટ ભરીને ખાઈ લઈએ પછી ઘર ભેગા થઈએ.

મનમોહન મીઠાઈ લેવા ગામ ભણી પગ માંડયો બેય જુદા પડયા ધનના લોભે

બેયનાં મનમાં એક કાળો વિચાર ઝપાટાબંધ પસાર કરાવી દીધો.

શા માટે ભાગીદારીમાં ધન લેવું ? એકલો જ હું માલિક કેમ ન બનું ? મનમોહને મીઠાઈમાં ઝેર ભેળવ્યું. ભાઈ પાસે આવીને બહાનું કાઢતાં કહ્યું. હું ખૂબ થાકી ગયો છું માટે આરામ કરીને મીઠાઈ ખાઈશ. તમે હમણાં ખાઈ લો. મનમોહને ઝાડ નીચે જ પડખું ફેરવીને લંબાવ્યું. જગમોહને નાનાભાઈના ગળે ધારીયું ઝીંકી દીધું. એક જ ઝાટકે બે કટકા ! પછી જગમોહને આરામથી મીઠાઈ ખાધી. દશ જ મિનિટમાં બેભાન બની ગયો ! થોડીવારમાં એના પણ રામ રમી ગયા !

ધનના લોભે છેવટે બંને મૃત્યુ પામ્યા. ધન મળ્યું કોઈને નહિ પણ બંને નરકમાં પહોંચી ગયા.

ક્રોધ, માન (અહંકાર) માયા અને લોભના દ્રષ્ટાંતો અને પરિણામ જોયા. આપણને મનુષ્ય જન્મ મળ્યો છે. જૈનકુળ મળ્યું છે જેથી જૈન ધર્મ પણ મળી ગયો તો આપણે આ ચાર કષાયો ઉપર વિજય મેળવવા મહેનત કરવી જોઈએ. તેમજ અભક્ષ્ય અને રાત્રીભોજનનો ત્યાગ કરવાથી ઘણા પાપકર્મોથી બચી જશું. જો મોહનીયકર્મથી છુટકારો મેળવી લીધો તો બીજા કર્મો પર વિજય તો સહજ મળી જાય એવું છે. કદાચ આપણે સંયમ જીવન ન લઈ શકીએ. પણ ધર્મ આરાધના વિધિપૂર્વક, બહુમાનપૂર્વક કરીએ તો આપણને મરણ વખતે સમાધિ મળે ને ભવિષ્યમાં આપણને સદ્‌ગતિ મળે, મનુષ્યભવની પ્રાપ્તિ થાય સંયમ જીવન પણ મળે, વહેલું મોડું મોક્ષની પ્રાપ્તિ કરી શકાય.

## પ્રભુ મહાવીરસ્વામીની પછેડી સવાલાખની :

એક રાજ્ય ચલાવવું હોય તોય રાજા જોઈએ. મંત્રી જોઈએ સેનાપતિ જોઈએ, સૈનિકો જોઈએ, જયારે આ તો આખું શાસન ચલાવવાનું છે. તેમાં શું ન જોઈએ ? અરિહંત પરમાત્માનું સ્થાન રાજાના સ્થાને છે. આચાર્ય ભગવંત મંત્રીના સ્થાને છે. ઉપાધ્યાય ભગવંત સેનાપતિના સ્થાને છે. સાધુ ભગવંતો સૈનિકો છે. આ બધો આધાર સૈનિકો પર છે. સેનાપતિ ગમે તેટલો મહાન યોધ્ધો હોય પણ સૈનિકો સિવાય એ શું કરી શકે...! આ શાસન સાધુ-સાધ્વીજીના લશ્કર પર ચાલે છે દેશો-દેશ, ગામો-ગામ, ઘરઘર સુધી પહોંચી જાય છે માટે તો આ ધર્મ ગામે-ગામ ફરી વળ્યો છે આખા શાસનનો ફેલાવો કરનાર સાધુ-સાધ્વીજી ભગવંતો છે, જગત આખું જૈન સંઘથી જ શોભી રહ્યું છે. પગાર વિનાના, ઘરબાર છોડીને નીકળી પડેલા, ભૂખ-તરસ, માન-અપમાન સહન કરનારા એવા મહાત્માઓથી શાસન ચાલી રહ્યું છે.

અજાણ્યા ગામમાં જઈ ચડયા હોય છતાં વેષ જોઈને ફટાફટ ઉપાશ્રય ખુલી જાય...સાહેબ વહોરવા પધારજો...સાહેબ પાણી તૈયાર છે...આ બધી આગતા સ્વાગતા

કોના બળ પર મળે છે. તમે અજાણ્યા ગામમાં જઈ ઉભા રહો તો તમને કોઈ આવકારે છે ખરૂં ? ભલું હોય તો કોઈ પાણીનું ય ન પૂછે, મહાવીરની પછેડી સવાલાખની માટે જે કાંઈ માન-સન્માન મળે છે તે અમને નહિ પણ વેષને મળે છે. તેમ માની માનથી જરાયે ફૂલાય નહિ તો જ કદાચ કોઈ વખત ન પણ મળે. તો તેનો શોક ન હોય. કોઈ ગામમાં ભવ્ય સામૈયું થાય અને મારો કોઈએ ભાવ ન પૂછયો, એવું વિચારીને મનમાં જરાય દીનતા ન અનુભવે તેને કહેવાય સાધુ.

## ઈચ્છા નિરોધ તપ :

ઈચ્છાનો કંટ્રોલ કરવો તેનું નામ તપ, પોતાની ઈચ્છાઓને સંયમિત કરવી. તેનું નામ તપ. આજ સુધીમાં આપણે જે જે તપ કર્યા હોય. અત્યારે કરતા હોઈએ તે બધા જ તપ વખતની આપણી સ્થિતિ વિચારવાની ખાસ જરૂર છે. શું આપણે માત્ર ભોજનના પદાર્થોનો જ ત્યાગ કરીએ છીએ કે ભોજનના પદાર્થોની ઈચ્છાનો પણ ત્યાગ કરીએ છીએ. તમે ઉપવાસ, આયંબિલ-એકાસણા વગેરે અનેક જાતના તપ કરી શકો છો બહુ સારી વાત છે તપથી કર્મની ઘણી નિર્જરા થાય છે.

તમારાથી તપ ન થતો હોય પણ જેમાં ભોજનનો ત્યાગ ન હોવા છતાંય ઈચ્છાનો ત્યાગ-સંયમ જળવાતો હોય તો તે પણ એક જાતનો તપ છે.

ભૂખ લાગી છે. ભોજન તૈયાર છે છતાં ય હમણા નહિ ૦ા-૦ાા કલાક પછી જમીશ એમ ખાવાની ઈચ્છાને સંયમિત કરો તો તે પણ તપ કહેવાય. ગરમીમાંથી ઘરે આવો ને તરત પંખો/**AC** ચાલુ કરવાની ઈચ્છા હોવા છતાં ૦ા-૦ાા કલાક ચાલુ ન કરો, ને સહન કરો તો તે પણ એક તપ જ કહેવાય. જમવામાં ૨/૩ શાક હોય એમાંથી ભાવતા શાક નો ત્યાગ કરો તો તે પણ એક તપ જ છે. સાડી ખરીદવાની ઈચ્છા થઈ છતાંય એમ વિચાર્યું કે બે-ત્રણ મહીના પછી લઈશું. એ પણ એક જાતનું તપ જ છે.

આ રીતે ખાવા-પીવાની હરવા-ફરવાની, પૈસા કમાવવાની પંખા, **AC** ગાડી વગેરે ઈચ્છાઓને કંટ્રોલમા લેવી તે પણ તપ છે. તપ આપણા કર્મોને ખપાવીને મોક્ષે, જવામાં સહાયક બને છે. દુઃખ મુક્ત કરે છે. સાચા સુખી બનાવે છે.

બધા જ દુઃખોનું, બધા જ પાપાનું જો કોઈ મૂળ હોય તો તે ઈચ્છા છે. ઈચ્છા કરવી હોય તો એક જ કરો કે ''હું સદા માટે ઈચ્છા વિનાનો બની જાઉં.''

**"Desire to be desireless"** ઈચ્છા વિનાના બનવાની ઈચ્છા કરવી એટલે મોક્ષ મેળવવાની ઈચ્છા કરવી. કારણ કે મોક્ષમાં કાંઈ ઈચ્છા જ ન હોય. ઈચ્છા તો સંસારમાં જ હોય. મોક્ષમાં દુઃખ ન હોય. દુઃખ તો સંસારમાં જ હોય. મોક્ષમાં

પાપ ન હોય, પાપ તો સંસારમાં જ હોય, સુખ સંસારમાં ન હોય, તે તો મોક્ષમાં જ હોય. તેથી દુઃખી પાપી ન બનવું હોય, તો સાચા સુખી બનવું હોય તો મોક્ષમાં જ જવું જરૂરી છે. તે માટે ઈચ્છા વિનાના બનવુ જ જરૂરી છે.

## પરભવમાં જૈન ધર્મ.....!

જૈન ધર્મ પરભવમાં કોણ પામી શકે...? દુનિયામાં બીજા જેટલા પણ આસ્તિક ધર્મો છે, તેને માનનારા-પાળનારા જીવો જો અનાભિગ્રહિક હોય તો પોતાનામાં રહેલા વૈરાગ્ય અને માર્ગાનુસારીના ગુણો વગેરેના આધારે બીજા ભવમાં જૈન ધર્મ પામે છે. એટલે કે જૈનેતરો જે ભદ્રીક પરિણામી હોય તેઓ ભવાંતરમાં જૈન ધર્મપામી આગળ વધે છે.

જે જીવો આ ભવમાં બાહ્યથી જૈન કુળાદિ સામગ્રી પામીને આંતરિક આદર શ્રદ્ધાના બળે આરાધનાઓ કરે છે તેઓ આવતા ભવે પુનઃ આ બધું મેળવે છે. ઉત્તરોતર આગળ વધે છે.

જેઓ "જન્મથી જૈન-કર્મથી નહિ" કહેવાય એટલે કે જૈન કુળ મળવા છતાં પુણ્યયોગે મળેલ સામગ્રીઓનો ભોગ સુખોમાં ઉપયોગ કરે છે. પ્રભુમાર્ગનો-પ્રભુવચનનો અનાદર-અવજ્ઞા-તિરસ્કાર કરે છે તેઓ ભવાંતરમાં જૈનધર્મની બહાર નીકળી જાય છે અર્થાત વ્યવહારથી જૈનધર્મ પામતા નથી અને હૃદયથી કરેલ જૈન ધર્મની વિરાધનાના કારણે ભાવથી પણ જૈન ધર્મ પામતા નથી.

## તપ ધર્મનો જય જયકાર.....!

● દીક્ષા દાનેશ્વરી સુદીર્ઘ તપસ્વી ૮૫ વર્ષની જેફ વયે સ્વર્ણીમ વર્ષીતપના આરાધક સંઘ શિરરછત્ર અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ને કોટી કોટી વંદન સહ ભૂરી ભૂરી અનુમોદના. એમના સ્વર્ણીમ તપ નિમિતે લગભગ ૨૭૦૦ જણાએ વર્ષીતપ કરેલ એવા સાધુ સાધ્વીના ભગવંતો તેમજ ● શ્રાવક-શ્રાવિકાઓ સર્વેની ભૂરી ભૂરી અનુમોદના.

બે અથવા તેથી વધુ વર્ષીતપ કરનાર સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ શ્રાવક-શ્રાવિકાઓ સર્વેની ભૂરી ભૂરી અનુમોદના.

● ૨૫મો શ્રી કંચનસાગરજી મ.સા. ● ૨૪મો શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. ● ૨૧મો શ્રી નરેન્દ્રભાઈ નંદુ ● ૧૫મો શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ● ૧૩મો શ્રીમતી મનીષાબેન તથા શ્રી હરીષભાઈ સજોડે કરેલ છે. ● ૯મો શ્રી ખુશાલભાઈ લખમશી પોલડીયા તેમજ ૧૬ અઠ્ઠાઈ ૪ સોળ ભથ્થા ૧૦ માસક્ષમણ ૫૦-૫૧-૬૮ઉ. ૨૨૯ છઠ્ઠ ૧૦૮ અઠમ તથા હાલમાં ૧૮૦ ઉપવાસની ઉગ્ર તપસ્યા ચાલુ

છે. ● ૬ઠ્ઠું શ્રી જયધર્માશ્રીજી મ.સા. તથા શ્રી અક્ષયકીર્તિશ્રી મ.સા. ● ૫મું શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તેમજ સિદ્ધિતપ, વીશ સ્થાનક તપ ૫૦૦ આયંબિલ ● ૪થું શ્રી અપૂર્વ યશાશ્રીજી મ.સા. છઠ્ઠના પારણે, તેમજ અન્ય તપ, બે વખત ગીરિરાજની ૯૯ કરેલ છે. ● ૫મું શ્રી હીરાચંદ રાયચંદ ઘુલ્લા ● ૩જુ શ્રીમતી રેખાબેન હીરાચંદ ઘુલ્લા ● ૨જુ શ્રીમતી લતાબેન તથા કિરીટકુમાર સજોડે કરેલ છે. ● ૨જુ શ્રી દેવપૂર્ણાશ્રીજી મ.સા. તથા ● આંનદકીરણાશ્રીજી મ.સા. ● ૨જું મીતાબેન ખુશાલભાઈ ● વિજયાબેન હરીયા તથા નિર્મળાબેન છઠ્ઠના પારણે કરેલ છે. ● રાજસ્થાન દીપક, તીર્થ પ્રેરક પ.પૂ.આ.ભં શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય શ્રી ધર્મપ્રભસાગરજીના શિષ્ય રાજશેખર મ.સા. વર્ષીતપ તથા બીજા શિષ્ય ધર્મશેખર મ.સા.નું ૪થું વર્ષીતપ તેમજ એમના સંસારી પિતાજીનું ૫મું વર્ષીતપ ચાલે છે શ્રી કલ્પગુણાશ્રીજી મ.સા. (KDO) એમના શિષ્યાશ્રી મૃદુરત્નાશ્રી મ.સા.નું ૧૨મું વર્ષીતપ ચાલે છે. અન્ય શિષ્યાશ્રી કલ્પરત્નાશ્રી મ.સા. ● પાંચ પાંચ સાધ્વીજી ભગવંતોનું સંયમ સ્વર્ણીમ દીક્ષા પર્યાય વર્ષ છે. ● પ.પૂ. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. ● પ.પૂ. શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા. ● પ.પૂ. શ્રી જયગુણાશ્રીજી મ.સા. ● પ.પૂ. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. ● પ.પૂ. શ્રી દીવ્યગુણાશ્રીજી મ.સા.ને વંદન સહ અનુમોદના ● પ.પૂ. સાધુ ભગવંત શ્રી નંદી વર્ધનસાગરજી મ.સા. આયંબિલની ૧૦૦ ઓળી પૂરી કરી છે તેમજ ૧૦૦ ઓખી પૂરી કરનાર અન્ય સાધ્વીજી ભગંવતો ● શ્રી કીર્તિલતાશ્રીજી મ.સા. ● શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા. ● શ્રી નયપૂર્ણાશ્રીજી મ.સા. ● શ્રી દેવગુણાશ્રીજી મ.સા. ● શ્રી અભયગુણાશ્રીજી મ.સા. ● શ્રી વિશ્વલતાશ્રીજી મ.સા. ● શ્રી વિશ્વકીર્તિશ્રીજી મ.સા. ● શ્રી અનંત કીરણાશ્રીજી મ.સા. ● શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા. ● શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા. ● શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. ● શ્રી યશોગુણાશ્રીજી મ.સા. ● શ્રી વિશ્વોદયાશ્રીજી મ.સા. ● શ્રી કીર્તિષેણાશ્રીજી મ.સા. ● શ્રી ભાવપૂર્ણાશ્રીજી મ.સા. ● સર્વેને વંદન સહ ભૂરી ભૂરી અનુમોદના. ● આ અગાઉ હીરા રતન માણેક કલીકટવાળાએ ૨૧૧ ઉપવાસ તેમજ ત્યાર પછી ૪૦૧ ઉપવાસ કરેલ હતા. ● પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી હિંમાશુસૂરીશ્વરજી મ.સા. તીર્થંકર વર્ધમાન તપ કરેલ. (૧ ઉ. પારણું, ૨ ઉપવાસ એવી રીતે ૨૪ ઉપવાસ સુધી અને વળતા ૨૪ ઉ.પા. ૨૩ ઉ.પા. એવી રીતે છેલ્લે ૧ ઉ પારણું) આ ૬૪૮ દિવસના તપમાં ૬૦૦ ઉપવાસ આવે અને ૪૮ પારણા આવે. નાની મોટી તપસ્યાઓ તો એમણે ઘણી કરેલ છેલ્લે ઘણા વર્ષોથી ગીરનાર તીર્થ ઉધ્ધાર માટે ત્યાં જ રોકાયા હતા જાવત જીવત આયંબિલનો નિયમ લીધેલ ત્યાર પછી હવે એમના શિષ્ય પ.પૂ.આ.ભ. શ્રી હેમવલ્લસૂરીશ્વરજી મ.સા. ત્યાં ગીરનારનું કાર્ય આગળ ધપાવી રહ્યા છે. એમને

પણ જાવત જીવત આયંબિલનો નિયમ છે અને દરરોજ ગીરનારની યાત્રા પણ કરે છે. ● સમેતશીખરનો કોર્ટમાં કેસ ચાલે છે. શ્વેતાંમ્બરની જીત ન થાય સુધી અઠ્ઠમના પારણે આયંબિલની તપસ્યા ચાલુ છે એવા તપસ્વીરત્ન અ.સૌ. દર્શનાબેનની આજે ૨૩ વર્ષથી તપસ્યા ચાલે છે. અત્યાર સુધી ૨૧૦૦ અઠ્ઠમ થઈ છે વિગત માટે જુઓ જિનાજ્ઞા ભા-૧ પાના નં. ૧૮૪/૮૫ ● મુનીરાજ શ્રી મૌન રત્ન વિજયજી મ.સા. જેમને કેન્સર હતું એમણે ૩૬,૦૦૦ નવકારમંત્રનું લેખન કર્યું જેના પ્રભાવે એમનું કેન્સર મટી ગયું. હાલમાં એમણે ૩૬ ઉપવાસની તપસ્યા કરી. ● પ.પૂ. સાધુ ભગવંત શ્રી હંસરત્નવિજયજી મ.સા. ગુણરત્ન સવંત્સર તપ કરેલ જેમાં ૪૯૫ દિવસમાં ૪૨૩ ઉપવાસ આવે ને ૭૨ પારણા આવે એમણે અઠ્ઠાઈથી ૧૮૦ ઉપવાસની વચ્ચેની અનેક તપસ્યાઓ ૨૫/૩૦ વખત કરી હશે. ● હાલમાં ગુણરત્ન સવંત્સર તપ સુરત કતાર ગામમાં રહેતા અલકાબેનનો તપ ચાલુ છે જે નજીકમાં પૂરો થશે. ● બચ્ચુબેન ટોકરશીભાઈ કચ્છ લાયજાવાળા હાલ ગોરેગામ આ દંપતિએ વિધિપૂર્વક કુલ ૨૨ વખત ૯૯ યાત્રા કરી છે છઠ્ઠને પારણે છઠ્ઠ, અઠ્ઠમને પારણે અઠ્ઠમ એવી રીતે જુદી જુદી તપસ્યાઓથી ૯૯ યાત્રાઓ કરી છે તેમાં પણ નરશીનાથાથી તળેટી પગે ચાલીને જવાનું ને વળતા તળેટીથી ધર્મશાળાએ પણ પગે જવાનું. ધર્મશાળામાં આવ્યા પછી પારણું હોય કે આયંબીલ હોય તે રસોઈ બનાવવાની અને સુપાત્રદાનનો લાભ મળે પછી જ વાપરવાનું એમણે ચોથાવ્રતની પણ બાધા લીધેલ છે. સમેતશીખર-ગીરનાર અને પાલીતાણા આ ત્રણે તીર્થની ૯૯ એક જ વર્ષમાં કરેલ છે. ● સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મ.સા. ● સંસારીપણાંમાં ● ૧૨ વર્ષની ઉંમરે વર્ષીતપ કરેલ ● ૧૩ વર્ષની ઉંમરે લીલોતરી-ફ્રુટ અને સૂકા મેવાનો યાવત જીવત ત્યાગ. ● ૧૪ વર્ષની ઉંમરે ચતુર્થ વ્રત સ્વીકાર ● ૧૫ વર્ષની ઉંમરે વર્ધમાન તપના મંડાણ ● ૧૭ વર્ષની ઉંમરે દીક્ષા લીધી ત્યારે ૩ વિગઈનો યાવતજીવત ત્યાગ. અને બાકી ૩ વિગઈમાંથી દરરોજ કોઈપણ બે વિગઈનો ત્યાગ. એમની પહેલી ૧૦૦મી ઓળી ૪૧ વર્ષની વયે પૂર્ણ કરેલ. એમની બીજી ૧૦૦મી ઓળી ૫૬ વર્ષની વયે પૂર્ણ કરેલ. એમની ત્રીજી ૧૦૦મી ઓળી ૭૩ વર્ષની વયે પૂર્ણ કરેલ. એમની ચોથી ૧૦૦મી ઓળી ચાલુ છે. મને મહીના દિવસ પહેલા દેરાસરમાં કુદરતી એમના દર્શન થયા ત્યારે ૩૮મી ઓળી ચાલુ હતી. મને અચલગચ્છના તપસ્વીઓની જેટલી જાણકારી મળી તેટલી આપેલ છે. તેમજ જૈન શાસનમાં જે તપસ્યાઓ ચાલે છે તે સર્વે તપસ્વીઓ સુખ શાતમાં છો ને ? સર્વે તપસ્વીઓની ભૂરી ભૂરી અનુમોદના કરૂં છે. સર્વે તપસ્વી સાધુ-સાધ્વીજી ભગવંતોને વંદન તેમજ સર્વે શ્રાવક-શ્રાવિકાઓને પ્રણામ **તપસ્વીઓનો જય જયકાર**

## May God Bless You.....!

તમે બીજાને સુખી કરવા ઈચ્છો અથવા બીજા સુખી થાય એમ ઈચ્છો તો જગતના પુણ્યના પરમાણું તમારી તરફ ખેંચાઈને આવશે. તમે જેવા વિચાર કરશો તેવા પરમાણુંઓ ખેંચાઈને આવશે. શુભ વિચારોથી શુભ પરમાણું ખેંચાઈને આવશે. અને તમારૂં કલ્યાણ કરશે. તેમજ તમારા સાથે સમાગમમાં આવનારનું પણ કલ્યાણ થશે.

તમારા રોમેરોમમાં બીજાના શુભની ભાવના ભરી દો. સર્વ મંગલનો શ્લોક રોજ બોલો છો પણ જીવનમાં વર્તન એવું ખરૂં કે હું જયાં પણ પગ મૂકું ત્યાં રહેલા બધાનું કલ્યાણ થાઓ.

સેવા પૂજા કે સામાયીક ન કરી શકો. પ્રતિક્રમણ ન કરી શકો, તેમ દુકાનમાં કે ધંધામાં વ્યસ્ત હો તો પણ બેઠા બેઠા આવી શુભ ભાવના તો ભાવિ શકોને ?

ન્યુયોર્કમાં સરકારી સ્ટેટ બેંકની બ્રાંચ છે. જેનો દુનીયાની બધી મુખ્ય બેંકો સાથે વ્યવહાર છે. જેમાં રોજની કરોડોની હેરફેર થાય છે. આ બેંકમાં પૈસા આપવાના અને પૈસા લેવાના ૭-૭ કાઉન્ટર છે.

પૈસા આપવના ૭ કાઉન્ટરોમાંથી એક કાઉન્ટરમાં જહોન પીટર નામનો કલાર્ક બેસે છે. બાકીની પાંચ બારીઓ કરતાં એની બારી પર ભીડ વધારે રહેતી, તે ત્યાં સુધી કે અન્ય કાઉન્ટરોના કેશીયર બેઠા બેઠા માખી ઉડાડતા હોય તો પણ જહોન પીટરના કાઉન્ટર પર ભીડ હોય જ, ખાતેદારો પણ કદાચ અડધો કલાક પ્રતીક્ષા કરવી પડે એમ હોય, અન્ય કાઉન્ટર પરથી તુરત ચેકનું કલીયરીંગ સંભવિત હોય તો પણ પ્રતીક્ષાની તૈયારી સાથે જહોન પીટર પાસે જ પોતાનો ચેક જાય એવો આગ્રહ રાખતા આ બધું જાણીને બેંકના મેનેજરને શંકા પડી. તેથી આવો આગ્રહ રાખનારા ૫/૭ એકાઉન્ટ હોલ્ડરોને જુદા જુદા સમયે એણે પૂછપરછ કરી જુદા જુદા ખાતેદારોએ પોતાના સ્વાનુભાવો જણાવ્યા.

એક ખાતેદારે કહ્યું, એની પાસે લીધેલ પૈસામાં બરકત રહે છે.

બીજા ખાતેદારે જણાવ્યું કે કુદરતી અમને એની પાસે પૈસા લેવાનું મન થાય છે.

ત્રીજા ખાતેદારે પોતાના અનુભવ પ્રગટ કરતા કહ્યું કે એની પાસેથી પૈસા લીધા હોય તો કામો સરળ બની જાય છે.

ચોથા ખાતેદારે પોતાના આગ્રહનું કારણ એ બતાવ્યું કે એની પાસેથી લીધેલા પૈસાથી ભરેલી એટેચી બે વખત ખોવાયા પછી, પાછી મળી ગઈ અને એક રૂપીયો પણ આઘો પાછો ન થયો.

પાંચમા ખાતેદારને જયારે પૂછવામાં આવ્યું ત્યારે એણે કહ્યું “મેનેજર સાહેબ ! મી. પીટર જો મારા જીવનમાં પ્રવેશ્યા ન હોત તો હું કયાંયનો ન રહ્યો હોત. તમારી પાસે

સમય હોય તો મારી રામકહાની સંભળાવું. મેનેજરની ઉત્સુકતા વધી ગઈ. એને લાગવા માંડયું કે પીટર કોઈ દેવદૂત લાગે છે એણે ગ્રીન સીગ્નલ આપ્યું. **OK OK.**

ભીની ભીની આંખો સાથે પોતાના ભૂતકાળમં ખોવાઈ જતાં એ યુવાને કહ્યું સર ! આજે તો હું સ્વર્ગમાં છુ એ પ્રતાપ પીટર મહાશયનો છે. ભૂતકાળમાં હું ખોટા રવાળે ચડી ગયો હતો. વેશ્યાની પાછળ હું બરબાદ થઈ રહ્યો હતો. મન સત્વ હીન બની ગયું હતું મારી મિસીસ બધુ જાણતી હતી. મને સમજાવવાની ઘણી કોશિષ કરતી. પણ હું ઠર્યો પશુ...વિવેકહીન જાનવર ! મારા પર સુશીલ પત્નીની સોનેરી વાતોની કોઈ અસર થતી ન હોતી. પત્થર પર પાણી...મને વેશ્યાના સહવાસમાં સ્વર્ગ જેવા સુખનો અને પ્રેમનો ભાસ થતો હતો. કોણ જાણે કેટલા રૂપીયા એ વેશ્યાની પાછળ લૂંટાવી ચૂકયો હતો.

એકવાર બેંકમાંથી પૈસા ઉપાડી સીધો એની પાસે જ જવાનો હતો. કુદરતી મારો ચેક કલીયરન્સ માટે મી. પીટર પાસે આવ્યો. એની પાસેથી મારા હાથમાં પૈસા આવ્યા અને હજુ તો હું બેંકમાંથી બહાર નીકળુ છું ને મનમાં વિચાર આવ્યો કે ઓહ ! અત્યાર સુધીમાં વેશ્યા પાછળ મેં કેટલું ધન વેડફી નાખ્યું ? એની ખાતર પ્રેમાળ પત્નીને પણ કેટલી હેરાન કરી. ધિક્કાર છે મને પાપીને ! ત્યાં ને ત્યાં મેં સંકલ્પ કર્યો કે હવે મરી જવું કબુલ પણ વેશ્યા પાસે નથી જવું.

હું બેંકમાંથી સીધો ચર્ચમાં ગયો. પ્રભુનો ઉપકાર માન્યો કે "ખરેખર ! પ્રભુનો કેટલો ઉપકાર...મને સારો વિચાર આવ્યો. મારૂં જીવન-ધન બચાવી લીધું" એ જ રાત્રે મને સ્વપ્ન આવ્યુ અને એમા એવું પ્રતીત થયું કે ભગવાન જાણે મને કહી રહ્યા છે કે "એ વિચાર મેં તને નથી આપ્યો પણ મી. પીટરે આપ્યો છે." બીજા દિવસે બેંકમાં આવ્યો ત્યારે જોયું કે એ કેશીયર પાસે રોજની જેમ ભીડ જામેલી હતી. એટલે એની પાસે કોઈ ચમત્કાર હોવો જોઈએ. ટર્નીંગ પોઈન્ટ એજ લાઈફનો ચમત્કાર. એનો જ પ્રભાવ છે. બસ ત્યારથી મેં નિર્ણય કે હવેથી પૈસા એની પાસેથી જ લેવા.

છઠ્ઠા ખાતેદારને પીટર પાસેથી પૈસા લેવાના આગ્રહનું પૂછયું, તે એક મહિલા હતી. જીમી પર્થ એનું નામ પોતાની ઓટોબાયોગ્રાફી જણાવતા તે સન્નારીએ કહ્યું કે મારા પતિનું નામ રોબર્ટ વર્થ છે. અમારા બન્નેનું જોઈન્ટ એકાઉન્ટ છે ! કોઈની પણ સહીથી પૈસા ઉપાડી શકાય છે. હું જે ઓફીસમાં નોકરી કરું છું ત્યાં નોકરી કરતા એક યુવાનને દીલ દઈ બેઠી પણ અમારી મોજ મજામાં મારા પતિ વિઘ્નરૂપ હતા. એટલે મારા પ્રેમીએ પ્રસ્તાવ મૂકયો કે "તારી સહી તો બેંકમાં ચાલે છે. તું બેંકમાંથી બધા પૈસા ઉપાડી લે. આપણે કયાંક દૂરના પ્રદેશમાં જઈને સ્થિર થઈ જશું અને સુખચેનમાં જીવન વિતાવશું.

હું એના પ્રેમમાં આંધળી બની ગઈ હતી. મને પણ એનો આઈડીયા ગમ્યો. એટલે મેં ચેકમાં બહુ મોટી રકમ ભરી સહી કરી કુદરતી મારો ચેક મી. પીટર જહોન પાસે આવ્યો. એણે પૈસા આપ્યા અને મારા મનના વિચારોના ચક્ર ગતિમાન થયા. "તું આ શું કરી રહી છે એનો વિચાર કર ઉતાવળી ન થા" હું બેંકમાં જ એક ખુરશી પર બેસી વિચારવા લાગી ચર્ચમાં જઈને પ્રભુની સાક્ષીએ જેનો તે હાથ પકડયો છે તે તું તારા પતિનો વિશ્વાસઘાત કરી રહી છે. પણ એટલું તો વિચાર કરકે આ પૈસા ખલાસ થઈ ગયા પછી શું ? શાંતિથી વિચારીને પગલું ભર."

મેં તરત જ સ્લીપબુકમાં એ રકમ લખીને પાછા બેંકમાં ભરી દીધા. પછી ધીમે ધીમે મેં મારા મનને સ્થિર કરી પતિને વફાદાર રહેવાનો નિર્ણય કરી લીધો. હું એક બેવફા સ્ત્રી છું. પણ પીટર પાસેથી મળેલા પૈસાએ કમાલ કરી અને મને સારો વિચાર આવ્યો એટલે ત્યારથી હું એની પાસે જ ચેક વટાવવાનો આગ્રહ રાખું છું.

જુદી જુદી વ્યક્તિઓના આવા અનુભવોનું રહસ્ય શું છે તે તો મેનેજરને જાણવા ન મળ્યું પણ એને થઈ ગયું કે જરૂર મી. જહોન પીટર પાસે કોઈ મંત્ર શક્તિ કે દિવ્ય સહાય હશે નહીંતર આ બધાને આવા સુંદર અનુભવ કેમ થાય ? એટલે એકવાર રહસ્યનો પડદો હટાવવા મેનેજરે એ કેશીયરને રજાના દિવસે પોતાને ત્યાં નિંમત્ર્યો ઉચિત સરભરા કરી.

મેનેજરે ખાતેદારોના અનુભવ સંભળાવી અંતે પૂછયું કે મી. પીટર ! મને સાચું કહો, તમારી પાસે કોઈ દિવ્ય સહાય છે ? યા તો કોઈ ચમત્કારીક મંત્ર છે ?

ત્યારે મી. પીટરે કહ્યું કે " જુઓ મેનેજર સાહેબ ! કોઈ દેવતા મારી સહાયમાં નથી ઉભો કે કોઈ ચમત્કારીક મંત્રનો હું જાપ પણ નથી કરતો. મારા પિતા પાદરી હતા. માઁ સંસ્કારી હતી. એ બન્નેનું જીવન પવિત્ર હતું. બચપણથી મને પણ મારા પિતા દેવળમાં પ્રાર્થના કરવા લઈ જતા. મારી માંએ નાનપણથી મને ઘૂંટાવ્યું હતુ કે, આપણા સંપર્કમાં જે આવે એનું દીલથી ભલું ઈચ્છવું. મારી માતાએ સોનેરી સલાહ આપી તેને મેં મારા જીવનમાં ઉતારી છે તેથી જ કોઈનો ચેક મારી પાસે કલીયરન્સ માટે આવે ત્યારે હું મનમાં જ સાચા દિલથી **"May God Bless You"** પ્રભુ તમને આશીર્વાદ આપે, તમારૂં ભલું કરે એવી પ્રાર્થના હું ત્રણ વાર કરૂં છું. એક ટોકન આપું ત્યારે બીજું હું પૈસા ગણું ત્યારે અને ત્રીજું એના હાથમાં પૈસા આપું ત્યારે.

તમારે આને મંત્ર જાપ માનવો હોય તો મંત્ર જાપ માનો, દિવ્ય સહાય ગણાવી હોય તો દિવ્ય સહાય ગણો. બાકી જે છે તે આ છે, ઉચ્ચ સદભાવના ! ઉચ્ચ પરિણામ!

## ગુણવાન બનો.....!

માત્ર ધનવાન માણસ કે માત્ર ધર્મવાન માણસ પણ સુખી થઈ શકતો નથી પણ ગુણવાન માણસ જ સુખી થઈ શકે છે.

હવે આપણે કેટલાક અતિ મહત્વના ગુણોને નજરમાં લાવીએ, જેના દ્વારા જીવો પોતે તરત સુખાનુભૂતિ કરતા હોય તેમ જ પોતાનું આખું કુટુંબ પણ સદા સુખ અનુભવતું રહે.

- સહિષ્ણતા, સ્વદોષદર્શન, મિત અને મિષ્ટ ભાષણ
- વડીલોનું બહુમાન, અતિથી-સ્ત્રી-નોકર આદિનું સન્માન
- સંતાનો પ્રત્યે અપાર વાત્સલ્ય, શીલ પાલન
- સાંસ્કૃતિક મર્યાદાઓનું પાલન, સાદગી, ધર્મ ચુસ્તતા

આ રીતે આપણે ગુણીયલ બનશું તો ગુણસ્વરૂપ ધર્મનું ફળ તાત્કાલિક અત્યારે જ પ્રાપ્ત થતું હોય છે.

## મારું ક્યાં આપું છું.....!

એક માણસ દાન આપતો હતો તે હમેંશા મોં નીચે રાખીને દાન આપતો...તેથી એક ભાઈએ પૂછયું કે ભાઈ તમે નીચું મોં રાખીને કેમ દાન આપો છો ? કારણ કે જો શરમાવું પડે તો લેનારને, દેનારને શા માટે ? એનો જવાબ આપતા કહ્યું કે અરે ભાઈ દાન આપું છું તે કાંઈ મારું ધન નથી...ભગવાને આપેલું છે છતાં લોકો મારા ગુણ ગાય છે, ભગવાનને કોઈ યાદ કરતું નથી તેથી મને શરમ આવે છે. હું જે દાન આપું છું તે ભગવાને મને આપ્યું ત્યારે હું આપી શકયો ને...?

## શ્રીમદ રાજચંદ્ર.....!

● શ્રીમદ રાજચંદ્રનો જન્મ વિ.સં. ૧૯૨૪ની કાર્તિક ૧૫ના દીવસે થયો. ● એ દીવસે દેવ દિવાળી. ● શંત્રુજયની યાત્રાની પ્રારંભનો પવિત્ર દિવસ. ● કલિકાલ સર્વજ્ઞ હેમ ચંદ્રાચાર્યનો જન્મ દિવસ ● આદિનાથના પૌત્રો દ્રાવિડ અને વારિખિલ્લ ૧૦ કરોડ મુનિઓની સાથે મોક્ષે ગયા કેવો મહાન પવિત્ર દિવસ.

એમને બાળપણથી વાંચનની પુષ્કળ રુચિ હતી જયારે પ્રતિક્રમણાદિ સુત્રોનું વાંચન કર્યું ત્યારે એમાં આવતી સર્વ જીવો પ્રત્યેની દયા ભાવના અને ક્ષમાપના દ્વારા પ્રગટ થતો વિનય એમને સ્પર્શી ગયો. એમનું વૈરાગ્ય પ્રધાન ચિત જૈન સુત્રો અને ભાવના તરફ આકર્ષાતું ગયું આઠ વર્ષની ઉંમરે એમણે કવિતા રચવા માંડી અને એક જ વર્ષમાં રામાયણ અને મહાભારત જેવા કાવ્યોની પાંચ હજાર શ્લોકમાં રચના કરી. સ્મરણશક્તિ

એવી કે શિક્ષક જે શીખવે તે તરત યથાવત બોલી જાય.

એમના જ વવાણીયા ગામમાં એક ભલા વડીલ અમીચંદભાઈનું સર્પદંશથી મૃત્યુ થયું ત્યારે એમણે મરી જવું એટલે શું ? એ વિષે દાદાને પૂછયું દાદાના ઉતરથી એમને સંતોષ ન થયો. આથી બે શાખાવાળા બાવળ પર ચડીને એમણે ભડભડ સળગતિ ચિતા જોઈ એમણે જોયું કે બાળી મૂકનારા એમના જ સગાસબંધી હતા. આ ઘટનાથી ચિતમાં તીવ્ર ગડમથલ ચાલી અને આગલા ભવોનું જ્ઞાન થયું. જન્મજન્માંતરનું દર્શન થયું. આમ માત્ર સાત વર્ષની વયે જ જાતિ સ્મરણ જ્ઞાન થવાથી એમનો વૈરાગ્ય વધવા લાગ્યો. આ પછી જુનાગઢનો ગઢ જોવા ગયા ત્યારે ફરીવાર આવો અનુભવ થયો અને તે ઘટનાથી પુનર્જન્મ વિષે એમને દઢ પ્રતિતી થઈ.

જાતિ સમરણ જ્ઞાનથી એમના આધ્યાત્મિક વિકાસમાં વેગ આવ્યો તેર વર્ષ પુરા થતા પિતાની દુકાન પર બેસીને નિતીપૂર્વક વ્યવસાય ચાલુ રાખ્યો. પરતું ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ગ્રંથોનું વાંચન અને મનન અવિરત પણે ચાલુ રહ્યું.

મોરબીમાં સોળ વર્ષની ઉંમરે બાર અવધાનનો પ્રયોગ કરી, આમાં બાર જુદી જુદી બાબતો તરફ એક જ સમયે લક્ષ રાખીને એક પણ ભૂલ વિના બારે બાબતો કહી બતાવી. જામનગરમાં ૧૨ અને ૧૬ અવધાન કરતાં એમને "હિંદ હીરા" તરીકે બિરૂદ અર્પણ કરવામાં આવ્યું. ત્યાર પછી બોટાદમાં બાવન અવધાન કર્યા. ૧૯ વર્ષની વયે મુંબઈમાં એક જાહેર સભામાં શતાવધાન કરીને શ્રીમદ રાજચંદ્રે સહુને મુગ્ધ કર્યા તે સમયના વર્તમાન પત્રોમાં એના વિષે અગ્રલેખો લખાયા.

વિરલ સ્મરણશક્તિની સાથે શ્રીમદ રાજચંદ્ર અલૌકિક સ્પર્શેન્દ્રિય શક્તિ ધરાવતા હતા. એક ડઝન જેટલા જુદા જુદા કદના પુસ્તકો એમને બતાવવામાં આવ્યા ત્યાર બાદ એમની આંખે પાટા બાંધી દેવામાં આવતા. એ પછી એક પછી એક પુસ્તક જુદા જુદા ક્રમમાં એમના હાથમાં મૂકવામાં આવતું. એ પુસ્તકનો સ્પર્શ કરી એના કદ ઉપરથી દરેક પુસ્તકનું નામ કહી શકતા હતા. બીજું રસોઈને ચાખ્યા વિના કે હાથ લગાડયા વિના માત્ર જોઈને જ કઈ વાનગીમાં નમક છે કે નહિ અથવા તો ઓછું કે વધારે છે કહી આપતા.

અસાધરણ પ્રતિષ્ઠા અને વિપુલ અર્થલાભ આપતી આ બધી પ્રવૃત્તિ આત્માની ઉન્નતિમાં બાધક લાગતાં વીસમાં વર્ષે અવધાનો કરવાનું બંધ કર્યું.

જૈન તત્વજ્ઞાનની દષ્ટિએ એમણે ઘણા મહત્વપૂર્ણ ગ્રંથોની રચના કરી પુસ્તકો લખ્યા.

વેપારની વાત પૂરી થાય, એટલે તરત ધર્મના પુસ્તકો વાંચતા જગતના વૈભવ પ્રત્યે સહેજપણ મોહ નહીં ધરાવનાર શ્રીમદની પ્રત્યેક ક્રીયામાં વૈરાગ્ય દેખાતો હતો વળી સમય મળ્યે મુંબઈ છોડી આત્મચિંતન કરવા માટે એકાંત સ્થળોમાં, વનોમાં

કે પહાડોમાં એકલા ચાલ્યા જતા. તેઓ ચરોતર, ઈડર જેવા પ્રદેશોમાં એકાંતમાં રહ્યા. આ સમયે શ્રી લલ્લુજી મહારાજ મુનિશ્રી દેવકરણ વગેરે મુનિઓએ શ્રીમદનો માનનીય ઉપદેશ સાંભળ્યો હતો.

ધીરે ધીરે શ્રીમદ રાજચંદ્ર પ્રત્યે ઘણા મુમુક્ષુઓ જિજ્ઞાસુઓ, સાધુચરિત ગૃહસ્થો આકર્ષાય બેરીસ્ટર થઈને ભારત આવેલા મહાત્મા ગાંધીએ શ્રીમદ પાસે આધ્યાત્મિક માર્ગદર્શન મેળવ્યું હતું.

શ્રીમદ પથારીનો ઉપયોગ કરતા નહિ. એક જ વસ્ત્ર એક જ આહારનો ઉપયોગ કરતા. પગરખાં વાપરતા નહિ ડાંસ મચ્છર કે ઠંડી ગરમી વગેરે સમભાવે સહન કરતા મૌનધ્યાન માટે એકાંત નિર્જન પ્રદેશમાં રહેતા વેપાર વગેરેનો ત્યાગ કરી માતા પાસે દીક્ષા જીવન અપનાવવાની રજા માગી ત્યારે બીજા જ વર્ષે શરીર કથળતા માતાએ શરીર સ્વસ્થ થાય પછી રજા આપવાનું કહ્યું પરંતુ શરીર વધુને વધુ કથળતું ગયું. તેંત્રીસ વર્ષની ભર યુવાન વયે રાજકોટમાં દેહનો ત્યાગ કરી ઉતમ ગતિને પામ્યા.

## બહારવટીયાઓનું જીવન પરિવર્તન :

એક હતા માંડલના શેઠ અમૃતલાલ મુલચંદ. આસપાસના મુલકમાં શેઠના નામની હાક વાગતી એ ધર્માત્મા હતા. સદાચારી હતા. પરગજુ હતા. નીતિમાન હતા.

એક દિવસ રાબેતા મુજબ શેઠ ઘોડી પર બેસીને શંખેશ્વરની યાત્રા કરવા જતા હતા. ત્યાં એક દિશામાંથી ચાર બુકાની ધારી ઘસી આવ્યા. બધા ઘોડસવાર હતા. તેમણે શેઠને પડકારતા કહ્યું અંગ ઉપરના તમામ દાગીના હમણા જ ઉતારી નાખો નહિ તો કદી ઘર ભેગા થઈ શકશો નહિ. લડવામાં કાંઈ સાર નથી સમયાનુસાર શેઠે મનોમન નક્કી કરી લીધું.

હું તીર્થ યાત્રાએ નીકળ્યો છું. આમ ઘરેણા આપી દઉંને માર્ગમાં જ લુંટાઈ જાઉં, તો લોકો ભયના માર્યા યાત્રા કરવાનું જ બંધ કરી દેશે. શેઠે બહારવટીયાઓને કહ્યું મને એ તો કહો કે મને શા માટે લૂંટો છો ?... ઘરમાં ખાવાને ધાન નથી. છોકરા ભૂખે મરે છે માટે સ્તો.

હું તમને ચારેય ને સો સો રૂપીયા રોકડા દઉં. "તમે ખેતી કરો એથી તમે ઠીક ઠીક પૈસા રળી શકશો. આમ લૂંટ ચલાવીને કેટલા દિ કાઢશો ?"

તેઓએ અરસપરસ ચર્ચા કરીને કહ્યું કે શેઠ ! જો હમણાં જ રૂપીયા અહીં મંગાવી દો તો અમે લૂંટનો ધંધો છોડી દઈએ.

શેઠે તરત જ પંચાચારની પેઢી ઉપર ચિઠ્ઠી લખી આપી. એક જવાન તાબડબોળ પહોંચ્યો અને રૂપીયા લઈ ને આવી ગયો ત્યાં ને ત્યાં રકમ વહેંચી લીધી. શેઠને

છુટા કર્યા. શેઠની ઓળખ લઈ લીધી. ૨૫-૨૫ રૂપીયાના બળદો લઈને ખેતી શરૂ કરી. વરસ ખૂબ સારૂં ગયું. વરસાદ સારો થયો પુષ્કળ અનાજ પાક્યું દરેકને ભાગે ૧૫૦૦-૧૫૦૦ રૂપીયા આવ્યા.

હાથમાં આવેલા રૂપીયા જોઈ ને સહુને શેઠ યાદ આવ્યા એમના ઉપકારને ભૂલે એવા કૃતઘ્ન ન હતા. એ તો જાતના બહારવટીયા બન્યા હતા. પણ હૈયાની અમીરાત તો એમના બાપની હતી.

રૂપિયા ૪૦૦ લઈને ગયા માંડલ. શેઠની તપાસ કરતાં શેઠ મળ્યા. શેઠને રૂપીયા દેવા લાગ્યા. શેઠે કહ્યું રૂપિયા કેવા ને વાત કેવી ? મારા ચોપડે તમારૂં ખાતું જ નથી તો કોના નામે જમા કરૂં ?

બહારવટીયાઓએ ગઈ સાલના બનેલા પ્રસંગની વાત યાદ કરાવી. શેઠને તે ઘટનાનું સ્મરણ થઈ આવ્યું હોય તેવો દેખાવ કરીને કહ્યું હા...હા...હું યાદ આવ્યું. તે શું તે રકમમાંથી ખેતી કરી ? તમારો ધંધો છોડી દીધો ?...હા...શેઠજી ! તમારા કહેવા મુજબ અમે કર્યું તો અમે ઢગલો પૈસા રળ્યા એટલે જ તમારા રૂપિયા પાછા દેવા આવ્યા છીએ ને ? આગેવાન બહારવટીયાએ કહ્યું.

શેઠે કહ્યું ભલે...પણ તમારા ગામમાં હજી જે તમારા જેવો લૂંટફાટનો ધંધો કરતા હોય એવા ચાર જણાને આમાંથી રૂપીયા સો-સો આપીને તેમને ખેતીના ધંધે ચડાવો. તમારી જેમ એ લોકો પણ કમાઈને રૂપિયા પાછા આપે તો એવી જ રીતે બીજા ચાર જણાને રૂપિયા દઈને ધંધે ચડાવજો આમ ચારસો રૂપિયા ફેરવતા રહો. આ વાતનો અમલ કરતા ગયા ધીરે ધીરે લગભગ એ ગામના લોકો સુધરી ગયા અને બહારવટીયાનો ધંધો છોડી દીધો.

## કેવી પ્રભુ ભક્તિ.....!

એક શેઠ હતા. તેઓ દિવસ દરમ્યાન સતત દુકાનમાં ધંધાના અને રૂપિયાની લેણદેણની ચિંતામાં રહેતા. શેઠ ને ચેન નહોતું પડતું. આ શેઠની બાજુમાં એક મોચી રહેતો હતો. મોચી રોજ સવારથી પોતાના કામમાં મજેથી જોડાઈ જતો. જોડા સીવવામાં એને આનંદ આવતો જોડા સીવતા-સીવતાએ મસ્તીથી વૈરાગ્યના ભજનો ગાતો શેઠને એના ભજનો સાંભળતા ખૂબ શાંતિ થતી.

એક દિવસ શેઠે મોચીને પોતાની દુકાને બોલાવ્યો ને પૂછયું તું આ જોડા સીવે છે એમાં તને કેટલા રૂપિયા મળે છે ?...મોચીએ કહ્યું શેઠ ! એક આનો મળી જાય છે. એમાં મારો દિવસનો ખર્ચો નીકળી જાય છે મને કોઈ ટેન્શન નથી.

શેઠે કહ્યું ભલા માણસ ! હવે જોડા સીવવાનું કામ બંધ કરી દે...એના બદલે મને ભજનો

સંભળાવવાના તારા ભજનથી મારું ટેન્શન દૂર થઈ જાય છે. હું તને ૫૦ રૂપીયા આપીશ. રૂપીયા હશે તો કયારેક કામ લાગશે મોચી રાજી રાજી થઈ ગયો.

બીજા દિવસથી પોતાનો ધંધો બંધ કરી એણે શેઠને ભજનો સંભળાવ્યા. શેઠે રાજી થઈને ૫૦ રૂપિયા આપ્યા. મોચી રૂપિયા મળતા ખુશ ખુશ થઈ ગયો. રાતના સૂતી વખતે ઓશિકા નીચે રૂપીયા દબાવી દીધા. ૨/૪ કલાકે ઉંઘ ઉડી એટલે રૂપિયા યાદ આવ્યા પાછા ગણી લીધા. આખી રાતમાં આ રીતે ૩/૪ વખત ગણ્યા.

રાતના ઉંઘ બગડવાને લીધે, મોચીને દિવસે ઝોકા આવવા માંડયા તેથી ભજનમાં જોઈએ તેવું મન લાગતું નહોતું. જેમ તેમ કરીને એ દિવસ પૂરો કર્યો. સાંજે ઘેર પહોંચ્યા પછી મોચીએ શાંતિથી વિચાર કર્યો. આજે આમ કેમ બન્યું ? ખૂબ વિચાર કરતાં એને સમજાયું કે આ બધાના મૂળમાં ૫૦ રૂપીયા છે જેથી મારૂં કામ બગડયું અને ભગવાનનું નામ પણ ગયું.

મોચીએ નક્કી કર્યું...નહિ જોઈએ આવા રૂપિયા એ દોડયો શેઠની પાસે રૂપિયા ૫૦ પાછા આપીને કહ્યું લો તમારા રૂપિયા પાછા. તમારે જ્યાં વાપરવા હોય ત્યાં વાપરજો. તમારા ૫૦ રૂપિયા કરતાં મારો એક આનો વધારે સારો છે શાંતિથી ભગવાનના ભજનો તો ગવાય છે.

## કેવા હતા સંસારી ઈન્દ્રવદન (પ.પૂ.પં. ચંદ્રશેખર મ.સા.) :

ઈન્દ્રવદનનો જન્મ થયો ત્યારે માતા સુભદ્રાએ નવકાર સંભળાવ્યો અને કાનમાં કહ્યું કે "બેટા. જિનશાસનનો દીવો બનજે."

કયારેય તેને કાચું પાણી પીવા દીધું નથી ! અરે રાત્રે ધવડાવ્યું પણ નથી ! હોટલમાં કયારેય લઈ ગયા નથી કે અભક્ષ્ય કયારેય ખવડાવ્યું નથી. ચાલીસ દિવસનો થયો ત્યારથી પ્રભુની પૂજા શરૂ કરાવી ! ત્યાર પછી ધીરે ધીરે અષ્ટપ્રકારી પૂજા ચાલુ કરાવી! થોડો મોટો થતા દરરોજ સામાયિક કરાવ્યું છે. T.V. કે સીનેમા દીકરાએ જોયું નથી ! સમજણો થતાં ગાથા ગોખાવી છે તો અવસરે પ્રવચનો સંભળાવ્યા છે. પ્રભુના શાસનને સમર્પિત બને તેવા ભાવોમાં રમી રહ્યો છે. ધન્ય છે આવી માતાને ! તેમને બધો જ સહકાર આપતા પિતાને, વડીલોને તથા પરિવારજનોને ! ઘરમાં ગૃહજિનાલય તેમજ પાઠશાળા હતા.

ઈન્દ્રવદનભાઈના જીવનમાં બનેલા બનાવોમાંથી થોડા દૃષ્ટાંતો ● આપણા ઘરે જેનો સ્વાદ કદીયે ચાખ્યો નથી તેવી આ કતરી જેવી ચીજ હતી. કદાચ બટાટાની કતરી તો નહિ હોય ને ! અરર તો તો કંદમૂળનું ભક્ષણ ! ભયાનક પાપ ! બાપ રે બાપ ! હવે શું ?

ઈન્દ્રવદને પોતાને થયેલી શંકા માતા પાસે રજુ કરી માતાએ ટીચરને પૂછયું. તો ખબર પડી કે ખરેખર ચવાણામાં બટાટાની જ કતરી હતી. આ સમાચાર મળતા જ ઈન્દ્રવદનની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી હૃદયમાં પાપ ના પશ્ચાતાપની ધારા ઉભરાવા લાગી. સોયના અગ્રભાગમાં જ સમાઈ શકે એટલા નાના બટાટાના કણમાં પણ અનંતા આત્માઓ હોય...અરર...મેં કેટલા બધા જીવોને હણી નાખ્યા ? કેવું ભયંકર પાપ બાંધ્યું ? શું મારે નરકમાં જવાનું ? ના મારે નરકમાં નથી જવું હે ભગવાન ! મારું શું થશે ? મને બચાવો. મને માફ કરો.

ના આ વાત આટલાથી પતી ન ગઈ. બાકીનો આખો દિવસ સુનમુન થઈ ગયો. કયાંય ચેન પડતું નથી. અજાણતા થયેલા કંદમૂળના ભક્ષણના પાપ બદલ વારંવાર રડે છે. પસ્તાવો કરે છે. અરે આખી રાત ઉંઘી ન શકયો. સતત પસ્તાવાની આગથી એનું અંતર પરલોકનો ભય એને સતાવતો રહ્યો. ● મુંબઈની પ્રસિદ્ધ ફેલોશીપ હાઈસ્કુલમાં અભ્યાસ કરી રહેલા ઈન્દ્રવદનને ઘાસ ઉપર પગ મૂકવો. જરાય પોષાતો નથી. "નવ માસના ગર્ભવાળી સ્ત્રીઓના પેટ ઉપર દોડીને ગર્ભ તથા માતાને જે પીડા થાય અને પાપ લાગે તેટલું પાપ ઘાસ ઉપર ચાલવાથી લાગે, એવી વાત જયારથી ઈન્દ્રવદને સાંભળેલી ત્યારથી જ તેની કરૂણા ઘાસ ઉપર ચાલવા દેતી નથી.

સ્કુલમાં **P.T.** ના પિરીયડમાં શિક્ષકો જયારે છોકરાઓને ઘાસના મેદાનમાં દોડાવે ત્યારે ગમે તે બહાનું કાઢીને છટકી જતો.

એકવાર શિક્ષકને મેદાનમાં ઈન્દ્રવદન ન દેખાતા વિદ્યાર્થીઓને તપાસ કરવા મોકલ્યા "જાઓ ! તપાસ કરો, ઈન્દ્રવદન કયાં છે ? જ્યા હોય ત્યાંથી શોધીને લઈ આવો.

ઈન્દ્રવદન કલાસરૂમમાં બેંચ ઉપર બેઠો હતો. જયારે છોકરાઓને આવતા જોયા, બાંકડાની નીચે છુપાઈ ગયો પણ ઈન્દ્રવદન એકલો ને છોકરાઓ ઘણા, છટકવું મુશ્કેલ હતું, પ્રયત્ન છતાં પકડાઈ ગયો. ટાંગાટોળી કરીને ઈન્દ્રવદનને લઈ ગયા મેદાનમાં! શિક્ષકે પરાણે મેદાન પર દોડાવ્યો. ઈન્દ્રવદનને દોડવું તો પડયું પણ હૃદય અને આંખો બને રડતા હતા. તેની આંખોમાંથી વહેતી ચોધાર અશ્રુધારાએ તે શિક્ષકને પણ ધ્રુજાવી મૂક્યા ! રડવાનું કારણ ઈન્દ્રવદનના હૃદયમાં વહેતી જીવ માત્ર પ્રત્યેની કરૂણાની ધારા છે તેવું જયારે શિક્ષકને જાણવા મળ્યુ ત્યારે ઈન્દ્રવદનની જીવન કરૂણાથી સંવેદનશીલ બનેલા શિક્ષકે કાયમ માટે **P.T.** ના પિરીયડમાં મેદાનમાં ન આવવાની છૂટ આપી દીધી. ● પોતાનો જન્મ દિવસ હોય કે પોતાના કોઈ ભાઈબહેનનો હોય કે બેસતું વર્ષ હોય કે ઘરમાં કાંઈ વિશેષ પ્રસંગ હોય જયારે જયારે પોતાના વડીલો તરફથી જે રૂપિયા મળે તે તો ખરા જ. ઉપરાંત ભાઈ-બહેનોને પણ જે રૂપિયા મળે તે તેમની પાસેથી માંગીને તેમાં ઉમેરતો ! બધા પૂછે કે અરે, ઈન્દ્રવદન, તારા અને

અમારા રૂપિયા ભેગા કરીને તું શું કરીશ ? ત્યારે હાજર જવાબી કરૂણાશીલ તેનો જવાબ તૈયાર જ હોય.

તમારે આ રૂપિયાનું શું કામ છે ? હું તો બધા રૂપિયાઓથી પશુઓને ઘાસ-ગોળ ખવડાવીશ. કબુતરોને ચણ નાખીશ, કાગડાને બુંદી-ગાંઠીયા, તો પોપટને પેરૂ ખવડાવીશ. ગરીબોને કેળાને પેંડા ખવડાવીશ. જો જો ને ! ખૂબ મજા આવશે. તેમની આંતરડી ઠરશે ને આપણને સૌને પુણ્ય બંધાશે. ચાલો ને ! તમે બધા પણ મારી સાથે આજે આવેલા રૂપિયામાંથી આપણે પુણ્યના પડીકા બાંધીએ આપણી કરૂણાને જીવંત સ્વરૂપ આપીએ ! કેવી અદ્‌ભૂત સમજણ ! ● ભૂલમાં થયેલા કંદમૂળના ભક્ષણ માટે ધ્રુસકે ધ્રુસકે રડનારો પાપભીરૂ ઈન્દ્રવદન જાણી જોઈને રાત્રી ભોજન કરવા તૈયાર ન જ થાયને ? પરાણે એકવાર અવસર આવ્યો તો તેનું સિંહત્વ કેવું છંછેડાયું હતું ? અને તેનું કેવું સુંદર પરિણામ પામ્યો ?

એકવાર મુંબઈના કોઈ મોટા વૈદ્યરાજ વિશિષ્ટ ઔષધિઓની પડિકીઓ જીવાભાઈને દેખાડીને જણાવ્યું કે આ બહુ કિંમતી ઔષધિ છે. દૂધમાં ઉકાળીને છોકરાઓને સાંજે જમ્યા પછી ૧ કલાક બાદ ગ્લાસ ભરીને પીવડાવવામાં આવે તો બધાનું શરીર સશકત બનશે, તંદુરસ્તી વધશે. આરોગ્ય સારૂં રહેશે અને આખી જીંદગી શરીર સ્વસ્થ રહેશે.

સમગ્ર જીવનભર શરીરને સારું રાખનારી આ ઔષધિ લેવા માટે જીવાભાઈ સંતાનોના મોહના કારણે લલચાઈ ગયા. ઔષધિઓ રસોઈયાને અપાઈ ગઈ. ઘરમાં હાજર રહેલા સંતાનોને પણ સાંજે જમ્યા પછી એક કલાકે દૂધ પીલેજો એમ કહી દીધું. રાત્રે દૂધ કેવી રીતે પીવાય ? સવાલ પૂછનારા ૨/૩ બાળકોને પણ કડક શબ્દોમાં ચૂપ કરીને આદેશ કરી દીધો કે "પીવાનું છે, તેમાં મીનમેખ નથી" બાપાજીની કડકાઈનો અનેકવાર અનુભવ પામેલા સંતાનો હવે શું બોલે !

આ સમયે કોઈ કારણસર ઈન્દ્રવદન હાજર ન હતો. તેને જયારે જાણ થઈ ત્યારે બધાને ભેગા કરીને કહ્યું. સાવ માયકાંગલા છો તમે ! ગભરાઈ કેમ ગયા ? શું પાપનો ડર નથી. ? નરકમાં જવું છે ? આકાશ પાતાળ એક થઈ જાય તો ય રાત્રે ખવાય કે પીવાય નહિ. તમે બધા મૌન કેમ રહ્યા ચાલો ! આપણે સૌ મજબૂત થઈ જઈએ. જે થવું હોય તે થાય આપણે કોઈ પણ સંજોગોમાં રાત્રે દૂધ પીવું જ નથી બોલો ! બરોબરને?

ઈન્દ્રવદનની ખુમારી સભર વાત સાંભળીને સૌને જોશ આવી ગયું. આમે રાત્રે કોઈને દૂધ પીવાની ઈચ્છા તો હતી જ નહિ. ઘરના સંસ્કાર પણ ના પાડતા હતા. આ તો બાપાજીનું દબાણ આવ્યું માટે ઢીલા પડી ગાય હતા. ઈન્દ્રવદનના આગ ઝરતા શબ્દોએ સૌમાં સત્વ ભરી દીધું.

બાબુરામ રસોઈયાએ બૂમ પાડી ચાલો બાળકો ! ગરમા ગરમ દૂધ તૈયાર છે જલ્દી જલ્દી પી જાઓ પણ આવે કોણ ? ૨/૩ વાર કહેવા છતાંય કોઈ ભાઈ-બહેન રાત્રે દૂધ પીવા તૈયાર નથી.

બાબુરામના પગ ધ્રુજવા લાગ્યા. શેઠજી હમણા આવશે. ગુસ્સે ભરાશે ને મારૂં આવી બનશે ! ઈન્દ્રવદન સિવાયના બાળકોને પણ ધ્રાસકો પડયો કે દૂધ પીવું તો નથી પણ બાપાજી ગુસ્સે ભરાશે તો શું કરશું. તેઓ છોડશે નહિ. પરાણે દૂધ પીવડાવશે ને બે ચાર ખાવી પણ પડશે.

સમય થયો. બાપાજી આવ્યા. ડાઈનીંગ ટેબલ તરફ નજર ગઈ દૂધ ભરેલા ગ્લાસ એમને એમ જ પડેલા દેખાયા. ચમક્યા...“આ નાદાન દીકરાઓની આ હેસિયત ? મારી આજ્ઞા સામે બળવો ? ના, આ તો શી રીતે ચલાવાય !” અને તેમણે જોરથી રાડ પાડી ચંદા ! બૂમ સાંભળતા જ મોટો ભાઈ ચંદ્રકાંત ધ્રુજતા ધ્રુજતા બાપજી પાસે પહોંચ્યો પગ થરથર કંપતા હતા મોઢા પર ગભરાટ હતો. “દૂધ કેમ પીધું નથી ?” મરી ગયા શું જવાબ આપવો ? પણ જવાબ નહિ તો એક પડશે. શું કરૂં ? છેવટે ડરતા ડરતા જવાબ આપ્યો, બાપાજી ! અમને બધાને ઈન્દ્રવદને ના પાડી છે કે રાત્રે તો દૂધ નહિ જ પીવાનું માટે નથી પીધું.

“ઓહ ! ઈન્દુની આ હિંમત ! સમજે છે શું એના મનમાં ? બાપાજીએ કરડાકીથી બુમ પાડી ઈન્દુ ! અહીં આવ શું બનવાની શકયતા છે તેની ઈન્દ્રવદનને પૂરી કલ્પના હતી પણ આ તો સિંહત્વનો સાથી હતો. એ કાંઈ કોઈથી ડરે એમ ન હતો. હા પાપથી ચોક્કસ ડરતો હતો પણ પરમાત્માની આજ્ઞાનું પાલન કરવામાં તેને કોઈનો ય ડર નડી શકતો ન હતો ભલે ને ૫/૭ લાફા ખાવા પડે ! પરાણે મોઢામાં કોણ દૂધ નાખવાનું છે અને નાખે તોય ઉલટી કરતા મને કોણ રોકવાનું હતું. જો એકવાર ઢીલા પડશું તો કાયમ ઢીલા બનવું પડશે. ના એ તો જરાય મંજૂર નથી. પ્રભુની આજ્ઞાનું પાલન પહેલા પછી બીજું બધું ઈન્દ્રવદન સ્વસ્થતાપૂર્વક બાપાજી પાસે પહોંચ્યા. બે હાથ જોડીને મસ્તક નમાવીને બોલ્યો. બાપાજી પ્રણામ ક્ષમા કરજો બાપુજી ! આપની આજ્ઞાનો અનાદર કરવાની અમારી જરાય ભાવના નથી. અમે તો સદા આપને માથે જ રાખીએ છીએ પણ સાથે ભગવાનને પણ માથે રાખીએ છીએ. ભગવાને ના પાડી છે માટે નરકમાં લઈ જનાર રાત્રિભોજન અમે કોઈ પણ રીતે નહિ કરીએ.

દોઢડાહ્યા ! શું મને ખબર નથી કે રાત્રીભોજન મહા પાપ છે ? છતાં કહું છું કે જલ્દીથી દૂધ પી લ્યો. ના બાપુજી મારાથી એ નહિ બને. એક બાજુ બાપાજી સંતાનોના મોહમાં ફસાઈને હઠાગ્રહ કરી રહ્યા છે તો બીજી બાજુ આચારચુસ્ત ઈન્દ્રવદન જીદ લઈને બેઠો છે. સામ-સામે આવી ગયા. ચર્ચા ચાલી ચર્ચામાંથી મરચા ઉડયા. બાપાજીએ

આવેશમાં આવીને ગાલ ઉપર એક લાફો લગાવીને કહી દીધું. ચલ ! બહુ હોશિયારી ન કર ચૂપચાપ દૂધ પીલે.

બાપાજી આ બીજો ગાલ તૈયાર છે. હું રાત્રે તો દૂધ નહિં વાપરૂં તો ૩-૪ લાફાની સજામાં પતી જશે. પણ જો રાત્રે જો દૂધ પીશ તો હજારો વર્ષો મને નરકમાં પરમધામી તરફથી ભયાનક સજા મળશે. ના...બાપજી ! ના...મને નરકની સજા જરાય મંજૂર નથી.

શું ડેરીંગ, શું હિંમત, શું સત્ય. કમાલ-કમાલ-કમાલ પણ હવે શું થશે ? બાપાજીનો ગુસ્સો સાતમા આસમાને પહોંચશે તો ? એવા ભાવો દૂર ઉભા રહીને જોતા સ્વજનોના હૃદયમાં ભય પેદા થવાથી સૌ સ્તબ્ધતાપૂર્વક ઉભા હતા.

પણ ઈન્દ્રવદનની આ મક્કમતા, પ્રભુની આજ્ઞા પ્રત્યેની વફાદારી, નરકનો અને પાપનો ભય, સચોટ તર્કસંગત દલીલ, સત્વ-હિંમત વગેરેએ જીવાભાઈને ધ્રુજાવી દીધા તેમનો સંતાન મોહ ઢીલો પડયો. પોતાની ભૂલ સમજાઈ ગઈ. છેવટે તો જિનશાસનના રાગી જ હતા. પરમાત્માના ભક્ત હતા પ્રભુ આજ્ઞા પાલનના માશૂક હતા. આચારોમાં ચૂસ્ત હતા, ગુરૂદેવોના સેવક હતા. તરત જ ઈન્દ્રવદનને ભેટી પડયા. આંખોમાં આંસુ ધસી આવ્યા "બેટા ! તે ધર્મને બરોબર પચાવ્યો છે. ખૂબ ધન્યવાદ! હવે હું તમને કયારેય રાત્રિભોજન કરવાની કે દૂધ પીવાની વાત નહિ કરૂં.

ધર્મનો જય થયો. મા સુભદ્રા પોતાના લાડકા દીકરાને વળગી પડી. બધા ભાઈ-બહેનો પોતાનો રાત્રિભોજન ત્યાગનો નિયમ કાયમ માટે સચવાયો તેનો અપૂર્વ આનંદ અનુભવ્યો. ● જયારે ઈન્દ્રવદન માત્ર સાત વરસની ઉંમરનો હતો ત્યારે એકવાર માતા સુભદ્રાએ ભાઈ-બહેનો માટે ઉતમ કેરીનો રસ બનાવ્યો અને મીઠા મધુરા રસના બાઉલ તૈયાર કરીને સાતે બાળકોને બોલાવ્યા. રસ જોઈને બધા ખુશખુશાલ બનીને પીવાની તૈયારી કરે છે ત્યાં ઈન્દ્રવદન બોલી ઉઠયો. "બા ! કેરીનો રસ તો ઘણો સરસ છે, મીઠો મધુરો છે પણ સાત જ બાઉલ કેમ ?"

"દીકરા ! તમે સાત છો તેથી તમારા સાત માટે સાત બાઉલ !" કેમ બા ! આપણા ઘરમાં કામ કરનાર આ બાબુરામ વગેરે સાત માણસો છે એમને પણ આવો મીઠો મધુરો કેરીનો રસ નહિ આપવાનો ? શું તેમને પણ આવો રસ પીવાની ઈચ્છા ન થાય ? શું તેઓ પણ આપણા જેવા માણસો નથી ?

પોતાની વાત બાને જચી નથી એમ લાગતા. તેણે પોતાની વાત આગળ ચલાવી. બા, બધે કાંઈ પૈસાનો હિસાબ કરવાનો ન હોય અને જો પૈસાનો હિસાબ કરવાનો હોય તો સાંભળી લે બા ! કેરીના રસના સાતને બદલે ચૌદ બોલ બનાવીશું તો કાંઈ ગરીબ નથી થઈ જવાના પણ આ માણસોને કેવો આનંદ આવશે તેઓ નોકર છે તો શું થઈ ગયું ? તેમને પણ પેટ તો છે ને ? મન તો છે ને ? તેમને પણ કેરીનો રસ પીવાની ઈચ્છા થાયને ?

છતાંય બા સંમત થતી હોય તેવું લાગ્યુ નહિ. હવે કરૂણા સમુદ્ર ઈન્દ્રવદનથી શી રીતે સહન થાય ? તો બા ! તું પણ સમજી રાખ ! જો આપણા આ સાતે માણસોને તું કેરીનો રસ નહિ પિવડાવે તો હું પણ રસ પીવાનો નથી તેઓ જોયા કરે અને હું રસ પીઉં એ તો કદીએ બનવાનું નથી. તેની કરૂણાએ, જીવંત ખુમારીએ બાને ઝુકાવી દીધી કહેવાની જરૂર નથી કે તરત જ કેરીના રસના ચૌઉદ બાઉલ ભરાયા. બધાએ સાથે મળીને પ્રેમથી રસ પીધો, માણસોને એ સમયે ઈન્દ્રવદન ભગવાન જેવો લાગ્યો ઈન્દ્રવદનની જીવંત કરૂણાના પ્રભાવે માત્ર તે જ દિવસે નહિ પણ તે દિવસથી રોજ નોકરોને કેરીના રસથી માંડીને ઘરમાં બધાને માટે જે બને તે દરેક માણસને કાયમ મળવા લાગ્યું.

● આ વિસ્તરેલા કરૂણાના પ્રભાવે ઈન્દ્રવદનમાંથી મહાત્મા બનેલા ચંદ્રશેખર મ.સા. પણ દરેક સંઘમાં ચોમાસામાં સંઘના નાનામાં નાના નોકરચાકરથી માંડીને તમામની ચિંતા કરતા. તપોવન જેવામાં પણ હરીજનથી માંડીને તમામ માણસોનું કૌટુંબિક પુરુષો તરીકેનું વારંવાર સન્માન પ્રેરણા કરીને કરાવ્યું છે. નાનાથી માંડી દરેકની કાળજી લેવામાં કયારેય કોઈ જ કસર નથી રાખી. તેમ કહીએ તો કદાચ અતિશયોકિત નહિ કહેવાય.

આજે એમની પ્રેરણાથી ગામેગામ મહાવીર ખીચડી ઘરો ઉભા થયા છે. ના, હજારો લોકોને તેમાં માત્ર ખીચડી જ નથી અપાતી પણ મીષ્ટાન ભોજન પણ અપાય છે કેરીની સીઝનમાં કેરી. મેવાની સીઝનમાં મેવો.

સુરત ગોપીપુરામાં એમની પ્રેરણાથી સ્થપાયેલ ''સહસ્ત્રફણા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દરરોજ ૨૫૦૦થી વધારે માણસોને ઉતમ ભોજન અપાય છે.

આ ઉપરાંત ૫૬૦૦૦ કતલખાના નવા થતા અટકાવ્યા. તેમજ દેવનાર કતલખાનાનું આધુનિકરણ અટકાવ્યું. રેલ આવી હોય, પ્લેગ રોગ હોય, તેમજ મંદીમાં રાહત કાર્યો કરાવીને સૂરતના મસીહા બન્યા. ભયાનક દુકાળમાં કરોડોના ફંડ દ્વારા પાંજરાપોળના લાખો પશુઓના જીવનદાતા બન્યા. સુનામી હોય કે બુદલેખંડની તબાહી હોય કે લાતુર-કચ્છના ભૂકંત હોય, કારગીલ મોરચો હોય કે સૈનિકો માટેનું રાહતકાર્ય ત્યાં બધે જ એમની કરૂણા પહોંચ્યા વિના ન રહી.

અમદાવાદના હેમચંદ્રાચાર્યનગર, સૂરત-નવસારીના આવાસો અને મુંબઈના વિનયનગર-રાજીવનગર દ્વારા સાધર્મિકોના આંસુ લુછયા.

## એક જ વાકયથી.....!

એક રાજા હતો એણે કાગળમાં લખ્યું. ૧) મારી પાસે ખૂબ ધન દોલત છે. ૨)

રાણીવાસમાં મારી બધી રાણીઓ ખૂબ સુંદર છે. ૩) મારી પાસે રાજ વૈભવ છે. આગળ ૪થું વાક્ય શું લખવું તે સૂઝયું નહિં, તેને ઉંઘ આવી ગઈ.

રાત્રે ચોર આવ્યો, તેણે આ કાગળ વાંચ્યો. તે બુદ્ધિશાળી હતો તેણે ચોથું વાક્ય લખ્યું "આંખો બંધ થયા પછી કશું નથી."

રાજા સવારના ઉઠયો. એણે કાગળ વાંચ્યો એને થયું આ કોણે લખ્યું ? જેણે પણ લખ્યું તે સાચું જ લખ્યું છે. વાંચીને વૈરાગ્ય આવ્યો. ગુરુ ભગવંત પાસે જઈ દીક્ષા લઈ લીધી એક જ વાકયથી જીવન સુધરી ગયું.

## એક હૃદય સ્પર્શી સત્ય ઘટના.....!

એક સમયે સોનાની મૂરત સમું ગણાતું સુરત શહેર. આજે પણ ત્યાં એવા જૈન પરીવારો વસે છે કે જેમના જીવનમાં ધર્મ અને ધન બંન્ને છલકાતા હોય. સનિષ્ઠાથી થતી ધર્મ આરાધના જાણે બાય પ્રોડક્ટ રૂપે એવું પુણ્ય ઉપાર્જિત કરતી હશે કે જેના કારણે ખાસ કોઈ આશય વિના એમના જીવનમાં ધનની રેલમછેલ સર્જાય.

આવા જ એક પરિવારના મોભી વેપારી હતા. એ વેપારી પછી હતા. આત્મકલ્યાણના લક્ષ્યયુક્ત આરાધક પહેલા હતા. આથી એમણે એક નિયમ સજ્જડ અપનાવ્યો હતો કે પ્રતિદિન પ્રતિક્રમણ, સામાયિક, પ્રભુપૂજા, પ્રવચન શ્રવણ રૂપ ધર્મ આરાધના અવશ્ય કરવી. તે પછી બપોરનું ભોજન કરી બાર-સાડાબારના સુમારે ઓફીસમાં પ્રવેશે.

સરળ ગણિત માંડીએ તેઓ શરૂઆતનો અડધો દિવસ ધર્મ આરાધનામાં ગાળતા. એ બોલે પણ ખરા કે "આત્મા અને શરીર બે ભાગીદાર છે. માટે બંન્નેને અડધો-અડધો સમય ફાળવવો. ધ્યાનમાં રહે તેઓ નિવૃત ન હતા. બલકે વ્યવસાયના એક માત્ર માલિક વ્યક્તિ હતા. આ વ્યવસ્થા એમણે આત્મકલ્યાણ માટેં ધર્મ આરાધનાને પ્રથમ ગણીને જ કરી હતી.

એમનો મેનેજર સાડા દશા વાગ્યે ઓફીસે પહોંચી જતો. કામકાજ સંભાળતો. મેનેજર ખૂબજ વિશ્વાસુ હતો, એટલે કોઈ સમસ્યા ન હતી.

એક દિવસ તેઓ ઓફીસે પહોંચ્યા ને મેનેજરે એક પ્રસ્તાવ રજુ કર્યો તમે બે કલાક વહેલા આવો તો વ્યવસાયિક રીતે બહુ સારૂં રહે વાત સાંભળી તેઓ ચમકયા કે આજ દિવસ સુધી કદી આમ ન બોલનાર મેનેજર આજે કેમ આમ બોલ્યો ? એથી તેઓએ પૂછયું આજે આવું કેમ કહેવું પડયું ?

અરે ! આજની જ વાત પોણા અગિયાર વાગે એક મોટી પાર્ટી આવી. સોદો બહુ મોટો હતો. એથી મારી જિગર ન ચાલી. તમે એ વખતે પ્રવચનમાં હતા. એથી

ફોનથી સંપર્ક શકય ન હતો. પાર્ટી પ્રતીક્ષા કરે તેમ ન હતી એ ચાલી ગઈ અને આપણે મોટા નફાથી વંચિત રહી ગયા. તમે અહીં હાજર હોત તો અવશ્ય સોદો થઈ ગયો હોત. મેનેજરે ખુલાસો કર્યો. એને આશા હતી કે આજની ઘટનાથી શેઠ કાલથી વહેલા આવી જશે.

ત્યારે તો શેઠ કાંઈ ન બોલ્યા. પરંતુ સાંજે ઓફીસ બંધ કરતાં પૂર્વે એમણે મેનેજરને કહ્યું કે કાલથી ઓફીસ સાડાબાર વાગે ખોલજો.

આ અવળા પત્યાઘાતથી આશ્ચર્યસ્તબ્ધ થઈ મેનેજરે પૂછયું આમ કેમ ? કદાચ આપ વહેલા ન આવો તો ય હું તો વહેલો આવી જ શકું છું ને ? એમણે શાંતિથી પોતાનું દૃષ્ટીબિંદુ સમજાવ્યું. જો ભાઈ આજ સુધી બાર વાગ્યા પૂર્વે મારી ધર્મ આરાધના બિલકુલ નિશ્ચિત ભાવે ધંધાના કોઈ વિચાર વિના કરતો હતો.

આજની ઘટના સાંભળ્યા પછી એવું થશે કે અગિયાર વાગે હું પ્રવચન કે પ્રભુપૂજામાં હોઈશ. ત્યાં મનમાં વિચારો જાગશે કે અત્યારે ઓફીસમાં કોઈ પાર્ટી આવી હશે તો ? મારી ત્યાં જરૂર હશે તો ? આ રીતે મારી આરાધના સ્ખલિત થાય એના કરતા બહેતર છે કે આવી કોઈ સંભાવના જ ન રહે કારણ ઓફીસ એ સમયે બંધ જ હોય. સાડાબારે ઓફીસ ખૂલશે તો ય મારા ભાગ્યનું હશે તે મને મળી જ રહેશે. જેથી આરાધના સમયે ઓફીસ ખુલ્લી રખાવીને મારે મારી આરાધનામાં માનસિક વિકલ્પોના સ્પીડબ્રેકર નથી રચવા. મેનેજર ક્ષણભર નક્કી ન કરી શકયો કે હું જેની સાથે વાત કરી રહ્યો છું એ વેપારી છે કે નખશીખ આત્માથી આરાધક છે.

## સંસ્કાર રોપણ.....! (Infosys)

સંતાનના જીવન ઘડતરમાં જેટલું માતાનું મહત્વ હોય છે તેટલું પિતાનું પણ હોય છે. એ સુવિખ્યાત ઉદ્યોગપતિ પિતાનો તેમની દીકરીને જીવનના મૂલ્યો સમજાવતો એક પત્ર લખ્યો. આજના માતા-પિતા અને સંતાન માટે દૃષ્ટાંત રૂપે લખું છું.

પિતા એટલે જાણીતા ટેકનોલોજીસ્ટને સફળ ઉદ્યોગપતિ ઈન્ફોસીસના વડા નારાયણમૂર્તિનો પત્ર આ પ્રમાણે છે.

પ્રિય અક્ષતા-તારા જન્મે અમારા જીવનબાગમાં વસંત ખીલાવી. ખાસ કરીને અત્યાર સુધી હું કોઈનો પુત્ર હતો. ટેકનોલોજીસ્ટ હતો, પરંતુ હવે હું પિતા બન્યો. જે જીવનમાં જવાબદારી પૂર્ણ સ્થાન છે. તેમાં દીકરીના પિતા બનવું એટલે દીકરીને સંસ્કારોનું સીંચન કરી બીજા ઘરે મોકલવાની હોય છે. તેમજ આજની સ્પર્ધાત્મક દુનિયામાં અન્યને સક્ષમ બનાવવાની હોય છે. આજની દેખાદેખી અને ચકાચોધવાળી દુનિયામાં સાદા પણ ઉચ્ચ નૈતિક મૂલ્યો દીકરીને શીખવાડવા જરૂરી છે. મેં અને

તારી મમ્મીએ તને શીખવાડવાનું નક્કી કર્યું છે. માટે તને આ પત્ર લખું છું. પ્રસંગો પ્રમાણે પૃથ્થકરણ કરું છું. જેથી વારંવાર વાંચી તું નૈતિક મૂલ્યાંકન સમજી શકે. અને તારા જીવનમાં વણી શકે.

સૌ પ્રથમ અમે અમારા સંતાનોને સાદગી, વાસ્તવિક્તા અને સંયમી જીવનના મૂલ્યો શીખવાડવા માંગતા હતા. આથી જયારે તું સ્કુલ ફંકશનમાં રહી અને તને પ્રોગ્રામ માટે નવો એકસ્ટ્રા ડ્રેસ લાવવાનો થયો ત્યારે અમે તને ના પાડી કારણકે એ વખત અમારી પરિસ્થિતિ સામાન્ય હતી. મેં અને તારી મમ્મીએ 'ઈન્ફોસીસ' કંપનીની શરૂઆત કરી હતી. અમારી પાસે જીવન જરૂરીયાતની વસ્તુઓ ખરીદવા જેટલા પૈસા હતા વધારાનો એક પણ પૈસો ન હતો. આ સાદગી અને સંયમનું મહત્વ મારે તને સમજાવવાનું હતું. આપણા જીવનની એ નરી વાસ્તવિકતા હતી. આથી મેં નવો ડ્રેસ લાવવાની ના પાડી. એ સમયે તને દુઃખ થયું હશે પણ આગળ સમજણી થતાં તું આ મૂલ્યોની કિંમત સમજી શકી હોઈશ.

જયારે તને સમજણ થઈ સ્કુલે જતા થયા ત્યારે પરિસ્થિતિ બે પાંદડે થઈ હતી. આપણી પાસે કાર હતી જયારે તે માંગણી કરી હતી કે મને અને રોહનને સગવડતા માટે ગાડીમાં સ્કુલે મોકલો ત્યારે અમે 'ના' નો નિર્ણય કર્યો હતો. રીક્ષામાં મોકલવાનું ચાલુ રાખ્યું હતું. કારણકે અમે તમને તમારા કલાસના વિદ્યાર્થીઓથી જુદા પાડવા નહોતા માગતા. કલાસના વિદ્યાર્થીઓ સાથે જાઓ તો ભાત ભાતના મિત્રો મળે. રીક્ષામાં આનંદ કરી શકો. જેમકે એક બીજાના નાસ્તા ખાવા, મારા મારી કરવી વગેરે ઉપરાંત સહકાર, સંપ અને વહેંચવાની ભાવના શીખો જે તને આગળ ઉપર તારા પતિના કુટુંબમાં ખૂબ કામ લાગશે. આધુનીક બનવું એટલે સગવડતા કે સોમેનશીપમાં આધુનિક બનવું જરૂરી નથી, પરંતુ વિચારોથી આધુનિક થવું જરૂરી છે જીવનની આવી નાની ઘટનાઓ ઘણું બધું શીખવી જાય છે.

અત્યારનો યુગ આધુનીક સાધનો **T.V.** કોમ્પ્યુટરનો છે. હું અને તારી મમ્મી તો કોમ્પ્યુટર કપલ જ ગણાઈએ છીએ. પરંતુ આ આધુનીક સાધનોના તમે ગુલામ ન બની જાઓ તે માટે તમે ભણતા હતા ત્યારે ઘરમાં **T.V.** ન રાખવાનો અમે નિર્ણય લીધો હતો. કોમ્પ્યુટરમા ઈન્ટરનેટનો ઉપયોગ પણ રજાના દિવસે જ કરવાનો નિયમ રાખ્યો હતો. રાત્રે જમ્યા પછી આઠથી દશ કુટુંબીજનો અને તેની પ્રવૃતિ માટે સમય રાખ્યો હતો. અમે પણ **T.V.** જોતા નહિ તે એટલે સુધી કે હું અને તારી મમ્મી સમાચારો પણ ન્યુઝ પેપરમાં વાંચી લેતા. આ સમય તારી મમ્મીએ જુદી જુદી રોજની વાતો કરવાનો, દરેકના પોતાના રોજના સારા નરસા અનુભવો કહેવાનો, સારા પુસ્તકો વાંચી ચર્ચા કરવાનો, ઈન્ડોર ગેમ્સ રમવાનો સમય રાખ્યો હતો. તું અને તારો ભાઈ

રોહન અમારી સામે જ સ્કુલનું હોમવર્ક કરતા જેથી અમારૂં ધ્યાન રહેતું અને નાની મોટી ભણતરની મુશ્કેલીઓ હલ થતી. જેથી ટયુશનની જરૂર પડતી નહિ. **T.V.** નું માધ્યમ બાળકની સર્જનતા ખતમ કરી નાખે છે. અમારે તમારી વિચાર શક્તિ અને સર્જનાત્મકતા ખતમ નહોતી કરવી-ખીલવવી હતી. આથી તમે જયારે આ સમયમાં લેશન કરતા ત્યારે હું અને તારી મમ્મી ટેકનોલોજી, ફીઝીકસ વગેરેની જુદી જુદી ચોપડીઓ વાંચતા અથવા ઓફીસનું કામ કરતા જેથી તમારા પર સામાન્ય અમારી છાપ સારી પડે અને સર્જનાત્મકતા જળવાઈ રહે. તેમજ રોજની ચર્ચાના સંપર્કથી એકબીજા સાથે લાગણીથી જોડાયેલા રહીએ. (આજના આધુનિક સબંધો અને માતા-પિતાની ભૂલો એ જ છે કે આ સાધનોમાં અતિ વ્યસ્ત રહેવાથી તેઓ એકબીજા સાથેનો સંપર્ક જતો રહે છે. અને લાગણીઓની ગુંથણી થવી જોઈએ તે થતી નથી.)

દરેક પિતાને ઘેર જયારે દીકરી આવે છે ત્યારે તેની સાથેનું એટેચમેન્ટ નાનપણથી ખૂબ થઈ જાય છે અને જયારે તેની પરણવાની ઉંમર થાય છે ત્યારે પિતાને ભય લાગવા માંડે છે કે હવે મારા આ પ્રેમમાં કોઈ ભાગીદાર બનશે. નાનપણથી તારા જન્મથી હું તને જોયા વગર રહી શકતો નહિ. આથી તારા જન્મ પછી અમે તને મુંબઈ લાવ્યા ત્યારે જોયું કે સંતાન સાથે કારકીર્દીનો વિકાસ કરવો અઘરો હતો. આથી અમે તને તારા નાના નાની પાસે હુબલી મૂકી આવવાનો નિર્ણય કર્યો હતો.

આ નિર્ણય ખાસ કરીને મારા માટે ખૂબ કઠીન હતો કારણ કે હું તને જોયા વગર રહી શકતો નહિ. આથી એ સમયે હું દર શનિ-રવિ મુંબઈથી બેંગલોર અને ત્યાંથી તને જોવા હુબલી આવતો, તારી મમ્મીની દ્રષ્ટીએ આ અતિશય લાગણીવેળા હતા. પણ ના, આ એક પિતાનો દીકરી પ્રત્યેનો અગાધ પ્રેમ હતો. અને પ્રેમે જ જયારે તે ઋષિ સાથે પરણવાનું નક્કી કર્યું ત્યારે હું શરૂઆતમાં અંદરથી ભાંગી પડયો. પરતું ઋષિને મળ્યા પછી મને સંતોષ થયો. અને મારા હૃદયને મારે સમજાવવું પડયું કે દરેક પિતાના જીવનમાં દીકરી માટે આ વિદાયની ઘડી આવે છે અને દરેક પિતાએ કહેવું પડે છે કે "બાબુલ કી દુઆએ લેતી જા, જા તુઝકો સુખી સંસાર મિલે."

અક્ષતા આજે તું એક દીકરીની માઁ છો અને તને આ સંસ્કારો આપવાનો પ્રયત્ન કર્યો અને તે તું દીકરીને આપીશ. આશા છે કે એક પિતા તરીકે મેં મારી ફરજ સંપૂર્ણ રીતે બજાવી છે અને તને આ દુનિયા માટે તૈયાર કરી છે.

લી. સદાય વ્હાલ વરસાવતા તારા અપ્પા.

## હરકોર શેઠાણી.....!

વર્ષો પૂર્વે અમદાવાદમાં હઠીસીંગની વાડીમાં બાવન જિનાલયનું નિર્માણ કાર્ય

ચાલતું હતું. પ્રતિષ્ઠાનો પ્રસંગ આવે તે પહેલા હઠીસીંગભાઈનું નિધન થયું.

હરકોર શેઠાણીએ પતિનું અધુરું કાર્ય પોતે ઉપાડી લીધું રોજ સવારે કમ્પાઉન્ડમાં જાતે ખુરશી નાખીને બેસે મજુરોના કામકાજ પર દેખરેખ રાખતા. સાંજે બધા મજૂરોને રોજેરોજની મજૂરી પણ જાતે ચૂકવતા.

એક દિવસની વાત છે. રાતનો સમય છે શેઠાણી પથારીમાં સૂતા છે. અચાનક બારીમાંથી કોઈ અંદર આવ્યું. શેઠાણીની આંખ ખૂલી ગઈ. શેઠાણી અંધારી રાતમાં આવનારને ઓળખી ગયા. બીજી જ ક્ષણે કાંઈ બન્યું નથી. એમ સમજી ને આંખો મીંચી લીધી. આવનારો હાથ ફેરવીને જતો રહ્યો.

બીજા દિવસની સવાર પડી સહુ કામે લાગ્યા સાંજ પડી બધા મજૂરો લાઈનસર ઉભા રહી ગયા. શેઠાણી સહુને મજૂરી પેટે રૂપિયો આપતા જાય છે દશ-પંદર મજૂર ગયા પછી એક મજૂર આવ્યો એણે હાથ લંબાવ્યો. શેઠાણીએ એના હાથમાં બે રૂપિયા મૂકયા પેલા મજૂરે શાહુકારીથી કહ્યું બા ! તમારી ભૂલ થાય છે. રોજ એક રૂપિયો આપો છો અને આજે બે રૂપિયા કેમ ? દીકરા ! આ બાની કયારેય ભૂલ ન થાય. બે રૂપિયા સમજીને આપ્યા છે. એક રૂપિયો આજની મજૂરીનો દિવસ પાળીનો ને બીજો રૂપિયો ગઈકાલની રાત પાળીનો. હરકોર શેઠાણીએ જાણે બાઉન્ડરી મારી મજૂર બાના પગમાં પડયો. ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો. બા મારી ભૂલ થઈ ગઈ છે હવે કદી ચોરી નહિ કરૂં. શેઠાણીએ બે હાથથી એને ઉભો કર્યો...અને અશ્રુભીની આંખે કહ્યું, બેટા ! ભૂલ તારી નથી મારી છે. તારે પણ ઘર છે. પરીવાર છે, તારે પણ પ્રસંગ આવે. મેં તારી પહેલેથી જ કાળજી રાખી હોત તો તારે આ પગલું ભરવું ન પડત. ઉભા રહેલા તમામ મજૂરોની આંખો ભીની થઈ ગઈ.

## મહામંત્ર નવકાર.....!

૭૦-૭૫ વર્ષ પહેલા બિહારમાં બનેલો એક પ્રસંગ મહાત્મા રસ્તેથી વિહાર કરી રહ્યા હતા. એજ રસ્તે એક રસુલ મિંયા નામનો ભાઈ જઈ રહ્યો હતો. મહાત્માને જોઈને એ પણ એમની સાથે ચાલવા લાગ્યો. મહાત્મન ! મારે લાયક કાંઈક ઉપદેશ હોય તો કહો...મહાત્માએ યોગ્યતા જોઈ ધર્મનો થોડો ઉપદેશ આપ્યો. એ પછી નવકારમંત્ર આપવાનો વિચાર કર્યો જો ભાઈ ! "દુનિયાનો આ સર્વશ્રેષ્ઠ મંત્ર છે કોઈ કાર્ય એવું નથી જે આનાથી સિદ્ધ ન થઈ શકે" વગેરે એનો મહિમા દર્શાવી નવકારમંત્ર આપ્યો. એ જ ગામમાં મહાત્માનો રાત્રિ મુકામ હતો.

બે અઢી કલાક એ મિંયાએ ધર્મની વાતો સાંભળી બીજે દિવસે વળાવવા હાજર થઈ ગયો. ત્યારે છેલ્લે છેલ્લે મહાત્માએ આ વાત ઉપર ખાસ ભાર મૂકીને સૂચન

કર્યું કે "આ મંત્રના નિરતંર જાપ સાથે જગતના સર્વે જીવો પર મૈત્રી હોવી અત્યંત આવશ્યક છે કોઈ વ્યક્તિ ગમે તેવું વર્તન કરે તો પણ એના પર શત્રુતાનો ભાવ ન આવવો જોઈએ. શકય હોય તો એક મિત્ર તરીકે એનું કામ કરી આપવા તત્પર બનાય એવું દિલ બનાવવું જોઈએ આવો મૈત્રી ભાવ કેળવાશે તો આ મહામંત્ર ચમત્કારીક પ્રભાવ દેખાડશે."

રસૂલમિંયાને આ વાત બરાબર મગજમાં બેસી ગઈ. પછી તો એને નવકારમંત્રની ધૂન લાગી ગઈ. રસ્તે જતાં આવતાં, ઘરે કે દુકાને...જયારે જયારે અવકાશ મળે હોઠ ચાલુ જ હોય. મહાત્માએ કરેલા સૂચનને પણ વારંવાર યાદ કરતો...રસ્તેથી એકવાર મંત્ર ગણતો ગણતો જઈ રહ્યો હતો અને સામેથી મળ્યો એક પરિચિત મિંયો સલામ આલેકુમ ! સલામ આલેકુમ ! અને રસુલમિંયા યહ કયા ગુન ગુના રહે હો ? ભાઈ જાન મેં તો ખુદાકા નામ લેતા હું ! તુરંત યહ બંધ કરો બેવકુફ ખુદા કા નામ લિયા જાતા હૈં કયા ?

૨/૪ દિવસ પછી ફરીથી ગણગણાટ કરતો જોઈ ગયો. "અરે કાફર હો ગયા હૈ કયા? મના કરને ભી યહ ચાલુ રખા હૈ." "અરે ભૈયા ! મેં ખુદા કા નામ હી તો લેતા હું, ઈસે તુમ મના કયોં કર રહે હો ?" ખુદાકા નામ તો નમાજ કે વખત હી લીયા જાતા હૈ. ઐસે જહાં તહાં નહીં ! અતઃ યહ બંધ કર દો વરના હમે કુછ કરના હોગા.

બે ત્રણ વખત ધમકી આપવા છતાં રસુલ મિંયાને નવકાર ગણતો જોઈ કડક ચેતવણી આપી. આદમી બધું સહન કરી શકે છે અપમાન નહિં. હું કહું છું છતાં ય બંધ નથી કરતો ! એની આંખો અંગારા વરસાવવા માંડી. એ એનો શત્રુ બની ગયો છતાં રસુલમીંયાને એના પર લેશ માત્ર શત્રુતાનો ભાવ નહોતો. એ તો એને મિત્ર તરીકે જોતો રહ્યો બેચારા અજ્ઞાન હૈ, ખુદા ઉસેભી સદ્બુદ્ધિ દે. આ એની ભાવના હતી અને તેથી નિર્ભય હતો.

ગમે તેવો કટ્ટર શત્રુ હોય અને ઝનૂન ચઢી જાય તો પણ એ વધુમાં વધુ શું નુકશાન કરે શકે ? એકવાર જાનથી મારી નાખશે. પછી તમે એને શત્રુ માનતા હો કે મિત્ર ! પણ શત્રુ માનવામાં હમેંશા ભય છે ભયના વાદળ હમેંશા મસ્તક પર ધુમરાયા કરે છે. નિર્ભય માનવી કો'ક એક પળે જ મરે છે જયારે ભયભીત હરપળ મરતો હોય છે. માત્ર એની સ્મશાનયાત્રા મોડી નીકળે છે.

સામાને શત્રુ માનવાથી સદા એનાથી ભયભીત રહેવું પડે છે. આ સાર્વદિક ભયની લાગણી એના પાચન તંત્રને ખોરવે છે એના શ્વાસન તંત્રને અસર કરે છે...રક્તભ્રમણને વિક્ષિપ્ત કરે છે યાવત સાતે ધાતુમાં સ્લો પોઈઝન ફેલાવ્યા કરે છે, શત્રુ પ્રત્યે ઉઠતી દુર્ભાવ અને સંકલેશની કાળાશ એના અંતરસ્તરને હમેંશા કાળું

કરતી રહે છે. કદાચ સાવધાન રહીને શત્રુના આક્રમણથી એ બચી શકે છે પણ પળ પળ મૃત્યુનો ભય એને સતાવ્યા કરે છે. એ ભયથી એ છુટી શકતો નથી. આજ તો મોત છે પળપળનું મોત !! જયારે એને મિત્ર બનાવવામાં ઘણો લાભ છે મન હળવું ફોરું રહે છે એની પ્રસન્નતાને કોઈ જ આંચ આવતી નથી એટલે શરીરની તંદુરસ્તિ પણ જોખમાતી નથી.

મારી આસપાસ મારા શત્રુઓ છે આ વિચાર જ ખતરનાક છે જયારે મારી આસપાસ મિત્રો જ મિત્રો છે ! આ વિચાર જ અત્યંત આહવાદક છે, નિર્ભય બનાવનાર છે. એ વાત અનુભવ સિદ્ધ છે.

કોઈ કારણવશાત ભીષણ જંગલમાંથી પસાર થવાનું છે ને કોઈકે તમને ગભરાવી દીધો કે જંગલમાં ખૂંખાર લુંટારાઓ છે, ચબરાક છે, કોઈ પણ ચાલબાજીથી મુસાફરને પકડી લે છે. લૂંટી લે છે અને પળ બે પળમાં હતો ન હતો કરી નાખે છે. હવે વિચારો કે તમારી હાલત શું થશે ? જો જંગલમાંથી જવાનું ટાળી શકાય તો તમે ટાળી જ દેશો. ન ટાળી શકાય તો જશો ખરા પણ એક એક પગલું શી રીતે મૂકશો ? ફુંકીફુંકીને બહુ જ સમજી વિચારીને, સંભાળી સંભાળીને... હવાની એક લહેર આવે ઝાડીમાં ખડખડાટ થાય તો દિલની ધડકન તરત વધી જાય છે. હાર્ટએટેક આવી જાય તો કોઈ આશ્ચર્ય નહી. પણ જો કોઈ કહી દે કે જગંલમાં બહુ જ માયાળુ લોકો છે જરૂર પડે તો ભોમિયા તરીકે માર્ગ પણ બતાવે છે એ સાંભળીને એકદમ ખીલી ઉઠશો નિશ્ચિત બની જશો. બે ફીકર થઈને ચાલવા માંડશો. ખેર ! આવ્યું તો પહેલા પણ કોઈ ન હોતું મારવા કે ડરાવવા. પણ પ્રતિક્ષણ ડરી રહ્યા હતા કશાક અજ્ઞાનથી જેનું કોઈ અસ્તિત્વ જ આ દુનિયામાં ન હોતું.

બહું જ રસપદ અને મનોવૈજ્ઞાનિક સૂત્ર છે. આ...સુખ અને શાંતિ જો ચાહો તો કોઈને શત્રુ ન માનો બધાને મિત્ર જ માનો...સર્વ જીવોને મિત્ર લેખવાનો આ પણ એક અપૂર્વ લાભ છે.

કડક ચેતવણી આપવા છતાં જાપ અટકયા નહિં ત્યારે પેલા મિંયાએ ક્રૂર નિર્ણય લીધો. સંધ્યાકાળે જયારે રસૂલ મિંયા બહાર ગયો હતો ત્યારે જંગલમાંથી એક ભયંકર સર્પ લાવી એના ખાટલા નીચે કરંડીયામાં એવી રીતે મૂકયો કે જેવો રસુલમીંયા સૂવા જાય કે તરત જ કરંડીયો કાંઈક દબાવાથી સાપ છંછેડાઈને બહાર આવે અને દંશ દઈ દે. રસુલમિંયા તો રાત્રે આવીને નવકાર ગણીને નિર્ભય પણે સૂઈ ગયા.

એકાદ કલાક થયો ને પેલો મિંયો ચિલ્લાતો આવ્યો. રસૂલમિંયાને ઉઠાડયા. "મૂઝે માફ કરદો, મુઝે માફ કર દો રસૂલ મિંયા ! ખુદા કે બંદે ! મુઝે માફ કરદો !

અરે ભૈયા કયા બાત હૈ ! કયોં ઈતના ગભરા ગયે હો ! મૈંને ભયંકર ગલતી કી

હૈ મુઝે માફ કર દો !

ગલતી કાહે કી ગલતી ? તુમને તો કુછ ભી નહીં કીયા હૈ, નાહક કયોં ચિંતા સે પરેશાન હો રહે હો ?

રસુલ મિંયાને કાંઈ જ ખબર ન હતી. કોઈ શંકા પણ ન પડી. નહીં નહીં મૈં ને તુમ્હે મારને કે લીયે ભયંકર સર્પ ઈસકે અંદર રખા થા. એમ કહીને પેલાએ કરંડીયો ખેંચી બતાવ્યો રસૂલ મિંયાએ જોયો અને પછી શાંતિથી કહ્યું "ઠીક હૈ, તુમને સાપકો ઈસમેં રખાથા ફીર દેખ મુઝે કુછ નહીં હુઆ મેં બિલકુલ સ્વસ્થ હું...અબ જાઓ મેરી તનીક ભી ચિંતા મત કરો ઔર શાંતિસે સો જાઓ રસૂલ મિંયાની સહજતા હૃદયસ્પર્શી હતી !

નહીં ભૈયા ! તુમેં ભી મેરે સાથ આના હોગા ! ઈતની દેર ગયે રાત મેં ? કયુંકી જો મૈંને ભયંકર સર્પ રખા થા ઉસને મેરે બેટેકો કાટ લીયા હૈ, તુમ આકર ઉસે બચાઓ.

અરે મેરે પાસ ઐસી કોઈ ઔષધ નહીં હૈ, મૈં આકર કયા કરૂંગા ? રસુલીમીંયા તુમ્હારે પાસ જો મંત્ર હૈ ન, જિસને તુમ્હે બચાયા તો વહ મેરે બેટે કો કયોં નહિં બચાયેગા ? ચલો અભી ચલો ઔર મેરે પુત્રકો બચાઓ. મેં તુમ્હારે પાંવ ગિરતા હું !

રસૂલ મીંયાને પણ હવે નવકાર પર પૂરી શ્રધ્ધા થઈ ગઈ હતી. ભૈયા પાંવ મેં ગિરને કી કોઈ બાત નહીં ! ચલો મૈં ભી આતા હું.

આત્મભૂમીમાં ખળખળ વહી ગયેલા મૈત્રી ભાવના ઝરણાએ કરૂણાના અંકુરો પ્રકટ કર્યા. બન્ને જણા ગયા. આછો દીવો બળતો હતો. છોકરો નિશ્ચેતની જેમ પડયો હતો. લીલાશ ફેલાવાની શરૂઆત થવા માંડી હતી. રસૂલમીંયાએ હથેળીમાં પાણી લીધું નવકાર પ્રત્યે અતુટ શ્રધ્ધા. મહાત્મા પ્રત્યે અખૂટ સદ્ભાવ અને સર્વ જીવો પ્રત્યે વિશેષ કરીને એ મિંયો અને એના પુત્ર પ્રત્યે ઉછળતા મૈત્રી-કરૂણ ભાવ સાથે ત્રણ નવકાર ગણ્યા. પાણી છાંટયું અને અપૂર્વ ચમત્કાર થયો. આશ્ચર્ય ! આશ્ચર્ય ! શ્રધ્ધા ફળી. બાપ મિંયાના પ્રાણમાં પ્રાણ આવ્યા તેમજ છોકરાના દેહમાં પણ પ્રાણ આવ્યા.

જગતના સર્વ જીવોનું હિત જ ઈચ્છવું એજ મૈત્રીકરૂણા ભાવ છે.

## પ્રભુ પ્રાર્થના કેવી.....?

● ઓ પ્રભુ ! સાચ્ચેજ હું કયાંક ભૂલો પડયો છું કાં તો મેસ્મેરાઈઝ થયો છું. ગમે તે હોય પણ કયાંક મેં થાપ ખાધી છે. મારે જીવનમાં પ્રેમની જરૂર હતી. મારા દિલની સાચ્ચી જીવંત લાગણીઓ જોઈતી હતી તે માટે ફલેટ લીધો. લગ્ન કર્યા, ઐયાશી ભર્યું જીવન શરૂ કર્યું. હું શોપીંગ સેન્ટરોમાં ભટકતો રહ્યો અને નીત નવી લેટેસ્ટ ચીજો ખરીદતો રહ્યો. ફરનીચર, ગાલીચા, પડદા, કલાકૃતિઓ, આરસપહાણના પત્થરો

અને પાર વગરની સ્વાદિષ્ટ વાનગીઓ આ બધી ચીજોના મેં મોં માગ્યા દામ આપીને હું લાવ્યો. આ બધી ચીજોને મેં ખૂબ પ્રેમ કર્યો. પણ અફસોસ ઓ પ્રભુ ! શું કહું તને! મેં બધાને પ્રેમ કર્યો પરતું કોઈ પણ વસ્તુએ મને સ્હેજ પણ પ્રેમ ન કર્યો. બધી સાવ જુઠ્ઠી, જડ અને લાગણી શૂન્ય રહી મારા પૈસા પાણીમાં ગયા. ઓ મારા નાથ! તું હવે મને સદ્‌બુદ્ધિ આપ અને તારા ઉપદેશ પ્રમાણે શું જડ ચીજોને ચાટવાને બદલે જીવતા જીવોને પ્રેમ કરૂં અને એમને સુખી કરવામાં મારી સંપતિ લગાડું સાચે જ હવે મને સમજાય છે કે પ્રેમ અને લાગણી જગતના જીવો પાસેથી મળશે.

● હે પરમાત્મા આજે ઘણા બધા લોકો રાત્રે ખાય છે, બટાટા ખાય છે, પાઉંભાજી ખાય છે, આઈસ્ક્રીમ અને ચીઝ ખાય છે પ્રાણી જ પદાર્થોવાળા કસ્ટર્ડ પાવડર, જીલેટીન વાળી ચોકલેટો, માછલીના લોટવાળા બિસ્કીટો અને એવું બીજુ બધું ભેળસેળવાળું લોકો ખાય છે. પ્રભો ! તને ખાનગીમાં કહું છું કે બધા ખાય છે માટે હું પણ ખાઉં છું. એમાં બધું અભક્ષ્ય આવે છે. એ વાત હું જાણું છું. છતાં બધા ખાય છે, માટે હું પણ ખાઉં છું. પેટ ભરીને ખાઉં છું. ધર્મગુરુઓ ના પાડે તો પણ ખાઉં છું. બે હાથે ખાઉં છું. પ્રભુ ! હું તને ખાનગીમાં પૂછી લઉં છું બધા ખાય છે માટે હું પણ ખાઉં છું એમાં કશું ખોટું તો નથી કરતો ને ? આમ કરવાથી મને પાપ બંધાશે ? મારે દુર્ગતિમાં જવું પડશે ? બધા કરે માટે હું કરું છું તો એમાં મને માફી મળશે કે નહિ ? પ્રભો ! જે હોય તે ખુલાશો કરશો. આજ સુધીમાં કેટકેટલુંય પેટમાં પધરાવી દીધું. પણ હવે મારૂં મન અંદરથી ખટકવા લાગ્યું છે કે હું આ ખોટું તો નથી કરતો ને ? ઓ દીનાનાથ! જો હું ખોટું કરતો હોઉં તો રોકવાની ફરજ આપની છે. આપ જો રોકો નહિ તો પછી આપ મારા બાપ શી રીતે ? ઓ પરમ પિતા ! મને ભાનમાં લાવો, શાનમાં લાવો, મારી ભૂલો સમજાવો જેથી બધા દુર્ગુણો, દોષો, વ્યસનો તમારી કૃપાથી અને સંત પુરુષોના પુરુષાર્થથી એક દિ વિદાય થઈ જશે.

## અદ્‌ભૂત દ્રષ્ય.....!

રાજસભા ખીચોખીચ ભરાઈ છે. રાજ સિંહાસન ઉપર સજ્જ થઈને મહારાજા ધીરાજ પૃથ્વીચંદ્ર બિરાજમાન છે.

કો'ક દૂત દેશ દેશાવર ફરતો ફરતો આજે આ નગરમાં આવ્યો છે. મહારાજ એ દૂતને પૂછે છે કે દેશ દેશાવર ફરતા ફરતા અનેક નવાજૂની તારી નજરે ચઢે તે સહજ છે. બોલ તો ખરો તે એવી કોઈ આશ્ચર્યકારી ઘટના જોઈ, સાંભળી છે ખરી ? દૂત કહે છે મહારાજાધિરાજ ! શું વાત કરું ? હજુ પણ તે દ્રશ્ય મારી નજરથી દૂર ખસી શકતું નથી. એ સ્વપ્ન હતું કે સત્ય ? તેવો પ્રશ્ન મારા ચિતતંત્ર ઉપર ખળભળાટ

મચાવે છે. ન માન્યામાં આવી તેવી એક સત્ય ઘટના બની છે. રાજા કહે, બોલ બોલ જલ્દી બોલ ! એવું તે કેવું આશ્ચર્ય સર્જાયું ? દૂત કહે રાજન ! ગુણસાગર રાજકુમારથી તો આપ પરિચિત જ છો. તેમના હૃદયમાં સાધુ જીવન સ્વીકારવાની ઝંખના પડેલી હતી માતા-પિતાના આગ્રહથી લગ્ન નક્કી કરવા પડયા. અને તે રાજકુમારીઓ સાથે પાણીગ્રહણ કરવા તેઓ લગ્નની ચોરીમાં આવ્યા અને ત્યાં અજબગજનની બીના બની. જયારે હસ્તમેળાપની ક્રિયા ચાલતી હતી ત્યારે આજના વૈરાગી રાજકુમાર ગુણસાગર તો સાધુજીવન સ્વીકારવાના સ્વપ્નમાં લીન હતા બહારની ક્રિયાઓ સાથે જાણે કે તેને સબંધ જ ન હતો. કમળની જેમ નિર્લેપ તેની મુખાકૃતિ હતી.

તેનો મનમયુર બીજા દિવસે સાધુજીવન સ્વીકારવાના મનોરથો રચ્યા કરતા હતા. કાલે હું સર્વસ્વનું ત્યાગ કરીશ. પરમપિતા પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાનું સદ્ભાગ્ય મને સાંપડશે.

વિશ્વના જીવોના કચ્ચરઘાણ જયાં ડગલે ને પગલે કરવા પડે છે, તેવા સંસારરૂપી કારાવાસથી મારો છુટકારો થશે. સર્વજીવોને અભયદાન આપવાનું સદ્ભાગ્ય મને સાંપડશે.

સવારે ઉઠીને ગુરુદેવના ચરણ સ્પર્શે, મારા જીવનને પવિત્રતાનો પયગામ મળશે. તેઓશ્રીનું પડિલેહણ કરવાનો મને લાભ મળશે. ગણધર ભગંવતોએ ગુંથેલા સૂત્રોનો સ્વાધ્યાય પ્રાપ્ત થશે.

બપોરના સમયે ૪૨ દોષો રહિત નિર્દોષ ગોચરી લાવીશ. ગુરુભગવંત અને સહવર્તી સાધુ-ભગવંતોની ભક્તિનો લાભ મળશે.

સાંજે સર્વ પાપોની શુદ્ધિ કરવારૂપ પ્રતિક્રમણમાં તલ્લીન બનીશ. રાત્રે ગુરુભગવંતની વિશ્રામણા કરીને સ્વાધ્યાયમાં લીન બનીશ.

મારી માનવજીવનની પ્રત્યેક ક્ષણ જે અત્યારે નકામી જઈ રહી છે, વેડફાઈ રહી છે. તે પ્રત્યેક ક્ષણ સફળતાને વરશે ક્ષણેક્ષણે અનંતા અનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાશે. કયારે સવાર પડેને સર્વવિરતિ જીવન સ્વીકારૂં...!

આવા આવા અનેક શુભ વિચારોમાં આગળ વધતા વધતા ગુણસાગરજી સ્થળનું, સમયનું, સંભવિત ક્રિયાઓનું ભાન ભૂલી ગયા. વધુને વધુ ઉંડા, ઉતરતા ગયા. પોતાની ધારામાં...તેઓએ ક્ષપકશ્રેણી માંડી, કર્મો તેમાં ભસ્મીભૂત થવા લાગ્યા. અનંતાનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાયો અને ચારે ઘાતી કર્મોનો સમૂળગો ક્ષય કરીને તેઓ ત્યાં જ કેવલજ્ઞાન, કેવલદર્શન પામ્યા. વીતરાગ-સર્વજ્ઞ-સર્વદર્શીલ બન્યા.

હસ્ત મેળાપની ક્રિયા તેમના માટે મોક્ષમાં પ્રયાણ કરાવવામાં ઉપકારી બની, કન્યાઓ સાથે હસ્તમેળાપ કરતાં જાણે કે તેમણે શીવસુંદરી સાથે જ હસ્તમેળાપ કરી લીધો.

દેવો આવ્યા, કમળની રચના કરી સાધુવેષ આપ્યો અરે રાજન ! શું વાત કરૂં ? લગ્નની ચોરીમાં ગુણાસાગરજીને કેવળજ્ઞાન થયું એટલું જ નહિ તેમની પાછળ પાછળ તેમની સાથે જેમનો હસ્તમેળાપ થયો હતો તે તમામ કન્યાઓ પણ ધ્યાનની ધારામાં આગળ વધતાં કેવલજ્ઞાન પામી ગઈ.

આ વાતો સાંભળી રહેલો રાજા પૃથ્વીચંદ્ર વિચારોમાં ગરકાવ થઈ ગયો. નાનપણથી સર્વવિરતી જીવન સ્વીકારવાના તેને કોડ હતા. પરંતુ સ્વીકારી શકયો ન હતો તેના નસીબમાં રાજસિંહાસન હતું. પણ આ પ્રસંગે તેના વિચારધારામાં આવ્યો જોરદાર આંચકો...હું અભાગિયો ! ક્યાં સુધી હજુ આ સંસારમાં મારે ભટકવાનું છે ? પોતાના દોષો પ્રત્યેનો ધિક્કાર, ગુણસાગરના જીવનની અનુમોદના વગેરેમાં આગળ વધતા વધતા પૃથ્વીચંદ્ર રાજાએ પણ ક્ષપકશ્રેણી માંડી દીધી. ચારે ઘાતીકર્મોનો સંપૂર્ણ નાશ કરીને તેઓ પણ કેવલજ્ઞાન-કેવલદર્શન પામ્યા.

અધિકરણ સ્વરૂપ રાજસિંહાસનને તેઓએ ઉપકરણ બનાવી દીધું.

## તન કટાસણા પર મન.....!

એક સ્ત્રી હતી તે ખૂબ સમજુ અને હોંશીયાર હતી તેના સસરાને સૂતરનો ખૂબ મોટો વેપાર હતો. સૂતરને વણવા માટે તેઓ હરીજનોને સોંપતા. વેપાર બહુ મોટા પ્રમાણમાં હોવાથી તેમનું મન સતત સૂતર અને હરીજનો વચ્ચે જ અટવાયેલું રહેતું. એકવાર શેઠ સામાયિક કરવા બેઠા હતા. કોઈક ભાઈ મળવા આવ્યા, પૂછે છે કે શેઠ ઘરમાં છે ? વહુ જવાબ આપે છે કે શેઠ ઢેઢવાડે ગયા છે. પેલાભાઈ તો પાછા ગયા. સામાયિકમાં બેઠેલા સસરાજી વિચારે છે કે વહુએ કેમ આવો જવાબ આપ્યો? વહુ શાણીને સમજદાર છે તેના જવાબમાં કાંઈક રહસ્ય હોવું જોઈએ. સામાયિક પુરું થતાની સાથે જ સસરો વહુને પૂછે છે કે બેટા ! તે આવો જવાબ કેમ આપ્યો ? વહુ કહે બાપુજી તમે બેઠા હતા કટાસણા પર, પણ તમારા મોઢાના ભાવ પરથી મેં જાણ્યું કે તમારૂં મન તો કોણે કેટલું સૂતર કાંત્યું ? કોને કેટલું આપવાનું છે આ બધા વિચારોમાં ભમતું હતું. તેથી ઢેઢવાડે ગયા એમ ન કહું તો શું કહું ? સામાયિક કરતાં તો મન સમભાવમાં રહેવું જોઈએ. પ્રભુધ્યાનમાં લીન હોવું જોઈએ. જયારે આજે આપણા સામાયિકનો સંબંધ કટાસણા અને ઘડીયાળ પૂરતો બની જાય છે. સામાયિક લે ત્યારથી ઘડીયાળ તરફ નજર મંડાયેલી હોય. આવા રોજના દશ સામાયિક કરો તો પણ શાંતિ કયાંથી મળે ? બધી આરાધનાઓ સાર્થક ત્યારે જ બને જયારે મગજ વિચારોથી ખાલી થઈ જાય. ચિતમાં અનંતકાળના અજ્ઞાનતા અંધારા ભરેલા છે વિષયો-કષાયો ભરેલા છે. આને દૂર કરવા એક જ પ્રભુ નામરૂપી કિરણની જરૂર છે. થોડા

સમય માટે પણ જો પરમાત્માની સાથે જોડાણ થઈ જાય તો આપણું કલ્યાણ અવશ્ય થયા વિના ન રહે.

## ગજબનું દ્વિપક્ષી પરિવર્તન.....!

આરાધક ગાંધી અને એમના પત્ની ધૈર્યા એમના ઘરથી દૂરના વિસ્તારમાં આવેલા એક પ્રાઈવેટ નર્સિંગ હોમમાં પહોંચી ગયા. ભારે હૈયે અને ધીમા પગલે પતિ-પત્ની ડોકટરની કેબિનમાં પ્રવેશ્યા. ડો. કીસ્ટ્રી જાડી કાળી ફ્રેમના ચશ્મા ધારણ કરીને મોટી રિવોલ્વિંગ ચેરમાં માંડ સમાતા હતા.

ગાંધી ટેબલની બીજી બાજુએ પડેલી ખુરશીમાં બેઠા, ધૈર્યાબેન હજુ બેસવા જ જતા હતા ત્યાં ડોકટરનો ફોન રણકયો. ઘરેથી એમના પત્નીનો હોવો જોઈએ. બોલ ડાર્લિંગ ! શું કામ હતું ? ડોકટર સાહેબનો અવાજ મોટો અને ભારે હતો. સામેથી એમના વાઈફ શું બોલતા હશે એ અનુમાનનો વિષય હતો. પણ ડોકટરના જવાબ પરથી અનુમાન થઈ શકતું હતું.

જમવાનું ? લંચમાંને ? અત્યારે આવો સવાલ નહીં પુછવાનો. હજી હમણા તો ડબલ એગની આમ્લેટ અને બે કપ જમાવીને નીકળ્યો છું. પેટમાં જરા પણ જગ્યા નથી...હા, પણ જમવું તો પડશે જ ને ? એ અઢી વાગતા સુધીમાં તો ભૂખ...એમ કર આજે લંચમાં બટર પરોઠા અને નોનવેજ શાક બનાવી નાખજે ફોન મૂકું છું...પેશન્ટ છે.

માંસાહારી વાનગીઓનો ઉલ્લેખ સાંભળીને સામે બેઠેલા પતિ-પત્ની કંપી ઉઠયા. મનોમન નવકાર મંત્રનો રટણ કરવા લાગ્યા. ત્યાં જ ડોકટરનો અવાજ સંભળાયો પૂછતા હતા. બોલો શા માટે આવવું પડયું ?

સાહેબ તમે ગર્ભપાત કરી આપો છો ને ? ગાંધી પૂછી બેઠા, અફકોર્સ યસ. ડોકટરે કહ્યું કેમ નહિ...ગર્ભપાત કાયદેસર છે. બધા કવોલીફાઈડ ગાયનેકોલોજીસ્ટ કરી આપે છે...હું પણ...

બસ ત્યારે અમે એ માટે જ આવ્યા છીએ આ મારી પત્ની છે એને અઢી મહિનાનો ગર્ભ છે. અમારે એક દીકરો અને એક દીકરી છે. આર્થિક રીતે અમારી હાલત નબળી નથી અને એટલીબધી સધ્ધર પણ નથી પણ આ કાળઝાળ મોંઘવારીમાં ત્રીજું બાળક...

નો પ્રોબ્લેમ હમણા જ તમારી મોંઘવારીની સમસ્યા દૂર કરી આપું...એનેસ્થેસીયાને ફોન કરૂં એટલી જ વાર બેન તમે ભૂખ્યા જ આવ્યા છો ને ? સવારથી કાંઈ ખાધું પીધું નથી ને ?

ના, સાહેબ ગઈ કાલે ચોવિહાર કર્યો હતો. સૂર્યાસ્ત પછી પાણી પણ નથી પીધું અને નવકારશી પણ કરી નથી. ધૈર્યાબેને જવાબ આપ્યો.

ડોકટર ચોંકી ગયા ! ચોવિહાર ? એટલે કે તમે જૈન છો. હા સાહેબ ચૂસ્ત જૈન છીએ આરાધક ભાઈને આંખોમાંથી મજબુરીની વેદના ઉપસી આવી.

અરેરે ! જૈન શ્રાવક થઈને તમે ભૃણ હત્યા કરાવવા આવ્યા છો...આઈ એમ સો સોરી, યહ બાત કંઈ હજમ નહિ હુઈ.

શું કરીએ સાહેબ ! મજબુરીના માર્યા...! શાની મજબુરી ? તમે મોંઘવારીની વાત કરો છો ? મારા દાદાજીને આઠ સંતાનો હતા. એમની માસિક આવક પાંત્રીસ રૂપિયા હતી. તમે તો વેપારી છો બે કલાક દુકાન વધારે ખુલ્લી રાખજો. અંગત મોજમજા ઉપર કાપ મૂકી દેજો. સીનેમાને હોટલના જલસા બંધ કરી દેજો. ત્રીજા સંતાનનો ખર્ચ નીકળી જશે.

પણ તેમ ડોકટર થઈને અમને આવી સલાહ શા માટે આપો છો...હા, હું ડોકટર છું, ક્રિશ્ચન છું, માંસાહારી છું તેમ છતાં હું તમને ગર્ભપાત ન કરાવવા માટે આટલું સમજાવી રહ્યો છું કારણકે ભારતના તમામ ધર્મોને માન આપું છું. તેમાં પણ જૈન ધર્મમાં તો સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોની હત્યા કરવાની પણ ના પાડી છે. પૃથ્વી પર જનમતા તમામ જીવોને જીવવાનો અધિકાર છે તમે શ્રાવક થઈને આવી ગર્ભ હત્યા કરાવવા આવ્યા છો એ મને નથી ગમતું. તમે જો જીદ કરશો તો હું તમારૂં કામ કરી આપીશ પણ એમનું પાપ તમને અચૂક લાગશે એટલું કહી રાખું છું.

"ડોકટર સાહેબ..." અચાનક ધૈર્યાબેનના રડવાના અવાજથી વાતાવરણ ગાજી ઉઠયું. હું તો ના જ પાડતી હતી પણ આ માનતા ન હતા. તમે કહ્યું એટલે હવે...આરાધક ગાંધી પત્નીને છાની રાખવા માંડયા પછી ખિસ્સામાંથી પાકિટ કાઢીને પૂછવા લાગ્યા. સાહેબ તમારો ખૂબ ખૂબ આભાર. અમે ઘરેથી નીકળ્યા ત્યારે જ અવઢવમાં તો હતા જ. પણ તમે અમને મજબૂત બનાવી દીધા. અમે હવે બાળકને જન્મ લેવા દેશું. મોંઘવારી ગમે તેટલી વધે પણ માતૃત્વ અને પિતૃત્વથી એ કયારેય આગળ નહિં જઈ શકે.

આપની ફી ? પચ્ચાસ રૂપિયા. ડો. હસ્યા ફી તો હું જરૂર લઈશ. ભૃણ હત્યાના કામ કરતા પણ વધારે અઘરૂં કામ મેં કર્યું છે. માટે પચ્ચાસ રૂપિયા લેવાનો મને હક્ક છે.

સાહેબ ! પણ બદલામાં હું તમારી પાસે કાંઈ માંગી શકું. યસ...સાહેબ તમે પણ જીવનમાં અહિંસા ન અપનાવો ? માંસાહાર આરોગવાનું બંધ ન કરી શકો ?

ડોકટર થોડી ક્ષણ પૂરતા ચૂપ રહ્યા. જાણે પોતાના મનને સમજાવી રહ્યા હતા ! પછી નિશ્ચયાત્મક સૂરમાં બોલી ઉઠયા અલબત. સામે બેઠેલા પતિ પત્નીને ઉદેશીને નહિં પણ ઘરે જોડેલા ફોનમાં સામા છેડે પત્નીને ઉદેશીને, ડાર્લિંગ આજે મારા માટે, આજથી મારા માટે માંસાહાર વાનગી કયારેય ન બનાવીશ. કારણ જાણવું છે એ

તને ઘરે આવીને કહીશ.

અત્યારે તને ન સમજાય. કોઈએ મારું કહેલું માન્યું છે બદલામાં મારે પણ એનું કહ્યું માનવું પડશે બાય...સી યુ એટ વેજીટેરીયન લંચ.

કેવું જોરદાર દ્વિપક્ષી પરિવર્તન...અકલ્પિત...!

## કચ્છી માડુ.....!

બારે માસ રળિયામણી રહેતી કચ્છની ભોમકાનો રાજવી શિયાળાની ચડતી રાતે ડાયરો ભરીને બેઠો હતો. સૌની વચ્ચે મૂકેલા હોકાની, નાળ આમતેમ ફરતી રહેતી ઘડીક કયાં ઠરી જતી અને ઘડીક ક્યાં સળગી ઉઠતી તમાકુની વાસથી ડાયરો તરબતર થઈ રહ્યો હતો. ડાયરામાં ભેગા થયેલા કચ્છી માડુઓ, હોકાની હુંફ અને ફુંકની સાથે ભાત-ભાતની વાતો વહેતી કરતા હતા. સૌ સરવા કાન રાખીને ટહુકારો કરતા રહેતા. ત્યાં એક ચારણ તમાકુની ચિનગારીને તે જ કરતા બોલ્યો કે દાનેશ્વરી તો ઘણા જોયા પણ આપણા જગડુશા જેવો કોઈ જોયો નથી. જાણે કરણનો અવતાર.

રાજ્યમાં આવો નવરત્ન વસે છે એ વાતે રાવ રાજી થયા. પણ જગડુશાના દાનની, પોતાના દાન કરતા ય વધારે કિંમત અંકાઈ તે વાત જરા રાવને કઠી. તેમણે મનોમન નિર્ણય કર્યો કે સમયે આ વાતનું પારખું કરી જોવું. રાવે પુગને કહ્યું તારી જીભે તો સરસ્વતી બિરાજે છે એટલે તારા કહેવામાં કસર ન હોય પણ તું પારખા કરીને વાત કહે છે પછી બધી વહેતી વાતો ?

ચારણે કહ્યું પારખા લેનાર અમે કોણ ? પણ લોકવાયકા છે કે જગડુશાના દાનનો દેશમાં જોટો નથી. રાવે પૂછયું...ચારણ ! જગડુશા શાના દાન દે છે ? પુગ બોલ્યો એ તો લેનાર જાણે અને આપનાર જાણે. શેઠે દેવા માટે એક નાની બારી રાખી છે. તેના ઉપર પણ સવારે પડદો નંખાઈ જાય દાન લેવા આવનાર વ્યક્તિ પડદો જરા અળગો કરી બારીમાં હાથ લંબાવે, શેઠને મનમાં આવે તે હથેડીમાં મૂકે પણ વાતનું અચરજ એ જ છે કે દાન લેનારનો હાથ અને દિલ દાનથી ભરાઈ જાય છે. લેનારને બીજી વાર દાન લેવા આવવું પડતું નથી.

આ વાતને દિવસો વહી ગયા પણ રાવ વાતને વીસરેલા નહિ. એક દિવસ સવારે વેશ પલટો કરીને રાજવી દાન લેવા માટે જગડુશાની હવેલીએ પહોંચી ગયા. પોતાનો ક્રમ આવતાં તેમણે સૌની જેમ બારી પરનો પડદો ખસેડી નીચેથી પોતાનો હાથ દાન બારીમાં લંબાવ્યો. પણ થોડીકવાર સુધી હાથમાં કાંઈ પડયું નહિ.

રાવ વિમાસણમાં પડી ગયા કે સૌને દાન આપનાર હાથ અચકાયો કેમ ? ત્યાં રાવના હાથમાં સોનાની વીંટી પડી. રાવ વિચારમાં પડી ગયા જગડુશા કયાંક ભૂલ્યા

તો નહિ હોય ? રાવને થયું, લાવને ફરીથી અખતરો કરી જોઉં. તેઓ થોડેક આગળ જઈને પાછા આવ્યા અને ફરીથી દાન લેનારા યાચકોની હારમાં જોડાઈ ગયા થોડીક વારમાં તેમનો વારો આવતાં તેમણે પડદો સંકારીને બારીમાં નીચેથી હાથ નાખ્યો. એકધારો દાન આપી રહેલ શેઠનો હાથ વળી રોકાઈ ગયો. રાવને થયું કે શું દાનની રકમ ખૂટી કે દિલ નાનું થયું હશે ? કે પછી એનો એ હાથ દાન લેવા ફરીથી આવ્યો તે ધ્યાનમાં આવી ગયું. રાવ આમ વિચાર કરતા હતા ત્યાં તો તેમના હાથમાં સોનાનો નવલખો હાર પડયો. રાવે જગડુશાનો હાથ પકડી લેતાં પૂછયું, શેઠ દાન દેતા પાછા કેમ પડયા હતા ? એનો એ હાથ ફરીથી આવ્યું એટલે મન મોળું થઈ ગયું હતું ?

જગડુશા બારીની આડશેથી બોલ્યા. મારે મોં જોયા વિના મૌન રહીને દેવાનું વ્રત છે પણ જયારે તમે પૂછયું જ છે તો મારે કહેવું પડશે પહેલીવાર દાન લેવા માટે હાથ બારીની અંદર આવ્યો ત્યારે તેના સામુદ્રીક લક્ષણો જોઈને વિચારમાં પડયો કે હાથ દાન આપનારનો છે તેને દાન લેવા કેમ આવવું પડયું હશે. એટલે જરા રોકાયો પછી થયું કે વખતે ભીડ પડી હશે તેથી મારા હાથની આંગળી ઉપરથી વીંટી કાઢીને આપી.

તમારા હાથમાં ઉણો ઉતર્યો તેથી આવા દાનેશ્વરીને ફરીથી આવવું પડયું હશે અને હાથ લંબાવવો પડયો હશે તમારા હાથની રેખા તો જેવી શુક્રના નીચેથી નીકળીને હાથ સોંસરી છેક શનીના ગઢ સુધી પહોંચતી જોઈને વિમાસણમાં પડી ગયો કે હવે આ હાથમાં શું મૂકાય ? એટલે મેં મારા ગળામાંથી નવલખો હાર કાઢીને હાથમાં મૂકી દીધો. હજું ઓછું પડયું હોય તો અંદર આવોને જે ઠીક લાગે તે લઈ લો જેથી મારું વ્રત જળવાય.

રાવે બારી ઉપરનો પડદો ખસેડી નાંખ્યો. માથા ઉપર પહેરેલા સાફાનું છોગું જરા અળગું કર્યુ. મોં ઢાંકતો ખેસ આઘો કર્યો અને કહ્યું કે જગડુશા ! તુ તો મારા રાજયની શોભા છે. તારાથી મારૂં રાજય રળિયામણું છે. તે વીંટી હાથમાં મૂકી ત્યાં સુધી તો મને લાગ્યું કે આપણે સરખા ઉતરીએ. પણ જયારે ફરીથી દાન લેવા માટે લંબાવેલા હાથ ઉપર નવલખો હાર મૂકયો ત્યારે મને થયું કે તું મારાથી વધ્યો. હું આ કરી શકું નહિ આવું થાય તો મારા મનમાં યાચક માટે કાંઈક જુદો વિચાર આવે.

જગડુશા રાવની વાત સાંભળીને હવેલીની બહાર ખૂલ્લા પગે દોડતા આવ્યા. રાવને હાથ પકડીને હવેલીમાં લઈ ગયા અને કહ્યું કે મહારાજ આપના પ્રતાપે હું સુખી છું. રાજને ખપ પડે ત્યારે મારૂં જે કાંઈ કામ આવે તેમ લાગે તો વિના સંકોચે મંગાવી લેજો.

**દાન તો ઘણાય કરે છે. પણ આવા ભાવથી દાન કરનાર સંસારમાં દુર્લભ હોય છે કવિ કહે છે કે આ લોકમાં ચાર ચીજો દુર્લભ છે.**

**મીઠા વચનોથી અપાતું દાન, ગર્વ વિનાનું જ્ઞાન, ત્યાગના ભાવથી ભીંજાયેલી સંપતિ અને ક્ષમાથી વિભૂષિત શોર્ય.**

**ત્રણ વર્ષ દુકાળ પડશે એવું આચાર્ય ભગવંતે કહેલું તેથી અઢળક અનાજ ભરી લીધું. દુકાળ પડતા આઠસો કરોડ મણ અનાજ વિના મુલ્યે દાન કર્યું રાજાઓ પાસે અનાજ ખૂટયું એ પણ જગડુશાએ પૂરૂ પાડેલ. કુલ ૧૧૨ દાનશાળાઓ ખૂલ્લી મૂકી.**

**જગડુશા મૃત્યુ પામ્યા ત્યારે તેના માનમાં દીલ્હીના બાદશાહે માથેથી મુગટ ઉતાર્યા હતો.**

## સાધુ ભગવંતની યાદ.....?

આખા દિવસમાં તમને સાધુ ભગવંતની યાદ કયારે આવે ?

સવારે પથારીમાંથી ઉઠતા કયારેય એવો વિચાર આવ્યો કે...ધન્ય છે આ મહાત્માઓને...જીંદગીભર સંથારા ઉપર જ સૂવાનું. આપણી જેમ ડનલોપ કે અન્ય કોઈ ગાદીનો કયારેય ઉપયોગ નહિં કરવાનો.

બાથરૂમમાં અડધા કલાક સુધી સાવર નીચે ઠંડા પાણીથી ન્હાતી વખતે કયારેય એવો ભાવ આવે કે...ધન્ય છે સાધુ ભગવંતોને...જીવનભર કાચા પાણીનો સ્પર્શ કરવાનો જ નહિ, તેમજ ઠંડા કે ગરમ પાણીથી જીંદગીભર માટે સ્નાન જ નહિં કરવાનું.

કબાટ ખોલીને કપડાના ઢગલામાંથી આજે કયા કપડા પહેરશું ? એ નક્કી કરવા આપણે અડધો કલાક બગાડીએ ત્યારે કદી વિચાર આવે કે...ધન્ય છે આ ગુરુભગવંતોને...જીંદગીભર માટે કપડાની ચોઈસ જ નહિ કરવાની... આજે મહાવીરસ્વામીના શાસનને ૨૫૦૦ વર્ષ થયા ત્યારથી અત્યાર સુધી તેમજ જીંદગીના અંત સુધી કોઈ પસંદગી જ નહિં કરવાની **White & White.**

**Dinning Table** પર જમવા બેસીએ ત્યારે ચીક્કાર આઈટમો ભાણામાં ગોઠવાય તે વખતે એવો વિચાર આવે કે ધન્ય છે મહાત્માઓને...ઘરે ઘરે ફરીને જે ભિક્ષામાં મળે તે ચલાવી લેવાનું કયારેક ઓછું મળે તો તપોવૃદ્ધિ કહી નભાવી લેવાનું કોઈ ફરીયાદ નહિં.

ઘરેથી બહાર નીકળતી વખતે પગમાં ચપંલ-બુટ પહેરી વાહનમાં બેસતી વખતે કોઈ દિવસ આ રીતે યાદ કર્યા કે સાધુ ભગવંતોને ધન્ય છે ઉનાળાના ધોમધમતા તાપમાં ખુલ્લા પગે જ ચાલવાનું, થાક લાગે તો ય કયારેય વાહનમાં બેસવાનું નહિં...

આવા જુદા જુદા એંગલથી આખા દિવસમાં એકાદ વખત પણ જો આપણા જીવનમાં

આપણે સાધુ ભગવંતોને યાદ કરશું, તો સંભવ છે કે આપણું ચારિત્ર મોહનીય કર્મ ઢીલું પડયા વગર નહિ રહે.

## અતિથિ સત્કાર.....?

અગિયારમાં સૈકામાં એક રજવાડાનો રાજવી પીપા ભગત થઈ ગયો. ઉંમર વધતા એને જીવન પ્રત્યે વૈરાગ્ય પેદા થયો. રાજપાટ છોડીને દ્વારકાની જાત્રાએ જવાનો વિચાર આવ્યો. તેને ઘણી રાણીઓ હતી. બધી રાણીઓનો એણે અભિપ્રાય લીધો પણ સાથે આવવા કોઈ તૈયાર નહિ. એક અણમાનીતી રાણી સીતાબાઈ આવવા તૈયાર થઈ. પતિના પગલે પગલું દબાવતી તે નીકળી પડી.

લાંબી મુસાફરીને અંતે સૌરાષ્ટ્રના એક ગામે પહોંચ્યા. ત્યાં રાતવાસો કરવાનું થયું. સાંજનો સમય હતો. ગામના પાદરે પહોંચ્યા. એક ઘરે પૂછયું અહીં ભગતનું ઘર છે ? કોકે ટીખળમાં ઢાંગર ભગતનું ઘર બતાવ્યું. પૈસે ટકે ખૂબ ગરીબ ભગત અને ભગતાણી માંડમાંડ પોતાનું પુરું કરે પણ દિલના બન્ને ઉંચા.

ભગતને સમાચાર મળ્યા કે પોતાના ઘરે રાજસ્થાનના રાજા-રાણી રાતવાસો કરવા આવી રહ્યા છે. ભગત સામે ગયો. પ્રેમથી બંન્નેનું સ્વાગત કર્યું. કાથીના ખાટલે બેસાડયા પાણી પાયું. થોડીવાર આરામ કરવાનું કહી ઢાંગર ભગત પત્ની સાથે મસલત કરવા ઘરમાં ગયા. ઘરની પરિસ્થિતિ સાવ જુદી જ હતી. પત્નીએ કહ્યું ભગત ! ઘરમાં તો રોટલા થઈ શકે એટલો ય લોટ નથી. ઢાંગર કહે આંગણે આવેલા અતિથિ ભૂખ્યા રહેશે ? ના...ના...પત્ની બોલી તમે મુંઝાશોમાં. બીજુ ઘરમાં વેંચવા જેવું પણ કાંઈ બચ્યું નથી. મારા શરીર પર રહેલી આ છેલ્લી સાડી બચી છે તેથી તે વેંચી આવો ભગતની આંખ ભીની થઈ. એણે પૂછયું, પછી તમે શું કરશો ? હું બંધ બારણે રસોઈ કરીશ. તમે મહેમાન પાસે બેસજો પત્નીએ નીચી નજરે કહ્યું.

ઢાંગર સાડી લઈને બહાર ગયો. સાડી વેંચવાથી જે મળ્યું તેનો લોટ લઈ ઘરે આવ્યો. પત્નીએ ઝડપથી રસોઈ કરી ઢાંગરે રાજા-રાણીને પ્રેમથી જમવા બેસાડયા. રાજા ઢાંગરની ગરીબિથી અજાણ હતો. તેઓ બોલ્યા ભગત ! આજે તો આપણે ચારે જણ સાથે બેસીને જમીએ. ઢાંગરે કહ્યું તમે અતિથિ છો. અતિથિ મારે મન દેવ બરોબર છે આમ કહી ઢાંગર ભગત હાથ જોડીને ઉભો રહ્યો.

રાજાએ ભગતાણીને જોવા ઘરમાં નજર દોડાવી કયાય ન દેખાતા પૂછયું, ભગતાણી કેમ દેખાતા નથી ? ઢાંગરને થયું હવે કીધા વગર છૂટકો નથી ઢાંગરે બધી વાત કરી. રાજા દંગ થઈ ગયો. બંનેની આંખો આંસુથી છલકાઈ ગઈ અહાહા ! શું ગરીબાઈ? છતાંય શી દિલની અમિરાત ? આવી ગરીબાઈમાં પણ આવી ઉચ્ચભાવના !

પ્રસાદરૂપે બટકું રોટલું મોંમાં નાખીને બંન્ને જણા ઉભા થઈ ગયા અને કહેતા ગયા, ભગત તમે ચિંતા કરશો નહિ ભોજન તો આપણે ચારે સાથે જ કરશું. બંન્ને ગયા ઠાકર મંદીરમાં પૂજારી પાસેથી રાજાએ ઢોલક લીધો અને રાણીએ પગે ઝાંઝર બાંધ્યા. પૂજારીને કહ્યું ગામમાં જાહેર કરો આજે ગામના ચૌરે ભજન અને નૃત્ય થશે.

થોડીવારમાં આખું ગામ ભેગું થઈ ગયું રાજાએ ઢોલ હાથમાં લીધો. રાણીએ મંજીરા લીધા અને પગે બાંધેલ ઝાંઝરમાંથી તાલ દીધો. થા...થા...થૈ...થા...થા...થૈ! નૃત્ય ગીતની રમઝટ જામી. ગામના લોકો માટે ઘેર બેઠા ગંગા આવી. ગામના નગર શેઠે ખુશ થઈને પૈસા આપ્યા. આખા ગામે એનું અનુકરણ કર્યું ને પૈસાનો વરસાદ વરસાવ્યો. ઢોલક મંજીરા પૂજારીને પાછા આપ્યા. બજારમાંથી એક સાડી લઈ રાજા-રાણી ભારે સંતોષ સાથે ભગતના ઘરે પહોંચ્યા.

પીપા મહારાજે સીતારાણીને કહ્યું જાવ ! તમે ભગતાણીને સાડી પહેરાવી જમવાની તૈયારી કરો. સીતાદેવીએ ઘરમાં જઈને જોયું તો અનાજની ખાલી કોઠીમાં નિર્વસ્ત્ર થઈને ભગતાણી શરમના માર્યા ધ્રૂજતા બેઠા હતા. સીતારાણીએ જીવતી જાગતી ગરીબીના દર્શન આજે પહેલીવાર કર્યા. ભગતાણીને હાથ ઝાલીને બહાર કાઢયા. ચારે જણા સાથે જમવા બેઠા.

સવાર પડી. રાજાએ ઢાંગર ભગતની રજા માંગી. ભગતે કહ્યું, મહારાજ ! તમારી સાથે અમને જાત્રાએ ન લઈ જાવ ? રાજાએ કહ્યું ખુશીથી ચાલો, બે થી ભલા ચાર. ભગત-ભગતાણી તો રાજી રાજી થઈ ગયા. ત્યાં રસ્તામાં એક જંગલ આવ્યું. ધોમધખતા તાપમાં રાણીને તરસ લાગી આજુબાજુ કયાંય પાણી ન મળે. ઢાંગર ભગત પાણીની તપાસ કરવા નીકળ્યા. એટલામાં કયાંકથી સિંહ આવ્યો. બધા ગભરાયા પણ પીપા મહારાજ કહે ગભરાવમાં, આમાં પણ ઈશ્વરનો કાંઈ સંકેત હશે ! સિંહ થોડીવાર બેસીને આવ્યો એ જ માર્ગે પાછો ગયો. પીપા મહારાજે કહ્યું. અહીં ખોદો જરૂર પાણી નીળકશે. ચારે જણાએ ભેગા મળીને ખોદતા પાણી નીકળ્યું. એટલે એ જગ્યાનું નામ પડયું. "પીપાવાવ".

## જિગરજાન મિત્ર.....!

આપણો રોજનો જિગરજાન મિત્ર કોણ ? જાણો છો ? આપણું શરીર જેને આપણે જે જોઈએ તે, જયારે માગે ત્યારે બધું જ આપીએ છીએ. એ ગુટકા માંગે તો ગુટકા, પાન મસાલા માંગે તો પાન મસાલા. અરે એનાથી આગળ વધીને દારૂ માંગે તો તે પણ આપવા તૈયાર છો. બરોબર ને ! તમે રાત દિવસ કમાણી કોના માટે કરો છો ?

ધન મળે તો નશીબદાર કે ધર્મ મળે તે નશીબદાર ? શાસ્ત્રમાં નવનંદની વાત આવે છે તેણે નવ સોનાની ટેકરીઓ બનાવી હતી. પણ સાથે શું લઈ ગયો ? સોનું એટલે શું ? પીળી માટી કે બીજું કાંઈ ? દશ વીશ હજારની સાડી પણ આખરે તો ગાભો (કપડાનો ટુકડો) કે બીજું કાંઈ ? આવું જયારે સમજાશે ત્યારે લાગશે કે ધન નહિં હવે ધર્મ જોઈએ. જેના માટે રાત-દિવસ ભોગો આપ્યા. તેને નવડાવ્યું-ધોવડાવ્યું-ખવડાવ્યું-શણગાર્યું છતાં જયારે આ જીવને જવાનો વખત આવશે ત્યારે એ આપણી સાથે આવશે ખરૂં ? તે તો અહીંયા લાકડામાં બળી જશે ચોવીશ કલાકનો સંબંધ એક જ ક્ષણમાં ખલાસ. આ આપણા જિગરજાન મિત્રની કહાણી.

## વાર તહેવાનનો મિત્ર.....!

હવે બીજો વાર તહેવારનો મિત્ર તે છે આપણા સગા-સ્વજનો. જયારે જીવને જવાનું થશે ત્યારે આપણા સગાઓ કાંઈ કરી શકશે ખરા...જે આ લોકમાં એ નિસ્વાર્થ સંબંધ રાખતા નથી તે આપણા પરલોકનો શું વિચાર કરવાના હતા. જીવન સમાપ્ત થયું...ગયા...બાળી આવ્યા...પતી ગયું તેઓ કોઈ એમ વિચાર ખરા કે લાવો એની પાછળ કાંઈક દાન પુણ્ય કરીએ એને પરલોકમાં શાંતિ મળશે. ના એ તો એમ વિચારે કે અમારે શું લેવા દેવા...કરશે છોકરાઓ. જે કરવું હશે તે ? છોકરાઓ વિચારશે કે ગયા, નિરાંત થઈ હવે એમની પાછળ પૈસાનો ખોટો વ્યય કરીને શું કરવાનું ? તો કેટલાક સમાજના ડરને લીધે મા-બાપની પાછળ એકાદ પૂજન ભણાવી દે એટલે પતી ગયું. મા-બાપ જેટલી ચિંતા છોકરાઓ પાછળ કરે છે, તેની એક ટકો ય ચિંતા છોકરાઓ મા-બાપ માટે કરતા નથી. પરલોકની ચિંતાનો તો વિચાર જ કયાં કરવાનો અને એમાંય વળી મા-બાપ માંદા હોય, માંદગી લાંબી ચાલી હોય અને મરી જાય તો તે જ સ્વજનો છોકરાઓ કહેશે કે હાશ...! છુટયા...!

## કવચિત ઓળખાણવાળો મિત્ર.....!

ત્રીજો મિત્ર જે કવચિત ઓળખાણવાળો તે છે આપણો ધર્મ, જે સાચો મિત્ર છે. તેની સાથે આપણો સંબંધ કેવો ? દર્શન કરવા ગયા નમસ્તે...પડો રસ્તે...ક્ષણ પૂરતો જ ને.

## કલ્યાણ મિત્ર.....!

જે જન્મ મળ્યા પછી સ્વર્ગ-મોક્ષ સુધી પહોંચી શકાય તેવો દુર્લભ મનુષ્ય ભવ આમ વેડફી નાખશો તો દુઃખનો અંત કયારે આવશે ? દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરો તો

તમને સમજાય કે ધર્મ કેવો અમુલ્ય છે તમે તમારી જાતની સરખામણી તો કરો કે પેલા ઝુંપડપટ્ટીમાં વસતા લોકો કરતાં અમે કાંઈક સુખી છીએ, શા માટે ? તમારી પાસે કાંઈક વિશિષ્ટ વસ્તુ છે ધર્મ...જો કે આ ભવમાં તો ખબર નથી તમે કેવો અને કેટલો ધર્મ કરો છો ? પણ પૂર્વ જન્મમાં કરેલા ધર્મ તમને ચોક્કસ શાંતિ આપી રહ્યો છે. લક્ષ્મીને ખેંચવાની જરૂર નથી. એની મેળે આવવા દો...પુણ્ય એને ખેંચીને લાવશે...તમે તમારી મહેનતે ખેંચવા જશો તો તૂટી જશો. ન્યાય નીતીથી તમે તમારૂં કામ કરો...તેથી લક્ષ્મી સામેથી જ આવશે.

## Dr ના સંસ્કાર :

છોકરીના પિતાએ તેને પૂછયુ તારા માટે કેવો છોકરો જોઉં ? ત્યારે છોકરીએ કહ્યું કે મારી ત્રણ શરત છે એ જેને માન્ય હોય તેને હું પરણીશ.

સંયુક્ત પરિવાર જોઈએ, છોકરાને કોઈ વ્યસન ન હોવું જોઈએ, હિંદુસ્તાન માં જ રહેવાનું, પરદેશ જવાનું નહિં.

એની પસંદગીનો છોકરો દુર્ગમાં મળ્યો. પોતે મુંબઈ રહેનાર **Gold Medalist** ડોકટર છતાં દુર્ગ રહેવા ગઈ.

એક વખત એનો વર છ મહીના માટે મુંબઈ જવાનો હતો. ડોકટરે કહ્યું તમે ભલે જાવ. હું સાથે નહિ આવું હું કુટુંબ છોડીને કયાંય જવાની નથી.

મારે દવાખાનું નથી ખોલવું. હું ઘર સંભાળીશ છતાં ય કામ કરવું હશે તો હું સરકારી દવાખાનામાં રોજ બે કલાક મફત સેવા આપવા જઈશ. પૈસા તો ભગવાને ઘણા આપ્યા છે.

આજના કલીયુગના **Forward** જમાનામાં પણ આવી ભણેલી ગણેલી મુંબઈ રહેતી છોકરી મુંબઈ છોડી દુર્ગ રહેવા ગઈ...છે ને સંસ્કાર.

## કેવા ઉચ્ચ વિચારો.....!

નાનકડું ગામ છે. ધાર્મિક ભાવના ધરાવનારા પરિવારો છે. જૈનોની પુષ્કળ વસ્તી-ત્યાં એક પરીવારનો વસવાટ.

સુંદર અને સરસ મજાના પાયાના સંસ્કારોથી ઘરનું વાતાવરણ આનંદમય છે. પરમાત્મા ભક્તિ, ગુરુભક્તિ તો જાણે પરિવારના શ્વાસ અને પ્રાણ છે.

સુખમય દિવસો પસાર થઈ રહ્યા છે. પણ...અચાનક...ઓફીસનો વિશ્વાસુ માણસ આવીને બોલ્યો "શેઠજી" દુઃખદ સમાચાર છે..."કેમ શું થયું ?"

આપણે જે ભાઈ પાસેથી પૈસા લેવાના છે. તે ભાઈએ દેવાળું કાઢયું છે. આપણા

બધા પૈસા ડૂબી ગયા સમજો. "શું વાત કરે છે." ?

થોડા દિવસ પછી શેઠના ઘરમાં મોટી બિમારી આવી; એક બાજુ નુકશાન થયું. બીજી બાજુ બિમારી ! ચારે બાજુથી શેઠને ત્યાં મુસીબતોના વાદળ ઘેરાઈ ગયા.

'શું કરવું' ? શેઠ મૂઢ બની ગયા...એક દિવસ શેઠજી પહોંચ્યા ઉપાશ્રય. આચાર્ય ભગવંતને ભાવવિભોર બની વંદના કરીને પૂછયું.

"ભગવંત ! હમણા નજીકમાં પ્રતિષ્ઠા માટે કોઈ મુહૂર્ત આવે છે ?"... "કેમ ભાઈ ! ભગવાનની પ્રતિષ્ઠા કરાવવાની ભાવના છે. ?"... "હાજી, સાહેબજી ! જો સરસ મુહૂર્ત હોય તો ઘરે દેરાસર કરવાની તીવ્ર ભાવના છે."

આચાર્ય ભગવંતે સુંદર મજાનું મુહૂર્ત આપ્યું. ઘરે ભગવાન પધાર્યા હોવાથી આખા કુટુંબનો આનંદ આસમાને ઉછળતો હતો.

આ બધી પરિસ્થિતિ ઘણાં દિવસોથી એક ભાવુક જોઈ રહ્યા હતા. તેમને કાંઈ સમજ ન પડી એટલે જિજ્ઞાસાથી પેલા શેઠને પૂછયું, "આટલી બધી તકલીફ વચ્ચે તમે ઘર દેરાસર બનાવ્યું કાંઈ સમજ ન પડી."

સાચી વાત છે ! ઘણાં ય ને સમજ ન પડે એવી જ આ ઘટના છે. હકીકતમાં અત્યાર સુધી આ કુટુંબના વડીલ તરીકે હું હતો. તેથી હું ટેન્શન, ડીપ્રેશનમાં હતો. હવે ઘેર ભગવાન પધાર્યા છે. તેથી હવે ઘરના સૌથી વડીલ ભગવાન થયા. એટલે હવે બધી જવાબદારી, બધું ટેન્શન એમના માથે જેથી હવે હું ટેન્શન મુક્ત થઈ ગયો!

તારા જેવો નાથ મળ્યો પછી હવે ફીકર શા માટે ?

## કેવી સાધર્મિક ભક્તિ ભાવના :

મુંબઈમાં મહાત્મા પાસે એક ભાઈ આવ્યા. ભાઈએ કહ્યું સાહેબજી ! કોઈ સાધર્મિકને સહાય કરવી હોય તો મને જરૂરથી જણાવશો. મારે લાભ લેવો છે.

બપોરે ઉપાશ્રયમાં બીજા એક ભાઈ આવ્યા. દાઢી મૂછ વધેલા હતા, કપડાં થીગડાવાળા પહેર્યા હતા. મહાત્માને થયું કોઈક સીદાતો સાધર્મિક લાગે છે. મહાત્માએ એમને સામેથી કહ્યું; ભાગ્યશાળી ! તમારી સ્થિતિ નબળી લાગે છે. તમને સહાયની જરૂર હોય તો ખુશીથી કહેજો. જરા પણ સંકોચ રાખશો નહિ. આજે સવારે જ એક ભાઈ મને સામેથી સહાય કરવા માટે કહી ગયા છે.

એ ભાઈ એ કહ્યું સાહેબજી ! આપની વાત સાચી છે છ જણાનો મારો પરિવાર છે. મહિનાની આવક માત્ર ૧૫૦૦ રૂપીયા છે. આજકાલના વખતમાં છ જણાને નભાવવા એ અતિશય કપરૂં કામ છે.

અમે છ જણા એકાંતરે આયંબિલ કરીએ છીએ. પારણાના દિવસે એકાસણું કરીએ છીએ. મહિનામાં પંદર આયંબિલ, પંદર એકાસણા. આમ કરવામાં અમને માત્ર

બારસો રૂપિયાનો ખર્ચ આવે છે. ત્રણસો રૂપિયા રોકડા બચે છે. અત્યારે મારે એક પણ રૂપિયાની જરૂર નથી. હું જે આપની પાસે લેવા નથી આવ્યો...પણ આપને એક વિનંતિ કરવા આવ્યો છું કે...કોઈ સાધર્મિક આપની નજરમાં આવે તો મારે આ ત્રણસો રૂપિયાથી એની ભક્તિ કરવી છે. કેવી ભાવના ?

આ સાંભળતા જ મહાત્માની આંખો આસુંથી ભીની થઈ ગઈ.

## માતાની પ્રેરણાથી.....!

સાંપ્રત મહારાજા ત્રણ ખંડ જીતીને આવ્યા...જોરદાર સામૈયા સાથે રાજદરબારમાં પધાર્યા. દરબાર ખીચોખીચ ભરેલો હતો. પણ પોતાની માતાના દર્શન ન થયા.

ઘરે આવીને માતાના પગમાં પડે છે. ત્યારે માંનું મોઢું ઉદાસ હતું. તારો દીકરો ત્રણ ખંડ જીતીને આવ્યો તેનો તને કોઈ આનંદ નથી ? તું રાજદરબારમાં કેમ ન આવી ? અને ઉપરથી ઉદાસ કેમ ?

આ સાંપ્રત મહારાજાની માતાને ત્રણ ખંડ જીતીને આવેલા દીકરાની, રાજમાતા બનવાનો લ્હાવો નહોતો જોઈતો. પણ દીકરો ગુણવાન બને એટલે મારો વિનય કરે કે મને સાચવે એમ નહિં ! પણ તત્વનો જાણકાર બને, આત્મહિતની બાબતમાં આગળ વધે એવી ઈચ્છા હતી. દીકરો પાપકારી કાર્યોમાં આગળ વધે એમાં આનંદ નહોતો થતો પણ ધર્મમાં આગળ વધે ત્યારે આનંદ આવે.

અહીં માતાએ કહ્યું કે તું ત્રણ ખંડ જીતીને આવ્યો એમાં તારી માને આનંદ ન થાય. પણ તું ત્રણ ખંડને પરમાત્માના પ્રાસાદ (દેરાસર)થી મંડિત કરે તો આનંદ થાય. માતાની કેવી જોરદાર પ્રેરણા.

આવી પ્રેરણાથી સાંપ્રત મહારાજાએ અભિગ્રહ લીધો. કે જયાં સુધી દરરોજ એક જિનાલયના ખાતમૂર્હુતના સમાચાર ન મળે ત્યાં સુધી પાણી પણ નહિ વાપરૂં (જયારે આપણને તો એક નાનો પણ નિયમ લેવો હોય તો ?)

ગયા ભવમાં તેઓ ભિખારી હતા. પરંતુ એક દિવસના ચારિત્ર પાલનથી અને જિનશાસનની અદ્‌ભૂત અનુમોદના કરવાથી આ ભવમાં સાંપ્રતિ મહારાજા બન્યા.

## લક્ષ્મીવતીની ભક્તિ.....જૈન શાસનને મહાન ભેટ :

પરમાત્મા મહાવીરદેવ અને તેમના પરમ ભક્ત મહારાજા શ્રેણિક મળીને પણ જીવદયાનું પાલન ન કરાવી શક્યા, તે જીવદયા પ્રવર્તન કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી અને મહારાજા કુમાર પાળે મળીને કરાવ્યું !

આવા સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મળ્યા તેના મૂળમાં ઉદયન મંત્રીની વિચક્ષણતા

અને કુનેહ હતી. પણ જે ઉદયન મંત્રી મળ્યા, તેના મૂળમાં તો લક્ષ્મીવતી ભાવસારના હૃદયમાં રહેલી સાધર્મિક ભક્તિ નિમિત હતી.

ઉદો વાણિયો સાવ નિર્ધન બની ગયેલો, ઉપર આભ નીચે ધરતી. એક માત્ર સહારે, ભૂખથી ટળવળતા અને પરિશ્રમથી થાકેલા પત્નીને બે દીકરાઓરૂપી કુટુંબીજનોને લઈને કાંઈક સહારાની આશાએ એક નગરમાં પ્રવેશ્યો પણ નગરમાં જવું કોની પાસે? નથી કોઈ ઓળખાણ કે પહેચાણ !

દુ:ખી અને પાપી જીવો માટે આ વિશ્વાસ સહારો હોય છે. સંતો અને ભગવંતોના શરણે આવેલાને તેઓ શાંતિ આપે છે. પતિતને પાવન બનાવે છે, આશ્વાસન આપીને સાચો રાહ ચીંધે છે.

ઉદો પણ પત્ની અને બાળકોને લઈને પહોંચ્યો પરમાત્માના જીનાલયે. દર્શનાદિ કરીને શરૂ કર્યું ચૈત્યવંદન ! એક સ્તવન પૂર્ણ થતાં બીજું, ત્રીજું, ચોથું, સ્તવન લલકારવાનું ચાલુ છે. જાણે કે મંદિરમાં જેટલો સમય વધુ પસાર થાય તેટલું સારૂં ! કેમ કે બહાર નીકળીને જવું કયાં ? ખાવાનું માંગતાં દીકરાઓને શું જવાબ આપવો ? તે મૂંઝવણ છે. બહાર જતાં ઉભા થનારા પ્રશ્નો જેટલા દૂર રહે તેટલું સારૂં, એમ માનીને સમય પસાર કરવા પાંચમું સ્તવન ગાવાનું શરૂ કર્યું.

ભૂખથી ટળવળતા છોકરાઓ માતા અને પિતાના ખોળામાં ઉંઘી ગયા. ભાવવિભોર બનીને પરમાત્માની સ્તવના-વંદના આગળ વધી રહી છે. તે જીનાલયમાં દર્શનાર્થે આવેલી લક્ષ્મીવતી ભાવસારની નજરમાં આ દ્રશ્ય આવી ગયું. કો'ક સાધર્મિક આપણા નગરમાં આવ્યા લાગે છે. કયારની કેવી સુંદર ભક્તિ કરી રહ્યા છે. કોણ હશે ? કયાંથી આવ્યા હશે ? કેવા ભક્ત છે મારા સાધર્મિક છે આવા સાધર્મિકની ભક્તિનો લાભ પુણ્ય વિના ન મળે. લાવ, બહાર બેસું, તેઓ બહાર નીકળે એટલે ઘરે લઈ જાઉં !

કેવા ઉમદા વિચારો વહી રહ્યા છે. જૈન શાસનને પામેલી એક શ્રાવિકાના મનમાં. આપણને સાધર્મિક સામે મળે ત્યારે આપણી કેવી વિચારધારા હોય છે ? શું રોજ એક સાધર્મિકની ભક્તિ કરવાનો નિર્ણય કર્યો છે ખરો ? એકાદ સાધર્મિક કુટુંબને દતક લીધું છે ખરૂં ?

વર્તમાન કાળમાં કેટલી બધી મોંઘવારી, બિમારી, ગરીબી છે ઘણા સાધર્મિકોની આર્થિક પરિસ્થિતિ ખૂબ વિકટ છે ! આવક-જાવકના છેડા સરખા કરવા, કેટલાક ભાઈઓને અનિચ્છનીય માર્ગ લાચારીથી અપનાવવા પડે છે.

તેવા સમયે તેમની ઉપેક્ષા કરીને સીમલા-માથેરાન ફરવું કે ફેશન-વ્યસનમાં ચકચૂર રહેવું તે આ સાધર્મિકોની શું કુરતા ભરેલી મશ્કરી ન ગણાય તેઓ જેમના ભક્ત છે એવા પરમાત્માની જ ઉપેક્ષા કરી ન ગણાય ?

ઓ શ્રીમંતો ! તમારે બીજું કાંઈ જ કરવાનું નથી માત્ર તમારા મોજ શોખની ૧૦/૨૦ % રકમ સાધર્મિકોની તમામ જરૂરિયાત પૂરી પાડવા પૂરતી છે. તેનાથી તમને તેની શુભ ભાવનાઓ સાંપડશે, દુઆ મળશે. તેમની વધતી જતી પ્રસન્નતા તથા આર્શીવચનોથી તમને અનેક રોગોમાંથી વગર દવાએ મુક્તિ મળશે.

દર્શન કરીને બહાર નીકળેલા વાણિયાને કુટુંબસહિત લક્ષ્મીવતી પોતાના ઘરે લઈ ગઈ. ઉંચામાં ઉંચા દ્રવ્યોથી તેમની ભક્તિ કરી વાતવાતમાં તેમનું આ નગરમાં આવવાનું પ્રયોજન, વ્યવસ્થા વગેરે બધું જાણી લીધું.

ઉદો ધંધો કરી શકે તે માટે કેટલીક રકમ તથા રહેવા માટે ઉદાનું સ્વમાન સચવાય તેથી મામૂલી ભાડે મકાન આપ્યું. નીતિના પૈસા, કામ કરવાની ધગશના કારણે ઉદાનો ધંધો સારો જામ્યો. મકાન વેચાતું માંગ્યું. આ ય સાધર્મિક ભક્તિનો અવસર છે. એવું વિચારીને બહુ ઓછી કિંમતે મકાન વેચાતું આપી દીધું. પણ જ્યારે નવું મકાન બાંધવા ઉદાએ જૂનું મકાન, તોડયું, ખોદાવ્યું ત્યારે જમીનમાંથી ચરુ નીકળ્યો.

જૂઓ હવે થઈ કમાલ ! ઉદો કહે આ ચરૂ તમારા બાપદાદાએ દાટેલો છે. માટે તમારો મારાથી તો અડાય જ નહિ ! અને લક્ષ્મીવતી કહે છે કે મારૂં પુણ્ય હોત તો મને કયારનોય મળ્યો હોત, પણ તમારા પુણ્યે તમને મળ્યો છે માટે તમારો.

જુઓ કેવો નાહકનો ઝઘડો થયો છે ! આપણી શી હાલત છે ? હક્કનું ય જોઈએ છે ને હરામનું પણ જોઈએ છે ! મારૂં તે મારા બાપનું ને તારામાંય મારો ભાગ તો ખરો જ ! આવી મનોદશામાં આપણે પીડાતા તો નથી ને ?

આપણા આર્ય દેશમાં તો નાહકની લડાઈ હતી. હરામનું કોઈને ય ખપતું નથી. બેમાંથી એકે ચરુ લેવા તૈયાર ન થયું. છેવટે તે ચરુમાંથી ભવ્ય જિનાલયનું સર્જન કરવાનું નક્કી થયું !

આ વાત જયારે રાજા સિદ્ધરાજે જાણી ત્યારે આવા નીતિમાન માણસો પોતાની નગરીમાં વસે છે. એવું જાણીને સિદ્ધરાજના આનંદનો પાર ન રહ્યો. સારા માણસની કદર કરવા સિદ્ધરાજે ઉદાને પોતાનો મંત્રી બનાવ્યો.

આમ લક્ષ્મીવતીએ કરેલી ઉદાની સાધર્મિક ભક્તિએ ઉદયનમંત્રીની ભેટ ધરી. જો તેણે દેરાસરમાં ઉદાને કુટુંબસહિત જોવા છતાં. આપણી જેમ ઉપેક્ષા કરી હોત તો ઉદયન મંત્રી મળત ?

પૂજય દેવચંદ્રસૂરીજી મ.સાહેબે પાહિણી પાસેથી ચાંગાને લઈને આવ્યા. તેની જાણ જ્યારે ચાંગાના પિતા ચાચિંગને થઈ ત્યારે પોતાના દીકરાને પાછો મેળવવા તેઓ દોડતા આવ્યા. તે વખતે ઉદયનમંત્રીએ તે ચાચિંગની જોરદાર ભક્તિ કરીને પોતાના બે જુવાન જોધ દીકરાઓ તેમજ ત્રણ કરોડ સોનામહોર વગરે પહેરામણીમાં

આપવાની વાત સાથે જૈન શાસનના ચરણે તેમના દીકરા ચાંગાને સોંપી દેવાની કાકલુદી ભરી વિનંતી કરી.

અને આશ્ચર્ય સર્જાયું ! દીકરાને પાછો લેવા આવેલા ચાચિંગે કોઈ પણ બદલાની અપેક્ષા વિના ચાંગાને શાસનના ચરણે સમર્પિત કરી દીધો. પહેરામણીમાં ધોતી સિવાય કાંઈ ન લીધું. ઉદયન મંત્રીની વિચક્ષણતા-સરળતા-નમ્રતાએ શાસનને ચાંગો મળ્યો જે મોટો થઈને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રચાર્ય બન્યા. જેમણે કુમારપાળ દ્વારા અઢાર દેશમાં અમારીનો પડહ વગડાવ્યો.

આ બધાના મૂળમાં તો લક્ષ્મીવતીની સાધર્મિક ભક્તિને જ યશ આપવો રહ્યો ને...!

## તપ જીવંત ક્યારે બને.....!

શાસ્ત્રકારો કહે છે કે આ લોકની અનુકુળતા-સુખ માટે તપ ન કરાય. આવતા ભવમાં સ્વર્ગાદિ સુખની અપેક્ષાએ પણ તપ ન કરાય. માન-સન્માન-યશ-કીર્તિ વગેરેની અપેક્ષાએ પણ તપ ન કરાય, તપ તો માત્રને માત્ર કર્મ નિર્જરા માટે જ કરાય. માટે તપસ્વીએ તો પોતાના બધા યોગો સચવાય, આર્તધ્યાન, રૌદ્રધ્યાન ન થાય અને શરીર ખતમ થઈ ન જાય તેની કાળજી રાખવાપૂર્વક કોઈની પાસેથી કોઈપણ પ્રકારની અપેક્ષા રાખ્યા વિના જ તપ કરાય.

વરસીતપને જીવંત બનાવવા માટે જયારે વરસીતપની આરાધના કરવાની ભાવના થાય ત્યારે પરિવારના બધા સભ્યોને બોલાવીને જણાવવું કે, "જુઓ ! મારી વરસીતપ કરવાની ભાવના છે, પણ આ વરસીતપ મારે એવી રીતે કરવો છે કે જેનાથી કોઈને ય જરાય તકલીફ ન થાય. સાંભળો ! આપણા ઘરમાં સવારે નવકારશીમાં રોજ જે બને છે, તે જ બનાવવાનું બપોરે પણ જે રસોઈ થાય છે તે જ કરવાની. સાંજે પણ જુદા જુદા દિવસે તમે જે બનાવતા હો તે જ બનાવવાનું. મારા અત્તર વાયણાં કે પારણાંને છઠ્ઠ કે અઠ્ઠમને ધ્યાનમાં રાખીને કાંઈ જ બનાવવાની જરૂર નથી.

સવાર-બપોર-સાંજ, જયારે બધા માટે જે બન્યું હશે, તેનાથી જ મારૂં બીયાસણું કરી લઈશ. તમારા જ સમયે તમારી બનેલી વસ્તુઓથી જ મારા બીયાસણા થશે. મારા વરસીતપ નિમિતે તમારે કાંઈ જ એડજસ્ટ કરવાનું નહિ. કોઈ કોમ્પ્રોમાઈઝ કરવાનું નહિ. હું પોતે જ એડજસ્ટ થઈ જઈશ.

કયારેક છઠ્ઠનું કે અઠ્ઠમનું પારણું હશે પણ બધા બહાર ગયા હશે તો દૂધ-ચા કરીને ખાખરા સાથે હું બીયાસણું કરી લઈશ. કયારેક અત્તરવાયણું હશે પણ રવીવારના કારણે ભેળપૂરી કે પાણીપૂરી બનાવી હશે કે બધા બહાર ફરવા જવાના હોવાથી કાંઈ જ બનાવ્યું નહિં હોય તો ઘરમાં પડેલા નાસ્તા વગેરેથી હું અત્તરવાયણું કરી

લઈશ. પણ મારા તપ નિમિત્તે કોઈને કોઈ જ કાર્યક્રમ બદલવાની જરૂર નથી.

ટુંકમાં જે બન્યું હશે તે મને ચાલશે-ભાવશે-ફાવશે. મારી કોઈ ફરીયાદ નહિં હોય, ડીમાન્ડ કરીશ નહિં, એડવાઈઝ આપીશ નહિં. કમ્પેરીઝન પણ નહિં કરું. મારે તો કર્મો ખપાવવા છે. આસક્તિ તોડવી છે પરમાત્માની ભક્તિ કરવી છે તે માટે પ્રભુ આદિનાથના તપના અનુકરણરૂપે વરસીતપ કરવો છે. અને તેય કોઈનેય જરાય તકલીફ ન પડે તે રીતે કારણ કે પરમપિતા પરમાત્માની પહેલી આજ્ઞા એ છે કે કોઈને ય ત્રાસ દેશો નહિ ! પહેલા બીજાનો વિચાર કરવો બીજાના સુખે સુખી બનવું અને બીજાના દુઃખે દુઃખી બનવું.

કોઈનો એક રૂપિયો ય વરસીતપ નિમિતે લઈશ નહિ પોતાના જ ગામમાં સાદાઈ થી પારણું કરીશ. વરસીતપ નિમિતે કોઈ ફંકશન કે જાહેર કાર્યક્રમ ન રાખતાં યથાશક્તિ પ્રભુભક્તિ સાધર્મિકભક્તિ-અનુકંપાદિ કરીશ.

આવી રીતે જો પરિવારનો કોઈ સભ્ય વરસીતપ કરે તો ઘરમાં કયારેય કોઈને ય અકળામણ થાય ખરી ? ન જ થાયને ? બધાને ગમે ને ? માન વધે ને ? આવો તપ જીવંત બને કે નહિ ? બીજાને પણ આવો તપ કરવાનું મન ન થાય ?

## અકલ્પિત આશ્ચર્ય.....!

પરમોપકારી પૂજ્યપાદ ભવોદધિતારક ગુરુદેવશ્રી ચંદ્રશેખર મ.સા.ના પરમ કૃપા પાત્ર શિષ્ય મુનિરાજશ્રી હર્ષસેનવિજયજી મ.સા. પૂજ્યપાદ ગુરુદેવશ્રી પ્રવચનો તથા શિબીરોમાં ઘણીવાર કહેતા કે "દુનિયામાં અનેકોનું નાવ પાણીમાં ય ચાલતું નથી ત્યારે મારું નાવ રેતીમાં પણ સડસડાટ ચાલે છે. તેમાં મારા આ પરમસમર્પિત મહાસંયમી શિષ્ય હર્ષસેનવિજયજીનો પ્રભાવ છે." પૂજ્યપાદ ગુરુદેવશ્રીના મુખે વારંવાર ચડી ગયેલું હતું આ મુનિવરનું નામ.

પૂજ્ય ગુરુદેવીશ્રીના શરૂઆતના સંયમ જીવનના ઘણા વર્ષો સુધી આ મહાત્માએ પડછાયાની જેમ સાથે રહીને ઉત્કૃષ્ટ સેવા કરી હતી જીવનની છેલ્લી ક્ષણ સુધી ગુરુદેવ પ્રત્યેનો અસીમ સમર્પણભાવ હતો.

એવા મુનિરાજશ્રી હર્ષસેનવિજયજી મ.સા. દીક્ષાદિનથી જ અખંડ એકાસણા, દસતિથિ લીલોતરીનો ત્યાગ, મીઠાઈ-ફરસાણ ફ્રુટનો ત્યાગ વગેરે ૧૦૮થી વધારે અભિગ્રહો હતા આખો દિવસ નવકારનો જાપ ચાલે. નવપદની અનાનુપૂર્વીનો પાઠ ચાલે. અંતર્મુખ જીવન કોઈને ઉપદેશ નહિ. બસ, પોતાનામાં મસ્ત. ચોથા આરાની વાનગી જોઈલો. કોઈ બહુ આગ્રહ કરે તો એક જ વાત કહે. "વિષય-કષાયને ઓછા કરો." કયારેક વિશિષ્ટ દિવસે કહે કે, " ચૈત્રી પુનમે ઉપવાસ કરજો, પાંચ કરોડ

ઉપવાસનો લાભ મળશે.'' વગેરે, નિંદા-વિકથા સમાચાર પત્ર વાંચન વગેરે કાંઈ જ નહિ. અરે ! કોઈપણ સમાચારો કે કોઈની પણ વાતો જાણવાની ઈચ્છા જ નહિ.

આવા ઉત્તમ મહાત્માની તેમના જીવનના છેલ્લા કેટલાક વર્ષો સેવાનો તથા છેલ્લે સમાધિ પ્રદાનનો લાભ મળ્યો. તેનો આજે ય આનંદ છે. તેઓ વારંવાર મને કહેતા, ''મેઘદર્શન મહારાજ ! મને અનશન કરાવો હવે હું વધુ જીવવાનો નથી. ભગવાન મહાવીરસ્વામીએ છેલ્લે અનશન કરવાનું કહ્યું છે મારે અનશનપૂર્વક સમાધિમાં જવું છે.

''મેઘદર્શન મહારાજ ! મને કાંઈક સંભળાવો ને ? મને આરાધના કરાવો ને ?'' હું ચમક્યો ! પૂછ્યું, 'કાંઈ તકલીફ છે ? કોઈ પીડા થાય છે ? કોઈ મુંઝવણ છે ? એકાએક કાંઈક સાંભળવાની વાત કેમ ?

ત્યારે શ્રી હર્ષસેનવિજયજી મ. સાહેબે કહ્યું, ''ના, કાંઈ જ તકલીફ નથી કોઈ જ પીડા નથી પણ મનમાં બેચેની છે. કાંઈ સૂઝતું નથી. નવકારવાળી ગણવાની પણ હાલ ઈચ્છા થતી નથી. કાંઈક સુંદર હિતશિક્ષા-પ્રભુવાણી-સ્તવન સંભળાવો ને ?''

બે-ત્રણ કલાક સુધી સુંદર આરાધના-સાધના પ્રેરણાદાયક વચનો-સમાધિ પ્રેરક વાતો કરીને બાકીના આખા દિવસ માટે જુદા જુદા મહાત્માઓને સતત સમાધિમય સ્તવનાદિ સંભળાવવા ગોઠવી દીધા.

મેઘદર્શન મ.સાહેબે પૂછયું ''તમારી ભાવના અનશન કરવાની હતી ને ? બોલો, કરવું છે અનશન ?''

છેલ્લા મહીનામાં એકપણ વાર અનશનની વાત નહિ કરનારા તેઓ આ શબ્દો સાંભળતાં જ અત્યંત આનંદિત બન્યા. તેમની રોમરાજી વિકસ્વર થઈ ગઈ. ખુશખુશાલ બનીને તેમણે કહ્યું, ખરેખર ? તો કરાવો મને અનશન. મારે અનસન કરવું જ છે તમે મને સમાધિ આપજો, તમને પણ સમાધિ મળશે.''

મેઘદર્શન મ.સાહેબે કહ્યું ''તમારી ભાવનાની કદર કરું છું તમે મને વારંવાર અનશન કરાવવાનું કહેતા હતા ને ! પણ હું તમને અવસરે અનશન કરાવવાની વાત કરતો હતો. આજે અવસર આવ્યો છે. મેં પૂજ્યપાદ ગુરુદેવશ્રીને પૂછાવી લીધું છે. તેમની સંમતિ-આશિષ મળી ગયા છે. તેમણે બે મુહૂર્ત મોકલ્યા છે આશો સુદ-૧૩ અને પૂનમ.

શ્રી હર્ષસેનવિજયજી મ.સાહેબે આસો સુદ-૧૩થી જ અનશન શરૂ કરાવવાનું કહ્યું. જાણે કે તેમના રોમેરોમ અનશન વસી ગયું હતું.

બીજા દિવસે આશો સુદ-૧૨, સૌ નવસારી પહોંચ્યા. અત્તરવાયણું-પારણું કે ભોજન જે કહો તે આ ભવનું છેલ્લુ વાપરવાનું થઈ ગયું. ચોવિહારનું પચ્ચકખાણ લીધું. આખો દિવસ તેમની અપ્રમત સાધના ચાલુ રહી. તે દરમ્યાન છેલ્લા એકાદ-

બે મહિનાની આલોચના લેવાની બાકી હતી તે લખીને તેનું પ્રાયશ્ચિત મેળવવા પૂજયપાદ ગચ્છાધિપતિશ્રીને મોકલાવી. પછી તેમણે શ્રી મેઘદર્શન મ.સા.ને કહ્યું જુઓ મારે આવતા ભવમાં મોક્ષે જ જવું છે. પણ દેવલોકમાં તો જવું જ નથી. જો હું દેવલોકમાં જાઉં અને મન લલચાઈ જાય તો મારા બીજા કેટલા બધા ભવો વધી જાય ! ના, ના મારા ભવો વધી જાય તે ન ચાલે માટે મારે દેવલોકમાં જવું નથી. પણ સમકિતી શ્રાવક કે સાધુ તો દેવલોકમાં જ જાય ને ? તો મારે શું કરવું ? તમે ઘણું ભણેલા છો, જ્ઞાની છો, મારે સાધુપણું સરસ પાળવું છે. સમક્તિ ગુમાવવું નથી અને દેવલોકમાં જવું પણ નથી તો હવે તેનો ઉપાય શું ?

શ્રી મેઘદર્શન મ.સા. કહ્યું આપ જરાય ચિંતા ન કરો કાર્મગ્રન્થિક મત પ્રમાણે સમક્તિી મનુષ્યો દેવલોકનું જ આયુષ્ય બાંધે પણ સિદ્ધાંતનો મત એવો છે કે સમક્તિી મનુષ્યો આવતા ભંવનું મનુષ્યનું આયુષ્ય પણ બાંધી શકે તેથી સમક્તિ અને સંયમ સાચવીને પણ માનવભવ મેળવી શકાય છે. ત્યાંથી સંયમની સાધના કરીને મોક્ષે પહોંચી શકાય છે.

આ સાંભળીને તો તેઓ ખુશ થઈ ગયા. બસ હવે તો આવતા ભવે મહાવિદેહમાં જન્મ લેવો છે. સીમંધરસ્વામી ભગવાન પાસે દીક્ષા લઈને જલ્દીથી મોક્ષે પહોંચી જવું છે એવા ભાવોમાં તેઓ રમવા લાગ્યા. તેમની ઉછળતી ભાવધારા અને ઉચ્ચતમ સમાધિ જોઈને મારો પણ આનંદ વધતો જતો હતો.

શ્રી હર્ષસેનવિજયજી મ.સાહેબે તરત જ પોતાના હાથે પૂજયપાદ ગુરુદેવશ્રીને પત્ર લખ્યો જેના લખાણનો ભાવ એવો હતો કે, “દેવભવમાં આપને, શાસનની સેવામાં સહાય કરવા દોડી આવવાનું વચન મેં પૂર્વે આપને આપેલું છે આ પત્રમાં પણ આપે એવી ભલામણ કરી છે પણ મોક્ષે જવાની મારી તીવ્ર ભાવના હોવાથી મને એ વચનનું પાલન કરવામાંથી મુક્તિ આપવા વિનંતિ છે. હું દેવભવના બદલે માનવભવ પામીને મોક્ષે જવા ઈચ્છું છું. તેથી તે વચન પાળી નહિ શકું તો મને ક્ષમા કરવા કૃપા કરશોજી.

પૂ. ગુરૂદેવે જણાવ્યાપૂર્વકની કસોટી લગભગ રાતે એક વાગે ખરેખર આવી. કદાચ હાર્ટએટેકનો ભયાનક હુમલો હશે. સહન ન થઈ શકે તેવી તીવ્ર પીડા તેમને થઈ. મહાત્માએ મને ઉઠાડયો. હું તેમની પાસે દોડી ગયો. ખરેખર ભયાનક વેદના હતી તેમનાથી સહન ન થાય તેવી પીડા કદાચ હશે.

મેં તેમને કહ્યું, “જરાય ચિંતા ન કરો. સામે જ હોસ્પીટલ છે. ડોકટરો સાથે આપણા સંબંધો છે. પૂર્વે બધું નક્કી થઈ ગયેલું છે. સહન ન થાય તેમ હોય તો ડોકટરો હમણાં તરત આવી જશે. હોસ્પીટલમાં ભરતી થઈ શકાશે. બધી જ ટ્રીટમેન્ટ થઈ શકશે, પણ ત્યાં ગયા પછી સમાધિ મળશે જ, તેવી ગેરંટી નથી. અહીં રહેવાથી

પીડા ભયાનક સહન કરવાની થશે પણ સમાધિ મળવાના ચાન્સ વધારે છે, તમે કહો, શું કરવું છે ?

તેમની તો વારંવાર એક જ વાત ''મને સમાધિ જોઈએ પીડા સહન કરીશ, તમે મને સમજાવો, તમે મને સંભળાવો તમે મને સમાધિ આપો. મારે હોસ્પીટલ ન જોઈએ. ડોકટર ન જોઈએ. મને તો માત્ર સમાધિ જોઈએ.

લગભગ રાત્રે દોઢથી સાડા ત્રણ સુધી લગાતાર બે કલાક ગજસુકુમાલ-ખંધકમુનિ-ઝાંઝરીયા મુનિ. મેતારજમુનિ વગેરે અનેક મહાપુરુષોના જીવનની વાતો, તેમને આવેલા ઉપસર્ગો વચ્ચે તેમણે રાખેલી સમતા-સમાધિની વાતોને સમજાવવાનું ચાલુ રાખ્યું. તેનાથી તેમની સમાધિ ખૂબ વધી તેઓની ભાવની ધારા વધુને વધુ ઉચકાતી ગઈ. સહનશક્તિ તો વધી, પણ સાથે સાથે તેમની પ્રસન્નતા તો આસમાનને આંબવા લાગી.

શુભ ભાવોની ધારા ચાલુ હતી. ટોચકક્ષાની અપ્રમતતાપૂર્વકની જાગ્રતિ હતી ત્યાં જ આયુષ્ય પૂર્ણ થતાં તેમનો આત્માપૂર્ણ સમાધિમય અવસ્થામાં મોક્ષ તરફ આગળ વધતો પરલોક તરફ પ્રયાણ કરી ગયો.

પણ અહો આશ્ચર્યમ ! કાળધર્મ થતાં જ તેમને પદ્માસને બિરાજમાન કરતી વખતે તેમની બે હથેળીઓ ભેગી કરીને પગ ઉપર વચ્ચે વારંવાર રાખવા છતાંય તે પાછી બે ઢીંચણ ઉપર નવકાર ગણવાની તેમની કાયમી અવસ્થામાં આવી જતી હતી ! શું તેમનો નવકારપ્રેમ ! કેવા તેમણે નવકાર ગણ્યા હશે ! આંગળીઓ કેવી તેમના ઉપર નવકાર ગણવા આખી જીંદગી ફરતી હશે ! તેમના બે હાથ રોજ કેવા તેમના ઢીંચણ ઉપર નવકાર ગણવા ગોઠવાતા હશે ! કે જેથી કાળધર્મ પછી પણ વારંવાર પ્રયત્નો કરવા છતાંય તેમના હાથ અને આંગળીઓ નવકાર ગણવાની પોઝીસનમાં પહોંચી જતી હતી.

પાલખીમાં તેમના પાર્થિવ દેહને બિરાજમાન કર્યા પછી પણ જયારે બે હથેળીને ખેંચીને એક-બીજા ઉપર વચ્ચે મૂકવાનો પ્રયાસ કર્યો તો તે પણ નિષ્ફળ ગયો. પાછા બને હાથ અને આંગળીઓ નવકાર ગણવાની પોઝીસનમાં પહોંચી ગઈ. કારણ કે આખી જીંદગી સતત ગણાતાં નવકારની તે પોઝીસનને છોડવા હાથ કે આંગળીઓ કોઈ પણ રીતે તૈયાર નહોતી. છેલ્લે તેમને પાલખીમાં તે જ અવસ્થામાં અગ્નિદાહ અપાયો.

૨૦૭૨ના આશો સુદ-૧૩ના પ.પૂ. શ્રી હર્ષસેનવિજયજી મ.સાહેબને ઈચ્છા મૃત્યુ મળ્યુ. તા. ૧૪-૧૦-૨૦૧૬ના કાળધર્મ પામ્યા.

## દાન એ વેપાર નથી.....!

શ્રી જમશેદજી મહેતા અનેક સામાજિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા હતા. એ સમયે કરાંચીની ડફરીન હોસ્પીટલના વધુ વિકાસ માટે ફાળો એકત્રિત

કરવા કેટલાક યુવાનો જમશેદજી પાસે આવ્યા અને ફાળો નોંધાવવા વિનંતિ કરી.

શ્રી જમસેદજીએ ફાળામાં દશ હજારની રકમ લખાવવાને બદલે, દશ હજારમાં પાંચ રૂપિયા ઓછાની રકમ નોંધાવી !

બીજા દિવસે ફંડ સમિતિના એક કાર્યકર તેમની પાસે આવ્યાને કહ્યું કે "આપે દશ હજારમાં પાંચ રૂપિયા ઓછા કેમ લખાવ્યા ? દશ હજાર પૂરા લખાવ્યા હોત તો..."

"તો મને લાભ એ થાત કે મારા નામની તક્તિ મુકાત પણ લાભની મને ખબર હોવાથી જ મેં પાંચ રૂપિયા ઓછા લખાવ્યા. મને ભગવાને સારો એવો પૈસો આપ્યો છે અને તેનો સારા કામમાં હું ઉપયોગ કરતો રહું છું. મને એમાં આનંદ આવે છે. પૈસાનો દાનમાં ઉપયોગ કરવો એમ હું માનું છું પણ પૈસાનું દાન જયારે કીર્તિની લાલચથી કરાય છે ત્યારે એ દાન મટીને એક સોદો બની જાય છે. એવો વેપાર કરવાં હું ઈચ્છતો નથી."

## આરાધના.....પ્રભાવના.....!

આજે તમે જે ધર્મની આરાધના કરો છો તે આરાધના કહેવાય. પણ એ જોઈને કોઈ એમ કહે કે ફલાણા ભાઈ કેવી સરસ આરાધના કરે છે તેને પ્રભાવના કહેવાય.

એક માજીએ ચોસઠ પહોરી પૌષધ સાથે અઠ્ઠાઈ કરી. માજીની અઠ્ઠાઈ ખૂબ શાતાપૂર્વક થઈ. માજીએ આઠમા દિવસે એક બહેનને કહ્યું કે મારા ઘરે જઈને વહુને કહેજો કે આવતી કાલે સવારે અઠ્ઠાઈનું પારણું આઠ વાગે ઘરે આવીને કરીશ, તો પારણાની તૈયારી કરી રાખે.

વહુ મોર્ડન જમાનાની હતી એને ધર્મ પ્રત્યે જરાય ભાવ નહિ. તે બહુખુશ હતી સાસુમાં ભલે અપાસરે રહે. કેવી શાંતિ છે.

આઠમો દિવસ રવિવાર હતો. વહુ રાત્રે છેલ્લા શો માં પીકચર જોવા ગઈ હતી રાત્રે બાર વાગે ઘરે આવી.

સવારે આઠ વાગે માજી ઘરે આવી. બેલ વગાડી ત્યારે વહુરાણી ઉંઘમાંથી ઉઠયા. દરવાજો ખોલ્યો અને માજીને કહ્યું કે હમણા જ ઉઠી છું એટલે પારણાની તૈયારી કરી નથી. માજી કહે કાંઈ વાંધો નહિ. હું સામાયિક લઈને બેસું છું તું તારે આરામથી બધું તૈયાર કર. આ સાંભળી વહુને નવાઈ લાગી કે સાસુ કેવા સમતાવાળા છે જરાય ગુસ્સો ન કર્યો.

આ જોઈને વહુને પણ એમ થયું કે મારે પણ ધર્મ કરવો જોઈએ. તેણીએ સાસુમાને કહ્યું કે મને પણ સામાયિક લેતા શીખવાડો તેમજ બીજી પણ ધર્મની વિધી-ક્રીયાઓ વગેરે હવેથી મને દરરોજ સમજાવશો.

સાસુમાએ જે ચોસઠ પહોરી પૌષધ સાથે અઠ્ઠાઈ કરી તે આરાધના...અને એમણે સમતા રાખી અને વહુમાં પલટો આવ્યો તે પ્રભાવના...

## કાંઈક જાણીએ.....કાંઈક પામીએ.....!

● જૈનોની કુલ વસ્તી આખી દુનીયામાં આશરે પચ્ચાસ લાખ જેવી છે. એટલે દુનિયામં દર ચૌદશો માણસે એક જૈન છે. ● સાધુ-સાધ્વીજી ભગવંતો કુલ ૧૬,૫૦૦ છે. જે માંથી લગભગ ૧૦,૩૦૦ જેવા જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘમાં છે. બાકીના ૬,૨૦૦ સ્થાનકવાસી-તેરાપંથી-દિગમ્બર વગરે મળી ને છે. અચલગચ્છમાં ૪૫ સાધુ ભગવંતો ૨૬૫ સાધ્વીજી ભગવંતો મળી કુલ ૩૧૦ નો સમુદાય છે. ● ગીતાર્થગુરુ-વિદ્યમાન શ્રુતના પારગામી સ્વ-પર શાસ્ત્રના રહસ્યોના જાણકાર ઉત્સર્ગ-અપવાદ નિશ્ચય વ્યવહાર, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના જાણકાર. ભવ આલોચના આપનાર ગુરુને શાસ્ત્રમાં અપરિશ્રાવી કહેવામાં આવે છે. માટીના ઘડામાં રહેલું પાણી ઝર્યા કરે છે. પણ તાંબાના ઘડામાં રહેલ પાણીનું એક બિંદુ પણ બહાર ન આવે તેમ સાંભળનાર તાંબાના ઘડા જેવા હોય છે. ● તીર્થ ક્ષેત્રમાં કંદમૂળ, અભક્ષ ખાનપાનનો ત્યાગ, રાત્રીભોજન નિષેધ, બ્રહ્મચર્ય પાલન આટલું તો અવશ્ય કરવું જોઈએ. અન્ય સ્થળે કરેલા પાપો તીર્થ ક્ષેત્રમાં આવતા નાશ પામે છે. પણ તીર્થક્ષેત્રમાં સેવેલા પાપો વ્રજલેપ જેવા નિકાચિત બની જતા હોય છે. ● મારી અંતર ભાવના એવી છે. મારા મનમાં સાત્વિક વિચારો લાવવા, હું હંમેશા સાત્વિક ભોજન કરીશ. જેમાં અનંતા જીવો હોય છે તેવા કંદમૂળનું હું કયારેય સેવન નહિ કરૂં તેમજ જેનાથી મારૂં શારીરીક સ્વાસ્થ્ય જોખમાય તેવી બજારૂ ચીજો-બ્રેડબટર-બિસ્કીટ-ચોકલેટ-કેક-વાસી દ્રવ્યો. અભક્ષ વસ્તુઓ આઈસ્ક્રીમ તેમજ ઠંડા પીણાઓનું કદી સેવન નહિ કરૂં જેનો મારા પ્રભુએ નિષેધ કર્યો છે તેનું સેવન મારાથી કઈ રીતે થઈ શકે ? ● **નવકારશી અને ચોવિહાર રેગ્યુલર કરવાથી મહીનામાં પંદર ઉપવાસનો લાભ થાય છે. મુઠ્ઠિસહિંઅં પચ્ચકખામિ. અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહતરાગારેણં, સવ્વસમાહિવતિયાગારેણં, વોસિરામિનું પચ્ચખાણ કરવાથી મહિનામાં સત્યાવીસ ઉપવાસનો લાભ થાય છે તમારે નવકારશીને ચોવિહારની વચ્ચે કલાકે-કલાકે જેટલી વાર ખાવું હોય તેટલી વાર ખાવાની છુટ. તમે જયારે ખાવા-પીવા બેસો ત્યારે ત્રણ નવકાર ગણીને ખાવું પીવું. પછી મોઢું સાફ કરી ઉપરોક્ત પચ્ચકખાણ લઈ લેવું. જેથી ખાઈ-પીને વગર ઉપવાસ કરે**

**મહિનામાં સત્યાવીશ ઉપવાસનો લાભ મળે છે. કર્મની નિર્જરા થાય. ● નવા પાપો બંધાતા અટકે. ● નરકના દ્વાર બંધ થાય. ● કુટુંબના ઘટકો મુખ્યત્વે ચાર છે. મા-બાપ, પતિ-પત્ની, સંતાનો અને આપણે ત્યાં કામ કરતા માણસોને પણ કૌટુંબિક પુરૂષો કહેવામાં આવ્યા છે એમની સાથેનો વ્યવહાર પણ આપણા કુટુંબિજનો જ છે એમ સમજીને જ કરવો જોઈએ. એમની તકલીફના સમયમાં પણ તમારા કુટુંબિજનોની જેમ જ ઉભા રહેવું જોઈએ.** ● મોઢામાં જતી અને મોઢામાંથી નીકળતી બે વસ્તુ છે. અનુક્રમે ભોજન અને શબ્દો આ બે વસ્તુ પર જે માણસો કાબુ કરી શકે, તેઓ ધરતી પરના જીવતા જાગતા દેવ-દેવીઓ છે ખાવાની આશક્તિ અને વાણીના અવળા પ્રયોગથી આ ધરતી પર નરક સર્જાતું હોય છે. જેણે જીભની આશક્તિને કાબુમાં લીધી એ આ જગતનો બેતાજ બાદશાહ છે. જેણે વાણીને કાબુમાં લીધી એ આ જગતનો સંસારી સાધુ છે. આ બે ગુણ ધરાવતા લોકો જ લોકપ્રિય બની શકે છે. ● રોજની બે ઘડી (૪૮ મિનિટ) કુટુંબ પરીવાર સાથે સૂતા પહેલા ભેગા બેસવું જોઈએ. એમાં સ્તવનો બોલવા, ધાર્મિક પુસ્તકનું વાંચન કરવું, ધર્મ ગોષ્ઠી કરવી. આમ બે ઘડી બેસવાથી ઘરના દરેક સભ્યોનું એક સામાયિક પણ થઈ જશે. કૌટુંબીક ભાવના વધશે. રાગ દ્વેષ ઘટશે. જેથી પરલોક સુધરશે. સદ્‌ગતિ મળશે. ● જિનપૂજા એટલે...શ્રાવકનું નિત્ય કર્તવ્ય. ભગવાનની વિતરાગતાનું અનુમોદન. ભગવાનના અનંતા ઉપકારો પ્રત્યે કૃતજ્ઞતા બતાવવાનું સાધન. દુર્ગતિના દ્વાર બંધ કરવાનું સ્પે. તાળું. પૂજકમાંથી પૂજ્ય બનવાનો ઉપાય. આવી અનંતગુણવાળી પૂજા તમારે સર્વેએ દરરોજ કરવી જોઈએ એમ નથી લાગતું ? ● જુઓ દીકરાઓ ! આપણે માનવભવ અને જૈન શાસન પામ્યા છીએ. જેથી આપણા માટે બે જ લાઈન છે કઈ ? સાયન્સ અને કોમર્સ ? ના તેની વિચારણા તો ધોરણ આઠ પછી કદાચ હોઈ શકે. પણ ૫/૬ વર્ષની ઉંમરથી જ. અરે ! સમજણા થાય ત્યારથી જ. એક તો સાધુ-સાધ્વી બનવાની અને બીજી શ્રાવક-શ્રાવિકા બનવાની. જિનશાસનમાં બે જ લાઈનની વિચારણા કરવાની. આ બંન્ને લાઈનના ફાયદા, બંન્ને લાઈનની જવાબદારીઓ બંન્ને લાઈનની યોગ્યતા, બંન્ને લાઈન માટેની પોતાની ક્ષમતા વગેરેની ખૂબ જ ગંભીરતાથી વિચારણા કરીને પછી પોતાના માટે જે લાઈન યોગ્ય જણાય તે દિશામાં આગળ વિકાસ સાધવો. ● સંયમ જીવન ઘણું મહાન છે. તેમાં છોડવાનું ઓછું છે પણ મેળવવાનું ઘણું છે. વૈરાગી આત્મા માટે સંસારી જીવન કરતાં ય અપેક્ષાએ ઘણું સહેલું સંયમ જીવન છે તે લીધા વિના ઉદ્ધાર નથી જ. આ ભવમાં-પાંચ પચ્ચાસ ભવમાં કે પાંચસો ભવમાં પણ સંયમ

જીવન સ્વીકારીને જ મોક્ષે જવાનું છે. તો આ ભવમાં જ સંયમ જીવન પામવાની તાકાત હોય, વૈરાગ્ય હોય તો કેમ ન લેવું ? માટે બની શકે તો આ ભવમાં જ જલદીથી જલદી સંયમ લઈ લેવું જોઈએ. ● આજથી જ એક શુભ શરૂઆત કરીએ. રોજ સવારે ઉઠીને બે હાથ જોડી મસ્તક નમાવીને અદ્ભૂત એવા જિનશાસનને વંદન-વંદન-વંદન ત્રણવાર બોલીયે. પછી મને જલદીથી જલદી મોક્ષ મળે. જયાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી દરેક ભવમાં મને જિનશાસન મળે તેવો સંકલ્પ કરીએ. અનંતાઅનંત તીર્થંકર ભગવંતે દેશના આપતા પહેલા "નમો તીત્થસ્સ" ઉચ્ચારે છે તો આપણે પણ દરરોજ "નમો તીત્થસ્સ" ૧ થી ૩ માળા ગણવી. ● દાનના ઘણા પ્રકાર છે. શરીરથી કોઈને મદદરૂપ થાઓ. વાણીથી કોઈને સમાધિ આપો. સમયનો ભોગ આપો. સંપતિનું દાન કરો. બધા ખર્ચ કાઢયા પછી તમારી જે નેટ આવક થતી હોય તેમાંથી ઓછા ઓછું ૧/૩ સાતક્ષેત્રમાં તેમજ અન્ય શુભ કાર્યમાં દાન કરો. ૧/૩ ધંધા માટે રાખો ૧/૩ પરીવાર માટે **Spare** માં રાખો. **a.** સંપતિ મોત પછી તમારી સાથે આવવાની નથી. **b.** સંપતિ મોત સુધી પણ તમારી સાથે રહેશે તેની કોઈ ગેરન્ટી નથી. **c.** સંપતિ તમારી સાથે છે ત્યાં સુધી શાંતિની કોઈ ગેરન્ટી નથી. ● આહાર સંજ્ઞા તોડવી એ પણ એક તપ ધર્મ છે, ખાતા પહેલા પસંદગી છોડો. ખાતી વખતે પ્રશંસા છોડો. ખાધા પછી ફરીયાદ છોડો. ● કોઈ દિવસ કોઈની પણ નિંદા કરવી નહિ તેમજ કોઈની પણ નિંદા સાંભળવી નહિ. ● વર્તમાન માટે પૈસાની **F.D.** જોઈએ, પરલોક માટે પુણ્યની **F.D.** જોઈએ અને પરમલોક માટે ધર્મની **F.D.** જોઈએ. ● મનુષ્ય ભવ દુર્લભ છે છતાં આપણને મનુષ્ય ભવ મળ્યો તે ભાગ્ય. મનુષ્ય ભવ મળ્યો, આર્ય દેશ મળ્યો ને તેમાં જૈન ધર્મ મળ્યો તે સદ્ભાગ્ય. જૈન ધર્મ મળ્યો, ધર્મ કરવાનું મન થયું, સંયમ લેવાની ઈચ્છા થઈતે સૌભાગ્ય. ● ગિરિરાજ મહિમા શ્રી સીમંધર સ્વામીએ દેશનામાં વર્ણવેલ ગિરિરાજ મહિમા-તે ભરતક્ષેત્રને ધન્ય છે કે જયાં શ્રી શત્રુંજય મહાન તીર્થ છે. અને ત્યાં રહેનાર મનુષ્યોને પણ ધન્ય છે કે જેઓ તે મહાન તીર્થની સ્પર્શના અને શ્રી જિનેશ્વર દેવની પૂજા કરે છે. જેમ સર્વ તત્વોમાં સમ્યગ્ દર્શન અને સર્વ દેવોમાં જિનેશ્વર દેવ દુર્લભ છે તેમ સર્વ તીર્થોમાં શ્રી શત્રુંજય ગિરિરાજ દુર્લભ છે. ● મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશા ચોથો આરો જ હોય. એ ભૂમિ કયારેય ભગવાન વગરની ન રહે. ત્યાં વીશ ભગવાન હોય એ દરેક ભગવાનનો ચ્યવન, જન્મ, દીક્ષા કેવલજ્ઞાન અને મોક્ષ એક જ સમયે હોય. વીશ ભગવાનનો મોક્ષ થાય એટલે બીજા વીશ ભગવાન વિહરમાન થાય. ● મેરુ પર્વતની ઉતર દિશામાં ઉતરકુરુ નામનું ક્ષેત્ર આવેલું છે. ત્યાં હંમેશા યુગલીક કાળ જ હોય છે. અહીં યુગલ પુરૂષ-સ્ત્રી રૂપે જન્મે છે દરેક યુગલ યૌવનવયમાં આવતા પતિ-પત્નીનો વ્યવહાર નિભાવે

છે. મૃત્યુના છ મહિના પહેલા માત્ર એક જવાર યુગલને જન્મ આપે છે જન્મેલા યુગલની માત્ર ઓગણપચાસ દિવસ જ સારસંભાળ લેવાની હોય છે પછી તે યુગલ આત્મનિર્ભર બને છે. ● એવી જ રીતે આપણે ત્યાં ઉત્સરપીણી કાળના છેલ્લા ત્રણ આરા અને અવસર પીણી કાળના પહેલા ત્રણ આરા મળી લગભગ અઢાર કોડાકોડી આગરોપમ સુધી યુગલિક કાળ જ હોય છે એ કાળમાં મોક્ષ નથી હોતો બાકીના લગભગ બે કોડાકોડી સાગરોપમમાં જ મોક્ષ હોય છે. ● તમે દેરાસર શું કરવા જાઓ છો ? આપણે શું કહીએ. દર્શન/પૂજા કરવા ધર્મ કરવા જઈએ છીએ. ખરેખર તો પ્રભુના ગુણોને યાદ કરવા જોઈએ એની વીતરાગતાના દર્શન કરવા જોઈએ. એમના ગુણો આપણામાં ઉતરે એવી કોશીષ કરવી જોઈએ. એ જ દેરાસર જવાનો હેતુ હોવો જોઈએ. જેથી પરમાત્માના ગુણો આપણામાં ઉતરે તો ભવાંતરમાં આપણો આત્મા પણ પરમાત્મા બની શકે અથવા સિદ્ધ ગતિને પામી શકે. ● હાલમાં જ આપણે ત્યાં એવા બે મહાત્મા થઈ ગયા. પ.પૂ.આ.ભં.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. તેમજ પ.પૂ. જંબુવિજયજી મ.સા. તેઓ દેરાસર જાય એટલે નાનું બાળક પોતાની મા સાથે વાતો કરે એમ તેઓ બન્ને મહાત્મા ભગવાન સાથે વાતો કરતા. એ પણ કોઈ ટાઈમ લીમીટ નહિ. કલાક, બે કલાક, ત્રણ કલાક, ચાર કલાક સુધી બેસી રહેતા એમને પ્રભુજી પ્રતિમા તરીકે નહોતા દેખાતા પરંતુ સાક્ષાત ભગવાન હાજર હોય એમ જ દેખાતું. સાક્ષાત પરમાત્મા મળ્યા એમ જ અનુભવતા કલાકો સુધી વાતો કરતા. ભક્તિમાં લીન બની જતા. ● યુદ્ધના મેદાનમાં પણ મહાપુરૂષો પોતાનું કર્તવ્ય ચૂકવા તૈયાર નથી હોતા. બાહુબલી અને ભરતેશ્વરનું જયારે યુદ્ધ થાય છે ત્યારે બન્ને ભાઈઓ ભગવાનની પ્રતિમાં સાથે લઈ જતા. દરરોજ સવારના ઉઠીને નાહી ધોઈને પહેલા પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરતા. યુદ્ધ ભૂમિમાં પણ પરમાત્માની પૂજા કરવાનું ચૂકતા નહિ. બધા જ સંકલેશો અને ટેન્શનોથી મુક્ત બનીને, ભાવવિભોર થઈ પ્રભુભક્તિમાં લીન બની જતા પછી તેઓ સજ્જ બનીને યુદ્ધ ભૂમિમાં જતા. ● દરેકે થાળી ધોઈને પીવી જોઈએ અને ટુવાલથી લૂછીને ધોવા નાખવી. જો જમીને સીધી ધોવા/સાફ કરવા મૂકી દયો તો એમાં ૪૮ મીનીટ પછી અસંખ્યતા જીવાત પેદા થાય છે તે બધી જીવાત ધોવાય ત્યારે મરી જાય છે ને આપણે પાપના ભાગીદાર બની જઈએ છીએ. તો એ દરરોજના પાપથી બચવા જરૂરથી થાળી ધોઈને પછી તે સાફ કરી રાખવી. ● દેરાસર આપણું ચૈત્યવંદન ચાલુ હોય ત્યારે કોઈ સાથીઓ ભૂંસી નાખે. પાટલો ખેસડી દે, લઈ લે, ચોખા ભંડારમાં નાખી દે તો પણ કાંઈ જ ન વિચારાય અરે પોતાને તેની ખબર જ પડવી ન જોઈએ. ચૈત્યવંદન કરતી વખતે સૂત્ર અર્થ અને ભગવાનમાં જ ધ્યાન હોવું જોઈએ.

## ફુડ પોઈઝન.....!

ફુડ પોઈઝનના કીસ્સા અવારનવાર જમણવારમાં બનતા હોય છે. રસોઈના વાસણો અનારનવાર ખુલ્લા પડયા હોય છે જેથી કોઈ ઝેરી જીવ રસોઈમાં પડી જાય તો આવા બનાવ બનતા હોય છે. આજકાલ બધા જમણવાર રીસોર્ટમાં રાખવા લાગ્યા છે. રીસોર્ટ એટલે જાણે જમાડનારનું સ્ટેટસ. રીસોર્ટ તો જંગલમાં જ હોય. ત્યાં તો જીવાત પુષ્કળ જ થાય તેમાં પાછું રીસેપ્શનનું જમણ રાતના જ હોય. એક તો આપણે જૈન થઈને રાત્રી ભોજન રખાય જ નહિ. તે ય પાછું રીસોર્ટ એટલે ખુલ્લામાં (પશુ-પક્ષીઓ પણ અંધારૂં થાય પછી કાંઈ ખાતા નથી.)

બની શકે તો કોઈ પણ પ્રસંગ દિવસના રખાય લગ્ન કે રીસેપ્શન પણ દિવસના ગોઠવી શકાય. તો આપણે ને આપણા મહેમાનો પણ ઘણા પાપોથી બચી જશે.

## સાધારણ ખાતાની આવક માટે.....!

૨૦૧૬માં પાલીતાણામાં શ્રમણ સંમેલનમાં ગુરુભગંવતોએ સમસ્ત જૈન સંઘને માર્ગદર્શન આપ્યો. અષ્ટ મંગલમાં જે આઠ મંગલ છે તેના અલગ અલગ ૧૪ સ્વપ્નોની જેમ આઠ મંગલ બનાવી લેવા. જેવી રીતે ૧૪ સ્વપ્નની ઘીની ઉછામણી કરીએ છીએ એ રીતે જ આની ઉછામણી કરવી અને જે આવક થાય તે સાધારણ ખાતામાં લઈ જવી. આ પદ્ધતિ અત્રે અમદાવાદમાં ઘણા બધા સંઘોમાં પર્યુષણમાં ચાલુ થઈ. જેમ ૧૪ સ્વપ્નમાં દેવદ્રવ્યની આવક થાય છે. તેવી જ રીતે આઠ મંગલમાં પણ સારી આવક થઈ જેથી સાધારણખાતું, તરબતર બન્યું.

## રાત્રે સૂતા પૂર્વે :

● પરમાત્માની સ્તુતિઓ બોલવી. પ્રાર્થના કરવી પછી ● હે પરમાત્મા ! નિંદામિ-દિવસ દરમ્યાન કરેલા પાપોની સાચા દિલથી નીંદા કરૂં છું. ● હે ભગવાન ! 'ગરિહામિ' દિવસ દરમ્યાન કરેલા પાપોની ખરા હૃદયથી ગર્હા કરૂં છું. ● હે દેવાધિદેવ ! મિચ્છા મિ દુક્કમં દિવસ દરમ્યાન કરેલા પાપોનો ભૂલોનો ભાવપૂર્વક મિચ્છામિ દુક્કડમ માગું છું. ● હે જિનેશ્વર ! 'અણુમોએમિ' દિવસ દરમ્યાન વિશ્વમાં જે કોઈ પણ સત્કાર્યો થયા હોય તે બધાની સાચા દિલથી અનુમોદના કરું છું. ● ચાર શરણનો સ્વીકાર ● હેં કૃપાના ભંડાર ! હે અનાથના નાથ ! હે અનંતાઅનંત અરિહંત પ્રભુ ! આપ જ મારૂં જીવનભર એકમેવ શરણ છો. આધિ વ્યાધિને ઉપાધિથી ઉભરાતા આ અફાટ સંસાર સાગરમાં અટવાયેલો છું અનન્યને અકાળ ભાવે આપની શરણાગતિ સ્વીકારૂ છે.

હે પ્રગટ પ્રભાવી સિદ્ધ ભગવંતો ! જીંદગીભર માટે આપ જ મારૂં સાચું શરણ છો. હલાહલ કલિયુગમાં ચોતરફથી દાઝી રહેલો હું હૃદયના સાચા ભાવપૂર્વક આપનું શરણું સ્વીકારૂં છું.

હે હિતકારી ! હે પરોપકારી ! હે ઉપકારી સાધુ ભગવંતો જીવનના છેલ્લા શ્વાસ સુધી આપ જ મારૂં સાચું શરણ છો ! કલેશો કંકાસો અને કજીયાઓથી ઉભરાતા આ સંસારમાં અંધારે અથડાતો હું હૃદયના સાચા ભાવે આપનું શરણ સ્વીકારૂં છું.

હે નોધારાના આધાર ! હે અનાથના નાથ ! હે વિશ્વમાં સર્વોત્કૃષ્ટ એવા જિન ધર્મ ! ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવયોનિતા ભવભ્રમણમાં અટવાયેલો હું આજથી મન-વચન-કાયાથી આપનું શરણું સ્વીકારૂં છું.

જો રાત્રે સૂતા પછી ખાવા પીવાનું ન હોય તો નીચે મુજબ બોલવું.

અમુક વ્રત વગરે મારે છે તેના અતિચારોને હું ટાળું છું બાકી હોય તે વ્રત નિયમ હું ગ્રહણ કરૂં છું. અઢારે પાપ સ્થાનકોને પણ એ રીતે વોસિરાવું છું ભવાન્તરમાં પણ શ્રી વીતરાગ પરમાત્માના ધર્મની આરાધના મળો.

આહાર શરીરને ઉપધિ,
પચ્ચક્કખું પાપ અઢાર.
મરણ થાય વોસિરે,
જીવું તો આગાર.

## દેવનું શરણું નહિ છોડો :

ગમે તેવી મુશ્કેલી, સમસ્યા કે પ્રોબ્લેમ આવે કયારેય પરમાત્માનું શરણ છોડશો નહિ. કવિએ કહ્યું છે જે આવે ભલેને આંધી તૂફાનો. પર્વત શિલાઓ ગબડી જાય. દાદા તારો દિવડો કદી ન બુઝાય.

એક વાત બરાબર સાંભળી લો. પ્રતિકુળતામાં પરમાત્માના ચરણે ઘણીવાર ગયા. હવે નક્કી કરો અનુકુળતામાં પણ પરમાત્માને છોડવા નથી આનો મોટો ફાયદો એ થશે...નિસ્વાર્થ ભાવે કરેલી પ્રભુની સેવાથી યા તો પ્રતિકુળતા જ નહિ આવે અને આવશે તો પ્રતિકુળતા, પ્રતિકુળતા રૂપે લાગશે નહિ.

અત્યાર સુધી બન્યું એવું છે...જેમ અનુકુળતા વધી તેમ પરમાત્માની નજીક જવાને બદલે સંસારની નજીક ગયા છીએ. અર્થાત અનુકૂળતામાં ભગવાનની ભક્તિ વધવાને બદલે સંસારના સાધનો વધ્યા છે.

યાદ કરો...સમ્રાટ સંપ્રતિ, રાજાકુમારપાળ અને મહામંત્રી વસ્તુપાળ વગેરેને...પોતાને રહેવા માટેના રાજમહેલ એક કે બે બનાવ્યા. પણ પરમાત્માના

જિનાલયોના સેંકડો/હજારો/લાખોની સંખ્યામાં બંધાવ્યા. જયારે આપણી અનુકૂળતા વધી તેમ આપણને ભગવાન યાદ નથી આવ્યા. પણ ફલેટમાંથી બંગલામાં ગયા, બગંલામાંથી ફાર્મ હાઉસમાં ગયા છીએ. ટુજીમાંથી થ્રીજી અને ફોરજી લાવ્યા. અઠવાડીયે એકવાર હોટલમાં જતાં હતાં એને બદલે બે વાર જવાનું ચાલુ થયું.

ટૂંકમાં, અનુકૂળતામાં આપણો સંસાર વધાર્યો છે અંતમાં, એક મહત્વની વાત કહી દઉં...જે માછલું માછીમારથી દૂર જાય છે તે એની જાળમાં સપડાઈ જાય છે. જે એના પગ પાસે આવીને ઉભું રહે છે. તે બચી જાય છે. બિલકુલ એમ જ જે આત્મા પરમાત્માંથી દૂર ભાગે છે. તે આ સંસારની જાળમાં ફસાઈ જાય છે અને જે પ્રભુના ચરણે આવીને ઉભો રહે છે, તે સંસારમાં ફસાતા બચી જાય છે.

## ગુરુના ચરણ નહિ છોડો :

દેવની ગેરહાજરીમાં ગુરુ એ આપણા માટે ભગવાન છે. અજૈન દર્શનમાં પણ કહ્યું છે...જે ગુરુને સામાન્ય માણસ તરીકે જુએ છે...તેની નરક સિવાય બીજી કોઈ ગતિ ન થાય.

તમારા આ લોકની ચિંતા કરનારા તો ઘણા છે, તમારા પરલોકની ચિંતા કોણ કરશે ? તમને દુર્ગતિમાં જતાં કોણ અટકાવશે ? તમને પાપના માર્ગે જતાં કોઈ રોકી શકે તો ? ગુરુ સિવાય કોઈ નહિ.

યાદ રહે, ભગવાન તમારું સાંભળવાના નથી મા-બાપનું તમે સાંભળતા નથી. ત્યારે તમને સંભળાવી શકે અને તમને સંભાળી શકે તેમ કોઈ હોય તો માત્ર ગુરુ જ છે.

અલબત પંચ મહાવ્રતધારી તમામ ગુરુભગવંતો તમારા માટે વંદનીય છે. તેમ છતાં દુનિયામાં ડોકટર્સ ઘણા હોવા છતાં ફેમીલી ડોકટર એક જ હોય છે. તેમ એક ફેમીલી ગુરુ હોવા જોઈએ. જેની પાસે તમે દિલ ખોલીને તમારી બધી જ વાત કરી શકો તમારી કાળી કિતાબ એમની પાસે ખોલી શકો.

વર્તમાનમાં ચાલતાં વિહાર સેવા ગ્રુપ એ મુખ્યત્વે સાધુ/સાધ્વીજી ભગવંતોની સુરક્ષાર્થે રચાયેલી સંસ્થા હોવા છતાં આના લાભો ઘણા થયા છે. ગુરુભગવંતો સાથે જોડાણ થવાથી ધણાના જીવનમાં નાના-મોટા અદ્‌ભુત પરિવર્તનો આવ્યા છે. રાત્રિ ભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ પરમાત્માની પૂજાના પ્રારંભથી લગાવી છેક ચારિત્ર માર્ગ સુધીનું પરાક્રમ આ યુવાનોએ દાખવ્યું છે.

અહીં બેઠેલા તમામ યુવાનોને કહેવું છે. આવતી કાલે તારી વય વધે, શક્તિ ઘટે તો વિહાર સેવા ભલે બંધ થાય. પણ જેને ગુરુ તરીકે સ્વીકાર્યો હોય. એમના ચરણ તો છોડતા જ નહિ. શાસ્ત્રમાં ત્યાં સુધી લખ્યું છે. મા-બાપ અને માલિક માત્ર આ

જન્મ પૂરતાં ઉપકારી છે. જયારે ગુરુ જન્મોજન્મના ઉપકારી હોય છે. ભવોભવ સુધી ગુરુની સેવા કરો, તોય એમના ઉપકારનો બદલો વાળી શકાતો નથી.

## ધર્મનું શરણ નહિ છોડો :

ગમે તે રીતે અનુકૂળતા કરીને પણ ધર્મ તો કરવો જ જોઈએ. મને એ નથી સમજાતું કે જેઓ નૈમિતિક ધર્મ કરે છે, તેઓ નિત્ય ધર્મ પાસે કેમ હારી જાય છે ? નૈમિતિક એટલે નિમિત પ્રસંગોને પામીને થતો ધર્મ. જયારે નિત્ય ધર્મ એટલે ડેઈલી કરવાનો ધર્મ.

ચોમાસા, પર્યુષણ વગેરેમાં સિદ્ધિતપ, માસક્ષમણ કરવું. એ નૈમિતિક ધર્મ છે. જયારે રાત્રિ ભોજન ત્યાગ કરવો; એ નિત્ય ધર્મ છે. શંખેશ્વરની પૂનમ ભરવી; એ નૈમિતિક ધર્મ છે. રોજ જિનપૂજા કરવી; એ નિત્ય ધર્મ છે. તકલીફમાં કોઈ વિશિષ્ટ મંત્રનો જાપ કરવો. એ નૈમિતિક ધર્મ છે, જયારે રોજ ૧૦૮ નવકારમંત્ર ગણવા; એ નિત્ય ધર્મ છે.

માની લો કે ઘણો પુરુષાર્થ કર્યા પછી પણ નિત્ય ધર્મની અનુકૂળતા નથી થતી તો કમસે કમ એનું સ્મરણ તો તે સમયે થવું જ જોઈએ. એટલે કે રાત્રે જમવું પડે, ત્યારે કમસે કમ એટલું તો યાદ કરો કે મારે રાત્રિભોજન ન કરાય. પ્રભુની આજ્ઞા છે...શ્રાવકથી રાત્રિભોજન ન કરાય. ધિક્કાર છે...મારે રાત્રે ખાવુ પડે છે.

રોજ જિનવાણીનું શ્રવણ શ્રાવકે અચૂક કરવું જોઈએ. સંયોગોની વિષમતાને લીધે ન થઈ શકે, તો શ્રાવક સૂતાં પૂર્વે જિનવાણી શ્રવણરૂપ ધર્મને યાદ કરી એના બદલામાં ૨૦ મિનીટ પણ ધાર્મિક પુસ્તકનું વાંચને કરીને ય આ કર્તવ્ય બજાવે.

ટૂંકમાં, જે જે ધર્મ કે કર્તવ્ય દિવસ દરમિયાન ન બજાવી શકે તો રાત્રે સૂતાં પૂર્વે તે તે ધર્મનું સ્મરણ તો અવશ્ય કરવું જ જોઈએ.

# સોળ પ્રહર દીએ દેશના (સંક્ષિપ્તમાં)

## વીર પ્રભુનો પચીસમોં ભવ :

આ અવસરપિણીકાળના ચોવીસમાં એટલે અંતિમ તીર્થંકર હતા શ્રમણ ભગવાન મહાવીર. તેઓ આ ભવમાં નંદન નામના રાજા હતા. પચીસ લાખ વર્ષનું આયુષ્ય હતું. એક લાખ વર્ષ સુધી એમણે ચારિત્ર પાળ્યું વીસ સ્થાનકની આરાધનાર્થે માસક્ષમણના પારણે માસક્ષમણ કર્યા. કુલ અગિયાર લાખ, એંસી હજાર, છસ્સો પીસ્તાલીસ માસ ક્ષમણ થયા. સાથે સમગ્ર જીવ સૃષ્ટી પર કરૂણા ભાવની હેલી વરસાવી. જેના પ્રભાવે વીરના આત્માએ તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું.

## વીર પ્રભુનો છવીસમોં ભવ :

સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ થતાં પરમાત્માનો આત્મા દશમાં પ્રાણાત નામના દેવલોકમાં પહોંચ્યો. પુષ્પાંતર નામના વિમાનમાં પ્રભુએ વીસ સાગરોપમ જેટલો કાળ દેવલોકના દેવી સુખોને ઉદાસીન ભાવે ભોગવતા પસાર કર્યો.

## પ્રભુ વીરનું ચ્યવન કલ્યાણક :

દેવલોકનું આયુષ્ય પૂર્ણ થયે આષાઢ સુદ છઠ્ઠના મંગલ દિવસે આકાશમાં ઉતર ફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો. પ્રભુનો આત્મા આ જ ભરતક્ષેત્રમાં, ભારતવર્ષમાં, મગધદેશમાં બ્રાહ્મણકુંડ ગામમાં ઋષભદતબ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાં અવતરિત થયો.

મધ્ય રાત્રીનો એ સમય હતો કાંઈક સૂતાં કાંઈક જાગતાં માતા દેવાનંદાએ ઐરાવત હાથી, વૃષભ, કેસરી સિંહ લક્ષ્મીજી આદિ ચૌદ સ્વપ્નો નિહાળ્યા, પ્રભાતે દેવાનંદાને ઋષભદતે એ સ્વપ્નોનું ફળ બતાવ્યું. એ સાંભળી દેવાનંદા હર્ષવિભોર થઈ ગઈ. પણ અફસોસ દેવાનંદાનો હર્ષ લાંબા સમય સુધી ન ટકી શકયો.

તીર્થંકરનો આત્મા કયારેય બ્રાહ્મણીની કુક્ષિથી જન્મ ન લે એ સિદ્ધાંત છે આથી જ દેવાનંદાની કુક્ષિમાં રહેલ પ્રભુનું બ્યાંસી દિવસ બાદ ત્રિશલાની કુક્ષિમાં સંક્રમણ થયું. ઈન્દ્રમહારાજાની આજ્ઞાથી હરિણગમેષીદેવે ખૂબ જ કુશળતાપૂર્વક આ કાર્ય પાર પાડયું. એ મધ્યરાત્રીએ માતા ત્રિશલાએ પણ ચૌદ સ્વપ્નો નિહાળ્યા.

મહારાણી ત્રિશલા સિદ્ધાર્થ નરેશના પત્ની હતા. રાજા સિદ્ધાર્થ ક્ષત્રિયકુંડના સ્વામી હતા. માતા ત્રિશલાની કુક્ષિમાં રહેલ. ત્રણ જ્ઞાનના ધણી પ્રભુવીરનોં કુલ નવ મહિના અને સાડા સાત દિવસનો ગર્ભવાસ પૂર્ણ થયો.

## પ્રભુ વીરનું જન્મ કલ્યાણક :

ચૈત્ર સુદ-૧૩નો એ મંગલ દિવસ હતો આકાશ ઉતર ફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો. સર્વે ગ્રહો ઉચ્ચ સ્થાનમાં બિરાજમાન હતા. દિશાઓ શાંત, સૌમ્ય અને સ્વચ્છ હતી. સુગંધી-શીતલ વાયુ વાઈ રહ્યો હતો. ધરતી ધાન્યથી સમૃદ્ધ બની હતી. નગરના નર-નારીઓ અત્યંત આનંદિત હતા...ત્યારે નીરોગી એવા ત્રિશલા માતાએ નીરોગી એવા પુત્ર રત્નને જન્મ આપ્યો.

## એક જનમ્યો રાજ દુલારો :

એક જનમ્યો રાજદુલારો, દુનિયાનો તારણહારો,
વર્ધમાનનું નામ ધરીને, પ્રગટયો તેજ સિતારો રે. એક૦
પૃથ્વી પરથી અંધકારનાં, વાદળ જાણે વિખરાયાં,
ગાવે ઉમંગે ગીત અપ્સરા, દેવોનાં મન હરખાયાં,
નારકીના જીવોએ નિરખ્યો તેજ તણો ઝબકારો રે. એક૦
ધાન વધ્યાં ધરતીના પેટે, નીર વધ્યાં સરવરીયાનાં,
ચંદ્ર સૂરજના તે જ વધ્યાં, ને સંપ વધ્યાં સૌ માનવમાં,
દુઃખના દિવસો દૂર ગયાને, આવ્યો સુખનો વારો રે. એક૦
રંક જનોના દિલમાં પ્રસર્યું; આશભરેલું અજવાળું
બેલી આવ્યો દિન દુઃખીયાનો, રહેશે ના કોઈ નોધારું
ભીડ જગતની ભાંગે એવો, સૌનો પાલનહારો રે. એક૦
વાગે છે શરણાઈ ખુશીની, સિદ્ધારથનાં આંગણીએ,
હેતે હીંચોળે, ત્રિશલા રાણી, બાલકુંવરને પારણીએ,
પ્રજા બની આનંદે ઘેલી, ઘર-ઘર ઉત્સવ પ્યારો રે. એક૦

પરમાત્માના જન્મ નિમિતે દેવલોકના દેવી-દેવતાઓ ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ અને મૃત્યુલોકના માનવોએ વિવિધ ઉત્સવો કર્યા છપ્પન દિગ્ગકુમારીકાઓએ પ્રભુનું સૂતિકર્મ કર્યું. ચોસઠ ઈન્દ્રો પ્રભુને મેરુ પર્વત પર લઈ ગયા. ત્યાં પ્રુભનો જન્માભિષેક થયો. સિદ્ધાર્થ મહારાજાએ પણ દશ દિવસનો જન્મ મહોત્સવ કર્યો. જેના માથે દેવા હતા એ સહુના દેવા દૂર કર્યા. કારાવાસમાંથી કેદીઓને મુક્ત કર્યા ગરીબોને દાન દેવાયા. ગીત, નૃત્ય અને વાજિંત્રના વિવિધ કાર્યક્રમો ગોઠવાયા. આખી નગરીને નવોઢાની જેમ શણગારવામાં આવી.

બારમાં દિવસે પ્રભુના નામકરણનો પ્રસંગ ઉજવાયો જયારે ભગવાનનો જીવ ત્રિશલારાણીની કુક્ષિમાં આવ્યો, ત્યારથી રાજા સિદ્ધાર્થના ખજાનામાં સોનું, રૂપુ, ધન, ધાન્ય આદિની અનેક રીતે વૃદ્ધિ થઈ રહી હતી. રાજ્યની સીમાનો વિસ્તાર વધી રહ્યો હતો પ્રજાના અને અન્ય રાજાઓના હૈયામાં, રાજા સિદ્ધાર્થ માટેના આદરભાવમાં, પ્રેમભાવમાં વૃદ્ધિ થઈ રહી હતી. રાજ પરિવાર સર્વતો મુખી વૃદ્ધિ પામતો હતો. આ તમામ બીનાઓને નજર સામે રાખી પુત્રનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું.

## પ્રભુ વીરનો સાંસારિક પરિવાર :

પ્રભુના ત્રણ નામ હતા ● વર્ધમાન ● શ્રમણ ● મહાવીર. પ્રભુના એક મોટાભાઈ હતા. નામે નંદીવર્ધન. પ્રભુની એક મોટી બેન હતી. સુદર્શના-પ્રભુના કાકાનું નામ હતું સુપાર્શ્વ. ચેડા રાજા પ્રભુના નાના હતા.

જન્મથી જ ત્રણ જ્ઞાનના સ્વામી હતા. પ્રભુ યુવાવસ્થામાં આવ્યા. યૌવનનો એમને સ્પર્શ થયો. પણ કમાલ ! સંસારના સુખો પ્રત્યે તો તેઓ વિરક્ત જ રહ્યા. ભોગાવલી કર્મના ઉદયે માતા-પિતાના અતિ આગ્રહથી પોતાની ઈચ્છા ન હોવા છતાં સંસારવાસની પ્રભુએ મુક સંમતિ આપી. રાજા સમરવીર અને રાણી પદ્માવતીની પુત્રી રાજકુમારી યશોદા સાથે પ્રભુના લગ્ન થયા પત્ની યશોદા સાથે અનાસક્ત ભાવે સંસાર સુખ ભોગવતાં એક પુત્રીનો જન્મ થયો એનું નામ પ્રિયદર્શના રાખવામાં આવ્યું.

જયારે વર્ધમાનકુમાર અઠયાવીસ વર્ષના થયા ત્યારે માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થનો સ્વર્ગવાસ થયો. મોટાભાઈ નંદીવર્ધનના આગ્રહથી વૈરાગી વર્ધમાન વધુ બે વરસ સંસારમાં રહ્યા. ત્રીસમા વર્ષમાં પ્રવેશ થતાં પ્રભુ ગૃહસ્થવાસનો ત્યાગ કરવા તત્પર થયા.

## પ્રભુવીરનું દીક્ષા કલ્યાણક :

ચારિત્ર સ્વીકારના એક વર્ષ પૂર્વે લોકાંતિક દેવોએ આવીને પ્રભુને વિનંતિ કરી...હે નાથ, આપનો જય થાવ, આપનો વિજય થાવ. આપ જગતના સર્વે જીવોનું કલ્યાણ મંગલ યાવત મોક્ષ કરે એવા ધર્મતીર્થની પ્રવર્તના કરો.

પ્રભુએ પણ અવધિજ્ઞાનથી પોતાના પ્રવજયા કાળ જાણી રોજ પ્રભાતે વર્ષીદાન આપવાનું શરૂ કર્યું. શક્ર મહારાજાના આદેશથી દેવતાઓ ધનસંપતિ લાવીને પ્રભુનો ભંડાર ભરી દેતા. એક વર્ષમાં ત્રણસો એંશી કરોડ એંશી લાખ સોનૈયાનું પ્રભુએ દાન કર્યું. એક વર્ષ પૂર્ણ થવા આવ્યું, પ્રભુનો દીક્ષા દિવસ નજીકમાં આવીને ઉભો રહ્યો.

રાજા નંદીવર્ધનકુમારે વર્ધમાનનો મહાભિનિષ્ક્રમણ મહોત્સવ આયોજીત કરેલ. દેવોએ સ્વતંત્ર મહોત્સવ ન કરતાં એમાં જ સંમિલિત થઈને એ મહોત્સવને ભવ્યા તિભવ્ય બનાવેલ. કારતક વદ દશમનું મંગલ પ્રભાત ઉગ્યું. સહુ પ્રથમ કુમાર વર્ધમાનને સ્નાન કરાવવામાં આવ્યું. ત્યાર બાદ મનોહર વસ્ત્રો અને નયનરમ્ય આકર્ષક આભૂષણો પહેરાવી ચંદ્રપ્રભા નામની સુંદર શિબિકામાં પ્રભુને બિરાજિત કર્યા. ક્ષત્રિયકુંડ નગરના હજારો નર-નારીઓના માન-સન્માનને ઝીલતા નગરની બહાર જ્ઞાન ખંડવનમાં કુમાર વર્ધમાનની શિબિકાએ પ્રવેશ કર્યો. શિબિકામાંથી ઉતરી વર્ધમાન અશોકવૃક્ષની નીચે ઉભા રહ્યા.

પ્રભુએ શરીર પરથી વસ્ત્રો અને આભુષણો ઉતાર્યા. ઈન્દ્ર મહારાજાએ પ્રભુના વામ સ્કંધ પર બહુમૂલ્ય દેવદુષ્ય-વસ્ત્ર ઠવ્યું. ત્યારબાદ પ્રભુએ સ્વયંમેવ પંચમુષ્ટી વડે સર્વ કેશનો લોચ કર્યો. ઈન્દ્રમહારાજાએ પ્રભુના કેશ વસ્ત્રમાં લઈને ક્ષીર સમુદ્રમાં પધરાવ્યા.

કુમાર વર્ધમાનનો મહાભિનિષ્ક્રમણનો સમય નજીકમાં આવી રહ્યો હતો. સૂર્યોદયથી ત્રણ પ્રહર વીતી ચૂક્યા હતા ચતુર્થ પ્રહરનો પ્રારંભ થઈ ચૂકયો હતો. ઉતર ફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો હતો. ઈન્દ્ર મહારાજાએ નર-નારીનો કોલાહલ શાંત પાડયો. પ્રભુને ચોવિહારી છઠ્ઠ હતી. આજે બીજો ઉપવાસ હતો. પ્રભુએ 'નમો સિદ્ધાણં'' કહી સર્વ સાવધના ત્યાગરૂપ ''કરેમિ સામાઈયં'' પ્રતિજ્ઞા સૂત્ર ઉચ્ચર્યું. એની સાથે પ્રભુને ચતુર્થ મન-પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

કુમાર વર્ધમાન હવે શ્રમણ વર્ધમાન બન્યા. દેવ-દેવી વિદ્યાધર-મનુષ્યોએ પ્રભુની ચોતરફ સુગંધી વાસચૂર્ણ ઉડાવ્યું. ઠેકઠેકાણે સુગંધી ધૂપની ધૂપદાનીઓ ગોઠવાઈ. પ્રભુના નામનો સમસ્ત ગગનને ગુંજાવી દે એવો ઉંચા અવાજે જય જયકાર થયો.

પ્રભુનું દીક્ષા કલ્યાક થતાની સાથે જ ફરી એકવાર જગતમાં અજવાળા થયા. નારકીના જીવોને ક્ષણભર શાતા વળી. જે દિવસે પ્રભુએ ચારિત્ર જીવન સ્વીકાર્યું...એ ધન્ય દિવસનું નામ હતું સુવ્રત અને જે મંગલ મુહૂર્તે પ્રભુએ પ્રવજ્યાનો સ્વીકાર કર્યો...એ મુહૂર્તનું નામ હતું વિજયા.

સૂર્યાસ્તને એક મુહૂર્તની વાર હતી, ત્યારે પ્રભુએ વિહારનો પ્રારંભ કર્યો. પ્રભુ એકાકી હતા કારણકે પ્રભુએ એકલાએ જ ચારિત્ર જીવન સ્વીકાર્યું હતું.

આજથી પ્રભુની ભીષ્મ સાધનાનો પ્રારંભ થયો. સાડા બાર વર્ષના છદ્મસ્તકાળ માટે પ્રભુએ પોતાની કાયાને વોસિરાવી દીધી. પ્રભુએ દેહ ઉપરનું મમત્વ ઉતારી નાખ્યું. દેવ-મનુષ્ય-તિર્યંચો દ્વારા અનુકુળ કે પ્રતિકુળ ઉપસર્ગો આવે...પ્રભુએ સમભાવથી સહન કરવાનું નક્કી કર્યું એટલું જ નહિ...ભય વગર સહન કર્યા.

**આ છે અણગાર અમારા :**

**જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા**
**આ છે અણગાર અમારા (૨)**
**દુનિયામાં જેની જોડ જડેના, એવું જીવન જીવનારા**
**આ છે અણગાર અમારા (૨)**
**સામગ્રી સુખની લાખ હતી, સ્વેચ્છાએ જેણે ત્યાગી.**
**જયવીર મહાવીર-જયવીર મહાવીર**
**સામગ્રી સુખની લાખ હતી, સ્વેચ્છાએ જેણે ત્યાગી**
**સંગાથ સ્વજનનો છોડીને, સંયમની ભિક્ષા માંગી**
**સંયમની ભિક્ષા માંગી**
**ભીક્ષાની સાથે પંચ મહાવ્રત. અંતરમાં ધરનારા**
**આ છે અણગાર અમારા (૨)**

ના પંખો વીંઝે ગરમીમાં, ના ઠંડીમાં કદી તાપે

જયવીર મહાવીર જયવીર મહાવીર

ના પંખો વીંઝે ગરમીમાં, ના ઠંડીમાં કદી તાપે

ના કાચા જળનો સ્પર્શ કરે, ના લીલોતરીને ચાંપે

ના લીલોતરીને ચાંપે

નાનામાં નાના જીવતણું, પણ સંરક્ષણ કરનારા

આ છે અણગાર અમારા (૨)

જુઠું બોલીને પ્રિય થવાનો, વિચાર પણ ના લાવે.

જયવીર મહાવીર-જયવીર મહાવીર.

જુઠું બોલીને પ્રિય થવાનો, વિચાર પણ ના લાવે,

યા મૌન રહે યા સત્ય કહે, પરિણામ ગમે તે આવે,

પરિણામ ગમે તે આવે.

જાતે ના લે કોઈ ચીજ કદી, જો આપો તો લેનારા,

આ છે અણગાર અમારા (૨)

ના સંગ્રહ હશેને કપડાનો, ના બીજા દિવસનું ખાણું,

જયવીર મહાવીર-જયવીર મહાવીર.

ના સંગ્રહ હશેને કપડાનો, ના બીજા દિવસનું ખાણું,

ના પૈસા એની જોળીમાં, ના એના નામે થાણું,

ના એના નામે થાણું.

ઓછામાં ઓછા સાધનમાં, સંતોષ ધરી રહેનારા,

આ છે અણગાર અમારા (૨)

ના છત્ર ધરે કદી તડકામાં, ના ફરે કદી વાહનમાં,

જયવીર મહાવીર-જયવીર મહાવીર.

ના છત્ર ધરે કદી તડકામાં, ના ફરે કદી વાહનમાં,

મારગ હો ચાહે કાંટાળો, પહેરે ના કદી કાંઈ પગમાં,

પહેરેના કદી કાંઈ પગમાં.

હાથેથી સઘળા-વાળ ચૂંટી, માથે મૂંડન કરનારા,

આ છે અણગાર અમારા (૨)

જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા

આ છે અણગાર અમારા (૨)

દુનિયામાં જેની જોડ જડેના, એવું જીવન જીવનારા

આ છે અણગાર અમારા (૨)

## પ્રભુ વીરની સાધના :

● પ્રભુ સાડા બાર વર્ષના છદ્મસ્તકાળમાં કયારેય ભૂમિ પર પલાંઠી વાળીને બેઠા નથી. ● પ્રભુએ પગ લાંબા કરીને નિંદ્રા લીધી નથી. ● પ્રભુ સાડા બાર વર્ષ સુધી મૌન રહ્યા. ● પ્રભુ મોટા ભાગે કાઉસગ્ગ ધ્યાનમાં રહેતા. ● પ્રભુએ એકાસણાંથી ઓછું કયારેય પચ્ચકખાણ નથી કર્યું. ● પ્રભુએ સાડાબાર વર્ષમાં ફકત અડતાલીસ મિનિટ નિંદ્રા લીધી છે. ● અરે ! કદી એક સાથે બે દિવસ એકાસણા પણ કર્યા નથી. ● તો બેથી ઓછા ઉપવાસ પણ કર્યા નથી. ● ઓછામાં ઓછું છઠ્ઠનું પચ્ચકખાણ તો કર્યું જ છે. ● પ્રભુના બધા ઉપવાસ ચોવિહારા એટલે કે નિર્જળા હતા. ● પ્રભુના બધા એકાસણાં ઠામ ચોવિહાર હતાં.

## પ્રભુવીરની વિશિષ્ટ તપસ્યા :

● એક વખત છ મહિનાના ઉપવાસ કર્યા. ● એક વખત પાંચ મહિનાને પચ્ચીસ દિવસના ઉપવાસ કર્યા. ● નવ વખત ચાર મહિનાના ઉપવાસ કર્યા. ● બે વખત ત્રણ મહિનાના ઉપવાસ કર્યા. ● બે વખત અઢી મહિનાના ઉપવાસ કર્યા. ● છ વખત બે મહિનાના ઉપવાસ કર્યા. ● બે વખત દોઢ મહિનાના ઉપવાસ કર્યા. ● બાર માસક્ષમણ કર્યા. ● બોતેર વખત પંદર દિવસના ઉપવાસ કર્યા. ● બે દિવસની ભદ્ર પ્રતિમા કરી. ● ચાર દિવસની મહાભદ્ર પ્રતિમા કરી. ● દશ દિવસની સર્વતો ભદ્ર પ્રતિમા કરી. ● બાર અઠ્ઠમ કર્યા. ● બસો ઓગણત્રીસ છઠ્ઠ કરી. ● ત્રણસો ઓગણપચાસ વખત એકાસણા કર્યા. ● એક દિવસનો દીક્ષા દિવસનો ઉપવાસ કર્યો. ● કુલ બાર વર્ષ છ મહીનાને પંદર દિવસનો સાધના કાળ હતો.

## પ્રભુવીરને છદ્મસ્થ અવસ્થામાં થયેલા ઉપસર્ગો :

● પ્રથમ વર્ષમાં કર્માર ગામે ગોવાળિયાએ ઉપસર્ગ કર્યો ને એજ વર્ષે અસ્થિક ગામમાં શૂલ પાણી યક્ષે ઉપસર્ગ કર્યો. ● બીજા વર્ષે પ્રભુને ઉતરવાચાલા નજીક ચંડ કૌશિક સર્પનો ઉપસર્ગ થયો. એજ વર્ષે સુરભિપૂરમાં સુદષ્ટ્ર દેવ દ્વારા ઉપસર્ગ થયો. ● ચોથા વર્ષે પ્રભુને ચોરાકસંનિવેશમાં કુવામાં ઝબોળ્યા. ● પાંચમા વર્ષે કલંબુકાનગરીમાં પ્રભુને માર મારીને દોરડાથી બાંધી દેવાયા ને એજ વર્ષે અનાથ પ્રદેશના વિચરણ દરમ્યાન લાઢભૂમિમાં અનેક ઉપસર્ગો થયા. ● મહાભિનિષ્ક્રમણના છઠ્ઠા વર્ષે કુપિકાસંનિવેશમાં પ્રભુને માર મારીને પકડી લેવાયા. એ જ વર્ષે શાલીશીર્ષ ગામમાં કઠપૂતના વ્યંતરી દ્વારા શીત ઉપસર્ગ થયો. ● આઠમાં વર્ષે લોહાર્ગલામાં

પ્રભુની ધરપકડ થઈ. ● નવમાં વર્ષે અનાર્યભૂમિમાં માનવકૃત અનેક ક્રૂર ઉપસર્ગો પ્રભુએ સહન કર્યા. ● અગિયારમાં વર્ષે પેઢાલ ગામના પોલાસ ચૈત્યમાં સંગમદેવ દ્વારા વીસ ઉપસર્ગો થયા. ● તેરમાં વર્ષે ગોવાળ દ્વારા કાનમાં ખીલા ઠોકવાની અને કાનમાંથી ખીલા ખેંચવાનો અતિ ભયકંર ઉપસર્ગ થયો.

## પ્રભુવીરનું કેવળજ્ઞાન કલ્યાક :

● પરમાત્માના દીક્ષા જીવનનું તેરમું વર્ષ ચાલતું હતું. ● ગ્રીષ્મ ઋતુનો સમય હતો. ● વૈશાખ મહિનાના દિવસો હતા. ● મજિઝમ પાવાથી વિહાર કરી પ્રભુ જાંભિક ગામે પધાર્યા. ● જાંભિક ગામની બહાર ઋજુવાલિકા નદી વહેતી હતી. ● નદીના કિનારે વ્યાવૃત નામનું જીર્ણ ચૈત્ય હતું. ● ચૈત્યની નજીક શ્યામક નામના ગૃહપતિનું કાષ્ઠકરણ નામનું ખેતર હતું. ● એ ખેતરમાં શાલ નામનું વૃક્ષ હતું. ● એ વૃક્ષ નીચે પ્રભુ ગોદોહિકાસન (જે મુદ્રામાં બેસીને ગાય દોહી શકાય તેવું આશન)માં બિરાજમાન થયા. ● પ્રભુને ચોવિહાર છઠ્ઠનો તપ હતો. ● વૈશાખ સુદ ૧૦ને રવિવારનો દિવસ હતો. ● સુવ્રત નામનો દિવસ હતો. ● વિજય નામનું મુહૂર્ત હતું. ● દિવસના ત્રણ પ્રહર વીતી ચૂક્યા હતા. ● ચતુર્થ પ્રહરનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. ● આકાશમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો. ● પ્રભુ આતાપના લઈ રહ્યા હતાં. ● અંતરમાં શુક્લ ધ્યાનનો અગ્નિ જલી રહ્યો હતો. ● એ સમયે પ્રભુએ ક્ષપકશ્રેણી પર આરોહણ કર્યું. ● દશમાં ગુણસ્થાનક અંતે પ્રભુએ મોહનીયકર્મનો ક્ષય કર્યો. ● પ્રભુ બારમાં ગુણસ્થાનકે પધાર્યા. ● બારમાં ગુણસ્થાનકના અંતે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અંતરાય કર્મનો ક્ષય કર્યો. ● ચાર ઘાતી કર્મનો ક્ષય થતાં જ પ્રભુને અનંત, અનુતર, અવ્યાબાધ, નિરવારણ સંપૂર્ણલોકાલોક પ્રકાશન એવા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ● પ્રભુ સર્વજ્ઞ બન્યા. ● પ્રભુ સર્વદર્શી બન્યા.

પ્રભુને કેવલજ્ઞાન થતાં સમસ્ત ચૌદ રાજલોકમાં અજવાળા થયા. નરકથી સહુ જીવોને શાતા વળી. આ બાજુ દેવલોકમાં ઈન્દ્રનું આસન કંપાયમાન થયું. એ જાણીને સર્વ દેવો આનંદિત થઈ ગયા. દેવો અને દેવેન્દ્રો પ્રભુના કેવલજ્ઞાનનો મહિમા કરવા દેવલોકથી નીચે ઉતરી પ્રભુની પાસે આવ્યા. ગીત, નૃત્ય, હાસ્ય, સ્તવના દ્વારા સહુ દેવોએ પરમાત્માની ભક્તિ કરી. ચારે નિકાયના દેવતાઓના હૈયામાં હર્ષ સમાતો ન હતો. આ રીતે પ્રભુના ચતુર્થ કલ્યાણકની દેવોએ ઉજવણી કરી.

## પ્રભુવીરની નિષ્ફળ દેશના :

ત્યારબાદ દેવોએ પ્રભુ માટે સમવસરણની રચના કરી ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓ,

દેવો અને દેવીઓ, નર અને નારીઓ સમવસરણમાં પર્ષદારૂપે ગોઠવાઈ ગયા.

સામાન્યથી એવો નિયમ છે...કોઈ પણ પરમાત્માને કેવલજ્ઞાન થયા બાદ સમવસરણમાં બેસી સહુ પ્રથમ દેશના ફરમાવે ત્યારબાદ ગણધરપદ યોગ્ય જીવોને ચારિત્ર પ્રદાન કરે. તે પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે અને ગણાધરોને ત્રીપદી પ્રદાન કરે. ગણધર ભગંવતો દ્વાદશાંગીની રચના કરે. ચૌદપૂર્વની રચના કરે અને ગણધર ભગવંતો પર વાસક્ષેપ કરી તીર્થની અનુજ્ઞા આપે. પણ આજની પર્ષદામાં કોઈ પણ વ્યક્તિ સર્વવિરતિ ગણધર પદને યોગ્ય ન હતી તેથી આજની દેશના નિષ્ફળ જવાની છે...એવું પ્રભુવીર જાણતા હતા. તેમ છતાંય જયાં જ્ઞાન ઉત્પન્ન થયુ હોય ત્યાં. ● જઘન્યથી પણ એક મુહૂર્ત રહેવું. ● દેવપૂજા સ્વીકારવી. ● સમવસરણમાં બેસીને ધર્મ દેશના આપવી...એ પ્રત્યેક તીર્થંકરનો કલ્પ-આચાર છે એમ જાણીને પ્રભુએ "નમો તિત્થસ્સ" કહી સિંહાસન પર બિરાજમાન થઈ સંક્ષેપથી ધર્મોપદેશ આપી દેશના પૂર્ણ કરી સફલારંભી ગણાતા, તારક તીર્થંકરની દેશનાની નિષ્ફળતા એ અવસરપિણીના દશ આશ્ચર્યમાનું એક આશ્ચર્ય હતું. ભવિતવ્યતાએ કરેલી ક્રૂર મજાક હતી.

## અપાપાપુરી તરફ વિહાર :

સંધ્યા ઢળી ચૂકી હતી. પ્રભુએ સમવસરણમાંથી નીચે ઉતરી મજિઝમ પાવા (અપાપાપુરી) તરફ વિહાર આદર્યો. એક રાતમાં પ્રભુએ બાર યોજનનો વિહાર કર્યો. દીક્ષા લીધા પછી પ્રભુએ એકાકી વિહાર કરેલ. એ જ રીતે પરમાત્માએ કેવલજ્ઞાન પામ્યા પછી અનંત ઐશ્વર્યના ધણી એવા પરમાત્માએ પ્રથમ વિહાર એક પણ સાધુ-સાધ્વી વગર કર્યો. કરોડો દેવતાઓ પ્રભુની સાથે હતા. પ્રભુવીર અંધારામાં રાત્રે પણ અજવાળું પાથરી દિવસનો આભાસ કરાવતા. દેવો રચિત માખણ જેવા કોમળ સુવર્ણકમળો ઉપર પગ મૂકતા મૂકતા અપાપાપુરી નગરીની બહાર આવેલ મહાસેનવન નામના ઉધાનમાં પધાર્યા.

## સમવસરણ રચના :

વૈશાખ શુદ અગિયારસનું પ્રભાત ઉગ્યું મહાસંતવનમાં દેવતાઓએ ત્રણગઢ યુક્ત સમવસરણની રચના કરી. પૂર્વ દિશા તરફના દ્વારથી પ્રભુએ સમવસરણમાં પ્રવેશ કર્યો. સિંહાસનને ત્રણ પ્રદક્ષિણા આપી 'નમો તિત્થસ્સ' કહી પ્રભુ પૂર્વા ભિમુખ સિંહાસન પર બિરાજમાન થયા વિતરાગ પરમાત્માની ધર્મદેશનાનો પ્રારંભ થયો. જળથી ભરેલા

મેઘ જેવો પ્રભુવીરનો ગંભીર સ્વર હતો. પ્રભુ દેશના યોજનગામિની અને સહુના સંસયને હરનારી હતી.

## અગિયાર બ્રાહ્મણોનું આગમન, શંકાનું સમાધાન, દીક્ષા :

બરાબર એ જ સમયે અપાપાપુરીમાં સોમિલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞ કરવા માટે ઈન્દ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણો પોતાના પરિવાર સાથે આવેલા. તે સર્વે પંડિતો ચરમ શરીરી હતા. સમવસરણ તરફ દેવોની અવરજવર જોઈને તે તમામ પંડિતો ક્રમશ સમવસરણમાં પ્રભુની પાસે ઉપસ્થિત થયા એ સહુના હૃદયમાં અલગ અલગ વિષયક શંકા હતી.

પ્રભુએ પ્રત્યેકની શંકાનું સમાધાન કર્યું. ઈન્દ્રભૂતિ આદિ અગિયાર પંડિતોએ પોતાના ૪૪૦૦ શિષ્ય પરિવાર સાથે પ્રભુ પાસે ચારિત્ર-જીવન સ્વીકાર કર્યો.

## સંઘ સ્થાપના તથા ગણધર સ્થાપના :

આ બાજુ શતાનિક રાજાના ઘરે રહેલ ચંદનાએ આકાશ માર્ગે જતા આવતા દેવોના વિમાનો જોઈ અનુમાન કર્યું જરૂર પ્રભુને કેવળજ્ઞાન થયું લાગે છે. ચંદના પ્રભુ પાસે શ્રમણી જીવન સ્વીકારવા તૈયાર થઈ ગઈ. ત્યાં નજીકમાં રહેલા દેવતાએ ચંદનાને ઉંચકીને વીર પ્રભુની પર્ષદામાં મૂકી દીધી. ચંદનાએ પ્રભુને પ્રદક્ષિણા આપી અને પ્રભુને વિનંતી કરી...હે દેવાધિદેવ ! અ સંસાર સમુદ્રમાંથી મને પાર ઉતારો. પ્રભુએ ચંદનાને ચારિત્ર જીવન આપ્યું ચંદનાની સાથે અનેક રાજપુત્રી, શ્રેષ્ઠીપુત્રી, અમાત્ય પુત્રી અને સેનાપતિની પુત્રીઓએ પણ ચારિત્રજીવન ગ્રહણ કર્યું. પ્રભુએ આ સહુમાં ચંદનાને મુખ્ય સાધ્વી બનાવી ત્યાર પછી પ્રવજયાના પાલનમાં અશક્ત એવા ઘણા નર-નારીઓને ભગવાને શ્રાવક ધર્મમાં સ્થાપન કર્યા અને પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

ત્યારબાદ ભગવાને ઈન્દ્રભૂતિ આદિ અગિયાર અણગારોને સમસ્ત ભુવનમાં રહેલા સર્વ પદાર્થોના સમૂહના સંગ્રહ સ્વરૂપ વાળી 'ઉપ્પનેઈવા, વિગનેઈવા, ધૂવેઈવા' આ ત્રીપદી આપી બીજબુદ્ધિ નિધાન અગિયારે શ્રમણોએ ત્રીપદીના આધારે દ્વાદશાંગીની અને ચૌદપૂર્વોની રચના કરી. ત્યારબાદ ઈન્દ્ર મહારાજા રત્નના થાળમાં વાસ(સુગંધી ચૂર્ણ) લઈને પ્રભુની પાસે ઉપસ્થિત થયા. અગિયાર શિષ્યો નતમસ્તક થઈને પ્રભુ સમક્ષ ઉભા રહ્યા. દેવોએ વાંજિત્રોનો નાદ બંધ કરાવ્યો. આખી પર્ષદા મૌન થઈ ગઈ. આતુરતાથી સહુનાં નયનો એકીટશે પ્રભુને નીરખવા લાગ્યાં. પ્રભુ શું બોલશે એ સાંભળવા સૌના કાન સરવા થયા. ઈન્દ્રે ધારણ કરેલા થાળમાંથી મુઠ્ઠી ભરીને વાસચૂર્ણ હાથમાં લીધું. દ્રવ્ય-ગુણ પર્યાયથી

ઈન્દ્રભૂતિ ગૌતમને હું તીર્થની અનુજ્ઞા આપું છું...એમ કહીને સ્વહસ્તે ગૌતમ સ્વામીના મસ્તક પર વાસચૂર્ણ નાખ્યું એ જ રીતે અનુક્રમે બાકીના ગણધરોને તીર્થની અનુજ્ઞા આપી અને વાસક્ષેપ કર્યો. એ સમયે આનંદિત દેવોએ પણ પ્રસન્નતાથી અગિયાર ગણધરો પર ચૂર્ણ તેમજ પુષ્પની વૃષ્ટિ કરી.

પાંચમા ગણધર સુધર્મા સ્વામી દીર્ઘ આયુષ્યવાળા હોઈ પ્રભુએ એમને આગળ કરી ગણની (ગચ્છની) અનુજ્ઞા આપી. અર્થાત પોતાની પાટે સુધર્મા સ્વામીને સ્થાપિત કર્યા. શ્રમણીઓના સંયમજીવનના નિર્વાહાર્થે આર્યા ચંદનાને પ્રવર્તિની પદે સ્થાપિત કર્યા.

પ્રથમ પ્રહર પૂર્ણ થયો. પ્રભુએ દેશના સમાપ્ત કરી. કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ થોડો સમય પ્રભુ અપાપાપુરીમાં રહ્યા. પછી પ્રભુએ વિહાર કર્યો. તીર્થંકર નામકર્મને ભોગવવા જગતના જીવોને સન્માર્ગે વાળવા પ્રભુએ રોજ સવારે અને સાંજે દિવસના પ્રથમ અને અંતિમ પ્રહરમાં ધર્મદેશના આપવાનું શરૂ કર્યું (રોજના છ કલાક) સાધના કાળમાં સંપૂર્ણ મૌન રહેલા પ્રભુએ કેવળજ્ઞાન પછી વર્ષાઋતુના મેઘની જેમ જાણે વરસવાનું શરૂ કરી દીધું. એવી રીતે ત્રીસ ત્રીસ વર્ષ સુધી દેશના આપી.

(વીર પ્રભુના શ્રાવકો/શ્રાવિકાઓમાંથી આવતી ચોવીશીમાં નવ તીર્થંકર થશે. ૧ થી ૫, ૭, ૧૦, ૧૫, ૧૭માં જેની વિગત પહેલી જિનાજ્ઞામાં પાનાનં. ૨૧૫ પર છે.)

## અંતિમ ચાતુર્માસ અપાપાપુરી નગરીમાં :

રાજા હસ્તીપાળની અનુજ્ઞા લઈ જગદગુરુ મહાવીર દેવે આ દાણશાળામાં ચાતુર્માસ વિતાવવાનું નક્કી કર્યું. પ્રભુનું ચાતુર્માસ પોતાની નગરીમાં જાણી નગરના નર-નારીઓની ખુશીનો કોઈ પાર ન રહ્યો. કારણકે શ્રવણ જીવનનાં બેતાલીસ વર્ષમાં પ્રથમવાર પ્રભુવીરનું ચાતુર્માસ અપાપાપુરી નગરીમાં થઈ રહ્યું છે. અલબત નગરજનોની ખુશી બહુ લાંબો સમય ટકવાની ન હતી કારણ કે આ નગરીમાં જેમ પ્રભુવીરનું પ્રથમ ચાતુર્માસ અપાપાપુરી નગરીમાં થઈ રહ્યું હતું. તેમ પ્રભુવીરના જીવનનું એ અંતિમ ચાતુર્માસ બની રહેવાનું હતું.

અપાપાપુરી નગરીમાં પ્રભુના અંતિમ વર્ષાવાસનો પ્રારંભ થઈ ચૂકયો હતો. રાજા હસ્તીપાલની દાનશાળામાં બિરાજમાન પ્રભુના રોજ સવાર-સાંજ એક એક પ્રહર સુધી સમવસરણ પર બિરાજમાન થઈને ભવ્ય જીવોને દેશનાનું દાન કરવા દ્વારા આ જગત પર શ્રેષ્ઠ પરોપકાર કરી રહ્યા હતા.

## નવ ગણધરોનું મોક્ષ ગમન :

પ્રભુના અગિયાર ગણધરોમાંથી નવ ગણધરો મોક્ષે પધારી ગયા હતા. જેમાં

સૌ પ્રથમ પ્રભાસ ગણધર ગુણશીલ ચૈત્યમાં માસિક અણસણ કરી નિર્વાણ પામ્યા. ત્યારબાદ અચલભ્રાતા અને મૈતાર્યા ગણધર પણ એ જ રીતે સર્વકર્મના ક્ષય કરી મોક્ષે પધાર્યા. તે પછી અગ્નિભૂતિ અને વાયુભૂતી ગણધર એ જ ગુણશીલ ચૈત્યમાં એક માસનું અણસણ કરી મુક્ત બન્યા. અંતે વ્યકત, મંડિત, મોર્યપુત્ર અને અંકપિત એમ ચાર ગણધર ભગવંતો રાજગૃહીના ગુણશીલ ચૈત્યમાં એક માસનું અણસણ કરી અંતે પરમપદને પામ્યા.

જયારે ગૌતમસ્વામી અને સુધર્મસ્વામી દીર્ઘાયુ ધરાવતા હોઈ પ્રભુની પર્ષદામાં અગ્રિમ સ્થાને બિરાજમાન હતા.

## વીર પ્રભુનો પરિવાર :

● પ્રભુના પરિવારમાં ગૌતમસ્વામી વગેરે ચૌદ હજાર સાધુઓ હતા. ● ચંદનબાળા આદિ છત્રીસ હજાર સાધ્વીજીઓ હતા. ● શંખ-શતક વગેરે એક લાખ ઓગણસાંઈઠ હજાર શ્રાવકો હતા. ● સુલસા-રેવતી વગેરે ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાઓ હતી. ● સાતસો કેવળજ્ઞાની સાધુઓ હતા. ● એક હજાર ચારસો કેવળજ્ઞાની સાધ્વીજીઓ હતી. ● પાંચસો સાધુઓ વિપુલમતિ મનઃપર્યવ જ્ઞાની હતા. ● એક હજાર ત્રણસો સાધુઓ અવિધજ્ઞાની હતા. ● ત્રણસો સાધુઓ ચૌદ પૂર્વધર હતા. (આ મુનિઓ જયારે દેશના આપે ત્યારે જાણે સાક્ષાત કેવળજ્ઞાની દેશના આપે એવી લબ્ધિ ધરાવતા. તેથી તેઓ શ્રુત કેવળી કહેવાય છે.) ● સાતસો સાધુઓ વૈક્રિય લબ્ધિધર હતા. જેઓ દેવ જેવી ઋદ્ધિ વિકુર્વવા માટે સમર્થ હોય છે. ● દેવો કે માનવોની સભામાં વાદ થાય તો કોઈ તેને પરાજય ન પમાડી શકે તેવા ચારસો વાદી મુનિઓની ઉત્કૃષ્ટ સંપંદા હતી. ● આઠસો સાધુઓ એવા હતા જેઓ કાળ કરીને અનુતર વિમાનમાં જવાના હતા. (ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જવાના).

આવા વિશાલ પરિવારની સાથે પરમાત્મા શ્રી મહાવીર દેવ અપાપાપુરી નગરીમાં ચાતુર્માસ ગાળી રહ્યા હતા.ભાદરવો પુરો થઈ ગયો. આસો માસ પૂર્ણાહુતિ તરફ ગતિ કરી રહ્યો હતો. આસો વદ બારસની રાત્રિ વીતી ગઈ. તેરસનું પ્રભાત ઉગ્યું રોજની જેમ પ્રભુએ પ્રથમ અને અંતિમ પ્રહર ભવ્ય જીવોને દેશના ફરમાવી.

## પ્રભુનું અંતિમ સમવસરણ :

સંધ્યા ઢળી ચૂકી હતી. રાત્રીનો પ્રારંભ થઈ ગયો રાત્રીના બે પ્રહર વીતી ગયા. પોતાનું આયુષ્ય અલ્પ છે એવું પ્રભુ જ્ઞાનથી જાણે છે. જતાં જતાં પણ જગતના જીવો પર ઉપકાર

કરવા પ્રભુ તેરસની મધ્યરાત્રિએ ફરી એકવાર ધર્મદેશના આપવા ઉદ્યત થયા.

પ્રભુની દેશનાનો અવસર જાણીને દેવોએ પણ ત્રણ ગઢથી સુશોભિત સમવસરણની રચના કરી. પરમાત્મા દેશનાર્થે સમવસરણમાં સિંહાસન ઉપર બિરાજમાન થયા. પરમાત્મા સમવસરણમાં સમવસર્યા છે. એ જાણી અપાપાપુરીના રાજા હસ્તીપાલ પણ ત્યાં આવી ગયો. પ્રભુને વંદન કરી તે દેશના સાંભળવા બેઠો. એ જ સમયે દેવો અને દેવેન્દ્રો પણ દેશના શ્રવણ કરવા ત્યાં આવી ગયા. સમસ્ત પર્ષદા ભરાઈ ગઈ. પ્રભુ દેશનાનો પ્રારંભ કરે એ પૂર્વે ઈન્દ્ર મહારાજા ઉભા થયા. પરમાત્માને વંદના કરી, ત્યારબાદ ભાવથી પ્રભુની સ્તવના કરી તેમજ હસ્તીપાલ રાજાએ પણ પ્રભુની સ્તવના ભાવપૂર્વક કરી.

## પ્રભુની બે દેશના યાદગાર :

બારે પર્ષદા પ્રભુવીરના શ્રી મુખે ધર્મ દેશનાનું શ્રવણ કરવા લાલાયિત બની. પરમાત્માની આ અંતિમ દેશના હતી. કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ પ્રભુએ ત્રીસ વર્ષ દરમ્યાન સેંકડો-હજારો દેશનાઓ ફરમાવી. એ તમામ દેશનાઓ રોમાંચક હતી. પરંતુ પ્રભુએ આપેલી એ દેશનાઓમાંથી બે દેશના ઈતિહાસમાં યાદગાર બની ગઈ. એક પહેલી દેશના અને બીજી છેલ્લી દેશના.

પહેલી દેશના એટલા માટે...કે પ્રભુએ કેવલજ્ઞાન પછી રચાયેલ પ્રથમ સમવસરણમાં બિરાજમાન થઈ એક પ્રહરના બદલે ક્ષણમાત્ર દેશના ફરમાવી. ન શાસનની સ્થાપના કરી, ન ગણધરોની સ્થાપના કરી. સ્થાપના કર્યા વગર જ દેશના પૂર્ણ કરી. આ ઘટના અનંતકાળના ઈતિહાસમાં પ્રથમ વખત બની.

અંતિમ દેશના પણ ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંક્તિ થઈ ગઈ. ભગવાન ઋષભદેવથી લગાવી ભગવાન પાર્શ્વનાથ પ્રભુ સુધી અંતિમ સમયે ધર્મદેશનાને વિરામ આપી અણસણ કરી નિર્વાણ પામ્યા. એક માત્ર ભગવાન મહાવીરસ્વામીએ અંતિમ સમયે લગાતાર સોળ પ્રહર (અડતાલીસ કલાક) દેશના આપી જે અનંતકાળમાં પ્રથમ વખત બની રહ્યું હતું.

## પ્રભુની વાણીનો મહિમા :

● પ્રભુએ ધીર ગંભીર સ્વરે જગદાશ્ચાર્યકારિણી, ભવોદધિતારિણી ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. ● પ્રભુની વાણી પાંત્રીસ અતિશયોથી અલંકૃત હોય છે. ● પ્રભુની ધર્મદેશના એટલે મોહના તાપથી પીડાતા જીવો માટે પુષ્કારવર્તનનો મેઘ. ● ભવભ્રમણથી થાકેલા જીવો માટે કલ્પવૃક્ષની છાયા. ● ભૂખ્યા માટે ઘેબર અને તરસ્યા માટે અમૃત.

● આ દેશનાનો રાગ માલકૌંસ હતો. ● ગંધર્વોના ગીત અને દેવાંગનાના મીઠા સ્વરને ય ટક્કર મારે એવો મધુર રાગ હતો. ● અમૃતથી પણ મીઠી પ્રભુની વાણી હતી. ● સાકરથી પણ વધુ સ્વાદિષ્ટ પ્રભુની દેશના હતી. ● આવી મધુરવાણી સાંભળતા શ્રોતાઓને થાક ન લાગે, ભૂખ ન લાગે, તરસ ન લાગે, કંટાળો ન આવે, ઉંઘ ન આવે, ઠંડી કે ગરમીનો અનુભવ પણ ન થાય. ● કાષ્ઠની બારીમાંથી સરી ગયેલા કાષ્ઠને લેવા માટે જંગલમાં વાંકી વળેલી વૃદ્ધાના કાનમાં પ્રભુની દેશનાનો ધ્વની સંભળાય...અને એ દેશનાનો લગાતાર છ મહિના ચાલે તો એ વૃદ્ધા છ મહિના સુધી વાંકી વળીને પ્રભુ દેશનાનું પાન કરે તો પણ એને થાક ન અનુભવાય એવી મનોહર પ્રભુની વાણી હોય છે. ● પાંત્રીસ અતિશયથી યુક્ત વાણીમાં પરમાત્માએ વિવિધ પદાર્થો, વિવિધ તત્વો પર શ્રોતાઓ સમક્ષ પ્રકાશ પાથર્યો.

## ચાર પુરુશાર્થની દેશના :

હે મહાનુભાવો ! આ જગતમાં ચાર પુરુષાર્થ છે. ● ધર્મ પુરૂષાર્થ ● અર્થ પુરૂષાર્થ ● કામ પુરૂષાર્થ ● મોક્ષ પુરૂષાર્થ.

આ ચાર પુરૂષાર્થમાં મોક્ષ પુરૂષાર્થ એ સાધ્ય છે. જયારે ધર્મ પુરૂષાર્થ એ તેનું સાધન છે. કામ પુરૂષાર્થ એ સાધ્ય છે જયારે અર્થ પુરૂષાર્થ એ તેનું સાધન છે.

## અર્થ અને કામથી નુકશાન :

એક વાત બરોબર ધ્યાનમાં રાખજો. આ ચારેય પુરૂષાર્થ હોવા છતાં અર્થ અને કામ માત્ર નામના જ પુરૂષાર્થ સમજવાના છે. હકીકતમાં એને પુરૂષાર્થ કહેવાય જ નહિ કારણ કે જે ઈન્દ્રીયના વિષયો છે તેના સેવનથી અને અંતે મેળવવા માટેના સાધનોથી એટલે કે અર્થ અને કામથી જીવને અનર્થ જ થવાનો હોય...એને પુરૂષાર્થ કેમ કહેવાય ?

આ હકીકત હોવા છતાં મોટાભાગના જીવો ધર્મ અને મોક્ષની સાધના કરવાના બદલે અર્થ અને કામની જ સાધના કરતા હોય છે. આ વાત માત્ર દેવો કે મનુષ્યોને લાગુ પડે છે એમ નહિ સમજતા ચારે ગતિના જીવોને આ વાત લાગુ પડે છે એટલે ચાર ગતિના જીવો મોટા ભાગે અર્થ-કામમાં રચ્યા-પચ્યા રહે છે. જેમકે તમે આજે બજારમાં ગયા પુણ્યના ઉદયે ખૂબ સારો ધંધો થયો અને સારો નફો મળ્યો. બજારમાંથી ઘરે આવો ત્યારે તમારો ચહેરો કેવો હોય ? એકદમ ખુશ-ખુશાલ હોય તમારો ચહેરો જોઈને જ પરિવારવાળા સમજી જાય કે આજે સારી કમાણી થઈ છે અને તમે જે દિવસે કાંઈ પણ કમાયા વગર ઘરે આવો

છો ત્યારે તમારો ચહેરો કેવો ? પરિવારને કહેવાની જરૂર પડતી નથી તમારો ચહેરો જ તમારી નુકશાની કે ખોટની ચાડી ખાતો હોય છે. ટૂંકમાં અર્થ-કામની પ્રાપ્તિ પણ નુકશાનકારી અને ખોટ પણ નુકશાનકારી હોય છે.

કહીકતમાં જેઓ ધર્મી છે. ધર્મ પુરુષાર્થમાં પ્રવૃત છે. તે અર્થ-કામ મેળવે ખરા, ભોગવેય ખરા, પણ આ મેળવવા જેવા છે, મજેથી ભોગવવા જેવા છે, એવું તો ન જ માને. જેમ કોઈ માણસ બિમાર પડે તો એ વૈદ્યના શરણે જાય. દવા-ઔષધ વગેરે લે અને જરૂર પડે તો મહિનો બે મહિના હોસ્પીટલમાં રહે પણ ખરો. પણ આ દવાઓ એને હોંશે લેવાનું મન થાય ખરૂં ? હોસ્પીટલમાં ગમે તેટલી સુવિધા કે અનુકુળતા હોય...તોય એને ત્યાં રહેવાનું મન હોય ખરૂ ? જરાય નહિ, પરાણે રહે પણ એના મનમાં તો એક જ ભાવના હોય...કયારે હું સાજો થાઉં અને કયારે આમાંથી છુટું.

એ જ રીતે જે ધર્મી આત્મા સંસારમાં રહ્યો છે, સંસારનો ત્યાગ નથી કરી શકયો તે સંસારમાં રહીને અર્થ-કામ એ રીતે ભોગવે...જેમ દર્દી સાજો થાય એટલે હોસ્પીટલમાંથી છુટો થઈ જાય તેમ ધર્મી આત્માને સંસારનો મોહ ક્ષીણ થઈ જાય ચારિત્રનો માર્ગ સરળ થઈ જાય.

સર્વ કર્મથી મુક્ત બનવા માટેનો આત્માનો જે પુરૂષાર્થ છે તે મોક્ષ પુરૂષાર્થ. એ મોક્ષને મેળવવા માટે જીવ સંયમ ગ્રહણ કરી દશવિધ યતિ ધર્મનું પાલન કરે તે ધર્મ પુરૂષાર્થ.

## દશવિધ યતિધર્મ એ જ શુદ્ધ ધર્મ :

● ક્ષમા ધર્મ-જયાં ક્રોધનું નામ નિશાન ન હોય. ● મૃદુતાધર્મ-જ્યાં જીવમાં નમ્રતા હોય, અભિમાનનો છાંટો ન હોય. ● આર્જવધર્મ-જીવમાં જયારે સરળતા આવે, માયા-કપટ આદિથી જીવ રહિત બને. ● મુક્તિધર્મ-જીવ જયારે સંતોષી બને, લોભ દશાથી મુક્ત બને. ● તપધર્મ-ઈચ્છાનો નિરોધ કરવો, ઈચ્છાને રોકવી. ● સંયમ ધર્મ-પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રીયનો નિગ્રહ, ચાર કષાયનો વિજય. ● સત્યધર્મ-બોલવાની જરૂર પડે ત્યારે પ્રીય બોલવું, હિતકારી બોલવું. સત્ય બોલવું. ● શૌચ ધર્મ-મન-વચન-કાયાની પવિત્રતા જાળવવી. ● અકિંચંનતા ધર્મ-કોઈ પણ વસ્તુ પર મમત્વ ન રાખવું. ● બ્રહ્મચર્ય ધર્મ-મન-વચન-કાયાથી મૈથુનનો ત્યાગ કરવો. આવો યતિધર્મ એજ શુદ્ધ ધર્મ છે.

ટુંકમાં શુદ્ધ ધર્મ સાધુપણામાં છે. સંસારમાં નથી એટલે સાધુ ધર્મ મોક્ષનું કારણ છે આવો સાધુજીવન પામ્યા વગર, પાળ્યા વગર એક પણ આત્મા મોક્ષમાં ગયો નથી.

આ સંસાર સાગર જેવો છે સાગરને તરવા માટે જેમ જહાજ જોઈએ. તેમ સંસારને

તરવા માટે સંયમરૂપી જહાજ જોઈએ.

ઘંટનો નાદ થાય. વાદળોનો ગડગડાટ થાય કે સમુદ્રનું મંથન કરવા જેવો ગંભીર ઘોષ પ્રગટે એવો મીઠો-મધુરો ઘોષ પ્રભુની વાણીમાંથી પ્રગટી રહ્યો હતો. ગંગાના પ્રવાહ જેવી નિર્મળ વાણીનો પ્રવાહ શ્રોતાઓ ઝીલી રહ્યા હતા.

દેશનાના સોળ પ્રહર પૂરા થયા. પ્રભુની દેશનાનો પ્રવાહ થંભ્યો સમવસરણમાં સંપૂર્ણ શાંતિ છવાયેલી હતી. ધર્મ સભામાં અનેક રાજાઓ પ્રભુની દેશનાનું છેલ્લા સોળ પ્રહરથી પાન કરી રહ્યા હતા.

## રાજા પુણ્યપાલનું સમવસરણમાં આગમન :

બરાબર એ જ સમયે સાંમતરાજા પુણ્યપાલ પ્રભુને વંદન કરવા આવ્યો. વંદના કરીને ભગવાનને કહ્યું ભગવંત ! આજે રાત્રિએ મેં આઠ સ્વપ્નો જોયા. એ આઠ સ્વપ્નો જોયા પછી મારી નિંદ્રા ઉડી ગઈ. હું જાગી ગયો એ સ્વપ્નો ખરેખર બહુ વિચિત્ર હતા.

પ્રભુ આવા વિચિત્ર સ્વપ્નો જોયા પછી હું ડરી ગયો છું. મને સમજાતું નથી કે આ સ્વપ્નોનો શું ફલાદેશ હોઈ શકે ? આ ફલાદેશ જાણવા માટે જ હું ઉઠીને સીધો આપના ચરણોમાં આવ્યો છું. કૃપા કરી મને ફલાદેશ સમજાવો.

અમાવાસ્યાની રાત્રીએ રાજા પુણ્યપાલની સાથે આખી પર્ષદા પણ ફલાદેશ સાંભળવા માટે ઉત્સુક બની.

પ્રભુ બોલ્યા, પુણ્યપાલ ! તમને આવેલ આઠ સ્વપ્નોના મારા શાસનનું ભાવી છુપાયેલું છે. પાંચમા આરામાં આઠ સ્વપ્નોનું ફળ શું હશે તે તમને જણાવું છું.

## આઠ સ્વપ્નનું વર્ણન કરતા પહેલા :

રાજા પુણ્યપાલનને આવેલા આઠ સ્વપ્નમાં પરમાત્માએ મુખ્યત્વે શ્રમણોને ટાર્ગેટ બનાવ્યા છે. કયાંક ક્યાંક શ્રાવકો અને ધર્મગચ્છને પણ સાંકળ્યા છે પ્રભુએ બતાવેલ આ ફલાદેશ કોઈ એકાદ સૈકાના સાધુઓને આશ્રયીને નથી. આ ફલાદેશ પૂરા એકવીસ હજાર વર્ષની એવરેજ રૂપ છે...અર્થાત પાંચમાં આરાના સંપૂર્ણ કાળ દરમ્યાન આ ભાવો ઘટમાન થશે.

## આઠ સ્વપ્નોનો ફળા દેશ :

● પહેલા સ્વપ્નમાં મેં ભાંગેલી તૂટેલી જીર્ણ થઈ ગયેલ હસ્તીશાળામાં હાથી ઉભેલો જોયો ભગવાન કહે છે કાળ પડતો આવી રહ્યો છે. ગૃહસ્થાશ્રમ એ જાણે હસ્તીશાળા

જેવો હશે. ભાંગલી તૂટેલી કોઈ શાળાના મકાન જેવું ગૃહસ્થનું જીવન હશે...અને તેમાં ગૃહસ્થરૂપી હાથી પડયો રહેશે. આમ તો હાથીની હસ્તીશાળા ભવ્ય હોઈ એ કાંઈ જીર્ણ શાળામાં પડયો ન રહે. ગૃહસ્થરૂપી હાથી આવી જીર્ણ શાળામાં દુઃખને પણ સુખ માનીને પડયો રહેશે. સાધુ સંતો ગમે તેટલો ઉપદેશ આપશે છતાંય સંસાર તરફ જરાય નફરત નહિં જાગે. આજે આપણે જોઈએ છીએ ને ! ભગવાનનું વચન અક્ષરસ સત્ય છે 'સંસાર દાવાનલદાહનીરા' રોજ બોલે છે પણ સંસાર દાવાનલ જેવો લાગે છે ખરો ! ધર્મના સ્થાનો-ઉપાશ્રયમાં આવવાનું ગમે છે ખરૂ ! પોતાની નાનકડી કોટડીમાં એક બાજુ ઉંદરડા ચું ચું કરતા હોય-બીજા બાજુ છોકરાઓ ઉંવા ઉંવા કરતાં હોય...ગંધાતી ગોદડી હોય છતાં ત્યાં સૂઈ જવાનું પસંદ કરશે પણ અમે કહેશું કે ભાઈ રાત્રિ પૌષધ કરો...તો ચોકખી ના...આ વિશાલ ઉપાશ્રયમાં તેને ઉંઘ ન આવે...કરોડપતિઓ પણ અમારા પગમાં માથું મૂકીને રડતા હોય છે સંયમ જીવન સ્વીકારીએ તો બધા પ્રશ્નો, એક જ ઝાટકે અંત...પણ સ્વીકારવું ગમતું નથી સંસારનું સ્વરૂપ પાંચમાં આરામાં કેવું હશે તે આ સ્વપ્નથી સૂચિત થાય છે. ● બીજા સ્વપ્નમાં મેં ચંચળ કુદા કુદ કરતો વાંદરો જોયો. ભગવાન કહે છે પાંચમાં આરાના જીવો ચંચળ હશે. જ્ઞાન, ક્રિયામાં એને આદર ઉત્પન્ન નહિં થાય. કયાંક કોઈ પ્રવૃતિમાં એનું મન સ્થિર નહીં રહી શકે. આજે આપણે જોઈએ છીએ ને કે વ્યાખ્યાન સાંભળનાર કયારે વ્યાખ્યાન પુરું થાય તેની રાહ જોતો હોય છે. જાત્રા કરવા જશે તો સવારે ચડયો બપોરે ઉતર્યો અને સાંજે ભાગ્યો. દેરાસરમાં પણ પૂજામાં સ્થિરતા કયાં હોય છે આ ચંચળતાના કારણે સ્થિર ચિતે આરાધના કરી શકતો નથી. ભગવાન મહાવીરનો સીધે સીધો માર્ગ હોવા છતાં ચંચળતાને લીધે ભિન્ન-ભિન્ન પ્રરૂપણાએ ગમે ત્યાં ઘસડાઈ જવાનું થાય છે.

● ત્રીજા સ્વપ્નમાં મેં દૂધ ઝરતું ઝાડ કાંટાથી વેરાયેલું જોયું ભગવાન કહે છે કે શાસનની ઉન્નતિ કરનારા જ્ઞાન ક્રિયા કરનારા, ભક્તિ કરનારા, સાતે ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરનારા, ગુણવાન એવા ગૃહસ્થો કે સાધુઓની આજુબાજુ વેશધારીઓ, અહંકારીઓ ગુણવાનનો દ્વેષ કરનારા માણસો ચારે બાજુ વીંટળાઈ વળશે દૂધ ઝરતું ઝાડ જેમ કાંટાથી ઘેરાયેલું છે તેમ સારા સારા માણસો શાસનના કાંટા જેવા માણસોથી ઘેરાયેલા રહેશે.

એક સત્ય ઘટના-સાવરકુંડલાનો વતની ઘાટકોપરમાં રહેતો. એક ચૂસ્ત મહાશ્રાવક ઘણાં વર્ષો પહેલાની વાત છે એ સમયે આટલા ઉપાશ્રયો કે સગવડો નહોતાં આ શ્રાવક સાધુની ઉપયોગી દરેક વસ્તુ પાટ, પાટલા, નાણાં, પુસ્તકોનો ભંડાર જ્ઞાન-દર્શન-ચારિત્રના તમામે તમામ ઉપકરણો પોતાને ત્યાં રાખે. સાવરકુંડલામાં ભગવાન પણ પ્રતિષ્ઠિત કરેલા. ધર્મિષ્ઠ, નમ્ર, ઉદાર શ્રાવકોમાં અગ્રેસર એવો ધર્મચૂસ્ત શ્રાવક કાનજીસ્વામીના ટચમાં આવ્યો.

વિચારો બદલાઈ ગયા. બધા જ ઉપકરણ, જ્ઞાનભંડાર આપી દીધું. એટલું જ નહિ પણ મગજ એવું ભમી ગયું કે તેને લાગવા માંડયું કે ભગવાન બેસાડયા તે મોટી ભૂલ કરી નાખી. ફરવા નીકળે એટલે કૂતરાને સાથે લઈને નીકળે આખું જીવન જ ભ્રમિત થઈ ગયું આવા સારા માણસો પણ ધર્મથી વિમુખ બની જશે.

● ચોથા સ્વપ્નમાં કાગડાઓને જોયા તે સ્વચ્છ પાણીથી ભરેલા ખાબોચિયા પર જઈ બેઠા. ભગવાન કહે છે કે હવેના કાળમાં સારા સારા સાધુઓ પણ પોતાના વડીલ વર્ગને પડતો મૂકીને બીજા સાથે જોડાઈ જશે. અહીં તો યાવજીવ ગુરૂકુળવાસમાં જ રહેવાનું હોય એના બદલે ગુરુને છોડીને પોતાનો ચોકો જમાવશો ગુરુની હાજરીમાં આગળ આવવાનો ચાન્સ મળતો નથી માટે છૂટો પડશે. શ્રાવકો પણ ઉતમમાં ઉતમ જ્ઞાન જયાં પીરસાતું હશે તે છોડીને અલીબાબા ચાલીસ ચોર જેવી વાર્તાઓ સાંભળવા પહોંચી જશે. એક યુગ હતો જયારે શ્રાવકોને પૂછતાં કહે કે મેં આજે આચારાંગ સૂત્ર સાંભળ્યું. કોઈ કહેશે ઉતરાધ્યન સૂત્ર સાંભળ્યું વગેરે. આજે શાસ્ત્રની વાતો સાંભળનારા ઓછા છે. તેમ સંભળાવનારા પણ ઓછા છે બધાને હાસ્યમાં રસ છે.

● પાંચમા સ્વપ્નમાં મરેલા સિંહને જોઈ લોકો ડરે છે. ભગવાન કહે છે જિનેશ્વર દેવનું દર્શન સિંહ જેવું છે અત્યારે ભલે નષ્ટ થઈ રહ્યું છે છતાંએ ભાંગ્યુ તોય ભરૂચ. મરેલા પણ સિંહ તો છે ને ? જૈનદર્શનનો નવદીક્ષિત સાધુ અને અન્ય દર્શનનો જૂનો સંન્યાસી બન્નેની સરખામણી કરીએ તો આસમાન જમીનનો ફરક પડે. જૈનદર્શન ભલે મરેલા સિંહ જોવું હોય પણ તેની તુલનામાં અન્ય કોઈ દર્શન આવી શકે તેમ નથી. બીજા ધર્મગુરૂઓ પાસે જાવ અને પૂછો તો કહેશે તમારા આચારો બહુ કડક છે રાત્રે ખાવા પીવાનું નહિં ખુલ્લા પગે ચાલવાનું કોઈ વસ્તુ જાતે બનાવવાની નહિં. કેટલું દુશ્કર છે. જૈન સમાજ નાનો હોવા છતાં તેના દાન-શીલ-તપ અને ભાવ ઉચ્ચ કોટિના છે એકેય જૈન કુટુંબ ગાય, ભેંસ, ઘેટા, બકરા નથી રાખતા છતાંય બધી પાંજરાપોળો લગભગ જૈનો ચલાવે છે. ● છઠ્ઠા સ્વપ્નમાં મેં સરોવરમાં કમળની ઉત્પતિ થવાને બદલે ઉકરડામાં કમળની ઉત્પતિ જોઈ ભગવાન કહે છે કે સમય એવો પણ આવશે કે મહાપુરુષો ઉતમકુળમાં જન્મ લેવાને બદલે મધ્યમ કે નીચ કુળમાં જન્મ લેશે. આજે જુઓને મોટા મોટા ધનવાનો પૈસામાં જ આખોટતા હોય છે અને આકાશમાં જ ઉડતા હોય છે. ધર્મ મધ્યમ વર્ગીય પાસે જ છે ને ? ઉતમ કુળો બધા ભોગ, આશક્તિ પરાયણ બની ગયા છે. તે આ કાળનો જ પ્રભાવ છે. ● સાતમાં સ્વપ્નમાં ઉખરભૂમિમાં બીજને વાવતો ખેડૂત જોયો. પાત્રતાનો વિચાર કર્યા વિના દાન આપશે. અમુક સમયગાળામાં લોકો નર્તકીઓને લાખો રૂપીયા આપતા હતા.

● આઠમાં સ્વપ્નમાં ઝાંખો સોનાનો કળશ જોયો સોનાના કળશ ઉપર ધૂળ ચોંટેલી

હતી. જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરનારા સાધુ-પુરુષોને છોડીને સામાન્ય સાધુને લોકો પૂજશે. પ.પૂ. મણિવિજયજી દાદાથી પહેલા ગોરજીઓનું રાજય હતું. પાલખીમાં બેસે ઠાઠમાંઠથી રહે. આજે પણ જુઓને ગુરુજ્ઞાની સંયમી હોવા છંતા તેનો શિષ્ય વક્તા હોય તો ગુરુએ શિષ્યના આધારે જીવવું પડે. કહેવાય છે ને કે ગાંડા માણસો વધુ હોય અને ડાહ્યા માણસો ગણ્યા ગાંઠયા હોય તો ગાંડાની રાહે ચાલવું પડે.

## પ્રભુ વીરે કરેલો ઉપસંહાર :

આ પ્રમાણે ફલાદેશ કહ્યા પછી પરમાત્મા મહાવીરદેવે રાજા પુણ્યપાલને કહ્યું રાજન ! મારા શાસનમાં તમામ સાધુઓ અને શ્રાવકો પાંચમાં આરાના પ્રભાવે શાસ્ત્ર વિરુદ્ધ પ્રવૃતિવાળા થશે. એવું નહિ માનતા, કેટલાક પ્રભુની આજ્ઞાનુસારે શુદ્ધ સંયમ જીવન શ્રાવક જીવનનું પાલન કરનારા પણ થશે માટે એવા સાધુઓ-શ્રાવકો પર સહુએ બહુમાન ભાવ ધારણ કરવો.

● પ્રશ્ન : તો જેઓ પ્રભુની આજ્ઞાથી વિપરિત વર્તન કરે એવા ભારે કર્મી આત્માઓ પ્રત્યે દ્વેષ ધારણ કરવાનો ? ● પરમાત્મા : ના એમના ઉપર દ્વેષ ક્રોધાદિ ન કરતાં બિચારા આ જીવોની ભવ સ્થિતિ જ એવી નિર્માયેલી છે જેથી ભારે કર્મી આ જીવો હજી આત્મ કલ્યાણનું ભાજન નથી બન્યા અને એમને જૈન ધર્મનું પાલન કરવાનો ભાવ થતો નથી આવું ચિંતન કરવું.

હા, એવા ઉન્માર્ગગામી આત્માઓની સાથે સુસાધુ-સુશ્રાવકોએ વાતચીત ન કરવી. એમની સાથે પ્રીતી ન બાંધવી. એમ કરવાથી કોઢ જેવા ચેપી રોગની જેમ એમના દોષો આપણામાં આવે તો આલોક-પરલોકમાં આપણાને નુકશાન થયા વગર ન રહે. વળી તેઓ જયાં રહેતા હોય તેવા ગામ-નગરની વસતિમાં આપણે ન રહેવું. એમનાથી અલગ સ્થાનોમાં રહેવું.

## પાસત્થાદિ સાધુઓ સાથે અવસરે કરવા યોગ્ય વ્યવહાર :

● પ્રશ્ન : ચારે બાજુ આવા પાસત્થા, પાખંડીઓ જયારે ફેલાયેલા હોય ત્યારે એમની સાથે અલાપ સલાપ આદિથી બચવું કેવી રીતે શકય બને ?

● પરમાત્મા : રાજન ! કારણ વશ જયારે એમની વચ્ચે રહેવાનો પ્રસંગ આવે ત્યારે શુદ્ધ પ્રરૂપણા અને શુદ્ધ સમાચારીના પાલનમાં આપણને જરાય મૂશ્કેલી ન આવે તે રીતે તેમની સાથે રહેવું તેમજ વેશધારી સાધુઓ સાથે શાસ્ત્રમાં જે રીતે ક્રમશ વ્યવહાર કરવાનો કહ્યો છે જે રીતે એમને અનુસરવાનું કહ્યું છે...તે વિધિને સાચવીને રહેવું. એ વિધિને સાચવવાથી એવી પાસત્થાદિ સાધુઓને આપણા પ્રત્યે બહુમાન ભાવ

ઉપજે છે. તેમજ કયારેક રાજા તરફથી મુશ્કેલી આવે કે કયારેક દુકાળાદિ પડે ત્યારે તેઓ આપણને સહાયક બને છે અને જો આમ ન કરીએ. એમનો ઉચિત વ્યવહાર ન કરીએ તો બેય ને નુકશાન થાય.

સારા સાધુ પર આ લોકો ચોર છે, જાસુસ છે, એવા આરોપો મૂકે, કયારેક સારા સાધુથી થઈ ગયેલ ભૂલ પાસત્થાને ખબર પડે તો ચારે બાજુ પ્રચાર કરે. એમ થતા સારા શ્રાવકોના ઘરમાંથી ગોચરી પાણી મળતાં બંધ થાય તેમજ પોતાનું નામ ખરાબ થતાં સર્વત્ર એવી લઘુતા થાય.

આમાં સારા સાધુઓને તો નુકશાન છે જ પણ આવું બધું કરવાથી નામ સાધુઓને પણ ભારે કર્મબંધ થાય છે જેથી એના બોધીબીજનો નાશ થાય છે. ટૂંકમાં બેમાંથી એકેય પક્ષે નુકશાન થાય તે આપણને ઈષ્ટ નથી. આથી વેષધારી સાધુઓ આપણને હેરાન ન કરે માટે તેમને આપણા પ્રત્યે અનુકુળ બનાવવા જોઈએ. એમ કરવા માટે એમની સાથે ગીતાર્થ સાધુઓ વાર્તાલાપથી લગાવી વંદનાદિ પણ શાસ્ત્રમાં બતાવેલ ક્રમે કરવા પડે તો કરી લેવા. પણ જે કરીએ તે દ્રવ્યથી કરવું, રાગદ્વેષ વગર મધ્યસ્થ ભાવ રાખીને કરવું પણ મનમાં બહુમાન ભાવ લાવીને ન કરવું. જે કારણે આવા સાધુઓનું ઔચિત્ય ન સાચવીએ તો પ્રાયશ્ચિત આવે.

આમ ગીતાર્થ સાધુએ પણ અવસરે અગિતાર્થ, શિથિલ પાસત્થાદિ સાધુઓને કુવૃષ્ટિ ન્યાયે અનુસરવું પડશે.

## રાજાપુણ્યપાલનો સંયમ સ્વીકાર :

ચતુર્વિધ સંઘ ઉપર પાંચમાં આરામાં પડનારા વિષમ પ્રભાવને પરમાત્માના શ્રી મુખે સાંભળી રાજા પુણ્યપાલના હૈયામાં નિર્વેદભાવ ઉભો થયો. સંસાર એમને અસાર લાગ્યો એકક્ષણ માટે પણ તેઓ સંસારમાં રહેવા રાજી ન હતા. પ્રભુવીર પાસે રાજા પુણ્યપાલે ચારિત્ર જીવનની અનુમતિ માંગી. પ્રભુએ કહ્યુ આ સંસાર પર એક ક્ષણપણ રાગ કરવા જેવો નથી. પુણ્યપાલે સંયમજીવનનો સ્વીકાર્ય કર્યો સુંદર સાધના કરી. અંતે ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી મુક્તિપદને પ્રાપ્ત કર્યું.

## સોળ પ્રહરની દેશનાની સમાપ્તિ :

આસો માસ અમાવાસ્યાની રાત્રિના બે પ્રહર પૂરા થઈ ગયા હતા. ચોથો આરો સમાપ્તિના આરે આવીને ઉભો હતો. સમવસરણમાં છેલ્લા સોળ પ્રહરથી દેશના આપતા પ્રભુએ વિરામ લીધો. જાણે ગંગાનો પ્રવાહ થંભી ગયો. જાણે મંદિરનો ઘંટારવ શાંત થઈ ગયો.

પ્રભુની અંતિમ દેશના પૂર્ણ થઈ રત્નમય સિંહાસન પરથી પ્રભુ ઉભા થયા. સમવસરણના ત્રણ ગઢ પરથી નીચે ઉતરી પરમાત્મા હસ્તીપાલ રાજાની દાણશાળામાં પધાર્યા.

પ્રભુ જ્ઞાનથી જાણે છે...આજની રાત પૂર્ણ થાય તે પૂર્વે જ મારો મોક્ષ થવાનો છે. ગૌતમનો પોતા પરનો ગાઢ સ્નેહ પણ પ્રભુ જાણે છે. આ જ સ્નેહ ગૌતમના કેવળજ્ઞાનમાં બાધક બને છે. માટે ગૌતમના આ સ્નેહરાગને તો મારે તોડવો જોઈએ. એમ સમજી પ્રભુએ ગૌતમને નજીકના ગામમાં મોકલી અંત સમયે પોતાથી જુદા પાડવાનો વિચાર કર્યો.

## હસ્તીપાલ રાજાની દાણશાળામાં પ્રભુનું આગમન :

દાણશાળામાં પ્રભુની સામે હજારો શ્રમણો બિરાજમાન હતા. એમાં ગૌતમસ્વામી અગ્રિમ પંક્તિમાં શોભી રહ્યા હતા. અનંત કરૂણાસાગર પ્રભુએ ગૌતમસ્વામી તરફ પોતાના નયનો સ્થિર કરી કહ્યું. ગોયમા ! પ્રભુના મુખેથી સંબોધનરૂપે બોલાયેલા આ અંતિમ વખતનો શબ્દ હતો. આ શબ્દ ન હતો પણ રૂપાની ઘંટડીનો રણકાર હતો. આ શબ્દ ન હતો પણ કિનારે અથડાઈ ઉઠેલ સમુદ્રના મોજાનો ઘુઘવાટ હતો પ્રભુના મુખેથી સ્વનામ શ્રવણ કરતાં જ ગૌતમ હર્ષાન્વિત બની ગયા.

વિનયમૂર્તિ ગૌતમની રોમરાજી વિકસિત થઈ ગઈ ગૌતમ પ્રભુની નજીક સર્યા. બે હાથ જોડી મસ્તક નમાવી પ્રભુના ચરણોમાં ઉપસ્થિત થયા અત્યંત મૃદુસ્વરે તેઓ બોલ્યા. ભંતે ! કૃપા કરો, આજ્ઞા કરો.

પ્રભુએ કહ્યું પાસેના ગામમાં દેવશર્મા નામનો બ્રાહ્મણ રહે છે એ તમારા દ્વારા બોધ પામવાનો છે માટે એના કલ્યાણાર્થે તમારે ત્યાં જવાનું છે.

## દેવશર્માને પ્રતિબોધાર્થે ગૌતમની વિદાય :

જેવો આપનો આદેશ, પ્રભો ! હું ધન્ય બની ગયો આપે મારા પર અનંત કૃપા કરી. પ્રભુને મસ્તક નમાવી. ગુરુ ગૌતમ દાણશાળામાંથી બહાર નીકળ્યા.

ગુરુ ગૌતમને ખ્યાલ નથી કે આજના દર્શન અંતિમ દર્શન છે. હવે પછી પ્રભુનો આવો તેજસ્વી ઔદારિક દેહ ફરી કયારેય જોવા નહિ મળે. પ્રભુની આજ્ઞા-પાલનના રસમાં ગૌતમને બીજો વિચાર સુદ્ધા નથી આવતો. એંશી વર્ષના ગૌતમ અઠ્ઠાવીસ વર્ષના નવયુવાનની જેમ દેવશર્માને પ્રતિબોધ કરવા. પ્રભુનું વચન સાર્થક કરવા અપાપાપુરીની બહાર નીકળી ગયા.

આસો માસની અમાવાસ્યાનો ત્રીજો પ્રહર પૂર્ણ થઈ ચૂકયો હતો. ચતુર્થ પ્રહરનો પ્રારંભ થઈ ચૂકયો હતો. સ્વાતિ નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો. ચતુર્થ પ્રહરનો પ્રારંભ

થઈ ચૂક્યો હતો. પ્રભુવીરને ચોવિહારા છટ્ઠની તપસ્યા હતી પ્રભુનું આ અંતિમ તપ હતું. પ્રભુની સાધનાનો પ્રારંભ છટ્ઠ તપથી થયેલ તો પ્રભુના આયુષ્યની પૂર્ણાહુતિ પણ છટ્ઠની તપસ્યાથી થઈ. પ્રભુવીરે હજી હમણાં જ સોળપ્રહરની દેશના પૂર્ણ કરી હતી તીર્થંકર નામ કર્મના પ્રભાવથી પ્રભુના ચહેરા પર ક્યાં ય ખેદ કે ગ્લાની વર્તાતા ન હતા. સૂર્યમુખી ફુલની જેમ પ્રભુનો દેહ અત્યંત સ્વસ્થ હતો. પ્રભુનું મુખ સૌમ્ય અને પ્રસન્ન હતું. આયુષ્ય પૂર્ણ થવાને થોડી વાર હતી. સુધર્મા આદિ હજારો શ્રમણો, ચંદના આદિ શ્રમણીઓ, કાશી અને કોશલદેશના નવ લિચ્છવી જાતિના અને નવ મલ્લિક જાતિના એમ અઢાર ગણરાજાઓ તેમ જ અનેક શ્રાવક શ્રાવિકાઓ પ્રભુની સમક્ષ ઉપસ્થિત હતા. આ અઢાર રાજાઓ ચેટક (ચેડા) રાજાના સામંત રાજાઓ હતા. અમાવાસ્યાના દિવસે તેઓ ઉપવાસ રૂપ પૌષધવૃતમાં હતા.

## પ્રભુની ધર્મદેશનાનો પુન પ્રારંભ :

સમવસરણમાં વિરામ પામેલો વાણીનો પ્રવાહ ફરી વહેતો થયો. પ્રભુની દેશનાનો મુખ્ય વિષય હતો. વિપાક...વિપાક એટલે ફળ-શુભાશુભ કર્મ પરિણામ, પુણ્ય અને પાપકર્મોનું ફળ.

જે આત્મા પાપ કરે છે તેને દુઃખની પ્રાપ્તિ થાય છે અને જે આત્મા પુણ્યનું કાર્ય કરે છે. તેને સુખની પ્રાપ્તિ થાય છે. યાદ રાખજો જીવે જે કર્મ બાંધ્યા છે તેના ફળ આ જન્મમાં કે આગામી જન્મોમાં ભોગવવા જ પડે છે. અનંતજ્ઞાનીઓનું વચન છે. કરેલા કર્મનું ફળ ભોગવ્યા વિના આત્માનો છુટકારો નથી.

## પ્રભુના જીવનનો અંતિમ દિવસ :

આશો માસની અમાવાસ્યાનો ત્રીજો પ્રહર પૂર્ણ થઈ ગયો હતો. ચતુર્થ પ્રહરનો આરંભ થઈ ચૂકયો હતો. પ્રભુના જીવનનો અંતિમ દિવસ આવી ગયો. રાત્રીના ચતુર્થપ્રહરનો અડધો ભાગ વ્યતીત થવા આવ્યો હતો.

પ્રભુનો નિર્વાણ સમય નજીકમાં આવી રહ્યો હતો. અચાનક ઈન્દ્રનું આસન કંપાયમાન થયું. ઈન્દ્ર મહારાજાએ અવધિજ્ઞાનનો ઉપયોગથી જાણ્યું પ્રભુનું મોક્ષ ગમન ટૂંક સમયમાં છે...તે જાણી દેવ-દેવીઓના પરિવાર સાથે તેઓ પ્રભુની સમક્ષ ઉપસ્થિત થયા.

પ્રભુ પર્યંકાસનમાં બિરાજમાન હતા. ઈન્દ્ર મહારાજાએ પ્રભુને હાથ જોડીને મસ્તક નમાવી વંદન કર્યા અશ્રુપૂર્ણ નયને વિષાતભર્યા હૃદયે શક્ર મહારાજાએ પ્રભુને વિનંતી કરી.

## ઈન્દ્ર મહારાજાની પ્રભુને વિનંતિ :

આપના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન કલ્યાકના સમયે ઉતરા ફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો જયારે અત્યારે સ્વાતિનક્ષત્રમાં ચંદ્રનો યોગ થયો છે. પણ નાથ ! અત્યારે જ આપના જન્મનક્ષત્ર-ઉતરાફાલ્ગુની નક્ષત્રમાં ભસ્મરાશી નામના ત્રીસમાં ક્રૂર ગ્રહનો પ્રવેશ થયો છે. આ ગ્રહ અતિક્ષુદ્ર છે, અતિ દુષ્ટ ગ્રહ છે. બે હજાર વર્ષ સુધી આ ગ્રહ આપના નક્ષત્રમાં સ્થિર રહેવાનો છે. ઓ દેવાધિદેવ! આ દુઃગ્રહના પ્રભાવે આપના શાસનને ખૂબ ખૂબ નુકશાન થવાનું છે માટે આપને હું વિનંતિ કરું છું. હે ભગવંત ! કૃપા કરી એક મુહૂર્ત માટે પણ આપ આપનું આયુષ્ય વધારી દો જેથી આપની હાજરીના પ્રભાવે, આપની દષ્ટીના પ્રભાવે ભસ્મગૃહનો પ્રભાવ નષ્ટ થઈ જાય. ઉગતા શત્રુને દબાવી દેવામાં જેમ સાર છે...તેમ શરૂ થતા આ ગૃહના પ્રભાવને દાબી દેવામાં જ સંઘનું કલ્યાણ છે. ઓ કૃપાળુ ! ફરી ફરીને આપને વિનંતિ કરું છું કે આપ થોડી ક્ષણો માટે આયુષ્ય વધારી દો. આપના જેવા શક્તિમાન માટે આયુષ્ય વધારવું એ કઈ મોટી વાત છે ? જરાયે મોટી વાત નથી. જે વ્યક્તિ ત્રણલોકને પોતાની ભુજાથી ઉંચકીને ત્રાજવાથી તોલી શકે. એના માટે આ કામ તો ડાબા હાથનો ખેલ છે. માટે કૃપા કરી અમારી વિનંતી સ્વીકારો.

## પ્રભુનો પ્રત્યુતર :

ગદગદ સ્વરે કરાયેલી ઈન્દ્રની વિનંતી સાંભળી પ્રભુના શ્રીમુખેથી વિધેયાત્મક ઉતર સાંભળવા સમસ્ત પર્ષદા લાલાયિત હતી. સૌના નયન અને કાન પ્રભુ તરફ સ્થિર થયા. ધીર-ગંભીર સ્વરે પ્રભુએ કહ્યું. દેવરાજ ! તીર્થંકરો અનંત શક્તિમાન હોય છે એ તમારી વાત સત્ય છે. એ ધારે તો પૃથ્વીને છત્ર બનાવી દે અને મેરુ પર્વતને એ છત્રનો દંડ બનાવી દે. એ ધારે તો એક ઝાટકે સ્વયંભૂરમણ સમુદ્રને તરી જાય અને ધારે તો એક ચપટીમાં લોકને અલોકમાં ફેંકી દે...એટલા સમર્થ હોય છે પણ આવા સામર્થ્યવાન પરમાત્મા પણ પોતાના આયુષ્યમાંથી એક સમય પણ વધારી કે ઘટાડી શકતા નથી.

શકેન્દ્ર ! આવું ભૂતકાળમાં કયારેય થયું નથી, વર્તમાનમાં થતું નથી અને ભવિષ્યમાં થશે પણ નહિં...કે કોઈ તીર્થંકર પરમાત્મા પોતાના આયુષ્યને વધારી શકે. જીવતા આયુષ્યકર્મના પુદ્‌ગલ પૂર્વભવમાં બંધાતા હોય છે. તે મુજબ જેટલા બાંધ્યા હોય એટલા જ તેણે ભોગવવા પડે.

જે આ સંસારમાં નથી થવાનુ તે નથી જ બનવાનું, અને જે ઘટના થઈને રહેવાની છે તેને ખુદ તીર્થંકરો અટકાવી શકવાના નથી...સુરેન્દ્ર ! આ વિશ્વમાં કોઈની તાકાત

નથી...જે અવશ્યભાવી ભાવોને રોકી શકે કે મિથ્યા કરી શકે એટલે જ બનવાનું છે તે બનીને જ રહેશે...અને એનુંજ નામ છે ભવિતવ્યતા. આ ભવિતવ્યતાને કારણે મારા શાસનને, મારા શાસનના અનુયાયીઓને ભોગવવી જ રહી, સ્વીકારવી જ રહી.

અલબત, તમે પણ આ બધું જ જાણો છો. છતાં શાસન પરના અતિશય પ્રેમના કારણે તમે મને આ વિનંતિ કરી રહ્યા છો તે પણ હું જાણું છું. પણ દેવેશ ! તમે ચિંતા ન કરો...ભસ્મગૃહ ઉદયના જેવા બે હજાર વર્ષ પુરા થશે એટલે મારા શાસનનો પુનઃ અભ્યુદય કાળ શરૂ થશે ઉદિર્તોદિત મારા શાસનની પૂજા-પ્રભાવનાની વૃદ્ધિ થશે. સર્વત્ર એનો સન્માન ને સત્કાર થશે. દિન-પ્રતિદિન એની ઉન્નતિ થવા લાગશે. દેવો પણ દર્શન આપશે. અલ્પ જાપ માત્રથી વિદ્યા-મંત્રો પોતાનો પ્રભાવ બતાવશે. કયાંક કયાંક જાતિ સ્મરણજ્ઞાન પણ થવા લાગશે. ઓગણીસ હજાર વર્ષ સુધી પુનઃ જૈન ધર્મને આંચ નહિ આવે. પ્રભુના શ્રીમુખેથી ચિત સંતોષપ્રદ વચનો સાંભળી શક્ર મહારાજા શાંત થયા. નિર્વાણનો સમય બિલકુલ પાસે આવી ગયો હતો.

## પ્રભુનું નિર્વાણ :

પરમાત્મા વ્યુપરત ક્રિયા નિવર્તિ નામના શુકલધ્યાનના ચોથા પાયા પર આરૂઢ થયા. આ ધ્યાનનો સમય અ.ઈ.ઉ.ઋ.લૃ એમ પાંચ હ્રસ્વ-અક્ષરનો ઉચ્ચાર કરીએ તેટલો જ હોય છે. અહીં પ્રભુ શૈલેશી અવસ્થાને પામ્યા અર્થાત પ્રભુ મેરુપર્વત જેવા સ્થિર થઈ ગયા. આ ધ્યાન દરમ્યાન પ્રભુવીરે પ્રતિસમય અસંખ્ય ગુણકર્મની નિર્જરા કરી એમ કરતા અંતિમ સમયે પ્રભુના વેદનીય નામ, ગોત્ર અને આયુષ્યરૂપી ચાર અઘાતી કર્મનો સર્વથા ક્ષય થયો. પ્રભુનું નિર્વાણ થયું. ત્યારે સૂર્યોદય થવાને અડધો પ્રહર, ચાર ઘડી, છન્નું મિનિટની વાર હતી. (ત્યાં સૂર્યોદય લગભગ સવારે ૬ા વાગે થાય છે.)

## કુંથવાની ઉત્પતિ :

પ્રભુનું નિર્વાણ થતાની સાથે ચારે બાજુ પુષ્કળ પ્રમાણમાં કુંથવા (સૂક્ષ્મ ત્રસજીવો)ની ઉત્પતિ થઈ. એ જીવો એટલા સૂક્ષ્મ હતા કે વીણી વીણીને રક્ષા કરવી અશકય પ્રાયઃ હતી. અરે ! એ જીવો સ્થિર હોય ત્યારે દ્રષ્ટીથી ગ્રાહ્ય પણ ન થાય એ હાલે ચાલે તો જ દૃષ્ટી ગોચર બનતા હતા. ટૂંકમાં એ જીવોને બચાવવાના પરિણામો હોવા છતાં તેઓને બચાવવા સાધુઓ માટે દુષ્કર હતું.

## શ્રમણ શ્રમણીઓનું અણસણ :

આ પરિસ્થિતિમાં ઘણા બધા સાધુ તેમજ સાધ્વીજી ભગવંતોએ વિચાર્યું...કે હવેથી

સંયમનું નિર્મળ પાલન કરવું ખૂબ જ મુશ્કેલ છે. આવા સંજોગોમાં જો જીવોની વિરાધનાના પાપથી બચવું હોય તો આપણે યવજજીવનું અણસણ સ્વીકારવું જોઈએ. આમ વિચારી અનેક શ્રમણો અને શ્રમણીઓએ યવજજીવનું અણસણ સ્વીકારી લીધું.

એ સિવાય ઉપસ્થિત અનેક શ્રમણ-શ્રમણીઓ તેમજ શ્રાવક-શ્રાવિકાઓ પ્રભુનું નિર્વાણ જોઈ દુ:ખના સાગરમાં ડૂબી ગયા. સૌના મુખમાંથી વીર-વીર મહાવીરના પોકાર નીકળ્યા...આંખોમાંથી આંસુઓનો વરસાદ વરસ્યો. પ્રભુનો નિશ્ચેષ્ટ દેહ જોઈ સકળ સંઘ કરૂણ વિલાપ કરી રહ્યો.

## પ્રભુનું નિર્વાણ થતા રત્નદીપક પ્રકટીકરણ :

આખા દિવસની ધર્મદેશનાના શ્રવણથી અઢારે ગણ રાજાઓ પ્રસન્નતા શિખર ઉપર જાણે મહાલી રહ્યા હતા. પણ તેમની આ પ્રસન્નતા ઝાઝી ન ટકી કારણ કે કાજળ જેવા શ્યામ અધંકારને ધરાવતી અમાવાસ્યાની રાત્રિ પૂર્ણ થાય એ પૂર્વે જ પરમાત્માનું નિર્વાણ થયું. અઢારે રાજાઓ દુ:ખી દુ:ખી થઈ ગયા. એમનું મન મુંઝાઈ ગયું એમનું ચિત ઉદ્વિગ્ન બની ગયું એમને વિચાર આવ્યો...પ્રભુ ભાવ ઉદ્યોતને કરનારા ભાવદીપક હતા. આખા જગતને કેવળજ્ઞાનથી જોતો અને જાણતો એ જ્ઞાનદીપક હતો. આખા વિશ્વને અજવાળતો એ જગદીપક હતો. આજે ભૌતિક દેહે બુઝાઈ ગયો. અત્યારે અમાવાસ્યાને લીધે એક બાજુ દ્રવ્ય ઉદ્યોતનો અભાવ છે જ. સાથે પ્રભુનું નિર્વાણ થતાં ભાવ ઉદ્યોત પણ ચાલ્યો ગયો આમ બંન્ને બાજુથી ભરતક્ષેત્રમાં સર્વથા અંધકાર છવાઈ ગયો છે જેથી બેય બાજુએથી આપણને માર પડયો છે, જે સહન કરવા આપણે જરા પણ સમર્થ નથી ભલે ભાવદીપકને પાછો ન લાવી શકીએ પણ કમ સે કમ પ્રભુવીરની યાદમાં દ્રવ્ય દીપક તો પ્રગટાવી શકીએ ને ! આમ વિચારી તમામ રાજાઓએ પોતાના ખજાનામાંથી રત્નના દીપકો મંગાવી પ્રગટાવ્યા. જેથી સર્વત્ર પ્રકાશ પ્રકાશ થઈ ગયો.

બીજી બાજુ પ્રભુના નિર્વાણના સમાચાર આકાશમાંથી દેવ-દેવીઓનું ગમનાગમન ચાલુ થયુ. તેજો વલયને ધરાવતા આ દેવ-દેવીઓનું પ્રકાશથી રાત્રી જ્યોતિર્મય બની ગઈ અને ધરતી પ્રકાશમય બની ગઈ.

## દેવો-નગરજનો દ્વારા વિવિધ દીપક પ્રકટીકરણ :

કેટલાંક દેવીદેવતાઓ ભાવદીપક સ્વરૂપ પરમાત્માનું નિર્વાણ થતાં, પ્રભુની યાદમાં દ્રવ્ય પ્રકાશને પાથરનારા ઘનઘોર અંધકારને હરનાર દેદીપ્યમાન રત્નો હાથમાં લઈ આવ્યા...અને મેરઈયા મેરઈયા (આ વીરપ્રભુ પ્રતિ મારા તરફથી આરતી ઉતારણ

છે.) અમે કહીને ધરતીને કોલાહલમય બનાવી દીધી.

આ જોઈ ચારે વર્ણના નગરજનો પણ હાથમાં રત્ન વગેરેના દીવાઓની શ્રેણી લઈ મેરઈયા મેરઈયા કરતા પ્રભુના દેહ પાસે આવી ઉભા.

## દીપાવલી પર્વનો પ્રારંભ :

એ રાત્રે પાવાપુરીનગરીના ઘરે ઘરે દીવો પ્રગટયા. ચારે બાજુ દીવડાઓની પંક્તિ ખડી થઈ જતાં ઘરની ઉપર પ્રભુવીરના નિર્વાણ કલ્યાણકના દિવસે દિપાવલી પર્વ પ્રસિદ્ધ થયું...તે દિવસથી દર વર્ષે વીર પ્રભુના નિર્વાણ કલ્યાણકના દિવસે સર્વત્ર દીવાઓ પ્રગટતા હોઈ લોકોમાં દીપોત્સવ પર્વનો પ્રારંભ થયો જે આજ સુધી અખંડ પણે ચાલુ છે.

## દેવતાઓ દ્વારા સ્તવના :

હે પ્રભુ ! આપનો જય થાઓ. આપના ચરણોમાં અમારા નમસ્કાર થાઓ. આપ સમસ્ત અધર્મોનો વિનાશ કરનાર છો. નિર્મળ કેવલજ્ઞાનની પ્રભાથી યથાર્થ સત્યધર્મના આપ પ્રકાશક છો. સંયમજીવનનો સ્વીકાર કરી આપે અદ્‌ભૂત પરાક્રમ કર્યું. જેના પ્રભાવે આપના સર્વ કર્મોનો નાશ થયો છે આખા વિશ્વને તારવા માટે આપે ધર્મનો જગત સમક્ષ સુંદર રીતે પ્રદર્શિત કર્યો...હે ભગવંત ! આપે જે તપ કર્યો...તે પણ જગતના કલ્યાણ માટે કર્યો. આપ ધન, કુટુંબ અને રાજ્યાદિક અંગનો ત્યાગ કર્યો...તે પણ સમસ્ત વિશ્વના હિત માટે કર્યો.

હે દેવાધિદેવ ! આપે સર્વકર્મનો ક્ષય કરી નિરુપદ્રવ શાશ્વત અને અનુતર સ્થાન પ્રાપ્ત કર્યું...એટલું જ નહિં, જગત આખા માટે મોક્ષસુખનો માર્ગ બતાવ્યો. જે મોક્ષમાર્ગને પ્રતિકુળ છે, જે દુર્ગતિમાં પહોંચાડનાર છે એવા પાપ માર્ગનો આપે નાશ કર્યો તેમજ જેઓ ભવભયથી મૂઢ બની ગયા છે, તેવા આત્માઓને આપે પ્રતિબોધ આપ્યો છે. હે કમનીય કાયાને ધારણ કરનારા પ્રભુ ! આપને કોટિ કોટિ નમન :

## પ્રભુના દેહનો અગ્નિ દાહ :

આમ સ્તવના કરી દેવો અને ઈન્દ્રોએ ભક્તિપૂર્વક પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી ત્યારબાદ પોતાની જાતને પ્રભુ વગર નિરાધાર-અનાથ ગણાતા સૌ ધર્માધિપતિએ હૈયામાં ધૈર્યને ધારણ કરી પ્રભુના દેહનો અગ્નિસંસ્કાર કરવા સ્વરૂપ ઉતરક્રિયાનો પ્રારંભ કરાવ્યો.

સહુ પ્રથમ આભિયોગિક દેવો દ્વારા નંદનવનમાંથી મંગાવેલ ગોશીર્ષચંદન, અગરુ વગેરે કાષ્ઠો વડે ચિતા રચાવી. પછી અગ્નિકુમાર દેવોએ પોતાના મુખ વડે તરત જ અગિનની જવાળા પ્રજવલિત કરી. જેથી ચિતા ભડભડ બળવા લાગી. ત્યાર બાદ અસુરેન્દ્રો અને સુરેન્દ્રોઓ સાથે મળીને શોકરૂપી વજ્રથી ચિરાયેલો હૈયે પ્રભુવીરના દેહને ચિતા પર આરૂઢ કર્યો.

પ્રદક્ષિણા વર્તે અગ્નિને ફરવા માટે વધુ પ્રદિપ્ત કરવા માટે વાયુકુમારના દેવોએ વાયુ વિકવ્યો.

અન્ય દેવોએ વારંવાર જલતી ચિતાની અંદર મુઠ્ઠીઓ ભરીને સુગંધી ધૂપ આદિની વૃષ્ટી કરી તેમજ ઘી અને મધથી ભરેલા સેંકડો ઘડા ઉંધા કર્યા. અગ્નિની જવાળાઓ જાણે આભને આંબવા મથતી હોય તેમ લપલપાયમાન કરતી વધવા લાગી. પ્રભુનો પરમ ઔદારિક દેહ એ અગ્નિમાં બળવા લાગ્યો. એક પછી એક આવરણ અગ્નિમાં ભસ્મીભૂત થવા લાગ્યા. પ્રભુના શરીરમાંથી લોહી-માંસાદિક બધુ જ બળી ગયું. ત્યારે મેઘકુમાર દેવોએ ક્ષીર સાગરના શીતળ અને સુગંધી જળની ધારા વડે તે ચિતાને બુઝાવી દીધી. થોડી જ ક્ષણોમાં ચિતા શાંત થઈ ગઈ. પ્રભુનું સંપૂર્ણ શરીર ભસ્મ બની ગયું. બચી ગયા પ્રભુના દાઢા, દાંત અને અસ્થિ.

શકેન્દ્ર અને ઈશાનેન્દ્રએ મંગળ માટે પ્રભુના ઉપરના ભાગની ડાબી-જમણી દાઢાઓ લઈ લીધી. અમરેન્દ્ર તથા બલીંદ્રએ નીચેના ભાગની ડાબી-જમણી દાઢાઓ લીધી. અન્ય સુરેન્દ્રો અને અસુરેન્દ્રોએ યથા યોગ્ય દાંત અને અસ્થિ લીધા. જયારે મનુષ્ય ગણે આવનારા ઉપદ્રવો શાંત થાય તેમજ પોતાનું કલ્યાણ થાય એવા પવિત્ર આશયથી ચિતાની ભસ્મ લીધી. બાકી જે શેષ બચ્યું તે દેવતાઓએ ક્ષીર સમુદ્રમાં વહાવી દીધું. અંતે પવિત્ર સ્થાન પર દેવોએ રત્નમય સ્તુપની રચના કરી.

## દેવશર્માને પ્રતિબોધ કરી પાછા ફરેલા ગૌતમ સ્વામી :

● ગુરુ ગૌતમ ! વીર પ્રભુના પ્રથમ ગણધર. ● ચૌદ પૂર્વ સહિત દ્વાદસાંગીના રચયિતા. ● પચ્ચાસ હજાર કેવલજ્ઞાની શિષ્યોના ગુરુ અનંત લબ્ધિ નિધાન પ્રભુવીરના અનન્ય ભક્ત. ● જેના રોમરોમમાં પ્રભુ વીરનું નામ આલેખાયેલું હતું. ● જેના હૈયાના પ્રત્યેક ધબકારામાં પ્રભુની સ્મૃતિ છુપાયેલી હતી. ● જેના જીવનના પ્રત્યેક શ્વાસ જાણે પ્રભુવીર માટે જ લેવાયા હતા.

સમવસરણમાં અડતાલીસ કલાકની દેશના પૂર્ણ થયા બાદ પ્રભુએ નિર્દિષ્ટ કરેલા દેવશર્માને પ્રતિબોધ કરવાનું કાર્ય પૂર્ણ કરી ગૌતમ પ્રભુવીરના વંદનાર્થે વહેલી સવારે પાછા ફર્યા. દેવશર્મા પ્રતિબુદ્ધ થઈ ગયો હતો...એ રીતે પ્રભુની આજ્ઞાનું પાલન થયું

હતું. એનો ગૌતમને ખૂબ આનંદ હતો. એમનું મન અતિ પ્રસન્ન હતું. ભલે ભગવાનને બધી ખબર છે...છતાં મારા પ્રભુને બધી વાત કરીશ...આથી કલ્પનાના તાણા-વાણા વણતાં મંદગતિએ ગૌતમ પાવાપુરી (અપાપાપુરી) તરફ ડગ માંડી રહ્યા હતા. પ્રભાતનો સમય થઈ ચૂકયો હતો.

પણ આજનું પ્રભાત સાવ નોખું હતું. ધરતીથી આસમાન સુધી સર્વત્ર સૂનકાર છવાયેલો હતો. મનુષ્યો કે પશુઓનો પદરવ તો સંભળાતો ન હતો. પણ વૃક્ષો અને વેલીઓ પણ જાણે સ્થિર બની ગયા હતા. દિશાઓ સ્તબ્ધ હતી. પવન સ્થિર હતો. નદીના વહેણ પણ જાણે થંભી ગયા હતાં.

આજે કેમ આવું ઉદાસ વાતાવરણ છે ? ગૌતમને શંકા તો થઈ...કો'કને ઉભા રાખીને પૂછવાનું મન થયું ચારે બાજુ દૂર દૂર સુધી નજર નાંખી પણ ગૌતમની શંકાનું સમાધાન કરનાર કોઈ ન મળ્યું. ગૌતમ આગળ વધ્યા.

## ગૌતમ સ્વામીનો દેવતાઓને પ્રશ્ન :

એમણે એક દેવતાને ઉભા રાખીને પૂછયું અરે દેવાત્મન તમે આમ હાંફળા-ફાફળા થઈને કયાં જઈ રહ્યા છો ? એવી કઈ ઘટના ઘટી છે તે તમે આટલી દોડાદોડ કરી રહ્યા છો ? જરા ઉભા રહી મને શાંતિથી કહો તો ખરા.

દેવતાએ જોયું સામે ગૌતમ હતા. પ્રભુના પડછાયા જેવા ગૌતમને કોણ ન ઓળખે. એમને ખ્યાલ આવી ગયો કે ગૌતમને હજી પ્રભુવીરના નિર્વાણના સમાચાર મળ્યા લાગતા નથી. સમાચાર મળ્યા પછી ગૌતમની કેવી મનસ્થિતિ થશે એનો પણ એમને ખ્યાલ હતો એટલે જ ગૌતમને પ્રભુવીરના નિર્વાણના સમાચાર આપવાનું સાહસ કરવા કોઈ દેવતા તૈયાર ન હતા. એક બાજુ પ્રભુના વિયોગથી હૈયામાં વિરહની આગ તો લાગી જ હતી. એમાં ગૌતમને સમાચાર આપવાથી ગૌતમની જે સ્થિતિ થવાની હતી એ આગમાં ઘી હોમવા બરાબર હતું. આગમાં ઘી હોમી દાવાનળ ભડકાવવા કોણ તૈયાર થાય ? સૌ દેવતાઓ મસ્તક નમાવી મૌન રહ્યા.

એટલીવારમાં તો સેંકડો નર-નારીઓ પણ ત્યાં ભેગા થઈ ગયા. સહુને પ્રભુના નિર્વાણના સમાચાર મળી ગયા હતા. સૌ નિસ્તેજ, નિરાનંદ અને નિરુત્સાહી હતા. ગૌતમે એમના તરફ વળીને એમને પૂછયું કે ભાઈ આજના દિવસની આ સ્થિતિ જોઈને હું બહુ ચિંતિત છું. તમારી પાસે સમાચાર હોય તો જણાવો. નર-નારીઓની હાલત પણ દેવતાઓ જેવી જ હતી ગૌતમના પ્રશ્ન આગળ સહુ જાણે જડ જેવા બની ગયા હતા.

ગૌતમ તો દેવતાઓ અને નર-નારીઓની આવી પ્રતિક્રિયા જોઈ વિચારમાં પડી

ગયા. દેવતાઓના વૃંદ તરફ કરી  એમણે ઉભેલામાંથી એક દેવતાનો હાથ પકડી રીતસર હલાવીને પૂછયું અરે ! તમે કેમ કાંઈ બોલતા નથી તમે બધા કેમ સૂનમૂન ઉભા છો ? તમારા કોઈના ચહેરા પર ચમક કેમ નથી દેખાતી ? તમે બધા ઉત્સાહ વિનાના કેમ દેખાવ છો ? મારા પ્રશ્નનો કમ સે કમ ઉતર તો આપો ! ચલો, બીજી બધી વાત છોડો ફકત મને એટલા સમાચાર આપો કે...મારા વીરપ્રભુને કેમ છે ? એમનું સ્વાસ્થ્ય તો સુચારુ છે ને ? એમના દેહને કોઈ પીડાતો નથી ને ?

કોઈ દેવની તાકાત ન હતી કે ગૌતમના પ્રશ્નનો તેઓ જવાબ આપી શકે અત્યાર સુધી મૌન રહેલા દેવતાઓ ગૌતમના છેલ્લા પ્રશ્ન આગળ સાવ ઢીલા પડી ગયા કયારેય અશ્રુપત નહિ કરતી આંખોમાંથી બોરબોર જેટલાં આંસુ ટપકવા લાગ્યા.

આ જોઈ ગૌતમને શંકા સાચી ઠરતી હોય એવું અનુમાન થયું. એમણે કહ્યું જે હોય તે સત્ય કહો. શા માટે તમે મારાથી છુપાવો છો ? મારાથી કોઈ વાત છુપાવશો નહિ.

## દેવતાનો ઉતર :

ગૌતમના અતિ આગ્રહ આગળ દેવતાઓ ઝુકી ગયા એક દેવતાએ કહ્યું ગુરુદેવ! આપનાથી છુપાવીને અમારે કયાં જવાનું ? બાકી પ્રભુવીરનું સ્વાસ્થ્ય જો ખરાબ હોય, એમનું આયુષ્ય જો અખંડ અક્ષય હોય તો અમારે ઉદાસ થવાની, મૌન થવાની કે અશ્રુ ઢાળવાની શું જરૂર પડે...એટલે ? હવે ગુરુ ગૌતમથી ન રહેવાયું. એમનો અવાજ થોડો ઉગ્ર થયો.

એટલે એ જ કે હવે આપણા સહુના તરણ-તારણહાર પરમાત્મા મહાવીરદેવ આ ધરતી પર હયાત નથી તેઓ નિર્વાણ પામ્યા છે. દેવતાએ જવાબ આપ્યો.

## વીર પ્રભુના નિર્વાણથી ગૌતમને લાગેલો આઘાત :

● ગૌતમ માટે આ શબ્દો ન હતા...એમના મસ્તક પર કોઈએ કરેલો જાણે વજ્રપાત હતો. ● ગૌતમ માટે આ સમાચાર ન હતા એમના હૃદયને કોઈએ પહોંચાડેલો ભારે આઘાત હતો. ● પ્રભુનું નિર્વાણ ગૌતમ માટે જાણે ગુલાબ પર કરેલો કુઠારાઘાત હતો. ● કબુતર પર બિલાડીની તરાપ હતી. ● ઉંઘમાં આવેલું બિહામણું સ્વપ્ન હતું.

પ્રભુ વીરના નિર્વાણના સમાચારથી એમની વાચા હણાઈ ગઈ. તેઓ દિગ્મૂઢ બની ગયા. એમની કાયામાંથી શક્તિ હરાઈ ગઈ. એમના શરીરના પ્રત્યેક અવયવો ઢીલા પડી ગયા. શરીર જાણે નિશ્ચેષ્ટ બની ગયું. એમના હૃદયમાં ભારે ધ્રાસકો પડયો. સમગ્ર સૃષ્ટી એમને ગોળ ગોળ ફરતી દેખાઈ.

તેઓ અત્યંત અસ્વસ્થ બની ગયા. એમનો સ્વર રૂંધાઈ ગયો. ગળે ડૂમો ભરાઈ

ગયો એમની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. એંશી વર્ષના ગૌતમ જાણે આઠ વર્ષના બાળક બની ગયા. વીર...વીર...કરતાં તેઓ ત્યાં ધરતી પર જ ઢળી પડયા. ગૌતમની આવી સ્થિતિ જોઈને ઉભેલા સૌની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસવાનું ચાલુ થયું. સર્વત્ર સ્મશાન જેવી શાંતિ પથરાઈ ગઈ.

## ગૌતમનો પ્રભુને ઉપાલંભ :

કેટલીક ક્ષણો પસાર થયા બાદ ગૌતમે પોતાની જાતને સંભાળી લીધી અલબત વીર પ્રભુના નિર્વાણથી લાગેલો આઘાત હજી શમ્યો ન હતો અને એ આઘાતમાંથી જ ગૌતમના હૃદયમાં પ્રત્યાઘાતનો જન્મ થયો. આ પ્રત્યાઘાત જેણે જેણે સાંભળ્યો...એ કદાચ કાળમીંઢ પથ્થર હોય તો ય પીગળી જાય એવો કરૂણ હતો અત્યંત ભાવાવેશમાં આવી ગૌતમ બોલ્યા આખી દુનીયા કહે કે આપ ચાલ્યા ગયા છો...તો પણ હું એ વાત માનવાનો નથી. ''વીર ! વહેલા આવોને ગૌતમ કહી બોલાવોને...દરિસણ વહેલું દીજીએ...'' હે નાથ આપ પાછા પધારો...એકવાર આ સેવકને દર્શન આપો એકવાર આ સેવકને ગૌતમ કહી પુકારો...

ઓ પ્રભુ ! શું ખરેખર આપ મને છોડીને ચાલ્યા ગયા છો ? મને હજી આ વાત ઉપર વિશ્વાસ નથી બેસતો પણ જયારે બધા જ કહી રહ્યા છો...કે હવે આપ આ ધરતી પર હયાત નથી. આપે તો આપનું કામ સાધી લીધું...આપતો મોક્ષમાં પધારી ગયા છો...તો મારો આપને પ્રશ્ન છે કે ફકત એક જ દિવસના કામ માટે આપે મને આપનાથી જુદો કેમ પાડયો ? એક જ દિવસમાં થોડા જ સમયમાં આપનું નિર્વાણ થવાનું હતું...તો પછી મને આપની પાસે રાખવાના બદલે શા માટે આપનાથી દૂર મોકલી દીધો ? મારા બદલે બીજાને મોકલવો હતો ને ! અને મને જ મોકલવો હતો તો ચાર દિવસ પહેલા મોકલવો હતો ને ! આપના અંત સમયે જ શા માટે મોકલ્યો ? શરીરની સાથે જેમ પડછાયો રહે તેમ પ્રભુ જીવનભર હું આપની સાથે રહ્યો...અને છેલ્લે મને જ છુટો કરી દીધો. પોતાનું નિર્વાણ ગમન નજીકમાં છે એવું જાણતા હોવા છતાં મને અંધારામાં રાખીને મારા જેવા ભોમિયાને દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલી દીધો. તો મારે આપને પૂછવું છે કે શું દેવશર્મા આપનો પરમભક્ત હતો કે ચિર પરિચિત હતો ? શું જોઈને એના પણ કરૂણા ઉભરાઈ ગઈ ? જેનો આપને કોઈ પરિચય નથી. એવો કોઈ આપનો મોટો ભક્ત ન હતો...એના પર મહાન અનુગ્રહ કર્યો...અને જે આપનો વર્ષો જૂનો પરિચિત છે, જે આપનો અનન્ય સેવક છે, જે આપનો ગુણાનુરાગી છે, જે આપના શરણે રહેલો છે અરે ! આપનો પ્રથમ શિષ્ય છે આપના પર અત્યંત સ્નેહ ધરાવે છે...એને આપ આપનું નિર્વાણગમન પણ જણાવતા

નથી. પ્રભુ ! કેમ આપને દયા ન આવી ? પ્રભુ આવો ભેદભાવ શા માટે ?

પ્રભુ ! હું તો આજ સુધી મારી જાતને અજ્ઞાની જ સમજનો હતો. આપ હતા પછી મારે ક્યાં જ્ઞાની બનવાની જરૂર હતી ? આજે આપના વિરહમાં જયારે મારી બુદ્ધિ ચલાવું છે. તો મને થાય છે કે આપ તો બહુ ચાલાક નીકળ્યા. આપની કુટ નીતિને તો કયાંય પહોંચાય તેમ નથી. ● પેલા અઈમુતા જેવા વિરાધકને આપે મોક્ષે પહોંચાડયો. ● પેલો દેડકો તમારૂં ધ્યાન કરતાં કરતાં મર્યો તેને દેવલોક. ● સુલસા-રેવતીને તીર્થંકર નામ બંધાવી આપ્યા. ● ચલો આ તો સમજયા-શુણપાણી જેવા પાપિયા ઉપર કરૂણા કરી સુખીયો બનાવ્યો. ● અર્જુનમાળી જેવા ઘાતકી ઉપર દયા ઉભરાઈ ઉદ્ધાર કર્યો. ● પેલો ચંડકૌશિક જેણે આપને ડંખ મારીને ખતમ કરી નાખવાના પ્રયત્નો કર્યા. એના એ મહાપાપે જો સાતમી પછી આઠમી નરક હોય તો એમાં જ જાય એવા મહા ભયંકર સર્પને આઠમા દેવલોકમાં મોકલીને તો આપે હદ કરી નાખી.

વધુ શું કહું ? કેટલા નામો આપું ? ગણ્યા ગણાય નહિ, વીણ્યા વીણાય નહિ...એટલા નામો મારી પાસે છે કારણ કે સહુથી વધારે સહવાસ જો આપની સાથે કોઈએ માણ્યો હોય તો તે ફકત હું જ છું.

મારું તો ફકત આપને એટલું જ કહેવું છે...કે આવા પાપી અને ભારે કર્મીઓનો ઉદ્ધાર કરવાનું તમને સૂઝયું...તો મેં એવા કયા પાપો કર્યા છે, મેં એવા કયા કર્મો બાંધ્યા છે...તે આખી જીંદગીમા એક મને જ તારવાનું ન સૂઝયું. પ્રભુ ! આપે તો સંસારનો ય વ્યવહાર ન પાળ્યો. સંસારીઓ પોતાના સ્વજનનો અંત સમય આવે ત્યારે એના જેટલા પણ નીકટના સગા હોય...એને યાદ કરીને બોલાવી લેતા હોય છે. એ દૂર હોય તો એને સમાચાર પહોંચાડતા હોય છે. જયારે આપે તો આથી ઉલટું જ કર્યું. જે નિકટનો, અતિ નજીકનો હતો...એને પાસે રાખવાના બદલે એને જ યાદ કરીને દૂર મોકલી દીધો. પ્રભુ ! આ અવસરે તો આપે મને આપની પાસે જ, આપની સાથે જ રાખવો જોઈતો હતો, આપનાથી જરાયે દૂર કરવો ન હતો.

પ્રભુ ! આપે આ બરાબર નથી કર્યું અને આપને જો બરાબર લાગતું હોય તો મને કારણ આપો...કે અંતિમ સમયે આપે મન દૂર શા માટે મોકલી દીધો.

શું આપને એવો ડર હતો કે ગૌતમ અંતિમ સમયે મારી પાસે કેવલજ્ઞાન માંગશે? નાના બાળકની જેમ જીદ કરીને ઉભો રહી જશે ? કે મારી આંગળી પકડીને કહેશે કે હું તમને એકલાને નહિ જવા દઉં મને પણ સાથે લઈ જાવ.

કદાચ આપે મને કેવળજ્ઞાન આપી દીધું હોત...તો એમાં આપનું શું જવાનું હતું? શું મને કેવળજ્ઞાન આપત તો આપનું કેવળજ્ઞાન ઘટી જાત ? એવું તો થવાનું ન હતું તો તમે કેવળજ્ઞાન શા માટે ન આપ્યું ? અને મારે કયાં પરાણે કેવળજ્ઞાન જોઈતું

હતું. તમે આપો તોજ મારે લેવાનું હતું અને એથી આગળ જઈને કહું તો નથી જોઈતું મને તમારું કેવળજ્ઞાન રાખો તમારી પાસે. મને કેવળજ્ઞાનની ઈચ્છા નથી મને તો ઈચ્છા છે...કેવળ તમારા દર્શનની, એક તરસ, એક જ લગ્ની, એક જ ઈચ્છા, એક જ ઝંખના...તમારા દર્શનની...પણ અફસોસ ! હવે તો એ ય મળવાના નથી. હું તો બેય બાજુથી વંચિત રહ્યો. આપના જીવતાં કેવળજ્ઞાન ન મળ્યું. આપના ગયા પછી હું કાયમ માટે આપનું જ કેવળ દર્શન ઈચ્છતો હતો તે ય ગયું.

પ્રભુ ! હું તો તમારો પરમ સેવક છું. આટલા વર્ષોથી હું તમારી સાથે છું...પણ તમે આટલા લોભિયા, કૃપણ કે કંજુસ હશો...એની મને આજે જ ખબર પડી. મને લાગે છે. આપ મને છેતરી ગયા ધૂર્તની જેમ ઠગી ગયા. મેં તમારા પર દિલથી વિશ્વાસ રાખ્યો આપે એ વિશ્વાસનો ઘાત કર્યો. હું સાવ ભોળો અને ભોટ રહ્યો. એટલે જ તમારાથી ભોળવાઈ ગયો. જેથી આપના ગુપ્ત ભેદોને ઓળખી ન શકયો. મને નિરાશ કરીને આપ ચાલ્યા ગયા. આપણો વર્ષો જુનો સ્નેહનો સંબંધ પણ તમે સાચવ્યો નહિં, આપના જેવા મોટા માણસને આ શોભતું નથી.

ગૌતમસ્વામીએ આવા તો અસંખ્ય ઉપાલંભો વીર પ્રભુને આપ્યા.

## પ્રભુના વિરહથી થયેલું નુકશાન :

ઓ ભગવાન ! તમારાં દર્શન વગર તો ચોર્યાસી લાખ યોનિમાં હું ભટકતો રહ્યો છું. અનંતકાળે આ ભવમાં આપના દર્શન થયા. હવે આપનો એકાએક વિયોગ થઈ જાય તે સ્વીકારવા મન તૈયાર નથી.

પ્રભુ ! જે દિવસે, જે પળે, જે ઘડીએ...તમારા દર્શન થાય એ દિવસ મારા માટે સફળ છે. એ પળ અને એ ઘડી મારા માટે લક્ષણવંતી છે. અને જે પ્રહરમાં આપને વંદન થાય...તે પ્રહર મારા માટે કલ્પવૃક્ષની ગરજ સારે છે માટે પ્રભુ કહું છું. આપ મને દર્શન આપો દર્શન આપવામાં બહુ સમય ન લગાડો પ્રભુ ! આ આપને શોભતું નથી. આપ તો મોટા મનના છો આપે જીદ ન કરવી જોઈએ. આપજો દર્શન નહિ આપો તો આપના તારક, જગવાત્સલ્ય નિધાન જેવા વિષેશણો ખોટા ઠરશે. મેં તો આપનામાં જ મારું જીવન સમર્પિત કરી દીધું છે શ્રધ્ધા અને તર્કથી એમ બન્ને રીતે આપનો જ દેવ તરીકે સ્વીકાર કરી લીધો છે. હવે મારૂં રક્ષણ કરવું એ આપની જવાબદારી છે. એ માટે આપે પાછા પધારવું જ જોઈએ આપ નહિં પધારો તો અમે કોના ચરણમાં વંદન કરશું ?

પ્રભુને ઠપકો આપતા આપતા પ્રભુના વિરહમાં શોક કરતા કરતા ગૌતમ અચાનક ઉભા રહી ગયા.

## સ્નેહ રાગની ભયંકરતા :

મને લાગે છે...આ સ્નેહ એ જ બંધન છે. એવું અદ્રશ્ય બંધન...જેમાં બંધન તો દેખાતું નથી. એક વસ્તુને દોરાથી બાંધીએ...તો તો દોરા વગેરેના બંધન દેખાય... પણ હૈયાના બંધન શેં દેખાય ?

મને લાગે છે...આ પ્રેમ એ જ કેદખાનું છે. એવું કેદખાનું...જેમા બેડી જ નથી. વગર બેડીએ જ માનવી પ્રેમથી બંધાયેલો રહે છે.

મને લાગે છે...આ રાગ એ જ જેલમાં પ્રવેશ છે. એવો જેલ પ્રવેશ...જેમાં સાંકળ જ નથી. જેલમાં લઈ જતા કેદીને હાથમાં સાંકળ બાંધવી પડે...જયારે અહીં તો વગર સાંકળે માનવી રાગથી બંધાયેલો રહે છે.

મને લાગે છે...આ મોહ એ જ પાંજરૂં છે એવું પાંજરૂં કે જેમાં કાષ્ઠ કે લોખંડના સળિયા જ નથી. વગર સળિયાના પાંજરામાંનો પશુ છટકી જાય...જયારે અહીં તો વગર સળિયે માનવી મોહના પાંજરામાં પુરાયેલો રહે છે.

હું જ ભગવાનની પાછળ ગાંડો બની ગયો. હું એ પણ ભુલી ગયો...જે વીતરાગી હોય એણે તો રાગ કરવો યોગ્ય નથી જ પણ વીતરાગી પર આપણે રાગ કરીએ તો એ રાગ એક પાક્ષિક કહેવાય. એકપક્ષી પ્રીતી કરવાથી તો જીવને દુઃખી થવાનો જ વારો આવે.

## ગૌતમસ્વામીનું અપૂર્વ ચિંતન :

આમ પ્રભુના વિરહના સંતાપથી તપતા ગૌતમસ્વામી ફરી ચિંતનમાં ચડી ગયા...ભંતે ! મેં આપની આટલી સેવા કરી છતાં આપે મારી ભક્તિની ઉપેક્ષા કરી. મારા પ્રત્યે આપ ઉદાસ રહ્યા...હવે આ જનમ કે જન્માંતરમાં પણ હું આપના પર સ્નેહ નહિં કરું, મમત્વ નહિં કરું. જે મમતા વગરના છે એના પર મમતા શા માટે કરવી ? આમેય મુનિએ તો કોઈ પોતાના પર સ્નેહાળું હોય કે કોઈ પોતાના પર મમતાળુ હોય...કોઈના ઉપર મમતા રાખવી યોગ્ય નથી કારણ કે આ સ્નેહ-મમત્વ સમજુ માણસને ય ભાન ભૂલાવી દે છે. જીવો એવા વિચિત્ર કર્મ બાંધે છે. જેથી મહા દુઃખદાયી નરક ગતિમાં જવું પડે છે. વળી ગાઢ રાગ એ સંસારરૂપી વેલડીને વધવા માટે પાણીની નીક સમાન છે. ભયકંર દુર્ગતિનું દ્વાર છે અને મોક્ષ સુખ પામવાની ઈચ્છાવાળા માટે અનર્થનું મૂળ છે. જીવ જે જે વસ્તુ પર રાગ કરે છે ત્યાં ગાઢ સ્નેહ થાય છે. સ્નેહ એ જ રાગ છે જયાં રાગ હોય ત્યાં દ્વેષ હોય જ. રાગ અને દ્વેષ...બંને સંસારરૂપી કુવામાં પડવાના કારણો છે. એમાં પણ દ્વેષ કરતા રાગ વધુ જોખમી છે. કારણકે ગુરુ ઉપર કરેલો રાગ પણ મમત્વનું કારણભૂત હોઈ મોક્ષનો પ્રતિબંધક બને

છે અને રાગ-દ્વેષ પર વિજય મેળવે છે...તેના માટે મોક્ષનું અનંત સુખ જરાય દૂર નથી તે ઉતમ પુરુષોને ધન્ય છે...જેઓએ સુખરૂપી હરણનો ક્ષય કરનાર મોહરૂપી મહાકેસરીને હણી નાંખ્યો છે.

## નિજ દોષ દર્શન :

પ્રભુ ! હવે મને લાગે છે કે આપની કોઈ ભૂલ નથી ભૂલ તો મારી જ છે. આપ તો વીતરાગી હતા. આપને કયાં કોઈના પ્રત્યે રાગ હતો. રાગતો મને હતો...આપના ઉપર હવે જયારે આ ધરતી પર રહ્યા જ નથી તો મારે કોના પર રાગ કરવો ?

અત્યાર સુધી હું પોતે આપના રાગમાં મોહમાં એવો ભ્રમિત-ભ્રાંત થઈ ગયો...જેથી નીરાગી અને નીર્મળ એવા આપના પર નકામા મેં રાગ અને મમતા કર્યે રાખ્યા. બાકી પ્રભુ ! આપ તો ઉપકારી છો...જે રાગદ્વેષ સંસારના કારણભૂત છે એના ત્યાગ કરાવવા માટે જ અંત સમયે આપે મારો ત્યાગ કર્યો. મને દૂર મોકલી દીધો હું આપનો ભક્ત હોવા છતાં આપે મને આપની પાસે ન રાખ્યો એમ કરીને મારા પર રાગ ન કરતાં આપે આપનું વિતરાગત્વ સાચવી લીધું. પ્રભુ ! આપ કેવા વીતરાગી અને હું કેવો રાગી !

આજ સુધી હું આપના પર મમત્વ રાખીને મારી જાતને આપનાથી અભિન્ન ગણતો હતો જરા ય જુદી માનતો ન હતો. આપ એટલે હું અને હું એટલે આપ...એવી મારી ભ્રમણા હતી પણ આજે મારી આ ભ્રમણા તૂટી ગઈ. અત્યાર સુધી હું વીતરાગને રાગની ભૂમિકા પર લાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો પણ મને હવે થાય છે કે હું જ કેમ વિતરાગની ભૂમિકા પર ચાલ્યો ન જાઉં.

આ વિચારની સાથે જ ગૌતમની દિશા બદલાઈ ગઈ તેઓ વિતરાગતાના પથ પર ચાલી નીકળ્યા. મનોમન તેઓએ વિચાર્યું પ્રભુ ! આપ તે હું નથી અને હું તે આપ નથી. આપ મહાવીર છો, અને હું ગૌતમ છું. ગૌતમ કયારેય મહાવીર ન કહેવાય. મહાવીર કયારેય ગૌતમ ન કહેવાય. આપ વિતરાગી છો. હું રાગી છું. આપણે બેય જુદા છીએ. આપણા બેય વચ્ચે ભેદ છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ-બધી જ રીતે ભેદ છે અહીં કોઈ કોઈ નથી અને કોઈ કોઈનું નથી જેમ ભગવાનને મારા પર મમતા ન હતી...તેમ હવે હું પણ ભગવંત પર સ્નેહરાગ વગરનો થયો છું.

## ગૌતમસ્વામીને કેવળજ્ઞાન :

આમ નિર્મોહ ભાવના ભાવતાં ભાવતાં ગુરુ ગૌતમના સ્નેહબંધન તૂટવા લાગ્યા.

જ્ઞાતપુત્રનો પ્રભુવીર પ્રત્યેનો મમત્વભાવ ઘટવા લાગ્યો. એમના અંતરનો રાગ-ભાવ ક્ષીણ થવા લાગ્યો. એમનો સંવેગભાવ વૃદ્ધિ પામ્યો એમણે ક્ષપક શ્રેણી ઉપર આરોહણ કર્યું. શુકલધ્યાનનો અગ્નિ પ્રજવળ્યો શુભ ધ્યાનમાં ઉચ્ચ શિખરે તેઓ પહોંચ્યા. અત્યાર સુધી વીર-વીરનો પોકાર કરતાં ગૌતમના મુખમાં 'ર' રહી ગયો...અને વીરનો વી વીતરાગના 'વી'માં પરિવર્તન થઈ ગયો. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એમ ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય થયો. પ્રભુ પ્રત્યેનો નિબિડ રાગની ગ્રંથીઓ તુટી ગઈ. જેને મેળવવા ભૂતકાળમાં અથાગ પ્રયત્નો થયા હતા. આગળ જતાં કેવળજ્ઞાન એમના આત્મામાં આટા મારતું હતું...એભૂત, ભાવિ અને વર્તમાનના સમ્રગ ભાવોને જણાવનાર કેવળજ્ઞાન ગુરુ ગૌતમને પ્રાપ્ત થયું...અનંતકાળમાં જે ભાવો ભમતાં ભમતાં આવ્યા ન હતા તે કેવળજ્ઞાનના ભાવો ગુણિયાજીની પાવન ભૂમિમાં નૂતનવર્ષના મંગલ પ્રભાતે તેમને પ્રગટયા ગૌતમ મહારાજા વીતરાગી બન્યા. સર્વજ્ઞ બન્યા સર્વદર્શી બન્યા.

પ્રભુ વીરના જીવતાં, જેને તેઓ સતત ઝંખતા હતા તે કેવળજ્ઞાન પ્રભુ નિર્વાણ પછી તરત જ મળી ગયું. ઉભેલા સૌ દેવ-દેવીઓ અને નર-નારીઓ પ્રભુના વિરહનું અને ગૌતમના વિલાપનું દુ:ખ ભૂલી ગયા. એમનો ઉદ્વેગ શાંત થઈ ગયો. ગુરુ ગૌતમના કેવલજ્ઞાન સકળ સંઘમાં આનંદ આનંદ છવાઈ ગયો.

નૂતન વર્ષનો આ પ્રથમ દિવસ કારતક શુદ પ્રતિપદાનું-એકમનું મંગલ પ્રભાત ગુરુ ગૌતમના કેવળજ્ઞાનથી ધન્ય બની ગયું.

### નૂતન વર્ષાભિનંદનનો પ્રારંભ :

ઉદ્યાનનો પવન જયાં જાય ત્યાં પુષ્પની સુગંધ ફેલાયા વગર ન રહે. ગૌતમના કેવળજ્ઞાનના સમાચાર ચારે બાજુ ફરી વળ્યા. જેને જેને આ સમાચાર મળ્યા એ સહુના અંતર અપાર હર્ષથી છલકાઈ ઉઠયા સૌના હૈયામાં ગુરુગૌતમ કેવા વસ્યા હશે...કે સમાચાર મળતા જ સહુ દોડયા...ગુરુ ગૌતમ તરફ હજારો નર-નારીઓ ગુરુ ગૌતમની આસપાસ ટોળે વળ્યાં સહુએ ગૌતમસ્વામીને જુહાર્યા, પ્રણામ કર્યા અને કેવળજ્ઞાનની વધાઈ આપી તે દિવસથી આજ પર્યંત દર વર્ષે બેસતા મંગળ દિવસે સહુ એક બીજાને જૂહારે છે. સુપ્રભાતમ, નૂતન વર્ષાભિનંદન વગેરે શબ્દો દ્વારા.

### ગુરુ ગૌતમની દેશના :

એક હજાર આઠ પાંખડીથી શોભતા સુવર્ણકમળ પર પદ્માસન મુદ્રામાં બિરાજેલા ગુરુ ગૌતમ સ્વામીએ ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. હજારો ભાવુક ભક્તોએ ઉલ્લાસિત હૃદયે એ ધર્મ દેશનાનું શ્રવણ કર્યું.

કેવળજ્ઞાનના પ્રકાશમાં ગુરુગૌતમે જોયુ કે...પ્રભુવીરના વિરહથી અનાથ બનેલી પૃથ્વીને જોઈ મોહરૂપી મહાચોરે ચારે બાજુ ધાડ પાડવાનું ચાલુ કર્યું છે...અને સહુના ધર્મરૂપી મનને લૂંટી રહ્યો છે એ જોઈ જાણે ગૌતમ બોલ્યા, હે મોહરાજા ! ભગવાન વીર મોક્ષમાં ચાલ્યા ગયા એટલે તને આખી દુનિયાનું ધર્મ ધન લૂંટવાનો જાણે પરવાનો મળી ગયો લાગે છે. પણ તું ભૂલી ગયો લાગે છે કે...પ્રભુવીરે સ્થાપેલ ધર્મ રાજ્યમાં હજી હું બેઠો છું મારી હાજરી છે ત્યાં સુધી તારી મજાલ શું છે કે તું ચોરી શકે ? અરે પાપિયા ! મને લાગે છે...તું મરવાનો થયો છે. ભાગી ભાગીને તું કેટલો ભાગીશ ? તમે તેટલો ભાગીશતોય અંતે તો હું તને પકડી જ પાડવાનો છું.

ગુરુ ગૌતમના આવા ભાવોને પ્રગટ કરવા આજે પણ લોકો દિવાળીના દિવસે દીવો કરે છે. અંધારા ઘરમાં ભરાઈ ગયેલો સાપ પ્રકાશ થતાં જ ત્રાસીને ઘરમાંથી જેમ બહાર નીકળી જાય તેમ આ દીવાના કિરણોથી મોહ અને અવિરતિ રૂપ અપલક્ષ્મીને ત્રાસ પમાડીને લોકો જાણે બહાર કાઢે છે અને ગૌતમસ્વામીને ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન રૂપ મહાલક્ષ્મીને આત્મ મંદીરમાં સ્થાપના કરે છે.

આમ ગુરુ ગૌતમની અવિરતિ અને મોહને ત્રાસદાયિની દેશનાનું શ્રવણ કરી સહુ ધન્ય બન્યા. દેવો અને ઈન્દ્રો સંતુષ્ટ મનવાળા બની પોતપોતાને સ્થાને ગયા.

ગુરુ ગૌતમ સ્વામી પણ આ ધરતી પર કેવલી અવસ્થામાં બાર વર્ષ વિચરી હજારો જીવોને પ્રતિબોધ કરી અનંતકાળ માટે પ્રભુનો સાથ-સંગાથ-સહવાસ પામવા મોક્ષમાં પધાર્યા.

## દિપાવલી પર્વ :

● ચૌદશ અને અમાવાસ્યાના દિવસે છઠ્ઠનો તપ કરવો જોઈએ તેમજ આરંભ-સંભારંભનો ત્યાગ કરવો જોઈએ. ● આ દિવસોમાં એક ઉપવાસ કરવાથી હજારગણું પુણ્ય મળે અને બે ઉપવાસ કરવાથી લાખ ગણું અને અઠ્ઠમ કરવાથી કરોડ ગણું પુણ્ય મળે છે કારણકે આ દિવસોમાં લોકો પાંચેય ઈન્દ્રીયોના વિષયસુખોને ભોગવવા દ્વારા મહાન કર્મબંધ કરે છે. જયારે એનો ત્યાગ કરનારા જ્ઞાની આત્માઓ ને મહાન લાભ થાય છે. ● આ દિવસોમાં છઠ્ઠ કરવાથી એક લાખ કરોડ વર્ષના નારકીના કર્મો ખપી જાય છે. ● અમાવાસ્યાની રાત્રે નવ વાગે "શ્રી મહાવીર સ્વામી સર્વજ્ઞાય નમઃ" ની વીસ માળા ગણાવી. ● ચતુર્થ પ્રહર અડધો વીતે એટલે સૂર્યોદયથી ચાર ઘડી (છન્નું મિનિટ) પહેલા "શ્રી મહાવીર સ્વામી પારંગતાય નમઃ" ની વીશ માળા ગણાવી (લગભગ રાત્રે પોણા પાંચ વાગે). ● નૂતન વર્ષની વહેલી સવારે સૂર્યાદય વખતે (લગભગ સવા છ વાગે) "શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ" ની વીસ માળા ગણવી.

## રાજા નંદીવર્ધનને વીર નિર્વાણના સમાચાર :

પ્રભુ વીરના સંસારી પક્ષે મોટાભાઈ હતા નંદીવર્ધન. નંદીવર્ધનને પોતાના નાનાભાઈ વર્ધમાન પ્રત્યે અપાર વાત્સલ્ય હતું. આ વાત્સલ્ય ભાવનાના લીધે જ માતા-પિતાના સ્વર્ગાગમન પછી વર્ધમાનને બે વર્ષ સંસારમાં તેમણે રોકી રાખ્યા હતા. પ્રભુએ દીક્ષા લીધા પછી પ્રથમ વિહારાર્થે ચરણ ઉઠાવ્યા...ત્યારે દીર્ઘકાળ સુધી પ્રભુનો વિયોગ થશે...એ કલ્પના માત્રથી રાજા નંદીવર્ધન કરૂણ કલ્પાંત કરી બેઠેલા પ્રભુના ગયા પછી હવે હું કોની સાથે સુખદુઃખની વાતો કરીશ ? કોની સાથે ભોજન કરીશ ? વગેરે ચિંતામાં તેઓ ચડી ગયેલા.

એજ નંદીવર્ધનને વીરપ્રભુના નિર્વાણના સમાચાર મળ્યા. ઉમરના અંતિમ પડાવ પર ઉભેલા નંદીવર્ધન આ સમાચાર મળતાં જ જાણે નાના બાળક જેવા બની ગયા તેમની આંખોમાંથી બોરબોર જેટલા આંસુ ટપકવા લાગ્યા. તેઓ મનોમન બોલ્યા, શું પ્રભુ ! આપ ચાલ્યા ગયા ? ખરેખર શું આ સમાચાર સત્ય છે ? સામાન્યથી તો એમ કહેવાય કે...જે પહેલા જન્મે તે પહેલો જાય આતો ઉલટું થયું. મોટો ભાઈ સંસારમાં બેઠો રહ્યો અને નાનો ભાઈ સિધાવી ગયો.

## નંદીવર્ધનનો કરુણ વિલાપ :

અરે વર્ધમાન ! પિતાની ગેરહાજરીમાં મોટાભાઈ પિતા તુલ્ય કહેવાય...એની તો તમને ખબર છે ને ! તો મોટાભાઈને શાતા આપવાની કે અશાતા આપવાની સુખના સમાચારો પહોચાડવાના કે દુઃખના ? માતા-પિતાના ગયા પછી આપે દીક્ષાની વાત ઉચ્ચારેણ ત્યારે હું દુઃખી દુઃખી થઈ ગયેલ બે વર્ષ પછી આપે દીક્ષા લીધેલ ત્યારે આપના કાયમી વિયોગની ચિંતાથી દુઃખની ગતિમાં ડૂબી ગયેલ અને આજે આપના મોક્ષગમનના સમાચારે તો હત પ્રભ કરી નાખ્યો છે.

હવે મને એમ લાગે છે કે આનાં કરતાં તો આપના દીક્ષા ગ્રહણથી થયેલો વિયોગ સારો હતો. કારણ એમાં કમસેકમ આપના દર્શન કરવાની તક તો ઉભી હતી જયારે પણ આપની યાદ આવે...તો હું આપના દર્શન કરવા આવી જતો. આપને મારા રાજયમાં પધારવાની વિનંતી કરી શકતો પણ હવે ?

હવે તો આપ સદાને માટે અમને છોડીને ચાલ્યા ગયા હવે આપના દર્શનની ઈચ્છા થશે તો અમારે કયાં આવવાનું ? આપ તો એવા સરનામે પહોંચી ગયા છો. ત્યાં પહોંચવાનું અમારું ગજુ નથી. આ વૃદ્ધ વયે આવા માઠા સમાચાર જીરવવા ભારે પડી જાય છે.

નંદીવર્ધનની વિચારધારા આગળ વધે એ પૂર્વે જ તેઓ બેભાન થઈ ગયા.

ક્ષત્રિયકુંડના મંત્રી વર્ગથી લગાવી સેવક વર્ગ રાજા નંદીવર્ધનની સેવામાં ખડે પગે ઉભો રહી ગયો. શીતલ જલનો છંટકાવ-શીતલ વાયુનો સંચાર-વગેરે ભારે પ્રયત્નોથી રાજા નંદીવર્ધન થોડા સમયે ભાનમાં આવ્યા. ગુરુ ગૌતમની જેમ એમના મુખમાંથી પણ વીર...મહાવીર...હે વર્ધમાનના શબ્દો નીકળતા હતા.

## નંદીએ કરેલ અન્નપાન ત્યાગ :

આખા ક્ષત્રિયકુંડ નગરમાં સમાચાર પવનવેગે ફેલાઈ ગયા...રાજા નંદીવર્ધને પ્રાણ પ્યારા ભ્રાતા પ્રભુ વીરનાં વિરહમાં કાયમ માટે અન્ન જળનો ત્યાગ કરી દીધો છે. જયાં જયાં આ સમાચાર પહોંચ્યા, જેને જેને આ સમાચાર મળ્યા...સહુ અચંબામાં પડી ગયા. સહુના હૈયા ભયભીત થઈ ગયા. કયાંક આમને આમ જો નંદીવર્ધન ઉપવાસ પર ઉપવાસ કરશે, અણસણ પર ચડી જશે...તો આ ભાર એમનો જર્જરિત દેહ નહિ ખમી શકે. કયાંક ન બનવાની ઘટના ઘટી જશે. પ્રભુને તો ગુમાવ્યા...હવે અમારે અમારા રાજાને ગુમાવવા નથી. રાજા નંદીવર્ધન વગરના ક્ષત્રિયકુંડનો તો વિચાર પણ કરી શકાય તેમ નથી વિચારીએ તોય તમ્મર આવી જાય તેમ છે. ધોળા દિવસે અંધારપટ હજી આવે પણ રાજા નંદીવર્ધન વગરનો ક્ષત્રિયકુંડ તો ન જ ચાલે.

નગરજનોએ દિલથી પ્રભુને પ્રાર્થના કરી, કે પરમાત્મા અમારા રાજા સ્વસ્થ બનો, દીર્ધાયુ બનો. શક્તિમાન બનો એમની આ પ્રાર્થના બીજા કોઈએ સાંભળી કે ન સાંભળી પણ કુદરતે જરૂર સાંભળી. પવને આ પ્રાર્થના પોતાની પાંખમાં લીધી ક્ષત્રિયકુંડથી દૂર-સદૂરના ક્ષેત્રમાં પહોંચાડી એ ક્ષેત્રમાં...જયાં વર્ધમાન અને નંદીવર્ધનના ભગિની સુદર્શના રહેતા હતા. માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થની એક માત્ર લાડલી દીકરી હતી.

## બહેન સુદર્શનાનું આગમન :

બેન સુદર્શનાની પધરામણીના સમાચાર આખા રાજ વર્ગમાં ફરી વળ્યા કોઈને આનંદ થયો તો કોઈને આશ્ચર્ય !

સુદર્શના આવા આનંદ કે આશ્ચર્યની પરવા કર્યા વગર સીધા નંદીવર્ધનના ખંડમાં પ્રવેશ્યા. એક વખતના શૂરવીર અને નરવીર ગણાતા નંદીની ઉદાસીનતા જોઈ તેઓ દુ:ખી દુ:ખી થઈ ગયા.

એમણે મોટાભાઈના ચરણોમાં પ્રણામ કર્યા બે હાથ જોડી મસ્તક નમાવી કહ્યું મોટાભાઈ હું આવી ગઈ છું.

રૂપાની ઘંટડી જેવો અવાજ સાંભળતા ચિરપરિચિત શબ્દ કાનમાં પડતાં અત્યાર

સુધી કોઈ બોલાવે તો સામું પણ ન જોનાર નંદીવર્ધને આંખ ખોલીને સામે જોયું. બેન સુદર્શના પર દષ્ટી પડતાં જ નંદીનું હૈયું ભરાઈ ગયું. આંખો ઉભરાઈને છલકવા લાગી રૂંધાઈ ગયેલા કંઠમાંથી માંડ માંડ શબ્દો નીકળ્યા...બેન ! વર્ધમાન ચાલ્યા ગયા...આપણને મૂકીને ચાલ્યા ગયા. આટલું બોલતાં તો નંદીવર્ધન પાછા નાના બાળક જેવા બની કરૂણા વિલાપ કરવા લાગ્યા. બેન ! આપણને વર્ધમાન હવે કયારે મળશે ? નંદીએ ડૂસકાં ખાતાં ખાતાં સુદર્શનાને પૂછયું...

મોટાભાઈ માટે સુદર્શનાએ જે સ્થિતિ કલ્પેલી...એ કરતાં કઈક ગણી ભયંકર પરિસ્થિતિ અહી સર્જાઈ હતી. એ પોતાની જાતને રોકી ન શકી. એની આંખોમાંથી બોર બોર જેટલા આંસુ સરવા લાગ્યા. સુદર્શનાથી આ સ્થિતિ છાની ન રહી. અને થયું આમને આમ ચાલુ રહેશે તો હું જે ઉદેશથી આવી છું એ ઉદેશ નહિ સરે. કોઈ પણ ભોગે આ પરિસ્થિતિ મારે બદલવી જ પડશે એણે પોતાની જાતને સંભાળી લીધી.

## સુદર્શના દ્વારા નંદીને સાંત્વન :

સુદર્શના સ્વસ્થ થયાં એમણે મોટાભાઈને નજીક જઈ કહ્યું મોટાભાઈ ! હવે થોડા સ્વસ્થ થાઓ. વર્ધમાન જેમ તમારો ભાઈ થાય તેમ મારો પણ ભાઈ થાય. તમને જેમ એના પર મોહ હતો, તો શું મને એના પર સ્નેહ નહિં હોય ? એ મારો ય પ્રાણ પ્યારો ભાઈ હતો પણ આપણા બંધુનું આયુષ્ય પૂર્ણ થતાં એ પરમપદે ચાલ્યો ગયો. જગતના અનેક આત્માઓને તારીને એ પોતેય તરી ગયો. એ અધવચ્ચે ડૂબી તો નથી ગયો ? પોતાનું લક્ષ્ય તો એણે સાધી લીધું. આમાં શોક સંતાપ કરવાનો કયાં રહ્યો ? આમાં તો ઉત્સાહપૂવક ઉત્સવ મનાવવાનો હોય.

નંદીવર્ધને કહ્યું બેન ! તારી બધી વાત હું સમજું છું પણ વર્ધમાનો મોહ છૂટતો નથી. શ્રી રામચંદ્રજી જેવા તદભવ મુક્તિગામી પણ લક્ષ્મણના વિગોયે પાગલ બની ગયેલા છ-છ માસ સુધી એના મૃતદેહને લઈને ફરતા રહેલા...તો હું કોણ ?

બેન તારી વાત જુદી છે. તું તો પરણીને સાસરે પહોંચી ગઈ. જયારે હું એ જ સ્થાને...જે સ્થાનમાં હું અને વર્ધમાન સાથે મોટા થયા સાથે રમ્યા, સાથે સુખ દુઃખની વાતો કરી. સાથે રાજકાજની ચિંતા કરી. બેન ! મારી અને વર્ધમાનની લાગણી તું નહી સમજી શકે. નંદીવર્ધન આગળ કાંઈ બોલે...એ પહેલા જ સુદર્શનાએ કહ્યું, ભાઈ ! મારી એક વાત માનશો ? બેન ! એક વાત શા માટે ? હજાર વાત માનીશ વર્ધમાન જેટલી જ તું મને પ્યારી છે.

તો સાંભળો ગઈકાલના ઉપવાસનું પારણું આજે તમારે મારા ઘરે કરવાનું છે જો તમને તમારી લાડલી બેન લાગતી હોય તો મારી વાત સ્વીકારજો.

## રાજા નંદીવર્ધનનું બેન સુદર્શના દ્વારા પારણું :

નંદીવર્ધન સુદર્શના સાથે જવા તૈયાર થયા. ક્ષત્રિયકુંડની જનતાને હાશ થઈ. સહુએ બેન સુદર્શનાનો આભાર માન્યો.

નંદીવર્ધનને આશન પર બિરાજમાન કરાયા. બે બાજુ વીંઝણા વીંઝવાના ચાલુ થયા આગળ બાજોઠ ગોઠવાયો. એના પર સુવર્ણના ભાજનો મૂકાયા. આજુ બાજુમાં રાજ પરિવારના અનેક સદસ્યો ગોઠવાયા. બેન સુદર્શનાએ ભોજન પીરસ્યું. નંદીવર્ધનના ઉપવાસના પારણાં થયાં. બહેનનો આગ્રહ વધતો ગયો. નંદીવર્ધન ના પાડતા ગયા બેન આગ્રહ કરી કરીને પીરસતાં ગયાં દિલ દઈને બેને ભાઈની ભક્તિ કરી નંદીવર્ધનનું પેટ ભરાઈ ગયું સુદર્શનાનું હૈયું ભરાઈ ગયું. બેયની આંખોમાં હર્ષના આંસુ ઉભરાયા. બેને નંદીવર્ધનના હાથમાં તાંબુલ-વસ્ત્ર આદિથી ભાઈનો સત્કાર કર્યો. ભાઈ નંદી વર્ધને પણ બેનનું વિશિષ્ટ બહુમાન કર્યું.

## ભાઈબીજ પર્વનો પ્રારંભ :

જગતે ભાઈબહેનના આ વિશુદ્ધ પ્યારને ભાઈબીજ પર્વનું નામ આપ્યું ત્યારથી પ્રતિ વર્ષ કારતક સુદ બીજના દિવસે બેન ભાઈને પોતાના ઘરે ભોજન કરવા બોલાવે છે. અને ભાઈ પણ બેનની ભક્તિ કરે છે.

## ભસ્મ ગૃહની અસર છતાં :

દેવાધિદેવના નિર્વાણ પછી સુધર્માસ્વામીજી, જંબુસ્વામીજી, ભદ્રબાહુસ્વામીજી, સ્થૂલભદ્રજી, સિદ્ધસેનસૂરીજી, કાલકસૂરીજી, હરીભદ્રસૂરીજી, હેમચંદ્રસૂરીજી, હીરસૂરીજી, ઉપા. યશોવિજયનું વગેરે હજારો દિગ્ગજ આચાર્યો થયા તેઓ મહાસંયમી હતા ઉત્કૃષ્ટ કોટિના ગીતાર્થો હતા. એ બધા ભસ્મગૃહના ઉદયકાળના ઝંઝાવાતી સમયને બાથ ભીડનાર, ભડવીરો હતા. જો ભસ્મગૃહની હાજરીમાં મૂર્ધન્ય કોટિના જૈનાચાર્યો થઈ શકયા છે તો હવે ગ્રહની ગેરહાજરી થઈ. હવે તો મહાન આત્માઓ થવા જોઈએ ! જો કે આ પડતો જતો કાળ છે એમાં અભ્યુદય આવે તો ય પૂર્વકાળના બરોબરી કરે તેવા કાળની બહુ આશા રાખી શકાય નહિં. છતાં ભસ્મગૃહની ગેરહાજરીનો લાભ ઘણો મોટો મળી શકે ખરો. આ કાળમાં ઓછા પુરૂષાર્થે ઘણું મેળવી શકાય.

રાજાશાહીના કેટલાક રાજાઓ પણ ઘણા મોટા જૈન શાસનનાં પ્રભાવક બન્યા છે આંખે ઉડીને વળગે એવા રાજાઓમાં સમ્રાટ સંપ્રતિ, કલિંગાધિપતિ મહારાજા ખારવેલ. સમ્રાટ વિક્રમાદિત્ય, ગુર્જરેશ્વર કુમારપાળ સમ્રાટ ચંદ્રગુપ્ત વગેરેને ગણી શકાય.

સંપ્રતિનો સમય કદાચ અઢી હજાર વર્ષના જેના શાસનના વીતેલા કાળમાં જૈનોની આબાદીનો ઉત્કૃષ્ટ સમય ગણી શકાય. સાંભળ્યું છે કે તે વખતે અનાર્ય દેશોમાં પણ સમ્રાટે જૈન ધર્મનો પ્રચાર કર્યો હોવાથી ધરતી પર બત્રીસ ક્રોડની જૈનોની વસતિ હતી.

ત્યાર પછી મહારાજા ખારવેલ થયા. ઉત્કૃષ્ટ કોટિના તે શ્રાવક હતા. તેમણે દુષ્કાળના સમયમાં નષ્ટ થયેલા શ્રુતનો જબરદસ્ત મહેનત કરીને મુનિઓ દ્વારા ઉદ્ધાર કરાવ્યો હતો એ દશ પૂર્વધર આર્યસુસ્થિત મહારાજાનો કાળ હતો.

ગુર્જરેશ્વર કુમારપાળની તો શી વાત કરવી ? એમના અમારી પ્રવર્તનનો તો પ્રભુ વીરે મગધપતિ શ્રેણીકની પાસે વખાણ્યું હતું. આજે સમગ્ર ગુજરાતમાં જે પણ અહિંસા જીવંત રહી છે તે આ ગુર્જરેશ્વરને આભારી છે. કયા ક્ષેત્રમાં તેમનું પ્રદાન નથી એ મોટો પ્રશ્ન છે.

મંત્રીશ્વરોમાં વિમળ, વાગભટ્ટ, શાંન્તનું, વસ્તુપાળ, તેજપાળ, ઉદયન, શકટાલ, કપર્દી, પેથડ વગેરે યાદ આવે છે. આ બધા શ્રાવક સંઘના ઝળહળતા જવાહરો હતા.

શ્રાવકોમાં શાલીભદ્ર, પુણીયો, લલ્લિગ, ધનાશાહ, શાંતિદાસ શેઠ, ખુશાલચંદ શેઠ, વખતચંદ શેઠ, આભૂ શેઠ વગેરે યાદ આવે છે.

શ્રાવિકાઓમાં સુલસા, રેવતી, અનુપમા, પાહિની તથા સંપ્રતિ, આર્યરક્ષિત, ઉ.યશોવિજયજી વગેરેની માતાઓ ગંગામાં વગેરે યાદ આવે છે.

સાધ્વીજીઓમાં સરસ્વતીશ્રી, મલ્લમુનિની મા સાધ્વીજી, અરણીક મુનિની મા. સાધ્વીજી વગેરેની યાદ આવે છે.

ભૂતકાળમાં જયાં નજર કરો ત્યાં વિવિધ ભવ્યતાઓના દર્શન થાય છે. વર્તમાન કાળ પણ ઓછો ભવ્ય જણાતો નથી.

કસ્તુરભાઈ લાલભાઈના પૂર્વજોએ કાંઈ ઓછી કમાલ નથી કરી. કલકતાના બહાદૂરસિંહજીના શૌર્યની યશો ગાથા તો આજે ય લોકમુખે ગવાય છે. જગતશેઠોએ તો કેવી કમાલ કરી છે ! શેઠ મોતીશા, શેઠ માકુભાઈ તો હજી નજીકના કાળના દાનવીરો છે.

વિજયશેઠ અને વિજય શેઠાણીના આજીવન બ્રહ્મચર્ય વ્રતના પુનરાવર્તન તો હાલમાં પણ દશેક યુગલોએ કર્યા છે કેટલીક મીની મયણાઓએ પતિઓના બાહ્ય-અભ્યંતર સૌંદર્યને ઝબકાવી દીધા છે. કેટલીક મીની સુલસાઓ પ્રભુ ભક્તિમાં ભાવવિભોર બની છે. કેટલાય મીની પૂણીયાઓ નજરે ચડવા લાગ્યા છે. કેટલાક સૂક્ષ્મ જીવદયા પાલકોની કથા કાને અથડાયા કરે છે. સાંભળીને મન હર્ષથી પાગલ બની જાય છે.

કેટલાક મુનિવરોની આત્મ સાધના, ધન્નાજી, યશોવિજયજી કે આનંદઘનજીની યાદ દેવડાવે છે. કેટલી બધી સાધ્વીઓ મૃગાવતીજીની ગુરુભક્તિને, સરસ્વતીશ્રીના

શૌર્યને કે શીલગુણની રક્ષાને આંબી જતી જોવા મળે છે.

## રાજા વિક્રમના સમયની ઘટના :

આ ધરતી પર જયારે વિક્રમાદિત્યનું રાજ હતું...ત્યારની આ ઘટના છે. રાજા વિક્રમના રાજમાં સહુ નગરજનો સુખી હતા. કોઈને કોઈ વાતનું દુઃખ ન હતું પણ એક સરખા દીવસો કયાં સહુ કોઈના જાય છે ? લગાતાર ચાર ચાર વર્ષથી વરસાદ ન થતાં સર્વત્ર દુષ્કાળના ડાકલા વાગવા લાગ્યા.

આવા સંજોગોમાં ખેડૂતોની પરિસ્થિતિ બહુ જ કપરી થઈ ગઈ દર વર્ષે તેઓ દેવું કરીને બિયારણ લાવીને વાવેતર કરતાં આજ વરસશે, કાલ વરસશે એ ગણતરી...પણ અફસોસ દુષ્કાળને કારણે એમનું બિયારણ તો નકામું ગયું ઉપરથી દેવું થયું એ નફામાં. આથી ખેડૂતો બિલકુલ નિરાશ થઈ ગયા ખેતીના અભાવે આવક તો બંધ થઈ ગઈ. પણ ચાર ચાર વર્ષના દુષ્કાળ ના લીધે જે દેવું કરેલું તેનું વ્યાજ ભરવાની પણ હવે તાકાત ન રહી. શાહુકારો વારંવારની ઉઘરાણી-જો પૈસા નહિ આપો તો તમારી જમીન જપ્ત કરી લેવામાં આવશે.

તમામ ખેડૂતોએ ભેગા થઈ રાજા વિક્રમના દરબારમાં ઘા નાખી. શાકુકારોની વાતથી વાકેફ કર્યા. છતાં રાજન ! એક વાત અમારી ધ્યાનથી સાંભળજો અમારી હૈયાની દાનત એકદમ ચોખ્ખી છે. એક વરસ સારૂં જાય તો દરેક શાહુકારના પૈસા દૂધે ધોઈને આપવાના છે. માટે હે અન્નદાતા ! હવે આપ જ અમને બચાવો.

સહુને આશ્વાસન આપી શાંત કર્યા. દરેકનું કેટલું દેવું છે જાણી લીધું. રાજા વિક્રમાદિત્યે કહ્યું, ભાઈઓ પ્રજાની ચિંતા એ રાજાની ચિંતા કહેવાય. તમે હવે નિશ્ચિત થઈ જાવ. તમારા સહુના દેવા રાજા વિક્રમ પોતાના રાજ ખજાનામાંથી ભરી દેશે રાજાએ દરેકના દેવાની રકમ શાહુકારોને આપી દીધી.

## વિક્રમ સંવતનો પ્રારંભ :

રાજા વિક્રમની ઉદારતાના સમાચાર સમસ્ત ઉજજૈની નગરીમાં પવન વેગે ફેલાઈ ગયા. સહુએ એકબીજાને ગોળધાણા વહેંચ્યા. મીઠાઈઓ ખવડાવી. સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો.

એટલું જ નહિ. સમસ્ત પ્રજાએ મળીને નક્કી કર્યું કે રાજાએ આપણા પર આટલો મોટો ઉપકાર કર્યો છે એ રાજા પ્રત્યે આપણે પણ કૃતજ્ઞ ભાવ વ્યકત કરવો જોઈએ. એ માટે આપણે આપણા રાજાની યાદગીરી ચિંરજીવ કરવી જોઈએ. હજારો વર્ષો

સુધી એમનું નામ અમર રહે એમ કરવું જોઈએ. એ માટે આ પ્રસંગની સ્મૃતિમાં એમના નામનું સંવત્સર-સંવત ચાલુ કરીએ સહુની એકી અવાજે સંમતિ મળતા નૂતનવર્ષથી વિક્રમ સંવત શરૂ થયું. જે ખૂબ લોકપ્રિય બન્યું. આજે પણ આ જ વિક્રમસંવત લોકવ્યવહારમાં વધુ ચલણી બન્યું. આજે પણ વિક્રમ સંવત ૨૦૭૩ સમગ્ર ભારત વર્ષમાં પ્રચલિત છે.

## કલિકાલ સર્વજ્ઞ :

આજે શ્રાવક-શ્રાવિકા કયાં રહ્યા છે ? વાણિયાઓ છે. ભક્તજનો છે. ધર્મી લોકો પણ હશે પરંતુ જૈન ધર્મના તમામ વ્રત નિયમોનું ગ્રહણ તથા પાલન કરનારા જૈનો કયાં છે ? તો દાનશીલ-ભાવની શાસ્ત્ર વર્ણિત સ્થિતિ પણ ભાગ્યે જ જોવા મળશે. દાન સોદાબાજી જેવા લાગે. ઘણીવાર તો તપ વેચાઉ ચીજ જેવું બનાવી દેવાયું છે શીલ પ્રત્યે ભારોભાર દુર્લક્ષ્ય છે. સંઘોમાં સંઘ જમણ થાય. તેમાં પણ ભક્ષ્યાભક્ષ્યનો વિવેક, જયણાપાલન વગેરે નથી સચવાતા. સંયમીઓ તે રસોઈ ગ્રહણ ન કરે તો કોઈનું રૂંવાડું ય ન ફરકે ! એમને ન લેવું હોય તો આપણે શું કરીએ ? અથવા ખોટું બોલીને આપે.

આશ્ચર્ય એટલું જ થાય કે એકવીસમાં શતકમાં પેદા થનારી પરિસ્થિતિનું આટલું બધું વાસ્તવદર્શી અને સચોટ વર્ણન બારમાં સૈકામાં કેવી રીતે કર્યું હશે ?

શું આવી ભવિષ્યદર્શી દૃષ્ટીને લીધે જ તેઓ કલિકાલ સર્વજ્ઞ કહેવાયા હશે ?

## સરળ ઈલાજ.....!

● મને અઢી વર્ષ પહેલા **Osteoporosis** ની બીમારી થઈ. ● મારૂં નીચે બેસવાનું બંધ થયું. ● દાદરા ચડવાનું બંધ થયું. ● ખમાસણા આપવાનું બંધ થયું સવારના બ્રશ પણ ઉભા ઉભા ન કરીશું. ઉભા રહેવામાં સખત દુખાવો થાય. (ફકત ચાલવામાં કોઈ તકલીફ નહિ.) અમદાવાદ-મુંબઈ બધે ચેક કરાવ્યું કોઈ ઈલાજ નહિ. એકાદ વર્ષ પછી અમદાવાદમાં વર્ષાબેન અનીલ સોમચંદ છેડા એક્યુપ્રેશરનું જાણે છે. અને ટ્રીટમેન્ટ ફ્રી કરી આપે છે. તેઓ મારી દીકરી હીનાને મળી ગયા. હીનાએ મારી તકલીફની વાત કરી તેમણે સવારના ૧૧ વાગ્યા પહેલા નાળીયેર પાણી પીવાનું ચાલુ કરો તમને પંદર દિવસમાં રીઝલ્ટ મળશે. મને દશ દિવસ પછી દુખાવામાં થોડો ફેર પડયો. નાળીયેર પાણી ચાલુ રાખ્યું. ૪/૬ મહીનામાં ઘણો ફેર પડયો છેલ્લા એકાદ વર્ષથી હવે નીચે બેસી શકું છું. દાદરા પણ ચડી શકું છું. ઉભા રહેવામાં દુખાવો હતો તે પણ બંધ થઈ ગયો. ખમાસણા સિવાય હવે નોરમલ લાઈફ છે.

વર્ષાબેનનું કહેવું છે પગની કાંઈ પણ તકલીફ ઘૂંટણ દુખતા હોય કે બીજો કાંઈ પણ દુખાવો હોય તો નાળીયેર પાણીથી ફરક પડશે. કદાચ કોઈને ફાયદો ન થાય તો નુકશાન તો કાંઈ જ નથી. ● કબજીયાત માટે એરંડીયાનું તેલ ખૂબ કામ આવે છે. નાભિમાં ૩ ટીપા નાખવાના ને આજુબાજુ ૧ાા ઈંચ જેટલા ભાગમાં ટીપાવાળા હાથથી થોડું ઘસી નાખવાનું મને થોડા ટાઈમ પહેલા ૨/૩ દિવસ કબજીયાત ચાલી ઉપરોક્ત ઈલાજ કર્યો પેટ સાફ થઈ ગયું ત્યારપછી અઠવાડીયા પછી ફરી એકવાર ઈલાજ કર્યો ત્યાર પછી મારી કબજીયાત લગભગ ઓછી થઈ ગઈ છે. તે ઉપરાંત જેના ઘૂંટણ દુઃખતા હોય એને પણ આ ઈલાજ ટ્રાય કરવા જેવો છે. કદાચ લાંબે ગાળે ફરક પડી શકે.

**અંતે.....!**

સાધુ ભગવંતોનું સાહિત્ય વાંચતા ને વ્યાખ્યાનો સાંભળતા એવું લાગે કે લેવા જેવું તો સંયમ જ છે આજે પણ કલિકાળમાં વર્ષે લગભગ ૫૦૦ જેવી દીક્ષાઓ થાય છે. તેઓનું જીવન તો આપણે જાણીએ જ છીએ.લાંબા લાંબા વિહાર કરવાના...ગોચરી માં જે મળે તે ખાવાનું રોજ ૧૫ કલાક સ્વાધ્યાય કરવાનો, પંખા/AC નો ઉપયોગ જ બંધ.

દરેક જણ કાંઈ સંયમ (જીવન) નથી લઈ શકતો. પણ જયારે આપણને મનુષ્યભવ મળ્યો છે આર્ય દેશ મળ્યો છે. તેમાંય પાછો જૈન ધર્મ મળી ગયો છે. જયારે સંયમી આત્મા બધો જ ત્યાગ કરે છે તો એમને જોઈને આપણે નાનો સરખો તો ત્યાગ કરી શકીએ ને ?

રાત્રીભોજનનો ત્યાગ એટલે ચોવિહાર અને સવારના નવકારશી તોય વગર તપ કરે મહિનામાં પંદર ઉપવાસનો લાભ મળે. તેમજ નરકના દ્વાર બંધ થાય. અહીંયા તો આપણે ૫૦ વર્ષ જીવવાના જયારે નરકમાં તો ઓછામાં ઓછું આયુષ્ય દશ હજાર વર્ષનું છે ઉપરમાં અબજો વર્ષ જેવા આપણા પાપકર્મ.

આ પુસ્તકનું વાંચન અવારનવાર કરી ચિંતન કરજો. અને આપણાથી પરમાત્માની આજ્ઞાનું જેટલું બની શકે તેટલું પાલન કરી ત્યાગમય જીવન જીવીએ એજ આશા...

હમણા ઘાટકોપર પ્રતિષ્ઠા-દીક્ષા મહોત્સવ થયો તેમાં બધા પ્રોગ્રામ આપવા શ્રી નીલેશ રાણાવત પધારેલ છેલ્લા ૧૪૦ વર્ષમાં એમના કુંટુબની કોઈ પણ દીકરીએ લગ્ન નથી કર્યા બધી જ દીકરીઓએ રજોહરણ (દીક્ષા) ગ્રહણ કરેલ છે. ધન્ય છે આવા પરિવારને. ખૂબ ખૂબ અનુમોદના.

# જિનાજ્ઞા ભાગ-૪ ઓપન બુક એકઝામ

| પુરસ્કાર : | ૧,૫૦૦/- | ૧,૨૦૦/- | ૧,૦૦૦/- | ૮૦૦ | ૫૦૦ |
|---|---|---|---|---|---|
| | પ્રથમ | દ્વિતિય | તૃતિય | ચતુર્થ | પંચમ |

જય જીનેન્દ્ર. સંકલન કર્તા : **શ્રી લક્ષ્મીચંદભાઈ (લખુભાઈ)**એ ધર્મ માટે જિજ્ઞાસા અને જ્ઞાન માટે પિપાસા જગાડવા જિનાજ્ઞા ભાગ-૪થો પ્રસ્તુત કરેલ છે. આપણે સૌ એનું વાંચન-મનન-ચિંતન કરી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું વધુમાં વધુ પાલન કરી અનુમોદના કરીએ...તૈયાર થઈ જાવ પરીક્ષા આપવા અને સાથે સાથે બીજાઓને પણ પ્રેરણા કરવા...પ્રશ્નપત્રમાં કાંઈ ન સમજાય તો ફોન કરજો.

**લી. ઉષા ખીરેન્દ્ર લોડાયા (વડોદરા)**

**ફોન : ૦૨૬૫ ૨૪૮૦૪૭૫ મોબાઈલ : ૯૪૨૮૯ ૭૨૩૯૪**

**૧. સારા અક્ષરે પુસ્તકના આધારે જવાબ લખવા.**

**૨. સ્વચ્છતા ના ચાર માર્ક છે.**

**૩. પરીક્ષકે લખેલા જવાબપત્રને અનુરૂપ હશે, તે જ જવાબ સાચા ગણાશે.**

**૪. જવાબ પોતે જાતે જ લખવા. કોઈને પૂછી ને લખવા યોગ્ય નથી.**

**૫. પેપરમાં નામ, સરનામું, ફોન નં. લખવા.**

**૬. પ્રશ્ન નં. ૧ થી ૪ ના જવાબમાં પ્રશ્ન લખવાની જરૂર નથી. દા.ત. પ્રશ્ન નં. ૧ ક્રમાંક ૧-જવાબ લખવો ૨-જવાબ લખવો ૩ જવાબ લખવો એ રીતે પહેલા ચારે પ્રશ્નમાં આ પ્રમાણે લખવું.**

**૭. સાચા જવાબનો માર્ક મળશે ખોટાનો માઈનસ માર્ક થશે.**

**૮. માર્ક જાણવા હોય તો તમારું એડ્રેસ કરેલું પોસ્ટ કાર્ડ મોકલશો.**

**૯. પેપર ૩૧ મે ૨૦૧૮ સુધી મોકલવા.**

-: પેપર નીચેના સરનામે મોકલવા વિનંતી. :-

**શ્રી લક્ષ્મીચંદ ચોપશી દંડ**

**B/3, 901, Green Acres Society, Near Auda Lake,**
**Prahlad Nagar, Ahmedabad-380 015.**
**Phone : (079) 4009 4514 Mobile : 93748 81300**

**પ્રશ્ન : ૧ ખાલી જગ્યા પુરો.** **૧૦ માર્ક**

૧. આપણે ________ ને રાગાદિ પરિણતિથી રહિત બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૨. તમે જેવા વિચાર કરશો તેવા ________ ખેંચાઈને આવશે.

૩. કોઈ ________ આપની નજરમાં આવે તો મારે ત્રણસો રૂપિયાથી એની ભક્તિ કરવી છે.

૪. સૂર્યાસ્તને એક મૂહુર્તની વાર હતી ત્યારે ________ વિહારનો પ્રારંભ કર્યો.

૫. ________ માટે એરંડીયાનું તેલ ખૂબ કામ આવે છે.

૬. ________ કરતી વખતે સૂત્ર-અર્થ અને ભગવાનમાં જ ધ્યાન હોવું જોઈએ.

૭. ગૌતમના ________ ના સમાચાર ચારેબાજુ ફરી વળ્યા.

૮. જે દુઃખમાં ________ કરે છે તે અસમાધિને કારણે નવા કર્મનો બંધ કરે છે.

૯. સાંજે સર્વ પાપોની શુદ્ધિ કરવા રૂપ ________ માં તલ્લીન બનીશ.

૧૦. હે મહાનુભાવો ! આ જગતમાં ચાર ________ છે.

**પ્રશ્ન : ૨ એક શબ્દમાં જવાબ લખો.** **૧૦ માર્ક**

૧૧. કેટલી વસ્તુ શાસ્ત્રમાં દુર્લભ કહી છે ?

૧૨. જૈન શાસનમાં સેનાપતિના સ્થાન પર કોણ છે ?

૧૩. જાણિતા ટેકનોલોજિસ્ટનું નામ શું છે ?

૧૪. બાળકની સર્જનતા કોણ ખતમ કરી નાંખે છે ?

૧૫. ગુણસાગરજી કર્મો કઈ શ્રેણીમાં ભસ્મીભૂત થવા લાગ્યા ?

૧૬. કેવો માણસ સુખી થઈ શકે છે ?

૧૭. આત્મભૂમિમાંથી વહેલા મૈત્રીભાવના ઝરણાએ કેવા અંકુરો પ્રકટ કર્યા ?

૧૮. કઈ રાશી ખર્ચાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે ?

૧૯. સંપ્રતિ રાજાની માતાએ દિકરાને ત્રણ ખંડને શેનાથી મંડિત કરવા કહ્યું ?

૨૦. શ્રી હર્ષસેન વિજયજી મ.સા.ની અનશન તીથી કઈ હતી ?

**પ્રશ્ન : ૩ પાના નંબર જણાવો** **૧૦ માર્ક**

૨૧. મારે દુર્ગતિમાં જવું પડશે.

૨૨. આખો દિવસ તેમની અપ્રમત સાધના ચાલુ રહી.

૨૩. સર્વત્ર સ્મશાન જેવી શાંતિ પથરાઈ ગઈ.

૨૪. તારા ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી.

૨૫. આ પુસ્તકનું વાંચન અવારનવાર કરીને ચિંતન કરજો.
૨૬. તમારે આ રૂપિયાનું શું કામ છે ?
૨૭. થાક લાગે તોય કયારેય વાહનમાં બેસવાનું નહિ.
૨૮. દેવો પણ દર્શન આપશે.
૨૯. જુઓ દીકરાઓ આપણે માનવભવ અને જૈનશાસન પામ્યા છીએ.
૩૦. જેઓ પોતાના દુષ્કર્મના પરિણામથી નરક ગતિમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન : ૪ આપેલા નામના વિશેષણો શોધીને લખો. ૧૦ માર્ક**

દા.ત. : અમૃતવેલ.....અંનતકાય

૩૧. શ્રુત ઉધ્ધારક
૩૨. ઈન્દ્રવદન
૩૩. માનસિક વિકલ્પો
૩૪. દેરાસર
૩૫. ગુરુ ગૌતમ
૩૬. રસ ત્યાગ
૩૭. સંસાર
૩૮. કપડાનો ટુકડો
૩૯. મહાવીર સ્વામિ
૪૦. રાત્રિભોજનનો ત્યાગ

**પ્રશ્ન : ૫ શબ્દોની અંતાક્ષરી : દા.ત. બાલમુની-નરક-ક્રોધ ૩૬ માર્ક**

કુલ ૫૧ શબ્દ આપેલા છે, પ્રથમ શબ્દ ૧) વિક્રાંત થી શરૂ કરીને શબ્દ ૨૦મો તીર્થંકર છે અને અંતિમ શબ્દ ૫૧મો નિર્વાણ છે.

તો શરૂ કરો ૫૧ શબ્દોની સફર.

કલૂ : આ સફર જિનાજ્ઞાના પ્રથમ પાનાથી શરૂ કરી આગળ-આગળ વધવાનું છે. પાછા ફરવાનું નથી.

**પ્રશ્ન : ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષય ઉપર પુસ્તકના આધારે તમારી ભાષામાં સમજાવો. ૨૦ માર્ક**

૧. તપની આરાધના કેવી રીતે કરશો.
૨. સંસ્કાર રોપણ
૩. અતિથી સત્કાર
૪. જિન દર્શન

# JINAGNA

# Part-5

## UNDERSTANDING

# JAINISM

### Its origin, Philosophy and Ethics

Compiled and presented in brief by

**LAXMIKANT B. LAPSIYA**

Jalgaon (M.S.)

# FOREWORD

I am happy to put before the Jain Society, some of the salient features of logic, philosophy and ethics of Jainism in a concise form. The contents of the compilation are drawn from some of the valued works of learned scholars on Jainism.

One section amongst the elders in the Jain Society is deeply concerned about the fact the majority in the society's younger generation isplaced in the state of inquitetude due to provocative influence of surrounding forces which are prevailing outside the generations parental bonds. These circumstances are beyond anybody's control. This generation has moved towards loosing its identity as Jain in the Society. There prevails a general apprehension that Jain Society is now facing an impending danger of getting snuffed out from the surface of this earth. Had there been proper and correct inputes of the cultural, social and religious values in the course of unbringing of this generation, the situation would not have been so grave as it is perceived to be today.

This compilation is an humble attempt in the persuit of a drive to imbibe and inculcate the basic faith in Jainism in the adolescent members of Jain Society. The compilation aims at strengthening the bonds of allegiance and affection of those adolescents with their parents and elders in the family as well as with their ancestral lineage for maintaining the perpetuality of the cultural, religious and society identity of Jains.

It is hoped that the prevent possible extinction of Jains in a distant future this compilation would help to provide the right course reading to educate the adolescents in Jain Society, and to make them culturally oriented and sensitive to the ethics and philosophy of Jainism.

**LAXMIKANT B. LAPSIYA**

(In revered memory of Late Smt. Laxmibai Bhawanji Lapsiya)

# PREFACE

The escence of Indian Culture is to be found in the synthesis of the Sramana and the vedic currents of thought. Sramana current of thought is non-vedic. It was prevalent in India much before the Vedic Aryans came to this land.

Jainism belongs to the Sramana Current of thought. Jainsim is a religion prached by the Jina and Jina is perfected soul, who preaches the law to the suffering humanity. He is the one who has conquered the passions. The perfected souls are free from the karmic Boudage, and they live in eternal bliss. Among them some out of compassion for the suffering humanity and with a view to freeing the human beings from the mire of misery preached the law (Dharma). They are the Tirthankaras. Tirth refers to the crossing of the ocean of life and Thirthankara is one who leads us, like kindly high towards the ethernal life of perfection.

When we say that Jainism is a religion preached by the Jina, we mean jainism expresses the eternal truths of life and spirituality preached by the prophets who are Tirthankaras and who have crossed the ocean of life. Tirthankara is a human being who rises, through his own efforts to the state of spiritual perfection.

The concept of Tirthankara is however, different from the concept of Avatara which we find in the Vedic Religion. Thirthankara does not express the cannotation of incarnation of divinity descending on the earth in the human form. Tirthankara is a human being who rises through his own efforts to the state of spiritual perfection. He becomes the ideal for other human beings. We are lifted from the mire of misery and that also with our own efforts keeping the Tirthankara as an Ideal.

# ORIGIN OF JAINISM

In the age in which Rishabhadev lived, people were organised into polity and with a view to establish a stable social order, Rishabdev was coronated as the first king. This was the first Kingdom in society. The capital of his kingdom was Vinitanagari (Ayodhya). Rishabhdev for the first time classification his subject into three classes (Varna) : Kshatriya, Vaishya and Sudra. This classification was based purely on the basis of division of work and not to be confused with the distinction based on birth. Efforts for the betterment of society by Rishabdev did not get him involved in empirical activity alone, as basically his hunger and the thirst after the spirit and his sense of detachement with the wordly things were implicit in his personality. He desires for the good of the people, he strove to develop his kingdom, for prosperity of all. Yet he yearned within himself to look beyond and pined for what is not, with detached mind, for the spiritual perfection of man. He yearned for the realization of the spirit which is more permanent than the indulgence in the activities of the world. He decided to take to renunciation, and decided to handover his kingdom to his eldest Son Bharat. This kingdom where Bharat ruled from Himalayas to the seas in the Sourth has been called Bharat kshetra after the emperor Bharat, son of Rishabdev.

Rishab left Ayodhya and in the outskirts of the city, in the garden he sat under Ashoka tree, removed all his ornaments and the clothes. For a long time Rishabh practiced penances and meditation. And in the early hours of one morning he reached the highest state of transcendental meditation and was absorbed in the realization of self. He was now the Arihant the conqueror of the passions and the enlightened one. He therefrom went from place to place preaching the eternal religion of Ahimsa and Aparigraha. He was himself the embodiment of non-violence and non-attachment.

There are references to Rishabha in Rigveda, Yajurveda and Bhagwat Purana. Bhagwat Purana endorses the view that

Rishabh was the founder of Jainism. Rishabha was the first, Tirthankara who laid the foundations of Jain Religion. Jainism is pre-Aryan Religion and has been variously referred to in the early vedic literature. It was called Arhat Dharma. The Padma Purana euologizes the Arhat Religion as good. In Padma Purana and Vishnu Purana the words Arhat Dharma are used for describing Jain Religion.

It was later for the other 23 Tirthankaras to elaborate the teachings and carrying the tratidions of Jain Religion. Jainism records the list of 24 prophets of Jain Religion called Tirthankaras beginning with Rishabdev and ending with Mahavira, the 24th. They are the pathfinders who showed the way to liberation of soul. Mahavira, the 24th Tirthankara referred in his sermons that he is carrying the tradition of the teachings of the first Tirthankara Rishabhdev. Mahavir was certainly a historical figure who preached Jainism in Licchavi and Magadh Countries 250 years after the Nirvana of Parshwanath the 23rd Tirthankara.

Mahavira represents one important line in the development of Indian Philosophy. Historical research has conclusively established that Jainism is older religion than Buddhism and not an off-shoot or sub-sect. There is no reason to doubt the historicity of Mahavira. He lived in the 6th Century B.C. and he was the senior contemporary of Guautama the Buddha.

Vardhman Mahavira was born of a princely family at Kundagrama in North Bihar. For over thirty years he lived a life of a householder and then renounced the world. He attained enlightenment after 13 years of spiritual efforts at the age of 43. Mahavira was the title achieved by Vardhaman by his perfect self. Conquest through a severe process of Tapas. By his ethical efforts and ceremonial purity he overcame all the passions and lusts that stain men. Though he did not found Jainism he resucitated it and gave it its final shape. Mahavira decried caste system which brought misery and inequality among men. Mahavira did not organize society nor did he give vision for social organization. He explained Dharma as being neither individualistic nor social. It is related to Atma or soul.

# JAINISM

(1) Jainism is a religion preached by Tirthankaras. The firtst Tirthankara is Rishabha. Jainism is a Pre-Aryan Religion which prevailed in India long before Parsva and Mahavira, the last two Tirthankaras. Jain Dharma is a stream of though expressing the sramanik current and specifying the teachings of 24 Tirthankaras. The first Tirthankara laid the foundations of Jainism by preaching the religion of Ahinsa and Aparigraha.

Tirthankara is a human being who rises, through his own efforts, to the state of spiritual perfection. We are lifted from a mire of misery and that also with our own efforts keeping the Tirthankara as an ideal.

(2) The existence of Soul is a presupposition in Jain philosophy. Soul is different from the senses and the body. The sense organs are like the windows through which the Sould sees. The Soul is pure and perfect. It is pure consciousness.

(3) The universe is constituted with two fundamental substances of Jiva and Ajiva. Jiva is active and has the characteristic of energy. It comes in contact with Ajiva, there

is activity both psychic and physical. The psychic activity translates itself into emotional states like attachment and hatred, anger and greed. The physical activitiy is bodily activity. Both influence each other and those activities have after-effects which are expressed in the encrustation of the Karmic particles. And the Karmic particles get encrusted with the soul thereby brining the Soul to come in contact with the external world; and the consequence is, there is bondage, Karmic particles veil the pure nature of the Soul. The inherent capacity of the Soul for self-realization is obstructed by the veil of Karma. Karma, according to the Jainas is of material nature. It has the special property of developing the effects of merit and demerit. It is difficult to give logical proofs for the reality and the operation of the principle of Karma. The doctrine of Karma is the self evident principle which cannot be proved nor need it be proved. To insists on proof of discursive logical argument is to assume with impunity that we can operate a suffering patient with the same knife by which we cut our bread to eat.

(4) Jain Ethics is based on service and sacrifice,

although on the highest level one has to transcend social morality. The five vows to be observed by an ascetic and the layment imply the recognition of dignity and equality of life. Jainisms gives importance to social ethics as a means to the realizations of the highest end of perfection. We should realize that our actions are determined by the Karma that we earn due to our own actions. The after-effects of actions in the form of Karma have to be experienced and exhausted. We earn the Karma by our own activities and we have to exhaust the Karma that we have accumulated. Repentence alone without the requisite moral effort may not help in the exhaustion of Karma. We should realize that in the Karma theory there is the first assurance that in the mental and the moral worlds, as in the physical, there is no chaos, no fortuitous chance, nor more probability; but an ordered energy that leads us towards the fulfillment of our goal of self-realization. Jainism gives importance to social ethics as a means to the realization of the highest end of perfection.

(5) All cannot renounce the world. It is not possible nor necessary that we should all

follow the path of renunciation. We have to live the lives of citizens with numerous social responsibilities. The performance of social responsibilities will certainly lead to the path of the spiritual perfection in its own way. Living as citizens doing our social duties, it is not possible to practice the vrata (vows) with the same rigour and discipline as would be required of a monk. We he to practice the Vratas with less rigour as far as possible, still without sacrificing the spirit of the vows. Social obligation are the major duties of citizens. Therefore the ethical code of the citizen or the house-holder may be called social ethics. It is Sravaka-Dharma.

(6) There are five Vratas which are common for the ascetic and the householder, except for the fact that they have to be practiced with less vigour, without sacrificing the spirit of righteousness. They are ANUVRATAS, they are-

(1) AHINSA - Non-violence
(2) SATYA - Truth
(3) ASTEYA - Non-stealing
(4) BRAHMACHARYA - Self-control
(5) APARIGRAHA - Lessor Possessions.

# 24 TIRTHANKARAS

1. RUSHABDAV
2. AJITNATH
3. SAMBHAVNATH
4. ABHINANDAN SWAMI
5. SUMATINATH
6. PADMAPRABH SWAMI
7. SUPARSHVANATH
8. CHANDRAPRABH SWAMI
9. SUVIDHINATH
10. SHEETALNATH
11. SHREYANSNATH
12. VASUPUJYA SWAMI
13. VIMALNATH
14. ANANTNATH
15. DHARMANATH
16. SHANTINATH
17. KUNTHUNATH
18. ARANATH
19. MALLINATH
20. MUNISUVRAT SWAMI
21. NAMENATH
22. NEMINATH
23. PARASWANATH
24. MAHAVIR SWAMI

# JAINOLOGY

The richness of Jainology has not been properly projected, in the present day context. The religious point of view has been given more importance that its phiolosophy and as a result the intellectual aspect of Jainology has not been internationally recognized.

Jainology – a comprehensive term that includes the religion, philosophy and culture – is perhaps the richest and the most realistic of all the doctrines propounded in the Indian Sub-continent. It captures pluralism, the very essence of indianness and postulates the principle of tolerance that necessarily goest with pluralism. The basic philosophy of Jainology is 'Anekantavada', the theory of many sidedness. 'Anekantavada' is an expression that conveys the idea that all facts and events are subject to multiple interpretations. This is further exemplified in the theory of conditional prediction which may be called 'maybesm' or 'perhapsism' the Jaina dialectic is realistic in the sense that it accepts the manifoldness of reality. The manifoldness of 'reality' has always fascinated philosophers scientist and poets. The search for the understanding of reality and meaning has been humanity's deepest desire.

'Anekanta' is foundational outlook of the Jainas in looking at reality. Anekanta emphasies the complexity of reality. Truth can be looked at from various points of view. The jainas have given the example of the elephant and the seven blind men, with their sense of touch, pass their hands in different parts of elephant's body and describe the elephant like rope, the mat, the trunk of the tree etc. The expression Anekanta conveys the idea that all facts and events are subject multiple interpretations.

Right knowledge (Samyak Darshana), Right knowledge (Samyak Gnana) and Right conduct (Samyak Charitra) constitute triple path towards self-realisation. Right understanding is the basis, it leads to right knowledge. Samyak Darshana itself is intuitive understanding and faith. Faith with understanding is the solid foundation for right knowledge. Right knowledge is the

knowledge of the highest principles of the truth. Right knowledge is to be considered as the knowledge of the truth the knowledge of the self. Socrates also considered knowledge of self as the highest end of life. 'Know thyself' was his motto of life. Right knowledge harmonized with right understanding translates itself into right action (Samyak Charitra). In this sense Socratic diction. 'Knowledge is virtue has relevance and importance.'

## SHRAVAK JIVAN

Indian culture says –

"If wealth is lost, nothing is lost,
If health is lost, something is lost,
If character is lost, everything is lost."

Most valuable is our character. We must concentrate first on good character building. We are architects of our own fortune.

As painting is an art...
As singing is an art...
As dancing is an art...

Similarly living life is also on art.

Be happy by making others happy. Feel happy by sharing other people's misery. Do not forget that you can not collect the roses of joy by burning the hearts of others.

As you sow, so shall you reap.

People desire pleasures and enjoyments. They say – "We will be happy if we get wealth... We will be happy if we have good health... we will be happy if we have good brothers and sister... We will be happy if we have fame and honour..." But Lord Mahavir says :

If you want to be happy, march on the path of religion.

Religion is the highway which leads to happiness.

Religion describes the five main sins. These five sins are the root cause of all our pains and miseries. These five sins are –

1. Hinsa or Violence.
2. Asatya or Telling lies.

3. Chori or Stealing.
4. Maithun or Sex and
5. Parigraha or Possessiveness.

One who wants to walk on the path of religion must control these five sins in life. To control these sins, one must follow five anuvrata or five mahavrata. Five anuvratas are for Shravak and five mahavratas are for Sadhu.

Five anuvrata are universal and accepted by all Indian religions. These anuvratas are –

1. Ahinsa i.e. Non-violence
2. Satya i.e. Truth.
3. Achaurya i.e. Non-stealing.
4. Brahmacharya and
5. Aparigraha i.e. Non-hoarding.

## NON-VIOLENCE

I have seen may children killing ants, mosquitoes, files, cockroaches etc.
Why do they kill?
Just to get momentary relief and momentary pleasure. This killing makes on cruel and merciless.

All living beings want to live, no one wants to die. God Mahavir's teaching is "Live and Let Live." So we must follow it and must give up all types of killing, hurting and binding or tying up animals and birds. We must refrain ourselves from all types of violent acts, violent speech and violent thoughts.

Give up use of vilent means.

Killing also results in enmity.

Good health is the gift of non-violence. So be kind and be merciful towards all living beings. Live such careful life so that not even the smallest insect is killed or injured by you under any circumstances.

Keep the principle of non-violence in your heart during each and every act i.e. while eating, walking, speaking.

Practicing Non-Violence destroys our sins. Non-violent acts also result in accumulation of punya.

## TRUTH

We see many children speaking lies.

Why does one speak a lie?

Lord Mahavirswami says –

"Human beings speak lies mainly for four reasons –

(1) Anger (2) Greed (3) Fear and (4) Joke."

Even if you observe your life properly you will find the same thing. Whenever you are speaking lies it is due to one of the four reasons mentioned above.

When you are angry you don't know what you are speaking and so sometime you speak a lie. So to avoid such speaking lies you must try to keep silence under such condition.

When one is under the control of greed he thinks only of gain and forgets the truth. Greedy person speaks lie to achieve something.

Children speak lie generally due to fear. Under the influence of fear children forget the importance of truthfulness.

Similarly while creaking jokes one speaks a lie.

But dear children, never forget the importance of truth. By speaking lies we may achieve temporary benefit but finally we are at a loss. Truthfulness creats confidence and earns fame. One who follows the principle of truthfulness creates confidence and earns fame. One who follows the principle of truthfulness experiences the real peace in life and he is fearless. Such people are popular in society.

Every body wants neighter to be cheated nor to be deceived. If it is so, you also should not cheat or deceive others.

## NON-STEALING

Many children are trapped by bad habit of stealing.
Stealing means unauthorized, illegal, unpermitted ownership of an article.
Stealing is of many types.

- Pick-pocketing is stealing.
- Taking fallen articles from the way is stealing.
- Taking someones forgotten item is also stealing.
- Buying stolen things is supporting stealing.
- Giving less or taking more is also stealing.

Habit of stealing origins from Greed. Greedy person never thinks about the sins that he is committing.

One who wants to come out from the bad habit of stealing, must over come greed.

Greedy persons never think about the results. What will happen if their sins will be exposed?

Give up the bad habit of stealing which increases sins and gives pain and durgati.

## CELIBACY

One who is in search of permanent happiness must be ready to give up all means of temporary happiness.

Celibacy is a very important penance. It requires total control over senses. Jain scriptures describe two types of vrata. One is complete celibacy and other is particle celibacy.
To increase your controlling power, here are some precautions –

Don't eat non-eatables.

Don't eat more as well as don't eat which is very spicy.

These precautions increase continence which purifies our mind and heart. This is the pre-requisite of modern world.

Brahmacharya Vrata is important in Jain Ethics. The Vrata has negative and positive aspects. In negative aspect a householder has to abstain from sexcual contact with other women and

positively he has to be satisfied with his own wife. He can not even arrange marrages of others, except in the case of his own children. The Aticharas of this Vrata cover most aspects of sexual deviations.

## APARIGRAHA

Fifth anuvrata is Aparigraha.

Jainism gives importance to the simple living. Today all are running from early morning till late night to gain something. We have increased our needs. Our desires are endless. Happiness is not gained by increasing the objects of luxury but it can be achieved by limiting our needs.

Some children are happy even if they have 3-4 dress while some are unhappy even if they have many.

It is easy to fulfil one's requirements but it is impossible to fulfil one's desires.

So, be contented.

If one fails to control desires and runs to fulfill them, he will never succeed in fulfilling them, but on the contrary will commit all sorts of sins in his quest to satisfy his desires.

Desire makes a man killer, lier and a thief. All sins make their appearance with the parigraha.

Modern man is made after money and materialistic life. He is not satisfied with what he has obtained. He wants more and more.

Be satisfied and limit your needs

i.e. clothes, pen, pencil, money, toys etc.

Follower of these Anu-Vrata enriches his treasure of Punya.

Aparigraha Vrata has a great social significance specially, in the modern society when the ethical values are fast disappearing. We find that, greed for material possessions will lead a son to ignore his father and countless evil conseuqnces will follow.

Present day society is dangerously beset with disvalues.

Old values have been lost, the new have not yet emerged. We are blind to higher values of life, while pursuing social ends. Power and self are ultimate ends for us today. We are destroying the very foundations of our society.

Four things of supreme value are difficult to get in this life : (1) Human Birth (2) Instruction in the Dharma, (3) Belief in the Dharma, and (4) the Energy in self control. We as human beings should not lose this opportunity, because we should realise that human beings alone can make efforts and succeed in the attainment of self-realisation. In this karmabhumi alone efforts for spiritual perfection are possible. We must, therefore make the most of what we have, not because tomorrow we die but because we become inmortal and perfect. Knowing this we should avoid the pursuit of sense pleasures which are fleeting and short lived. We should aim high at the attainment of pure and serenity have and hereafter.

Tragic irony is that man very often forgets his goal and gets involved in the pursuit of the transient knowing them to be harmful for the higher end of self realization. He forgets the predomient misery that he suffers in this life, and he forgets that life of pleasures in not the end, but only an illusion.

The primary cause of wordly sorrows is our mental attitude towards them. We feel sad or distressful due to something occurring contrary to our desire or a situation following the occurance of that event. Though the circumstances may remain the same, the measure of sorrow afflicting each human being may not be the same in each case and it largely influenced by such individual qualities as the strength of character, mental attitude, level of tolerance of the person affected. Under the circumstances the best remedy is to face the sorrow of our life bravely and patiently treating them as the results of our own past deeds. This helps in building a better life.

Another cause for wordly sorrows is the envious nature due to which they fail to take the prosperity of other in a proper stride giving rise to a feeling of sorrow in their heart. Jeolously takes another remifacation in the form of competition or rivalry in respect of others and their possessions. Like greed and

anger jealously is one of the distortions of human faculties and once this overpowers the mind it destroys whatever title happiness one has and keeps him ever distressful. Therefore, it is essential to keep one's senses in control by eschewing jeolopsy and retaining equanimity of mind both in happiness and sorrow.

One more cause for wordly sorrows is selfishness to which people get involved themselves in the fulfillment of their self interest without any regard to the interest of other and foregetting what is right and what is wrong. The foremost object of a selfish man is to secure his own interest and he doest not hesitate in resorting to sinfind methods and even harming others.

However as there is no end to selfishness, man gets addicted to sinful acts. This defiles his character thus degrading him to the category of the cunning and deceitful. In such a state he spends most of his time in planning how to fulfiil his selfish ends thereby unconsciously distancing himself from God. A selfish man believes in purusing his own purpose and often tramples on the good of others without the slightest regret. He is therefore always worried, unhappy and is despised and condoned by society.

The next cause for wordly sorrows is the indolence of human beings. They often ignore their duties and zealously pursue such deeds as they should not. Even animals and birds are well aware what is good or bad for them but human beings who have been endowed with higher intelligence and wisdon fail in discriminating between right and wrong and willy-nilly involve themselves in acts that are immoral and irreligious.

Though their sub-conscious self always forewars them what is right and what is wrong, but as a part of their indolence they ignore these cautions and continue repeating such ignoble acts. With the passage of time the indolence forms part of their nature and they fall deep into the mire of sins and wrong doings, thus becoming hardened recidivists.

Another cause of worldy sorrows is the fear seated deep in the hearts of most of human beings in regard to various material things like loss of wealth or property, separation from near and dear ones, apprehension of future possible results of

one's doings, uncertainty about success or failure in achieving something. This fear is mainly due to man's infatuation to his wordly deeds, his attachment to their results and his lack of strong faith in God and thus, pilfers all his happiness. The only remedy to overcome this fear is to take shelter of God who loves and protects every one and seek his blessings while doing one's duties honestly.

One more cause of wordly misery is man's ego when something good occurs man thinks that it is due to his hard labour and falsely takes credit for the same though in reality the human intelligence essential for any activity is the gift of God only. It is this false sense of being the doer that gives rise to conceit in man and he starts thinking that he is all powerful. As a result he engages himself in all types of activies irrespective of whether they are appropriate or inappropriate and finally-becomes a habitual wrong doer, making his life miserable. Therefore man should always he subservient to God maintaining an equal poise in the event of happiness or sorrow and not allowing any sense of ego to arise in the mind.

